BAOU
Education for All

# ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# MASTER IN SOCIAL WORK



## MSW-303
## કુટુંબ, બાળ અને યુવા કલ્યાણ

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-303
# કુટુંબ, બાળ અને યુવા કલ્યાણ

વિભાગ

# 1

## કુટુંબ અને કૌટુંબિક સમાજકાર્ય

એકમ-1 કુટુંબનો પરિચય

એકમ-2 કૌટુંબિક સમાજકાર્ય

એકમ-3 કૌટુંબિક સમાજકાર્યના પગથિયાં

એકમ-4 કુટુંબ જીવનની મુશ્કેલીઓ અને આવેલ પરિવર્તન

ISBN : 978-81-937666-8-2


| | |
|---|---|
| **લેખક** | |
| **અર્પણ એ. નાયક** | મનોચિકિત્સક સામાજિક કાર્યકર,<br>માનસિક આરોગ્યની હોસ્પિટલ,<br>અમદાવાદ. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. રવિન્દ્રભાઈ આર. પંચોલી** | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>મ.દે. ગ્રામ સેવા મહાવિદ્યાલય, રાંધેજા,<br>ગાંધીનગર. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. ઘનશ્યામભાઈ ગઢવી** | રિટાયર્ડ પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |


**Edition : 2021**

**Copyright©2021 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઊચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઊચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા.

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઊચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

# <u>પ્રસ્તાવના</u>

દૂરવર્તી શિક્ષણની અભ્યાસ-સામગ્રી તૈયાર કરવા માટે વિવિધ બાબતોની કાળજી રાખવાની થાય છે. પ્રસ્તુત પુસ્તક દરેક વિદ્યાર્થીની અધ્યયન વિષયક સજ્જતા કેળવવામાં સહાયક નીવડશે તેવી શ્રદ્ધા છે. વિષયલક્ષી વિભાવનાઓની સરળ સમજ આ પુસ્તિકાને વિદ્યાર્થીભોગ્ય બનાવે છે.

આશા છે કે સ્વ-અધ્યયન અને અધ્યાપનના ક્ષેત્રે આ પ્રકારની અભ્યાસ સામગ્રી વિષયક્ષેત્રની સમજનો વિસ્તાર કરશે. કારકિર્દી ઘડતરના નિર્ણાયક તબક્કે આપને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

## MSW-303 કુટુંબ, બાળ અને યુવા કલ્યાણ

**વિભાગ-1 : કુટુંબ અને કૌટુંબિક સમાજકાર્ય**

1. કુટુંબનો પરિચય
2. કૌટુંબિક સમાજકાર્ય
3. કૌટુંબિક સમાજકાર્યના પગથિયાં
4. કુટુંબ જીવનની મુશ્કેલીઓ અને આવેલ પરિવર્તન

**વિભાગ-2 : બાળ કલ્યાણ**

1. બાળકોના કલ્યાણના હેતુઓ - ઉદ્દેશો
2. બાળકોના કલ્યાણનું ક્ષેત્ર
3. બાળકોના કલ્યાણ માટે કાયદાકીય જોગવાઈ
4. બાળકો માટેના કલ્યાણકારી કાર્યક્રમો અને તેના સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા

**વિભાગ-3 : યુવાકલ્યાણ**

1. યુવાનોની સમસ્યા
2. યુવાનોના અપરાધ
3. યુવાનોના પ્રશ્નોના કારણો

**વિભાગ-4 : યુવાકલ્યાણની વિચારધારા, કાર્યક્રમો, નીતિ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા**

1. યુવાકલ્યાણની નવી વિચારધારા
2. યુવાકલ્યાણના કાર્યક્રમો અને નીતિ
3. યુવાકલ્યાણમાં સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા

## ઘટક પરિચય :

સમાજના અસ્તીત્વ થકી જ માનવ જીવનની જરૂરીયાતો, સમસ્યાો, મુશ્કેલીઓ અને સામે આવતા પ્રશ્નોના નિરાકરણ માટે મદદરૂપ બનાવામાં આવતું હતું, તેમ છતા પણ વિવિધ વિજ્ઞાનના ઉદભવની સાથે વ્યવસાયીક સમાજકાર્યનો જન્મ થયો જેના દ્વારા સમસ્યા ઉકેલ માટે વૈજ્ઞાનિક અભિગમ કેળવી તેના પ્રત્યે પ્રવૃત્ત થવામાં આવ્યું. વ્યવસાયીક સમાજકાર્ય એ સમાજ અને વ્યક્તિની એકબીજાની પૂરકતા સ્વીકારી સમાજ અને વ્યક્તિને સ્પર્શતા તમામ પરિબળોનો અભ્યાસ થકી માનવજીવનના આધારસ્તંભોને જાણવાનો પ્રયાસ કરે છે.

વ્યવસાયીક સમાજકાર્ય એ આગવી વૈજ્ઞાનિક પધ્ધતિઓ, સિદ્ધાંતો, નિતીશાસ્ત્ર, ઉચ્ચકક્ષાની આચાર સહિતા, અને વ્યવહારીક તાલીમના માધ્યમથી સમાજના પાયાના પ્રશ્નો ઉકેલવા માટેનું વિજ્ઞાન છે. આજે વ્યવસાયીક સમાજકાર્યના માધ્યમથી લોકોની પાયાની મુશ્કેલી ઉકેલવામાં સફળતા મેળવવામાં આવી રહી છે.

પ્રસ્તુત પુસ્તક “વ્યવસાયીક સમાજકાર્ય માટે કુટુંબજીવનની અગત્યતા” એ મૂળભૂત રીતે કુલ ચાર એકમમાં વહેંચવામાં આવ્યું છે. જેમાં કુટુંબની ઓળખ, વ્યાખ્યા અને વ્યવસાયીક સમાજકાર્યકર તરીકે હાથે ધરેલ કૌટુમ્બીક સમાજકાર્યની પદ્ધતિ અને સિદ્ધાંતોની વ્યવહારીક સમજ રજૂ કરવામાં આવેલ છે.

## ઘટકના હેતુઓ :

1. વ્યવસાયિક સમાજકાર્યકર તરીકે કુટુંબની સૈદ્ધાંતિક સમજ મેળવવી જરૂરી છે.
2. વ્યવસાયિક સમાજકાર્યકર તરીકે કૌટુંબિક સમાજકાર્યનો ઈતિહાસ અને અગત્યતા સમજવી જરૂરી છે.
3. વ્યવસાયિક સમાજકાર્યકર તરીકે સમાજમાં એક તજજ્ઞ અને કૌશલ્યપૂર્ણ ભૂમિકા આપવા માટે અભ્યાસ કરવો જરૂરી છે.
4. કુટુંબ વ્યવસ્થા તંત્ર સાથે કાર્ય પહેલા કૌટુંબિક સમાજકાર્યની સમજ મેળવવી જરૂરી છે.
5. આધુનિક સમાજજીવનમાં કુટુંબજીવનની સમસ્યા જાણવા માટે અભ્યાસ કરવો જરૂરી છે.

# એકમ–1 કુટુંબનો પરિચય

: રૂપરેખા :

1.0 એકમના હેતુઓ

1.1 પ્રસ્તાવના

1.2 કુટુંબનો અર્થ

1.3 કુટુંબની વિશેષતાઓ

1.4 કુટુંબનું વર્ગીકરણ

1.5 કુટુંબ સંસ્થામાં આવેલ પરિવર્તન

1.6 ઉપસંહાર

1.7 તમારી પ્રગતિ ચકાસો

1.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1.9 ચાવીરૂપ શબ્દો

1.10 સ્વાધ્યાય લેખન

1.11 પ્રવૃતિ

1.12 કેસ સ્ટડી

1.13 સંદર્ભગ્રંથ

## 1.0 એકમના હેતુઓ

- પ્રસ્તુત એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને કુટુંબ એટલે શું ? તેનો અર્થ અને વિશેષતાઓ અંગે જાણકારી પ્રાપ્ત થશે.
- પ્રસ્તુત એકમના અભ્યાસ અભ્યાસથી વિદ્યાર્થીઓને કુટુંબના પ્રકારો તેના વર્ગીકરણના આધારે જાણવા મળશે.
- કુટુંબ સંસ્થામાં કેવા પ્રકારના પરિવર્તનો આવેલા છે તે પણ આ એકમ દ્વારા વિદ્યાર્થીઓને જાણવા મળશે.

## 1.1 પ્રસ્તાવના

કુટુંબ એ સ્વાભાવિક રીતે અને મહત્વપૂર્ણ સામાજિક સંસ્થાઓમાંની સૌથી પ્રાચીન અને મુખ્ય સંસ્થા છે. જે સાર્વત્રિક સંસ્થા અથવા એકમ છે, કારણ કે તે દરેક સમાજમાં કોઈના કોઈ સ્વરૂપે જોવા મળી રહે છે, મુખ્યત્વે કુટુંબના અસ્તિત્વ માટે વંશનું રક્ષણ કરવું અને જાતિને જન્મ આપવો મહત્વપૂર્ણ પ્રેરણા જોવા મળે છે.

## 1.2 કુટુંબનો અર્થ

કુટુંબ સમાજમાં પાયાની એકમ સ્વરૂપે છે. જેમાં માતા-પિતા, ભાઈ-બહેન, કાકા-કાકી, ભત્રીજા-ભત્રીજી, દિકરા-દિકરી વગેરે હોય છે અને અંદરોઅંદર પ્રેમ તેમજ જવાબદારીની ભાવનાથી પરીપૂર્ણ થાય છે, પરંતુ કુટુંબનું આવું રૂપ માત્ર ભારતમાંજ જોવા મળે છે. જ્યારે પશ્ચિમના દેશોમાં કુટુંબનો અર્થ માત્ર પતિ-પત્ની અને તેના અવિવાહિત બાળક પૂરતો જ સમજવામાં આવે છે.

1. "કુટુંબ સ્ત્રી પુરુષ અને બાળકો સહિત કે બાળકો વિના અથવા માત્ર બાળકો સહિત પુરુષની અથવા બાળકો સહિત સ્ત્રીની એક ટૂંકાગાળાની અથવા કાયમી સમિતિ છે."

**- ઓગબર્ન તેમજ નીમકાઈ**

**– W. F. Ogburn and M. F. Nimkof Marriage Family Living-1955-VOL-17ક**

2. ''કુટુંબ એ જરૂરી નક્કી થયેલ જાતિય સંબંધોથી ઓળખાતું એક એવુ જૂથ છે જે બાળકોને જન્મ આપવાનો અને ઉછેર કરવાની વ્યવસ્થા ઉભી કરે છે.''

**– Maclver and Page**

**ચાલ્સ એન્ડ પેજ**

3. "એક અથવા વધુ બાળકો સહિત એક સ્ત્રી અને તેમના દેખરેખ કરવા માટે પુરુષ હોય તો આ બધાને ભેગા કરવાથી કુટુંબ બની જાય છે."

**Biesanz and Bieasanz - બીસેન્જ અને બીસેન્જ.**

4. ''કુટુંબ એવા વ્યક્તિઓનું જૂથ છે કે જેમના વચ્ચે સગોત્રના સંબંધો હોય છે અને જે તે સંબંધથી એકબીજાના સંબંધી હોય છે."

**Kingsley Davies (કિંગ્સલે ડેવીસ)**

5. ''કુટુંબ એક નાનું સામાજિક જૂથ છે. જેમાં સમાન્ય રીતે માતા-પિતા તથા એક અથવા વધુ બાળકો હોય છે, જેઓ વચ્ચે પ્રેમ તથા જવાબદારીમાં સરખો હિસ્સો હોય છે, તેમજ તેમાં બાળકોના ઉછેર તેમજ સ્વનિયંત્રણ અને સમાજાભિમુખ વ્યક્તિ બનાવવામાં માટે હોય છે."

**E. S. બોગાર્ડસ**

ઉપરોક્ત વ્યાખ્યાઓથી એ સ્પષ્ટ થાય છે કે કુટુંબ એ સ્થાયી સામાજિક સંગઠન છે, જેનો પાયો સ્ત્રી-પુરુષનો જાતિય સંબંધોના આયોજન પર રહેલો છે. બાળકોનો જન્મ, ઉછેર, તેમજ સામાજિકકરણ વગેરે તેના મુખ્ય કાર્યો હોય છે. કુટુંબને વિસ્તૃત રીતે જણાવવા માટે તેની વિશેષતાઓ સમજવી ખૂબ જ અગત્યની છે.

## 1.3 કુટુંબની વિશેષતાઓ

### 1. પતિ-પત્નીના સંબંધો

કુટુંબનો વિકાસ પતિ-પત્નીના જાતિય સંબંધ દ્વારા થાય છે. પતિ-પત્નીના સંબંધો વગર કુટુંબના અસ્તિત્વની કલ્પના કરવી મુશ્કેલ છે. આ સંબંધ અનેક સ્વરૂપમાં હોઈ શકે છે. કેટલીક જગ્યાએ આ સંબંધ એક લગ્ન પ્રથાના રૂપમાં જોવા મળે છે. તો કેટલીક જગ્યાએ બહુલગ્ન પ્રથાના રૂપમાં જોવા મળે છે. સ્ત્રી-પુરુષના સંબંધોને નિયમિત કરતી સંસ્થાને લગ્ન કહે છે.

### 2. જાતિય સંબંધ

જાતિય સંબંધની ક્રિયા દરેક પ્રાણી જગતમાં જોવા મળે છે, ખરેખર દુનિયાના અસ્તિત્વ પાછળ જાતિય સંબંધો મુખ્યત્વે પાયાનું પરિબળ છે. માનવ માત્રમાં જાતિય ઈચ્છાના લીધે સ્ત્રી-પુરુષ એકબીજાની નજીક આવે છે. સભ્ય સમાજમાં લગ્નબંધન દ્વારા આ ઈચ્છાને પ્રાધાન્યતા મળે છે અને કુટુંબ સંસ્થાનો જન્મ થાય છે. જાતીય સંબંધ એક સ્વાભાવિક પ્રવૃત્તિ છે. જે સ્ત્રી-પુરુષ બન્નેમાં સમાન રીતે જોવા મળે છે.

### 3. લોહી સંબંધ

કુટુંબની આ ખૂબ અગત્યની વિશેષતા છે. કુટુંબના સભ્યો લોહી સંબંધથી જોડાયેલા હોય છે. માતા-પિતા દ્વારા બાળકોનો જન્મ થાય છે. જે માતા-પિતાના લોહી સાથે જોડાયેલ હોય છે. માતાના ગર્ભમાં ઉછરતા સંતાન માતાના લોહી સાથે ધનિષ્ઠ રીતે સંપર્કમાં અને સરખાપણું જોવાં મળતું હોય છે.

**4. નિવાસ સ્થાન**

કુટુંબ મુખ્યત્વે વિશેષ રહેઠાણ છે. કુટુંબના બધા જ સભ્યો પોતાની શારીરિક સુરક્ષા અને વિવિધ જરૂરિયાત પૂર્ણ કરવા માટે એક રહેઠાણમાં રહેતા હોય છે. જરૂરિયાત અનુસાર બીજી જગ્યાએ નોકરી કરવાથી કે અન્ય જગ્યાએ રહેવાથી કુટુંબનો અંત કે કુટુંબમાંથી બાદબાકી થતી નથી.

**5. સાર્વભૌમિક્તા**

કુટુંબ એક એવી સંસ્થા છે જે વિશ્વના તમામ સમાજોમાં જોવા મળે છે. તેમના જો ભૂતકાળના ઈતિહાસનો અભ્યાસ કરવામાં આવે તો જાણવા મળશે કે કુટુંબ એ સદીઓથી અસ્તિત્વ ધરાવતી સંસ્થા છે. તેના સ્વરૂપમાં ચોક્કસ પરિવર્તન આવ્યું છે, પરંતુ તમામ સમાજોમાં જોવા મળી રહે છે.

**6. ભાવાત્મક આધાર**

કુટુંબના સભ્યો વચ્ચે અંદરો-અંદર પ્રેમ, હૂંફ, જાતિય ઈચ્છાઓ, દયા અને મમતા વગેરે જોવા ભાવાત્મક, લાગણીજન્મ પાસાંઓ સાથે જોડાયેલા હોય છે.

**7. મર્યાદિત સભ્ય સંખ્યા**

કુટુંબમાં જન્મ લેનારને જન્મ મળે છે. તેમજ વ્યક્તિ લગ્ન સંસ્થા દ્વારા કુટુંબનો સભ્ય બને છે, અને તે વ્યક્તિ કુટુંબનો સભ્ય બની શક્તો નથી.

**8. કાયમી અને ટૂંકાગાળાનું સ્વરૂપ**

કુટુંબ એક કાયમી સ્વરૂપ ધરાવતી સંસ્થા છે, જે ટૂંકાગાળાનું સ્વરૂપ પણ ધરાવે છે. કુટુંબનો જન્મ પતિ-પત્નીથી થતો હોય છે અને તેનું મૃત્યુ કુટુંબમાં પતિ-પત્નીના છૂટાછેડા થવાથી થાય છે. તેમ છતાં કુટુંબ ક્યારેય નષ્ટ થતું નથી.

**9. આર્થિક સંરક્ષણ**

દરેક કુટુંબ પોતાના સભ્યોને શારીરિક રક્ષણ આપે છે. તેમજ બીજાને શારીરિક તકલીફ પડવાથી તેની સારવારની વ્યવસ્થા કરે છે. દરેક સભ્યના જમવા માટેની વ્યવસ્થા કુટુંબ કરે છે. કુટુંબનાં શ્રમવિભાજનના નિયમોનું અનુસરણ કરતા હોય છે. જેનો મુખ્ય આધાર જાતિ અને ઉંમર પર રહેલો છે.

**10. સામાજિક સુરક્ષા**

દરેક કુટુંબમાં દરેક સભ્યને ચોક્કસ દરજ્જો અને સ્થાન આપવામાં આવતો હોય છે. જેમ કે માતા-પિતા, કાકા-કાકી, ભાઈ-બહેન, દાદા-દાદી, કુટુંબમાં સભ્યો પોતાની જવાબદારી જ નહિ, પરંતુ આખા કુટુંબની જવાબદારી સંભાળતા હોય છે.

**11. સભ્યતા અને સંસ્કૃતિની જાણકારી**

કુટુંબ એ બાળકો માટેની પહેલી શાળા છે. જ્યાં તે સામાજિક પ્રાણી તરીકેના અભ્યાસો શીખે છે. કુટુંબ દ્વારા થતા સામાજિકરણ એ કુટુંબની મહત્વની ઉપલબ્ધિ છે.

## 1.4 કુટુંબનું વર્ગીકરણ

1. સત્તા-વંશ અને રહેઠાણના સ્થળ આધારિત વર્ગીકરણ.
2. સંગઠનના સ્વરૂપના આધારે વર્ગીકરણ
3. લગ્ન પ્રણાલીના આધાર પર કુટુંબનું વર્ગીકરણ

**(1) સત્તા, વંશ, તથા રહેઠાણના સ્થળના આધારે કુટુંબના પ્રકાર**

**1. પિતૃપ્રધાન કુટુંબ**

આ પ્રકારના કુટુંબમાં સૌથી મોટી ઉંમરના પુરુષ જાતિનો સભ્ય કુટુંબના વડા તરીકે કામગીરી કરે છે. જે કુટુંબની દેખભાળ, જરૂરિયાતો, જવાબદારી અને નિર્ણયો લે છે અને બીજા લોકો તેની આજ્ઞા, સૂચનોનો સ્વીકાર કરી તે મુજબ પોતાની જીવનરીતિ ગોઠવતા હોય છે. આવા કુટુંબોમાં સ્ત્રીઓ પુરુષોની સરખામણીએ ઓછા હક્ક અને અધિકાર મેળવતા હોય છે. વંશ પિતાના નામથી ચાલતો હોય છે. તેમજ પિતાની સંપત્તિનો ઉત્તરાધિકાર પુત્ર હોય છે, જેમાં મહત્વની બાબત એ પણ જોવા મળતી હોય છે અને લગ્ન પછી સ્ત્રી પુરુષ સાથીના ઘરે રહેતી હોય છે. ભારતીય સમાજમાં મોટાભાગે પિતૃસત્તાક કુટુંબો જોવા મળે છે.

**2. માતૃપ્રધાન કુટુંબ**

માતૃપ્રધાન કુટુંબમાં માતા એ કુટુંબમાં મુખ્ય કર્તા તરીકે ભૂમિકા નિભાવે છે. તેમજ વંશનું નામ પત્ની સ્ત્રીના નામથી રાખવામાં આવે છે. ભારતમાં માલાબાર અને આસામમાં આમાં માતૃપ્રધાન કુટુંબો જોવા મળે છે અને લગ્ન થયા પછી છોકરો-છોકરીવાળાઓના ઘરે રહેવા લાગે છે.

**(2) સંગઠનના સ્વરૂપના આધારે કુટુંબના પ્રકારો**

**1. વિભક્ત કુટુંબ**

વિભક્ત કુટુંબોમાં માત્રને માત્ર પતિ-પત્ની, અને તેના અપરણિત બાળકોનો સમાવેશ થાય છે. આવા પ્રકારના કુટુંબ મુખ્યત્વે પશ્ચિમના દેશોમાં વધુ જોવા મળી રહ્યાં છે. ભારતના મોટાંભાગના શહેરી વિસ્તારોમાં પણ આ પ્રથા ઘણા અંશે જોવા મળી રહી છે.

**2. સંયુક્ત કુટુંબ**

સંયુક્ત કુટુંબ એ વિભક્ત કુટુંબની સરખામણીએ મોટી સભ્ય સંખ્યા ધરાવે છે. જેમાં પતિ-પત્ની, માતા-પિતા, કાકા-કાકી, ભાઈ-બહેન, પુત્રવધૂ અને વગેરે સાથે રહેતા હોય છે. કુટુંબના વડા તરીકે કુટુંબમાં સૌથી મોટી ઉંમરના પુરુષને ગણવામાં આવે છે અને તેના દ્વારા કુટુંબનું સંચાલન થાય છે. આપણા દેશમાં પ્રાચીનકાળથી આવા પ્રકારના કુટુંબના અસ્તીત્વના આધારો મળેલ છે.

**(3) લગ્ન પ્રણાલીના આધાર પર કુટુંબનું વર્ગીકરણ**

આ પ્રકારે ત્રણ ભાગમાં લગ્ન પ્રણાલીના આધારે કુટુંબનું વર્ગીકરણ જોવા મળે છે.

1. **એક લગ્ન કુટુંબ :** આ પ્રકારના કુટુંબમાં પતિ દ્વારા એક લગ્ન જ કરી શકે છે. આજકાલ જે કુટુંબ મોટાભાગે જોવા મળે છે, તે આવા પ્રકારના કુટુંબ હોય છે અને બિનકલંકિત અને યોગ્યરૂપની સામાજિક ઢાંચામાં સ્થિર કુટુંબ પ્રથા એક લગ્ન કુટુંબમાં જોવા મળતી હોય છે.

2. **બહુ પત્નીત્વ કુટુંબ :** આ પ્રકારના કુટુંબમાં પુરુષ એક કરતાં વધુ સંખ્યામાં પત્ની રાખતા હોય છે, એક કરતાં વધુ વખત લગ્ન કરવાની પ્રથા ઘણા બધા દેશોમાં જોવા મળતી હોય છે. સમાજમાં મજબૂત વર્ચસ્વ ધરાવતા કુટુંબોમાં આવી પ્રથા જોવા મળતી હોય છે અને પ્રાચીન સમયથી આવા રીતિ-રિવાજો જોવા મળે છે. પરંતુ ધીમે ધીમે હવે માત્ર જૂજ સંખ્યામાંના વિસ્તારોમાં આવી પરિસ્થિતિ રહી છે. ભારતમાં જમીનદારો, સામંતો, રાજા-મહારાજાઓ જેના ઉદાહરણો છે. તે ઉપરાંત પણ સમાજમાં સ્ત્રીઓની સંખ્યા પુરુષોની સરખામણીએ વધુ હોય તો પણ આવી સ્થિતિનું નિર્માણ થઈ શકે છે.

3. **બહુ પતિત્વ કુટુંબ :** આ પ્રકારના કુટુંબ મુખ્યત્વે જે જગ્યાએ સ્ત્રીઓની સંખ્યા ઓછી જોવા મળે છે તે વિસ્તારમાં વધુ જોવા મળે છે. આપણા દેશમાં 'ટોડલા' અને 'ખસ' જ્ઞાતિઓમાં આવી પ્રથાવાળા કુટુંબ જોવા મળતા હતા.

**સંયુક્ત કુટુંબ વ્યવસ્થા :**

**સંયુક્ત કુટુંબનો અર્થ :** ભારતીય કુટુંબો મૂળભૂત રીતે સંયુક્ત કુટુંબ વ્યવસ્થા સાથે ટકી રહેલ સામાજીક એકમ છે. સંયુક્ત કુટુંબ વ્યવસ્થા એ હિન્દુ સભ્યતા સમાજની વિશેષ ભેટ છે. સામાન્ય રીતે એક જ પ્રકારના લોહીથી જોડાયેલ અને એક અથવા એકથી વધુ પેઢીના સભ્યો એક જ ઘરમાં એક જ છત નીચે રહી સહ અસ્તિત્ત્વ સ્વીકારે છે અને કુટુંબમાં સૌથી વધુ ઉંમરની વ્યક્તિ કુટુંબના મુખ્યકર્તા તરીકેની ભૂમિકા નિભાવે છે અને મુખ્યકર્તાની પત્ની હોય તે પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા સંભાળે છે અને કુટુંબના અગત્યના નિર્ણય લે છે. કુટુંબના મુખ્ય વ્યક્તિની આજ્ઞા તમામ માટે બંધનકર્તા તરીકે હોય છે. ગ્રામ્ય ક્ષેત્રોમાં મોટા પ્રમાણમાં સંયુક્ત કુટુંબો જોવા મળે છે. સામાન્ય રીતે સંયુક્ત કુટુંબ નીચેની બાબતો ખાસ જોવા મળતી હોય છે.

1. વર્ષોથી એક જ નિવાસસ્થાનમાં રહેવાનો આગ્રહ
2. કુટુંબમાં મહિલા સભ્યોનું સ્થાન પુરુષોની સરખામણીઓ નીચું ગણવામાં આવે છે.
3. એકબીજા પ્રત્યે મદદરૂપની ભાવના અથાગરૂપમાં જોવા મળતી હોય છે.
4. એક સમૂહ તરીકે પોતાની છાપ ઊભી કરે છે.
5. કુટુંબમાં રહેલી સંપત્તિમાં તમામને સમાન હક્ક રહેલ છે.
6. તમામ લોકો એક જ રસોડે જમતા હોય છે અને તમામ ધાર્મિક-સામાજિક તહેવારોની સાથે ઉજવણી કરતાં હોય છે.
7. વડાનું ઉચ્ચ સ્થાન હોય છે. તેમ આજ્ઞા એ સૂચન સર્વને માટે બંધનકર્તા અને આદર ભાવના જાળવવામાં આવતા હોય છે.
8. સામાન્ય રીતે સંયુક્ત કુટુંબમાં તમામને સરખી રીતે રાખવામાં આવે છે. કોઈ કમાવનારને પણ

સરખી રીતે રાખવામાં આવે છે. આપણી ભારતીય સભ્યતા મુજબ નબળા વ્યક્તિ પણ સંયુક્ત કુટુંબમાં સાચવવા તે મુખ્ય ફરજ તરીકે સમજવામાં આવે છે.

## 1.5 કુટુંબ સંસ્થામાં આવેલ પરિવર્તન

આજના આધુનિક સમાજમાં કુટુંબમાં પુરુષ, સ્ત્રીઓ તેમજ બાળકોની સ્થિતિમાં ઘણા અંશે બદલાવ આવ્યો છે. કારણ કે સંયુક્ત કુટુંબ તૂટતા ગયા છે અને વિભક્ત કુટુંબોમાં પતિ-પત્ની બંન્ને નોકરી-કામકાજ-રોજગારી મેળવવા માટે બહાર રહેતા હોય છે અને બાળકોનો ઉછેર નોકરી રાખેલ વ્યક્તિ પાસે થાય છે. તેમાં પણ કુટુંબ નિયોજનની અસરથી ઘરનાં બાળકોની સંખ્યા ઓછી હોય છે. જે બાળકના સામાજિકીકરણ ઉપર મોટા પ્રમાણમાં અસર કરે છે.

આજના વૈશ્વિકરણ, ઉદારીકરણ, ઔદ્યોગિકીકરણના પ્રવાહમાં કુટુંબને પહેલાના મૂલ્યો, માન્યતાો, રૂઢિવાદી માન્યતાઓ, ખ્યાલોને દૂર કરી નવા મૂલ્યો, માન્યતાઓનો પરિચય થાય છે. જે આજે કુટુંબોમાં મોટા પ્રમાણમાં અસ્થિરતા ઉત્પન્ન કરી રહે છે. વર્તમાનમાં કુટુંબોમાં વ્યક્તિવાદના પ્રચાર પ્રસારથી આગવી અસ્તિત્વની વિચારસરણી આધુનિક પેઢીને સમાજભિમુખ વર્તન કેળવવામાં મોટો અંતરાય સમાજ છે.

પહેલાના સમયમાં કુટુંબનો મુખ્ય માણસ દિકરા-દિકરીના લગ્ન સાથી માટે જે વ્યક્તિને પસંદ કરે તે જ માન્ય રાખવામાં આવતું. આજે કુટુંબના સ્વરૂપમાં એટલું પરિવર્તન આવ્યું છે કે દરેક વ્યક્તિ પોતે નક્કી કરે છે કે તેણે કોની સાથે લગ્ન કરવા જોઈએ.

વર્તમાન સમયમાં કુટુંબનું સ્થાન એટલે સુધી બદલાઈ ચૂક્યું છે કે કુટુંબના મૂલ્યો, આદર્શો, માન્યતાઓ, નૈતિકતા તેમજ પ્રથા-પરંપરાઓ વગેરે સંપૂર્ણ રીતે પતન થઈ ચૂકેલ છે એવુ પણ કહી શકાય કે આધુનિકતાના વિકાસ પરીપ્રેક્ષ્યમાં જીવનજીવી રહેલ વર્તમાન કુટુંબોમાં અસ્થિરતા પણ ઉત્પન્ન થયેલ છે અને ભારતીય કુટુંબમાં જોવી મળતા પ્રેમ, ત્યાગ- બલિદાન, નમ્રતા, તેમજ મદદરૂપ

થવાની ભાવના, સ્નેહ જોવા મળતો નથી. આજે મોટાપાયે સંયુક્ત કુટુંબમાં માતા-પિતા, ભાઈ-ભાભી વગેરેની સાથે રહેવાની જગ્યાએ પતિ-પત્ની અને બાળકો સાથે રહેવાનું લોકો વધુ સ્વીકારતા હોય છે.

**વર્તમાન કુટુંબની મુખ્ય સમસ્યાઓ**

- સ્ત્રી-પુરુષના અંગત સંબંધોમાં તણાવ, એકલતાપણુ, સંઘર્ષ, છૂટાછેડા બાળકોના વ્યક્તિત્વમાં ખામીભર્યું સામાજિકીકરણ અનેક મનોવૈજ્ઞાનિક તકલીફો ઊભી કરે છે.

## 1.6 ઉપસંહાર

પ્રસ્તુત એકમમાં કુટુંબનો પરિચય વ્યક્ત થતો જોવા મળે છે. જેમાં કુટુંબની જુદા-જુદા વિદ્વાનોએ આપેલી વ્યાખ્યાઓનો સમાવેશ થાય છે તેનો અર્થ પણ વ્યક્ત થતો જોવા મળે છે. ઉપરાંત કુટુંબ સંસ્થાની ઓળખ પ્રાપ્ત કરતી તેની જુદી-જુદી વિશેષતાઓ પણ આ એકમમાં જોવા મળે છે. કુટુંબ સંસ્થાના સમાજમાં જુદા-જુદા સ્વરૂપો, પ્રકારો જોવા મળે છે. જે તેના વર્ગીકરણના આધારે સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ઉપરાંત સમયે-સમયે કુટુંબ સંસ્થામાં થતા પરિવર્તનોનો પણ પ્રસ્તુત પ્રકરણમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

## 1.7 તમારી પ્રગતિ ચકાસો

1. કુટુંબની વિશેષતાઓમાં કોનો સમાવેશ થતો નથી ?

   (A) જાતિય સંબંધ　　(B) ભાવાત્મક આધાર

   (C) નિવાસ સ્થાન　　(D) સામાજિક સંસ્થા

2. લગ્ન-પ્રણાલીના આધાર પર કુટુંબનું વર્ગીકરણમાં કોનો સમાવેશ થાય છે ?

   (A) એક લગ્ન કુટુંબ　　(B) બહુ-પત્નીત્વ કુટુંબ

   (C) બહુ પતિત્વ કુટુંબ　　(D) ઉપરોક્ત બધા

3. કુટુંબની વિશેષતાઓમાં કોનો સમાવેશ થતો નથી ?

   (A) પતિ-પત્નીના સંબંધો　　(B) સાર્વભૌમિકતા

   (C) અમર્યાદિત સભ્ય સંખ્યા　　(D) લોહી સંબંધ

4. ''કુટુંબ એવા વ્યક્તિઓનું જૂથ છે કે જેમના વચ્ચે સગોત્રના સંબંધો હોય છે અને જે તે સંબંધથી એકબીજાના સંબંધી હોય છે'' આ વ્યાખ્યા કોણે આપી ?

   (A) કિંગ્સલે ડેવિસ　　(B) બોગાર્ડસ

   (C) મજમુદાર　　(D) રોબોર્ટ

5. કુટુંબની વિશેષતાઓ કુલ કેટલી છે ?

   (A) બાર　　(B) અગિયાર

   (C) દસ　　(D) પંદર

## 1.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (D) સામાજિક સંસ્થા
2. (D) ઉપરોક્ત બધા
3. (C) અમર્યાદિત સભ્ય સંખ્યા
4. (A) કિંગ્સલે ડેવિસ
5. (B) અગિયાર

## 1.9 ચાવીરૂપ શબ્દો

**વર્ગીકરણ :** કોઈ વસ્તુનું વર્ગીકરણ કરવાની ક્રિયા અથવા પ્રક્રિયા

**પરિવર્તિન :** બદલાવ અથવા સુધારો

## 1.10 સ્વાધ્યાય લેખન

**1. કુટુંબનો અર્થ જણાવી કુટુંબની વિશેષતાઓ ચર્ચો.**

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

**2. બીસેન્જ અને બીસેન્જના શબ્દોમાં કુટુંબનો અર્થ સમજાવી કુટુંબના વર્ગીકરણ વિશે વિસ્તૃત ચર્ચા કરો.**

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

**3. સંયુક્ત કુટુંબ વ્યવસ્થા વિશે નોંધ લખો.**

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

**4.** **કુટુંબ સંસ્થામાં આવેલ પરિવર્તન વિશે ટૂંકમાં ચર્ચા કરો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 1.11 પ્રવૃતિ

1. કુટુંબ સંસ્થાના વર્ગીકરણ દ્વારા તેના પ્રકારોની સમજૂતીનું સુંદર ચાર્ટપેપરમાં વર્ગીકરણ કરો.

## 1.12 કેસ સ્ટડી

તમારી આસપાસમાં રહેતા કુટુંબોની મુલાકાત લઈને અભ્યાસ દ્વારા કુટુંબ સંસ્થામાં આવેલા પરિવર્તનોની સૂચિ તૈયાર કરવી.

## 1.13 સંદર્ભગ્રંથ

(1) समाजकार्य : तेजस्कर पांण्डेय, ओजस्कर पांण्डेय संपादक : डो.उपेन्द्र, २०१५

(2) समाजकार्य के क्षेत्र संपादक : डो गीरिशकुमार, उत्तरप्रदेश हिन्दी संस्थान, वर्ष १९९६

(3) समाजकल्याण एवं समाजकार्य, अनिता कोठारी, वर्ष २०१०

(4) વ્યાવસાયિક સમાજકાર્યનાં આધાર સ્તંભો, ડૉ. આનંદી પટેલ, વ્યાવસાયિક અભિવૃતિ પ્રકાશન, વર્ષ 2009.

(5) ડૉ. એ.આર.દેસાઇ "સમાજખંડ" ભાગ-1 થી 4, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ.

(6) ડૉ. ધૈર્યબાળાબહેન પી. વોરા, સમાજશાસ્ત્ર શું છે ?, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ.

# એકમ–2 કૌટુંબિક સમાજકાર્ય

: રૂપરેખા :


2.0 એકમના હેતુઓ

2.1 પ્રસ્તાવના

2.2 કૌટુંબિક સમાજકાર્યનો વિકાસ

2.3 કૌટુંબિક સમાજકાર્યની વિભાવના

2.4 કુટુંબ - એક વ્યવસ્થાના સ્વરૂપમાં

2.5 કૌટુંબિક સમાજકાર્યના વિવિધ અભિગમ

2.6 ઉપસંહાર

2.7 તમારી પ્રગતિ ચકાસો

2.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

2.9 ચાવીરૂપ શબ્દો

2.10 સ્વાધ્યાય લેખન

2.11 પ્રવૃતિ

2.12 કેસ સ્ટડી

2.13 સંદર્ભગ્રંથ


## 2.0 એકમના હેતુઓ

- આ એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને કૌટુંબિક સમાજકાર્યના વિકાસ અંગે જાણકારી પ્રાપ્ત થશે.
- કૌટુંબિક સમાજકાર્યની વિભાવના તથા સામાજિક વ્યવસ્થાના ભાગરૂપે કુટુંબ અંગે જાણકારી પ્રાપ્ત થશે.
- પ્રસ્તુત એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને કૌટુંબિક સમાજકાર્યના વિવિધ અભિગમો અંગે જાણવા મળશે.

## 2.1 પ્રસ્તાવના

સામાજિક વ્યવસ્થામાં ઊભી થતી સમસ્યાઓને ઉકેલવા માટે હંમેશા સમાજ પ્રયત્નશીલ રહે છે અને વ્યક્તિને સમાજના સંદર્ભમાં સમાયોજિત કરવાના પ્રયત્નોમાં વાતાવરણને સાનુકૂળ બનાવવાના પ્રયત્નો કરવામાં આવતા હોય છે. સમાજકાર્ય એવી જ એક સામાજિક વ્યવસ્થાના સ્વરૂપમાં અસ્તિત્વમાં આવેલ છે. સામાજિક સમસ્યાનો વૈજ્ઞાનિક અભ્યાસ, તર્કપૂર્ણ નિદાન અને ઉપલબ્ધ ઉકેલમાં મદદરૂપ બનાવવામાં આવે છે. શરૂઆતમાં વ્યક્તિને કેન્દ્રમાં રાખી હસ્તક્ષેપ કરવામાં આવતો, પરંતુ ત્યારબાદ જૂથને મહત્વપૂર્ણ એકમ સમજી સમાજકાર્યની સેવાઓ આપવાનું શરૂ થયેલ છે; તે માત્ર જૂથ પૂરતું ન રહેતા આજે સમૂદાય સુધી સેવાનો વિસ્તાર કરવામાં આવેલ છે.

કુટુંબમાં અસમાયોજનની અસર આખા સમાજ ઉપર પડતી હોય છે અને તેના સમાયોજનને બળ મળતું હોય છે. સમાજકાર્ય સમાજની પ્રગતિ અને કલ્યાણ માટે પ્રતિબદ્ધ હોવાના લીધે કુટુંબને મજબૂત બનાવવું, કુટુંબમાં શાંતિ-અને સમાયોજન સ્થાપિત કરવું, તેમજ કુટુંબના સભ્યોના સંબંધોને

મજબૂત બનાવવા અને કુટુંબને ઉત્તમ જીવન સ્તર પ્રાપ્ત કરવા પ્રેરિત કરવું સમાજકાર્યનું મુખ્ય કાર્ય છે.

કૌટુંબિક સમાજકાર્ય દ્વારા આખા કુટુંબના હિતને પ્રાધાન્ય આપવામાં આવે છે. જેથી વ્યક્તિનો વિકાસ વ્યવસ્થિત રૂપમાં થઈ શકે, કૌટુંબિક સમાજકાર્ય થકી આખા કુટુંબના હિતને પ્રાધાન્યતા આપવામાં વ્યક્તિના સ્વપ્ન અને વ્યક્તિનું હિત ગૌણ સમજવામાં આવે છે. મુખ્યત્વે ઉદ્દેશ્ય એ છે કે કુટુંબના હિતમાં જ વ્યક્તિનો વિકાસ સંભવ છે. એટલે એ બાબત સ્પષ્ટ ધ્યાન લેવામાં આવે છે કે કુટુંબ વ્યક્તિથી વધુ મહત્વપૂર્ણ છે.

## 2.2 કૌટુંબિક સમાજકાર્યનો વિકાસ

સમાજકાર્યની શરૂઆતથી જ કુટુંબ સંસ્થાના દૃષ્ટિકોણ અને કુટુંબ અને તેના સભ્યોને સમાજકાર્યના મહત્ત્વના હિસ્સા તરીકે સમજી કાર્ય શરૂઆતથી કરવામાં આવતું જોવા મળ્યું છે. જે મુજબ વ્યક્તિ કુટુંબથી અલગ નથી તે જ પ્રમાણે કુટુંબ સમાજકાર્યથી અલગ નથી. સૌ પ્રથમ ચેરીટી ઓર્ગેનાઇઝેશન સોસાયટીએ 'ફેમિલી વિઝીટર' એટલે કે કુટુંબની મુલાકાત લેનાર સમાજ કાર્યકરના ખ્યાલનો ઉદ્ભવ થયેલ જોવા મળે છે. આવા પ્રકારના ફેમિલી વિઝીટર એ કુટુંબની પરિસ્થિતિનો અભ્યાસ કરી કુટુંબના સભ્યોને જરૂરી મદદ કરવામાં આવે છે.

આ પહેલા એલિઝાબેથ દ્વારા 'પુઅર લૉ' 1601ના અંતર્ગત 'ઓવર શીયર ઓફ પુઅર' નિયુક્ત કરવામાં આવેલ છે. જે ગરીબ કુટુંબ દ્વારા મળેલ વિનંતીપત્રોને આધારે જરૂરી તપાસ કરી, તેના માધ્યમથી મુશ્કેલીગ્રસ્ત કુટુંબની પરિસ્થિતીનું અવલોકન કરવામાં આવતું. સમસ્યાનું કારણ નક્કી કરવામાં આવતું અને એવા પ્રકારે મદદ કરવામાં આવતી કે કુટુંબ પોતાની જાતે જ મદદ કરી શકે. જો પોતાની મેળે મદદ ન મેળવી શકે, તો સંબંધીઓ, મિત્રો અથવા પડોશીને મદદ માટે પ્રોત્સાહિત કરવામાં આવતા હોય છે. આજ રીતે એક વૈજ્ઞાનિક પ્રક્રિયાના મારફતે કુટુંબને મદદ કરવાની શરૂઆત થઇ. ત્યારબાદ સામાજીક સુરક્ષા અને સમાજકલ્યાણના વિવિધ કાર્યક્રમોના માધ્યમથી કુટુંબને મદદ માટેનો એકમ સમજી કાર્ય કરવામાં આવવા લાગ્યું અને ગરીબ પરીવારોને નાણાંકીય સહાય પણ કરવામાં આવવા લાગી.

પરંતુ એક પરિસ્થિતિ એવી પણ હતી કે ગરીબ, વિકલાંગ, બિમારીગ્રસ્ત લોકો, વિધવાઓ વગેરેને ધાર્મિક સંસ્થાઓના માધ્યમથી અનાથ આશ્રમ કે શરણાર્થીઓના કેમ્પ માપરતે મદદ કરવામાં આવતી, પરંતુ 16મી સદી દરમ્યાન ચર્ચ, અને રાજ્યો વચ્ચે સંઘર્ષો થવાના લીધે ધાર્મિક સંસ્થાઓના મદદરૂપ થવાના કાર્યોને રાજ્યએ પોતાના હસ્તક લઇ લીધા, અને રાજ્ય દ્વારા ગરીબ કુટુંબોની સ્થિતિને જાણી સમજી મદદ કરવા માટે 'જાહેર મદદગાર અધિકારી'ની નિમણૂક કરવામાં આવી. આ અધિકારીનું કામ મુખ્યત્વે ગરીબ કુટુંબોની મુલાકાત કરવાનું, તેમના આરોગ્ય, આવક અને નૈતિકતાના બાબતે માહિતી મેળવી અને દરેક કુટુંબની જરૂરીયાતો નક્કી કરવાનું કાર્ય કરતા હતા. આ કાર્યક્રમ હેમબર્ગમાં 1788માં સ્વૈચ્છીક દાન અને વેરા આધારીત ચલાવવામાં આવતા હતા. ફ્રાન્સમાં ગર્ભશ્રીમંત મહિલાઓને પ્રોત્સાહિત કરી ગરીબ કુટુંબને મદદ કરવા માટે 'દાનવીર મહિલાઓ' 'Ladies of Charity'ની રચના કરવામાં આવી. જેના માધ્યમથી ભોજનની સામગ્રી અને કપડાં આપવામાં આવતા હતા.

આ મનોસામાજિક, સામાજિક-આર્થિક, વૈયક્તિક અને કૌટુંબિક સમસ્યાઓને દૂર કરવા માટે વિખરાયેલ કુટુંબ નામની સામાજીક સંસ્થાને મજબૂત અને સંકલિત કરવા માટે અને એક જ માળામાં વણી લેવા માટેની જરૂરિયાત ઉભી થઇ. જેના પરિપ્રેક્ષ્યમાં 1950ના દશકામાં આગવી રીતે સમાજકાર્ય એ કુટુંબની સમસ્યાઓને દૂર કરવા માટે અને કલ્યાણ હાંસલ કરવા માટેના ઉદ્દેશ્ય સાથે કાર્ય કરવાની શરૂઆત થઇ અને આ સેવાઓમાં બાળકો, વૃદ્ધો, કિશોર-કિશોરીઓ, યુવાનો અને મહિલા ક્લયાણને પ્રાથમિકતા આપવામાં આવી. અમેરીકામાં 1971માં કુટુંબ સેવા સંઘ 'Family Service Asso-ciations' ની સ્થાપના કરવામાં આવી જેમાં 300 સભ્યો હતા. આ સંઘ દ્વારા એક પત્રિકા 'ધ ફેમિલી ' બહાર પાડવામાં આવતી. જેનું પાછળથી નામ સમાજકાર્ય 'સોશ્યલ વર્ક' કરવામાં

આવ્યું.

મેરી રીચમન્ડ જણાવે છે કે કુટુંબ જાતે જ એક ખૂબ જ મહત્ત્વપૂર્ણ સંસ્થા છે. જે માનવીય જરૂરીયાતોની ચારે બાજુ ફરતી રહે છે. રીચમન્ડે સામાજીક વૈયક્તિક સેવાકાર્યનું સ્વરૂપ તૈયાર કર્યું અને સામાજીક અભ્યાસ, સામાજીક નિદાન અને સામાજીક સારવાર જેનો મહત્ત્વપૂર્ણ હિસ્સો એ કુટુંબને સમજાવવામાં આવતો. મેરી રીચમન્ડના સૌથી મહત્ત્વપૂર્ણ ગ્રંથ 'સામાજીક નિદાન' જે 1917માં પ્રકાશિત થયેલ, જેમાં આલેખાયેલ વિચારો થકી જ સમાજકાર્યનું ધ્યાન વ્યક્તિથી હટાવી કુટુંબ પર કેન્દ્રિત કરાવવામાં સફળતા હાંસલ કરાવેલ છે. 1908માં 'નેશનલ કોન્ફરન્સ ઓફ ચેરીટી એન્ડ કરેકશન્સ' ને સંબોધિત કરતા જણાવ્યું હતું તે આપણે સૌ જે અહીંયા ઉપસ્થિત છે તે તમામ મહાન રચનાત્મક અસર અને પ્રક્રિયાઓ, જેના દ્વારા આજે આ મહત્ત્વપૂર્ણ વિષયને વિચાર આધિન કરવા જઇ રહ્યા છીએ તે મોટાભાગે આપણા ઘરમાંથી આપણે શીખીને આવ્યા છીએ. જેવી રીતે આ ગર્ભગૃહમાં તમે બધાએ પ્રવેશ કર્યો છે અને અહીંયાથી બહાર નીકળશો, જે રીતે મારી લાગણી આ સ્થાન અને સંગઠન સાથે જોડાયેલ છે, થોડી અથવા વધુ સદ્ભાવના સાથે તમે મારી વાત સાંભળી રહ્યા છો અને તમે આ પછી વિચારશો અને કાર્ય કરશો તે તમામ કામગીરી તમે તમારા કુટુંબ મારફતે છે. જે કુટુંબમાં તમે ઉછેર મેળવ્યો છે, તેમજ મોટા થઇ શીખી છે. આવા જ વિશ્વાસથી મેરી રીચમન્ડે સમાજકાર્ય અભ્યાસમાં કુટુંબના મહત્ત્વ પ્રતિ પોતાનો દૃઢ વિશ્વાસ વ્યક્ત કરી આજ સિદ્ધાંતોને કાર્યમાં રજૂ કરવાના પ્રયત્ન કરેલ, તેઓએ હંમેશા વ્યક્તિને કુટુંબના સ્વરૂપમાં વ્યાખ્યાયિત કરેલ છે, અને ચેતવણી આપી છે કે, ''વ્યક્તિગત સારવાના સારા પરીણામ ખરાબ થઇ જશે જ્યારે વૈયક્તિગત કાર્યકર પોતાના અભ્યાસમાં કુટુંબને સ્થાન આપવામાં અસફળ રહેશે.''

1938માં હર્બટ એબટેકરે કુટુંબ સંસ્થાના કાર્યોનું અવલોકન કરી સંપૂર્ણ કુટુંબને ધ્યાનમાં ન રાખવાના વિચારનો વિરોધ કર્યો. એબટેકરેનું માનવું છે કે, એક વ્યક્તિમાં પરિવર્તન એ સમગ્ર કુટુંબમાં પરિવર્તન લાવી શકે છે.

સમાજકાર્યના સાહિત્યમાં કુટુંબ કેન્દ્રિત લેખન મુખ્યત્વે સૈન્ફોર્ડ શેરમન, હોપ લીચર, શીલમીટ ફ્રાન્સિસ બીટ્સમેન વગેરે જેઓ કુટુંબ સેવા સંસ્થા મારફતે છે, આ તમામ જોડાયેલ સંસ્થાના મહાન વ્યક્તિ રોબર્ટ ગોર્મ્બગે કુટુંબ સેવા સિદ્ધાંત અને વૈયક્તિક સેવાકાર્યને વિકસાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા આપી છે. વજીનીયા સતીરે કુટુંબ સેવા આંદોલનને જન્મ આપ્યો, એટલું જ નહિં 70ના દશકામં મેડીકલ કૉલેજોમાં વિવધ રોગો પર કુટુંબની અસર અને સારવાર પદ્ધતિમાં કુટુંબની અસરકારકતા વિષયોમાં રસ દાખવી શોધ પેપરો રજૂ થવા લાગ્યા. જેના કારણે કૌટુંબિક સેવાકાર્ય એક રસના વિષય તરીકે બહાર આવ્યું અને ત્યારબાદ વધુમાં વધુ લોકો કૌટુંબિક કાર્યકર તરીકે તાલીમ લેવા લાગ્યા અને સમાજમાં કાર્યરત થવા લાગ્યા અને ત્યારબાદ 80ના દશકામાં સમાજકાર્યની શિક્ષણ આપતી સંસ્થામાં કૌટુંબિક સમાજકાર્યનું શિક્ષણ આપવાનું શરૂ થઇ ચૂક્યું હતું અને સાથે સાથે બાળકલ્યાણના ક્ષેત્રમાં સમાયોજીત સેવા આપવાનું શરૂ થઇ ચૂક્યું હતું.

### ◆ ભારતમાં કૌટુંબિક સમાજકાર્યનો ઉદ્ભવ :

પ્રાચીન સમયથી જ ભારતમાં કૌટુંબિક સંપૂર્ણતાનું ઉત્તમ નમૂનો પૂરો પાડે છે. જેના દરેક સભ્ય મહત્ત્વપૂર્ણ ભૂમિકા પૂરી પાડે છે અને આ કુટુંબ તેના વળતર રૂપે દરેક સભ્યને કોઈપણ પ્રકારની શારીરિક કે મનોવૈજ્ઞાનિક મુશ્કેલીઓમાં રક્ષણ માટે જરૂરી મદદ કરે છે. શહેરીકરણ અને ઔદ્યોગીકરણના લીધે આ મદદ કરવાની ભાવના ઘટતી ગઇ છે અને તેના લીધે કુટુંબના સભ્યો અપૂર્ણતાની સ્થિતિ અનુભવવા લાગ્યા છે. પરીણામે કુટુંબો વિખરાવવા લાગ્યા છે અને તેને એકીકૃત કરવાનું કાર્ય સમાજકાર્ય માટે મોટી જવાબદારી સાથે સોંપવામાં આવ્યું છે.

આમ તો કુટુંબ સંસ્થાને વધુ ઉદાર બનાવવા અને મહિલાઓ અને બાળકોનો વિકાસ કરવાનું કાર્ય અંગ્રેજી મિશનરીઓએ 19મી સદીમાં શરૂ કર્યું હતું. શરૂઆતમાં અનાથ, નિરાધાર અને ત્યજાયેલ બાળકો અને મહિલાઓને મદદરૂપ બનવા માટે તેઓની તાત્કાલિક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે તેમજ સામાજીક અપૂર્ણતાની સ્થિતિને દૂર કરવાના દૃષ્ટિકોણથી શરૂ કરવામાં આવી, જેમાં ભોજન

અને કપડાં તેમજ રહેઠાણ વિષયક સેવાઓ મુખ્યત્વે આપવામાં આવતી. ભારતમાં સ્વતંત્રતાના આંદોલન દરમ્યાન મહાત્મા ગાંધીના રચનાત્મક કાર્યક્રમો કુટુંબની આર્થિક સ્થિતિ સુધારવા માટે તેમજ મહિલાઓ અને બાળકોના કલ્યાણ માટે મુખ્યત્વે ભૂમિકા પૂરી પાડેલ, ચરખાના માધ્યમથી કુટુંબને આત્મનિર્ભર બનાવવાનું કાર્ય શરૂ થયેલ જેનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક વ્યક્તિને કામ મળતું રહે જેથી ગામડાંઓમાંથી શહેરો તરફ લોકો વધુ દોટ મૂકે, આશ્રમના માધ્યમથી લોકોને પુનઃ સ્થાપનની સેવાઓ પણ આપવાનું શરૂ થેયલ.

આ આશ્રમોનો ઉદ્દેશ્ય વ્યક્તિને આત્મનિર્ભર બનાવવા માટે હતો. આ આશ્રમો થકી ભાંગી પડેલ કુટુંબોને મજબૂત બળ આપવામાં આવ્યું તેમજ વૈજ્ઞાનિક સમાજકાર્યને સૌથી વધુ બળ મળ્યું હતું.

સમાજકાર્યની સૌથી પહેલી વિશ્વવિદ્યાલયને 1936માં બોમ્બેમાં સ્થાપિત કરવામાં આવી. કૌટુંબિક સમાજકાર્યને વિશેષ રૂપથી વિકસાવવાની જરૂરીયાત ઉભી થઇ. એ સમય સુધી આ કાર્ય સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા બિનતાલીમ કાર્યકર્તાઓની મદદથી કરવામાં આવતું જેનો મુખ્ય ઉદ્દેશ્ય એ હતો કે કુટુંબ વ્યવસ્થાએ ગુમાયેલ મજબૂતાઇ પાછી લાવી શકાય અને તેના સ્વરૂપને નુકસાન નહિ હોય જેના માટે વિશેષરૂપથી તાલીમી કાર્યકર્તાની જરૂરિયાત ઉભી કરવામાં આવી. આ સંદર્ભમાં સર દોરાબજી ટાટા સમાજવિજ્ઞાન સંસ્થાન એ કુટુંબ અને બાળક તેમની પ્રકૃત્તિ અને વિકાસ, સામાજીક વૈયક્તિક સેવાકાર્ય સંસ્થાઓમાં બાળકો, સમાજકાર્ય અને તેની વિદ્યાલય, ઘરેલું સ્વચ્છતા વગેરેનાં અભ્યાસક્રો શરૂ કરવામાં આવ્યા. ત્યારબાદ 1948માં તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું જેમાં કુટુંબ અને બાળ સમાજકાર્યને એક સંકલિત ક્ષેત્રના સ્વરૂપમાં અભ્યાસક્રમમાં જોડવામાં આવ્યું.

સ્વતંત્રતા બાદ સમાજકાર્યની સંસ્થા અને તેના ક્ષેત્ર બન્નેમાં ખૂબ જ પ્રગતિ નોંધવામાં આવી. સંસ્થાઓ દ્વારા કુટુંબ સમાજકાર્યના વિશેષ અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યા. 1957માં તમામ સમાજકાર્યની સંસ્થાઓનું એક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું જેમાં એ નક્કી કરવામાં આવ્યું કે કુટુંબ અને બાળ કલ્યાણને સમાજકાર્યના અભ્યાસક્રમમાં આધારભૂત અભ્યાસનો ભાગમાં સામેલ કરવામાં આવ્યું. આ નિર્ણયની અસરથી સરકારશ્રી દ્વારા પંચવર્ષીય યોજનામાં પણ મહિલા અને બાળકલ્યાણના કાર્યક્રમોને પ્રાથમિકતા આપી અને આ કાર્યક્રમોને કલ્યાણ મંત્રીમંડળ અને કેન્દ્રીય સમાજકાર્ય કલ્યાણબોર્ડ, આરોગ્ય પરીવાર કલ્યાણ મંત્રાલય મારફતે કરવામાં આવ્યું.

ત્યારબાદ 1966માં આજ દષ્ટિકોણને ધ્યાનમાં રાખી એક કાર્યશાળાનું આયોજન 'એસોશિએશન ઓફ સ્કુલસ ઓફ સોશ્યલ વર્ક' દ્વારા કરવામાં આવ્યું. જેના દ્વારા એ ઠરાવવામાં આવ્યું કે કૌટુંબિક સમાજકાર્યના માધ્યમથી કૌટુંબિક જીવન શિક્ષણને સામેલ કરવું જોઇએ. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા સ્થાપવામાં આવેલ શિક્ષણ નિરીક્ષણ સમિતિ 1980ના અહેવાલ મુજબ 12 સમાજકાર્યની સંસ્થામાં કૌટુંબિક અને બાળકલ્યાણના અભ્યાસક્રમો ચલાવવામાં આવી રહેલ છે.

## 2.3 કૌટુંબિક સમાજકાર્યની વિભાવના

કૌટુંબિક સમાજકાર્ય, સમાજકાર્યનું એક ક્ષેત્ર છે. જેના દ્વારા કુટુંબને સેવાર્થીના રૂપમાં સ્વીકાર કરી સામાજિક કાર્યકર્તા કુટુંબનું સમાજમાં રહેલ અસમાયોજનને દૂર કરવાનો પ્રયાસ કરે છે. જેમ કે સર્વસામાન્ય સ્વીકૃત બાબત જેમ કે સમાજકાર્ય એક વિશિષ્ટ સેવા આપતી કળા છે, જેમાં વ્યક્તિને એકાંતમાં અથવા જૂથમાં મદદ આપવામાં આવે છે; જેથી તે આત્મનિર્ભર બની પોતે પોતાની મદદ કરે છે.

"કુટુંબ કેન્દ્રિત અભ્યાસ સમાજકાર્યનું એક મોડલ છે. જે પોતાના કાર્યક્ષેત્રમાં કુટુંબને કેન્દ્રિત કરે છે."

**ગરમેન કેરેલ બી - સોશિયલ સ્ટડી**

**પાસ્ટ એન્ડ ફયુચરા સોશિયલ કેસવર્ક - 1968**

**શર્જ ફ્રાંન્સીસ**

કુટુંબ કેન્દ્રિત સેવાકાર્ય એક એવો અભ્યાસ છે, જે કુટુંબની ભૌતિક, સામાજિક અને ભાવાત્મક જરૂરિયાતો પર આધારિત હોય છે. કુટુંબ કેન્દ્રિત સેવાકાર્યમાં કુટુંબની સામાજિક ગતિશીલતાને કુટુંબના સભ્યો માટે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સારવાર દ્વારા ફેરફાર લાવવામાં આવે છે, જેનાથી સંપૂર્ણ જૂથને લાભ થાય છે.

ઉપરોક્ત વિભાવનાઓથી સ્પષ્ટ થાય છે કે કૌટુંબિક સમાજકાર્ય અભ્યાસનું માળખુ છે. જેમાં સંપૂર્ણ કુટુંબને સેવા માટે એક મૂળભૂત એકમ માની તેના ઉપર ધ્યાન આપવામાં આવે છે. જેમાં કુટુંબના સભ્યોના અંદરના અને બાહ્ય સંબંધોને સૂમેળભર્યા બનાવવા બાબત પર ભાર આપવામાં આવે છે. જેમાં કુટુંબના સભ્યોના અંદરના અને બાહ્ય સંબંધોનું સૂમેળભર્યા બનાવવા બાબતપર ભાર આપવામાં આવે છે. વ્યક્તિની સમસ્યાઓને સંપૂર્ણ કુટુંબના પરિપ્રેક્ષમાં સમજવાનો પ્રયત્ન કરવામાં આવે છે. કુટુંબને સમાજની એક ખૂબ જ મહત્વપૂર્ણ વ્યવસ્થા સમજી તેને મજબૂત અને આત્મનિર્ભર બનાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જેથી તે પોતાની સમસ્યાઓને સમજી શકે તેમજ તેને દૂર કરવા માટે આગળ આવી શકે. કૌટુંબિક સમાજકાર્ય દ્વારા કુટુંબ અને સભ્યો બન્નેને સમસ્યાના નિધન અને ઉપચારમાં મદદરૂપ બનાવવામાં આવે છે. જે સમસ્યાઓના અલગ-અલગ પાસાંઓ જેવાં કે સામાજિક, આર્થિક, આવેગાત્મક, મનોવૈજ્ઞાનિક અથવા સમાયોજનલક્ષી બાબતો સાથે સંબંધ ધરાવતા હોઈ શકે છે. કૌટુંબિક સમાજ કાર્યકર્તા કુટુંબની વિશેષ જરૂરિયાતો ઓળખી વિવિધ પ્રકારની સેવાઓ આપે છે. જે કૌટુંબિક જીવનને મજબૂત અને સંપૂર્ણ બનાવવામાં મદદ કરી શકે છે. કુટુંબ જીવન તેમજ ઘરની આરોગ્યલક્ષી સેવાઓ કુટુંબની રોજીંદી દેખભાળ, ભોજન વ્યવસ્થા, બાળકોની પુનઃ સ્થાપન તેમજ સલાહ-માર્ગદર્શન વગેરે સેવાઓનો સમાવેશ થાય છે. જે કુટુંબને તેની જરૂરિયાત મુજબ આપવામાં આવતી હોય છે અને એવા કુટુંબને સેવાઓ આપવામાં આવતી હોય છે. જેઓની સમાયોજનની ક્ષમતા આવતી હોય છે. જેઓની સમાયોજનની ક્ષમતા બિલકુલ નષ્ટ પામેલ હોય છે. કૌટુંબિક સમાજકાર્ય પુનઃસ્થાપન સંબંધી સેવાઓ આપે છે. દા.ત. માનસિક બિમાર દર્દીના કુટુંબને સર્વગ્રાહી પુનઃસ્થાપનની સેવાની વધુ જરૂરિયાત હોય છે.

વાસ્તવિક રીતે એવી સમસ્યાનું કોઈ એક કારણ નથી હોતુ, પરંતુ ઘણાં બધા કારણો જવાબદાર હોય છે. તેવી જ રીતે કૌટુંબિક સમાજકાર્યની સેવાઓ કોઈ એક ક્ષેત્ર સાથે સંબંધિત નથી હોતુ, પરંતુ સાર્વત્રિક સેવાઓનો ઉપયોગ કરી અને કુટુંબને વ્યક્તિની મદદ કરવામાં આવે છે.

## 2.4 કુટુંબ - એક વ્યવસ્થાના સ્વરૂપમાં (Family as System)

વ્યવસ્થાનો અર્થ વિવિધ પ્રકારના લોકો માટે અલગ-અલગ થાય છે. નૈસર્ગિક વિજ્ઞાન સૌર્યમંડળને શરીરશાસ્ત્રીઓ લોહીના પરિભ્રમણને અને રાજયશાસ્ત્રીઓ મૂડીવાદી સમાજવાદને વ્યવસ્થા માને છે. આજકાલ કમ્પ્યુટર વૈજ્ઞાનિકો મુખ્યરૂપથી વ્યવસ્થા શબ્દનો ઉપયોગ કમ્પ્યુટરના સુક્ષ્મ યંત્રોની પ્રક્રિયાઓને રજૂ કરવા માટે કરતા હોય છે. આ જ વિભાવના સમાજકાર્યના દ્દષ્ટિકોણ માટે ઉપયોગી થઈ શકે છે. કારણ કે તેના દ્વારા દેશ સમય અને બનતી ઘટનાઓ અને વિચારોના વચ્ચે રહેલ સંબંધને ઓળખવા મદદરૂપ થાય છે. એટલું જ નહિ વ્યવસ્થાની સાથે વ્યક્તિ, તેની સ્થિતિ અને ભૂમિકાના વિશે મહત્વપૂર્ણ માહિતી ભેગી કરવામાં આવે છે. વ્યવસ્થાના સંબંધ એકના કેટલાક ભાગોનો સુગ્રંથિત એવી રીતે સંબંધ છે, જેનાથી કાર્યપ્રક્રિયાના સ્વરૂપમાં સંબંધ છે. જેનાથી કાર્યપ્રક્રિયાના સ્વરૂપમાં એકબીજાની ઉપયોગી બનાવી રાખે છે. એટલે ચોક્કસ એવું જોવાં મળે છે કે દરેક સજીવ અથવા ગતિશીલ ચીજવસ્તુઓ પોતાની મૂળ સ્થિતિમાં એક વ્યવસ્થાના રૂપમાં હોય છે. માનવશરીર, જાહેર વહીવટ, સાંસ્કૃતિક, સામાજિક અને આર્થિક પાસાંઓ અથવા તો જેમ કે મહાવિદ્યાલય, સમૂદાયક રાષ્ટ્ર વગેરે પણ વ્યવસ્થા તંત્ર છે.

કોઈપણ વ્યવસ્થા તંત્ર માટેના એના પાસાંઓ જરૂરી છે.

1. પેટા વ્યવસ્થાઓની જાળ
2. પેટા વ્યવસ્થાઓની વચ્ચે આંતરિક વ્યવસ્થા

3. પેટા વ્યવસ્થા અને આંતરિક વ્યવસ્થા વચ્ચે સમાયોજનની સ્થિતિ

4. દરેક પેટાવ્યવસ્થાની ચોક્કસ મર્યાદા અને ઘડતર

5. સમગ્ર વ્યવસ્થાતંત્રના વિકાસના કાર્ય માટે તમામ મર્યાદાઓ સાથે કાર્ય કરવામાં આવે છે.

ટૂંકમાં વ્યવસ્થાનો સંબંધ એક સામુહિક પદ્ધતિસરના પગલાં સાથે જોડાયેલ છે. જે કેટલીક પટો વ્યવસ્થાઓ દ્વારા ચોક્કસ નિશ્ચિત નિયમો અને ક્રમાનુસાર એકબીજા સાથે જોડાયેલ રહે છે અને કાર્યની દૃષ્ટિએ કોઈપણ વ્યવસ્થાતંત્ર એ સમગ્ર સમાજજીવન માટે ઉપયોગી હોય છે. એટલે કે વ્યવસ્થા તંત્રમાં એવી સ્થિતિ જોવા મળતી હોય છે, જેમ કે અનેક વિવિધતામાં એકતાના સિદ્ધાંત ઉપર કાર્ય કરે છે.

કુટુંબનો અર્થ શારીરિક અથવા કાયદાકીય રૂપથી અથવા લોહીના સંબંધના આધારો પર જોડાયેલ એવા લોકોના જૂથ સાથે છે જે એક જ છત નીચે નક્કી થયેલ ભાવાત્મક સંબંધોના આધારે એકબીજા સાથે જોડાયલ રહે છે. કુટુંબ સમાજનું ક્રિયાશીલ પાસું છે. જે સમાજને ચોક્કસ આકાર અને વ્યવસ્થાતંત્ર આપે છે. આ કુટુંબ વ્યવસ્થાતંત્ર સમાજના વિકાસ અને પ્રગતિ માટે જરૂરી પાયાનું કાર્ય કરે છે. એટલે કે કુટુંબ માત્ર વ્યક્તિઓનું એક જૂથ જ નહિ, પરંતુ વાસ્તવિક્તાના આધાર પર ચાલતું ગતિશીલ બંધન ધરાવતું જૂથ છે. જે પોતાના સ્વરૂપમાં એક સંસ્થાના રૂપમાં અસ્તિત્વ ધરાવે છે. જેની પોતાની આગવી પ્રણાલી, પદ્ધતિ અને જેનું આગવું જીવન હોય છે આ એક જૂથ છે, જેમાં દરેકનું કાર્ય આખા પરિવારને અસર પહોંચાડતુ હોય છે, પછી ભલે તે હકારાત્મક હોય કે નકારાત્મક.

કુટુંબની આ વ્યાખ્યાના આધારે આ એવી વ્યવસ્થા છે જેમાં સભ્યોનું એક ચોક્કસ પદ્ધતિ સ્વરૂપની અંદર સામાજિક એકત્રીકરણ થાય છે, અને સભ્યોના એકબીજા સાથે તેમજ સમગ્ર પરિવાર સાથે સતત સંબંધ જળવાઈ રહેતો હોય છે. વ્યક્તિના કાર્યો સ્થિતિ એ કુટુંબના કાર્યો સાથે સંબંધિત હોય છે.

કુટુંબને સમાજકાર્યના અભ્યાસ ક્ષેત્રમાં સમાવેશ કરવામાં આવે છે, જેથી સામાજિક સ્થિતિમાં પરિવર્તન લાવી શકાય.

કૌટુંબિક મદદની પ્રક્રિયામાં બે પ્રકારની દિશાસૂચનથી મદદ કરવામાં આવે છે.

1. પ્રથમ બાબતમાં કુટુંબમાં વ્યક્તિને વિશેષ મહત્વ આપવામાં આવે છે.

2. કુટુંબને વ્યક્તિઓના જૂથ સમજીને જરૂરિયાતો અને સમસ્યાઓ પર ભાર આપવામાં આવે છે.

જેના દ્વારા કુટુંબ અથવા જૂથની મુલાકાત કરવામાં નથી આવતી, પરંતુ કેન્દ્રિય સ્થાન ધરાવતા વ્યક્તિની મુલાકાત કરવામાં આવે છે અને તેના એ બાબત પર ભાર મૂકવામાં આવે છે કે કુટુંબના એક વ્યક્તિ-સભ્યનો વ્યવહાર ત્યાં સુધી એટલો મહત્વપૂર્ણ નથી; કે જ્યાં સુધી સંપૂર્ણ કુટુંબનો પરિપેક્ષમાં સમજવામાં ન આવે તે ઉપરાંત વ્યક્તિનું કુટુંબ સાથે વ્યક્તિગત સમાયોજન પણ એટલું જ અગત્યનું હોય છે. એટલે કે સારવાર વ્યક્તિની નહિ પરંતુ વ્યવસ્થા માટેની હોવી જોઈએ. કારણ કે વ્યક્તિ એ વ્યવસ્થાની દેન છે.

## 2.5 કૌટુંબિક સમાજકાર્યના વિવિધ અભિગમ :

વર્ષ 1969માં વોશિંગ્ટન વિશ્વવિદ્યાલયની સ્કુલ ઓફ સોશિયલ વર્ક સાથે સંકળાયેલા પુનઃસ્થાપનનું કાર્યકરની સંસ્થા દ્વારા સંશોધન બહાર પાડવામાં આવ્યું, જેમાં કૌટુંબિક સમાજકાર્યના ત્રણ અભિગમ રજૂ કરવામાં આવ્યા.

**1. મનોવિશ્લેષણાત્મક અભિગમ**

મહાન મનોવૈજ્ઞાનિક સિગ્મંડ ફ્રોઈડે આ અભિગમ દ્વારા વ્યક્તિના મનમાં રહેલ અચેતન-ચેતન ઈચ્છાશક્તિ અને જીવન જીવવાની શક્તિ દ્વારા માણસના વર્તનના તમામ પાસાંની સમજૂતી રજૂ કરી અને મનોજાતિય વિકાસના વિવિધ તબક્કામાં જેવા કે મુખ અવસ્થા, ગુદા

અવસ્થા શુષુપ્ત અવસ્થા વગેરે તબક્કામાંથી વ્યક્તિ પસાર થાય છે. તેમજ ઈડ, ઈગો, સુપર ઈગોના વિકાસથી વ્યક્તિ સમાજ સાથે સમાયોજન સ્થાપિત કરવામાં અને આગવું વ્યક્તિત્વ સ્વરૂપ ઘડવામાં કયા પાસાં-પરિબળો અગત્યના ધરાવે છે તેની વ્યક્તિત્વના ગુણાત્મક ઘટકો દ્વારા વ્યક્તિત્વની સંપૂર્ણ સમજ રજૂ કરવામાં આવેલ છે. આ સિદ્ધાંત દ્વારા માતા અને બાળકના એકબીજાના સંબંધમાં બાળકના વિકાસમાં માતાનું સ્થાન ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. મનોવિશ્લેષણાત્મક અભિગમમાં સતત સારવાર અને મદદરૂપ સારવારમાં ખૂબ જ અંતર રાખવું જોઈએ અને સતત સારવાર પર વિશેષ ભાર આપવામાં આવી રહ્યો છે, જેમાં વિવિધ ક્ષેત્રોના લોકો કુટુંબને સંપૂર્ણ રીતે આત્મનિર્ભર બનાવવા પ્રયત્ન કરે છે. જેના માટે વ્યક્તિના હાલની સમસ્યાઓએ અને સમસ્યાઓ કેટલા વર્ષ પહેલા મૂળ નાખ્યા છે તે તમામ ભૂતકાળના પાસાંઓની વિશેષ સમજૂતી દ્વારા વ્યક્તિની સતત સારવાર કરવાની બાબત પર ભાર આપવામાં આવે છે. કુટુંબ સમાજકાર્યની આ પદ્ધતિ દ્વારા આપવાનાર લોકો અલગ અલગ પાસાંઓની સારવાર કરતા હોય છે. જે એકબીજાથી ભિન્ન રીતે વર્તતા હોય છે.

પરંતુ મુખ્ય બાબત એ છે કે તે તમામનું લક્ષ્ય એક જ હોય છે કે કુટુંબની સમસ્યાઓને દરેક વ્યક્તિના સાથે મનોવૈજ્ઞાનિક પદ્ધતિના આધારે ઉકેલવામાં આવે છે.

**1. સમાયોજનલક્ષી અભિગમ**

આ અભિગમમાં વ્યક્તિ અને કુટુંબ બન્નેને સામેલ કરવામાં આવે છે. જેનો મુખ્ય દૃષ્ટિકોણ વ્યક્તિની વિવિધ ભૂમિકાના આધારે નક્કી થાય છે. દરેક કુટુંબમાં દરેક વ્યક્તિ અલગ અલગ ભૂમિકા ભજવતો હોય છે. કેટલીક સ્પષ્ટ ભૂમિકા ઉપરાંત દરેક કુટુંબ એ બાબત નક્કી કરે છે કે તેમનો કયો અભ્યાસ સંઘર્ષાત્મક તેમજ પૂરક ભૂમિકા નિભાવશે. પર્લમેને આ ભૂમિકાની વિવેચના કરતાં જણાવ્યું છે કે, “ભૂમિકા સામાજિક કાર્યાત્મકતા આપે છે, જે લોકોને આંતરક્રિયા કરવામાં મદદરૂપ થાય છે.” ભૂમિકા એ સહમતિ નથી આપતી કે પોતાના વ્યક્તિત્વમાં વ્યક્તિ ખોવાયેલો રહે, પરંતુ વધુમાં વ્યક્તિ પોતાની ભૂમિકા અનુસાર પોતાનું સરવૈયુ તૈયાર કરે.

ઓટોપોલ નામના વિખ્યાત સમાજશાસ્ત્રીએ જણાવ્યું છે કે, “કુટુંબના સભ્યોએ એકબીજાની જરૂરિયાતોને પૂરક સ્વરૂપે જોવામાં આવે છે. તેમના મત મુજબ કુટુંબ વ્યક્તિ અને ગહન સામાજિક સંગઠનના વચ્ચે હયાત હોય છે.”

જેમ કે નાથન એકમેન મનોચિકિત્સક હતા અને વ્યક્તિની આંતરક્રિયાને ત્રણ સ્તરે રજૂ કરી છે.

1. પર્યાવરણીય સંરચના

2. આંતરવૈયક્તિક સંબંધ

3. વ્યક્તિત્વનું સંગઠન

તેઓના મત મુજબ સામાજિક સહભાગીદારની પ્રક્રિયાઓ વચ્ચે સેતુનું કાર્ય કરે છે. તેમના મત મુજબ કુટુંબનો ઉદ્દેશ્ય પોતાના સભ્યોની સુરક્ષા, શિસ્ત, જાતિય ઈચ્છાની સંતુષ્ટિ, બાળકો અને વૃદ્ધોની દેખરેખ, પ્રેમ અને સહાનૂભૂતિ, એક ઓળખ એ સામાજિક ભાગીદારી માટે તાલીમની વ્યવસ્થા કરવી જરૂરી છે. એકમેનને સારવારની પ્રક્રિયામાં કુટુંબના પાસાંને અત્યંત મહત્વપૂર્ણ માને છે અને વ્યક્તિ અને તેની મનોસ્થિતિને ગૌણ સ્વરૂપ માન્યું છે.

એકમેન અને તેના અનુયાયીઓએ કુટુંબના તમામ સભ્યોના સંકલિત કુટુંબના તમામ સભ્યોને સામેલ કરવાની વાત પર ભાર આપે છે.

તેની કામગીરીમાં પરિસ્થિતિ અનુસારનું રૂપ ધારણ કરવાની શક્તિ અને આગવુ સ્વરૂપ આવી શકે છે. કૌટુંબિક સમાજકાર્યના અભિગમ દ્વારા કાર્યકર્તા સમાજ કાર્યકર્તાએ નિર્ણય લેવાની આવડત અને ખરી કસોટીમાંથી પસાર થવાની વિચારધારાનું શિક્ષણ અને નવા મૂલ્યો,

માનસિક સ્વાસ્થ્ય અને માનવ વિકાસના ક્ષેત્રે અમલમાં મૂકવાની ક્ષમતા હોવી આવશ્યક છે. આર્થર લીડર જણાવે છે કે, "મુખ્ય સામાજિક કાર્યકર્તા સારવાર આપનાર તરીકે દખલગીરી સક્રિય અને મજબૂત હોવી જોઈએ."

2. સમાયોજન લક્ષી અભિગમના અભ્યાસ કરનાર લોકોમાં વિષયવસ્તુનું જ્ઞાન, શ્રેષ્ઠ કક્ષાની કુશળતા અને ઉચ્ચ અને નક્કી થયેલ મૂલ્યો અનુસાર કાર્ય કરવાની જરૂરિયાત હોય છે. કારણ કે વ્યક્તિની જેમ કુટુંબને પણ કાર્યકર્તાની કક્ષામાં અનુભવ અને સમજદારી અને મદદની જરૂરિયાત હોય છે.

   વિલિયમ સ્વાટે સમાજકાર્યના પાંચ કાર્યો જણાવ્યાં છે.

1. સેવાર્થીની જરૂરિયાતો અને સમાજની અપેક્ષાઓ વચ્ચે સમાન તત્વો શોધવા જોઈએ.
2. એવી અડચણોને દૂર કરવી જે સમાન પાસાંઓ અને વ્યક્તિના સમાયોજનમાં મુશ્કેલી ઊભી કરે છે.
3. સેવાર્થીને સામાજિક વાસ્તવિક્તાઓ વિશે માહિતી આપવી અને જરૂરી વિચારો અને જરૂરી બાબતોથી પરિચિત કરવા જોઇએ, તેનાથી વાસ્તવિક્તા સાથે સમાયોજન સ્થાપી શકે.
4. સેવાર્થીને અંતઃદષ્ટી કેળવવા પ્રયાસ કરવો જોઇએ, જેમાં વ્યક્તિ અને સમાજ બન્નેનું હિત સમાયેલ છે.
5. કાર્યકર્તા અને સેવાર્થીના સંબંધોના આધાર પરિસ્થિતિની સીમાઓ અને જરૂરિયાતોને વ્યાખ્યાબદ્ધ કરવી, જેથી કાર્ય સંવાદિતા દ્વારા તમામ કાર્યો શિસ્તબદ્ધ થઈ શકે.

3. સંયુક્ત કુટુંબ ઉપચાર એ અભિવ્યક્તિશીલ આંતરક્રિયાત્મક્તાના અભિગમનું વિશિષ્ટ ઉદાહરણ છે. આ ઉપચાર પદ્ધતિનો મૂળભૂત આધાર એ છે કે કુટુંબની સંચાર પ્રક્રિયાનો અભ્યાસ કરી તેની જરૂરિયાતોને ઓળખે છે અને તે મુજબ આખા કુટુંબની મુશ્કેલીઓ એ આવેલી પ્રવર્તમાન ચાલતી પ્રણાલીઓમાં ઊભી થયેલ ખામી સ્વરૂપે જોવામાં આવે છે. ડોન જેક્સન અને વિરર્જિનીયા અભર મત મુજબ બાળકો માતા-પિતાને પોતાનું અભિવ્યક્તિ માટે પ્રતિરૂપ માને છે. જો માતા-પિતાનો વ્યવહાર દોષપૂર્ણ હોય તો બાળકોમાં પણ વ્યવહાર દોષપૂર્ણ જોવા મળે છે. એટલે કે માતા-પિતાનો વ્યવહાર સમગ્ર કુટુંબમાં વ્યવહારની સમસ્યા ઊભી કરે છે. એટલે જ સારવારની આ પદ્ધતિ દ્વારા અભિવ્યક્તિના સ્તરોમાં સુધારો લાવી કૌટુંબિક આંતરક્રિયાને ફળદાયી અને ઉપયોગી બનાવવામાં આવે છે.

   સારવારના અભિગમમાં બીજી મહત્વપૂર્ણ વિભાવના એ છે કે કુટુંબ સમસ્યાની છે. જેનો અર્થ કુટુંબમાં જૂથ સમાનતાની સ્થિતિ જળવાયેલી હોવી આવશ્યક છે. જ્યારે વ્યવસ્થાના એક ભાગમાં પરિવર્તિત થાય છે, તો પરિણામ સ્વરૂપ બીજા ભાગમાં પરિવર્તન અટકાવવું મુશ્કેલ રૂપ બને છે. એક વ્યક્તિમાં આવેલું પરિવર્તન સમગ્ર કુટુંબના દૃષ્ટિકોણમાં પરિવર્તન લાવે છે.

   પરિવાર સારવાર માટે આ ખૂબ જ સરળ અભિગમ છે. સમાજ કાર્યકર્તાઓ, મનોવૈજ્ઞાનિકો, વ્યવહાર વિશ્લેષણ તબીબો દ્વારા વ્યાપક રૂપમાં ઉપયોગી અભિગમ છે. પરિવાર સારવાર તુલનાત્મક રીતે અભ્યાસની વિનિત્તમ શાખા છે, તેના કુટુંબના આધારે વ્યક્તિની મદદ કરવામાં આવે છે.

## 2.6 ઉપસંહાર

પ્રસ્તુત એકમમાં કૌટુંબિક સમાજકાર્યનો વિકાસ કેવી રીતે થયો છે તે અંગે સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેમાં ઈંગ્લેન્ડથી કૌટુંબિક સમાજકાર્યની શરૂઆત કેવી રીતે થઈ તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જુદા-જુદા કાયદાઓ, સંસ્થાઓ દ્વારા સહાયતા કરવામાં આવતી હતી તે પણ જણાવવામાં આવ્યું છે. ઉપરાંત ભારતમાં પણ કૌટુંબિક સમાજકાર્યનો ઉદ્ભવ પ્રાચીન સમયથી માંડીને સ્વતંત્રતા બાદ કેવી રીતે થયેલ છે તેની સમજૂતી આપવામાં આવેલ છે. કૌટુંબિક સમાજકાર્યની

વ્યાખ્યા અને તેના અર્થ દ્વારા તેની યથાર્થતા સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે અને કૌટુંબિક સમાજકાર્યને સમજવા માટે જરૂરી મનોવિશ્લેષણાત્મક અભિગમ, સમાયોજનલક્ષી અભિગમની સમજુતી પણ પ્રસ્તુત એકમમાં દર્શાવેલ છે.

## 2.7 તમારી પ્રગતિ ચકાસો

1. એલિઝાબેથનો પુઅર લો ક્યારે પસાર થયો ?

   (A) ઈ.સ. 1622 (B) ઈ.સ. 1615

   (C) ઈ.સ. 1601 (D) ઈ.સ. 1612

2. સ્વૈચ્છિકદાન અને વેશ આધારિત કાર્યક્રમ કયા શહેરમાં ચલાવવામાં આવતો હતો ?

   (A) ઈટાલી (B) હેમબર્ગ

   (C) દિલ્હી (D) શિકાગો

3. કુટુંબ સેવા સંઘની સ્થાપના ક્યારે કરવામાં આવી ?

   (A) ઈ.સ. 1975 (B) ઈ.સ. 1976

   (C) ઈ.સ. 1978 (D) ઈ.સ. 1971

4. સમાજકાર્યની સૌથી પહેલી વિશ્વવિદ્યાલય ભારતમાં ક્યારે સ્થાપવામાં આવી ?

   (A) ઈ.સ. 1936 (B) ઈ.સ. 1935

   (C) ઈ.સ. 1938 (D) ઈ.સ. 1946

5. 'કુટુંબ કેન્દ્રિત અભ્યાસ સમાજકાર્યનું એક મોડેલ છે જે પોતાના કાર્યક્ષેત્રમાં કુટુંબને કેન્દ્રિત કરે છે' - આ વ્યાખ્યા કોણે આપી ?

   (A) ઓગબન (B) નિજફોક

   (C) ગરમેન કેરેલ (D) પર્લમેન

## 2.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (C) ઈ.સ. 1601
2. (B) હેમબર્ગ
3. (D) ઈ.સ. 1971
4. (A) ઈ.સ. 1936
5. (D) પર્લમેન

## 2.9 ચાવીરૂપ શબ્દો

**વિકાસ** : વિકાસશીલ અથવા વિકસિત થવાની પ્રક્રિયા

## 2.10 સ્વાધ્યાય લેખન

1. કૌટુંબિક સમાજકાર્યનો વિકાસ તમારા શબ્દોમાં વર્ણવો.

   ..................................................................

   ..................................................................

   ..................................................................

   ..................................................................

   ..................................................................

2. ભારતમાં કૌટુંબિક સમાજકાર્યનો ઉદ્‌ભવ : ટૂંકનોંધ લખો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

3. કુટુંબ - એક વ્યવસ્થાના સ્વરૂપમાં સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

4. કૌટુંબિક સમાજકાર્યના વિવિધ અભિગમ : સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 2.11 પ્રવૃતિ

કૌટુંબિક સમાજકાર્યના વિકાસ અંગે થયેલ પ્રવૃત્તિ અંગે નોંધ તૈયાર કરવી.

## 2.12 કેસ સ્ટડી

કૌટુંબિક સમાજકાર્યના મનોવિશ્લેષણ અભિગમની સમજુતી રજૂ કરવી.

## 2.13 સંદર્ભગ્રંથ

(1) समाजकार्य : तेजस्कर पांण्डेय, ओजस्कर पांण्डेय संपादक : डो. उपेन्द्र, २०१५

(2) समाजकार्य के क्षेत्र संपादक : डो गीरिशकुमार, उत्तरप्रदेश हिन्दी संस्थान, वर्ष १९९६

(3) समाजकल्याण एवं समाजकार्य, अनिता कोठारी, वर्ष २०१०

(4) વ્યાવસાયિક સમાજકાર્યનાં આધાર સ્તંભો, ડૉ. આનંદી પટેલ, વ્યાવસાયિક અભિવૃતિ પ્રકાશન, વર્ષ 2009.

(5) ડૉ. એ. આર. દેસાઈ ''સમાજખંડ'' ભાગ-1 થી 4, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ.

(6) ડૉ. ધૈર્યબાળાબહેન પી. વોરા, સમાજશાસ્ત્ર શું છે ?, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ.

# એકમ–3 કૌટુંબિક સમાજકાર્યના પગથિયાં

: રૂપરેખા :

3.0 એકમના હેતુઓ
3.1 પ્રસ્તાવના
3.2 પ્રથમ તબક્કો
3.3 બીજો તબક્કો
3.4 ત્રીજો તબક્કો
3.5 ચોથો તબક્કો
3.6 પાંચમો તબક્કો
3.7 છઠ્ઠો તબક્કો
3.8 સાતમો તબક્કો
3.9 આઠમો તબક્કો
3.10 ઉપસંહાર
3.11 તમારી પ્રગતિ ચકાસો
3.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
3.13 ચાવીરૂપ શબ્દો
3.14 સ્વાધ્યાય લેખન
3.15 પ્રવૃતિ
3.16 કેસ સ્ટડી
3.17 સંદર્ભગ્રંથ

## 3.0 એકમના હેતુઓ

- પ્રસ્તુત એકમ દ્વારા વિદ્યાર્થીઓને કૌટુંબિક સમાજકાર્ય એક મદદરૂપ પદ્ધતિ તરકે તેના આઠ જુદા-જુદા તબક્કાઓ દ્વારા જાણકારી પ્રાપ્ત કરશે.

## 3.1 પ્રસ્તાવના

કૌટુંબિક સમાજકાર્ય એ મદદરૂપ થવાની પ્રક્રિયા છે, જેમાં દખલગીરીના વિવિધ પગથિયાની સાથે સાથે ચોક્કસ લક્ષ્યને પ્રાપ્ત કરવામાં આવે છે સંપૂર્ણ સમયમર્યાદામાં મદદને ક્રમાનુસાર એક ચોક્કસ રીતે વ્યવહારમાં લાવવામાં આવે છે. કૌટુંબિક સમાજકાર્ય કોઈ પરિણામ નહિ, પરંતુ મદદ કરવા માટેની વૈજ્ઞાનિક અને નિયમબદ્ધ પ્રયત્નોની હારમાળા છે, જેનો ઉદ્દેશ્ય કુટુંબ વ્યવસ્થાના રૂપમાં મજબૂત બનાવવાનો છે. આ સંપૂર્ણ પ્રક્રિયાના નીચેના પગથિયા છે.

## 3.2 પ્રથમ તબક્કો

સામાન્ય રીતે સમસ્યા ગ્રસ્ત વ્યક્તિ પોતાની સમસ્યાના સંદર્ભમાં કોઈના કોઈ સામાજિક સંસ્થાનો સંપર્ક સ્થાપિત કરે છે અથવા સમાજ કાર્યકર્તા સમસ્યાગ્રસ્ત વ્યક્તિને કૌટુંબિક કલ્યાણ સંસ્થા સાથે સંકલન કરી આપે છે. એ સંસ્થામાં ઉપસ્થિત કાર્યકર્તા સેવાથીને સહાનુભૂતિપૂર્વક સાંભળે છે અને એ જાણવા માટે પ્રયાસ કરે છે કે સમસ્યાનું સ્વરૂપ કેવું છે? સમસ્યા કેટલા સમયથી હયાત છે? શું કોઈ અન્ય

સંસ્થા આ સમસ્યાના સમાધાન માટે કાર્યરત છે? અથવા સેવાર્થીને આ સમસ્યાના સંદર્ભમાં પહેલાથી કોઈ સેવા મેળવેલ છે? આ સ્તર પર કૌટુંબિક કાર્યકર્તા એ પણ જાણવા પ્રયત્ન કરે છે કે પહેલા મળેલ સેવાઓથી કુટુંબની સમસ્યાનો અંત આવેલ નથી તો તે પાછળના કારણો કયા કયા છે? વર્તમાનમાં સમસ્યાની સ્થિતિ કેવી છે? આ સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય તેવી સ્થિતિમાં છે કે નહિ? કાર્યકર્તાએ પણ જાણકારી મેળવે છે કે શું પહેલા મળેલ સેવાથી કુટુંબની સ્થિતિમાં સુધારો આવ્યો છે કે નહિ? આ રીતે ખૂબ જ સાવચેતીપૂર્વક મળતી સૂચનાઓનું વિશ્લેષણ કરી આવતી મુશ્કેલીઓથી બચાવી શકાય છે. કાર્યકર્તા આ સ્તરે સંસ્થા અને પોતાની ભૂમિકાને સમજવામાં વિશેષ પ્રયાસ કરે છે અને માહિતી આપનાર અન્ય સંસ્થાનો સંપર્ક અને કાર્યકર્તાનો સંપર્ક અને જરૂરી માહિતી પણ આપે છે. જે તે માટે વિશેષ કાર્યકર્તા અથવા તો મિત્ર અથવા પડોશી અથવા સંબંધિત હોય છે. જે વિશેષરૂપથી માહિતી ધરાવતા હોય છે. અને એવા બીજી સંસ્થાના કાર્યકર્તા પાસેથી પણ તમામ માહિતી મેળવી, મુલાકાત કરી સંપૂર્ણ રીતે પદ્ધતિસર માહિતીનું વિવિધ રીતે માહિતી એકઠી કર્યા બાદ કાર્યકર્તા આ માહિતીનું વિશ્લેષણ કરતા હોય છે.

## 3.3 બીજો તબક્કો

### ◆ સમસ્યા-કુટુંબ સમાજકાર્યના પરિપેક્ષમાં

આ તબક્કો ખૂબ જ અગત્યનો અને સેવાર્થી માટે પાયો પૂરવાર થઈ શકે તેવા મહત્વપૂર્ણ નિર્ણયો આ તબક્કામાં કાર્યકર્તાએ લેવાના હોય છે અને સેવાર્થીની સમસ્યાને કયા ઉકેલોના સ્વરૂપમાં રજૂ કરવામાં આવે છે. પરંતુ આ કાર્ય માટે કોઈ ચોક્કસ નિયમો નથી કે જેના ઉપરથી નિર્ણય લઈ શકાય. પરંતુ નીચેના કેટલાંક પાસાંઓ પરથી એ ચોક્કસ નક્કી થઈ શકે કે સમસ્યા એ કૌટુંબિક સમાજ કાર્યકરના ક્ષેત્રની હદમાં છે કે નહિ ?

### 1. સેવાર્થી અને કુટુંબ

સેવાર્થી એકલો છે કે કુટુંબથી અલગ ? તો તેને વ્યક્તિગત કાર્યકર્તા અથવા વૈયક્તિક સેવા કાર્ય પદ્ધતિના દાયરામાં મદદ કરવી. કેટલાંક સામાજિક કાર્યકર્તા એવું માનતા હોય છે કે કિશોરાવસ્થાના સેવાર્થી જે પોતાની અસ્તિત્વ કુટુંબ સાથે સમાયોજિત કરી શક્તા નથી. તેઓના માટે વૈયક્તિક સમાજકાર્ય, સેવાકાર્ય અથવા કુટુંબ સેવાકાર્ય અને કેટલાક જૂથકાર્યની પદ્ધતિનું સામૂહિક સ્વરૂપ મદદરૂપ બનતું હોય છે.

### 2. સમસ્યા સંસ્થાના દાયરામાં

દરેક સામાજિક સમસ્યાનો દરેક સંસ્થા માટે ઉકેલ લાવવો શક્ય ન હોઈ શકે, પરંતુ દરેક સંસ્થાઓને પોતાના કાર્યક્ષેત્રમાં આવતી સમસ્યાઓ અને તેની પ્રાથમિક્તાઓ બાબતે સ્પષ્ટતા હોવી જરૂરી છે.

### 3. સમસ્યા અને કુટુંબની ગંભીરતા

કાર્યકર્તા એ બાબતની પણ માહિતી મેળવતા હોય છે કે સમસ્યા કુટુંબના સભ્યોને કેવી રીતે અને કેટલા પ્રમાણમાં પ્રભાવિત કરે છે, ક્યારેક ક્યારેક સમસ્યાના કારણે બધા જ લોકો હેરાનગતિ અનુભવતા હોય છે. એટલે કે સમસ્યા એટલી કષ્ટદાયક હોય છે કે સમગ્ર કુટુંબ માટે સમસ્યા બની ગઈ હોય છે. દા.ત. માનસિક બિમાર દર્દીની દેખભાળ અને સારવાર

### 4. અન્ય ઉકેલની શક્યતાઓ

એ બાબત જાણવી આ તબક્કે જરૂરી છે કે કુટુંબના સભ્યો અન્ય બીજી કોઈ રીતે સમસ્યાનો ઉકેલ લાવી શકે તેમ છે. આ તબક્કે કુટુંબની ક્ષમતાઓ જોવામાં આવે છે. ક્ષમતા, મર્યાદાઓથી અવગત થવું આ તબક્કે આવશ્યક છે. ક્યારેક ક્યારેક કુટુંબના સભ્યોમાં એવી વિશેષતાઓ, કુશળતાઓ અને ગુણો જોવા મળતા હોય છે જેનાથી કુટુંબના સભ્યો અજાણ હોય છે. એવી સ્થિતિમાં કાર્યકર્તા કુટુંબને તેની ક્ષમતાથી પરિચિત કરાવે છે.

5. **પહેલા મેળવેલ કૌટુંબિક સમાજકાર્યની સેવાઓ**

જો કુટુંબે કૌટુંબિક સમાજકાર્યની સેવાઓ પહેલા પણ મેળવેલ હોય અને એવા પ્રયાસો નિષ્ફળ નીવડેલ હોય તો કાર્યકર્તા પહેલાની ભૂલોથી શીખ મેળવી શકે અને તેને દૂર કરવાની યોજના પહેલાથી બનાવી શકે.

6. **આવનારી મુશ્કેલીઓ સામે કૌટુંબિક સમાજકાર્યની કટિબદ્ધતા**

શું કૌટુંબિક સામાજિક કાર્યકર્તા કૌટુંબિક સમાજકાર્ય અભ્યાસ એ સમસ્યા ઉકેલના તમામ પગથિયે આવનારી મુશ્કેલીઓનો સામનો કરી શકવાની તૈયારી ધરાવે છે કે નહિ ? જો પહેલા તબક્કામાં જ સમસ્યા ઉકેલ માટે શક્યતા હોય તો સમસ્યાનો સ્વીકાર થાય છે અથવા તો સંસ્થા તમામ સમસ્યાઓ ઉકેલ માટે શક્તિમાન હોતી નથી જેનો સ્વીકાર થતો નથી.

## 3.4 ત્રીજો તબક્કો

કૌટુંબિક સામાજિક કાર્યકર્તા કુટુંબની સેવાઓ સેવાથી સાથે શરૂ કરતાં પહેલા કેટલીક બાબતો મહત્વપૂર્ણ ભૂમિકા પૂરી પાડી શકે છે જે કુટુંબને એક અગત્યનો આધાર પૂરો પાડે છે અને ખૂબ જ ગંભીર પ્રકારની અસર ઊભી કરે છે. આ અસર કુટુંબમાં આવનાર પરિવર્તન સાથે સમાયોજન આપવામાં મદદરૂપ કરે છે. આવા અગત્યના પાસાઓમાં ક્ષેત્રનો અભ્યાસ, સંશોધન અને વિશેષ પરિચય હાથમાં લીધેલ સમસ્યા વિશે સંપૂર્ણજ્ઞાન અને નાનામાં નાના સ્થિતિ વિશે માહિતી મેળવવી આવશ્યક છે અને કેટલી ગંભીર છે ? કોની કોની મદદ મેળવવાથી કુટુંબની મદદ કરી શકાય ? તે તમામ બાબતોનો ઊંડાણનો અભ્યાસનો તબક્કો છે.

## 3.5 ચોથો તબક્કો (પ્રવેશ તબક્કો)

આ પગથિયામાં સામાન્ય રીતે કુટુંબ સાથે પહેલા મુલાકાત ગોઠવવામાં આવે છે. જેના માધ્યમથી કુટુંબના વ્યવહારના વિશ્લેષણ અને અધ્યાપન કરવામાં આવે છે અને પહેલી મુલાકાત બાબતે દખલગીરી નક્કી કરવામાં આવે છે. આ પગથિયે કાર્યકર્તા મુખ્ય રૂપથી ચાર બાબતો ધ્યાન લઈ કાર્ય કરે છે.

1. વ્યવહાર માટે માર્ગદર્શન
2. સમગ્ર સભ્યોનું વિકેન્દ્રિકરણ
3. કુટુંબના સભ્યોનું એકબીજા પ્રત્યેના વ્યવહારનો અભ્યાસ કરવો
4. કાર્યાત્મક સંબંધ કુટુંબ સાથે સ્થાપિત કરવો અને કુટુંબ સાથે કરવામાં આવનાર કાર્ય બાબતે સમજૂતી કરવી.

આ પગથિયામાં કુટુંબના સભ્યોના વ્યવહારને સુધારવા માટે બળ આપવામાં આવે છે. કાર્યકર્તા દરેક સભ્ય સાથે અંગત રીતે વાતચીત કરે છે અને તેમની પાસેથી માહિતી પ્રાપ્ત કરે છે. કુટુંબના સભ્યોથી એ અપેક્ષા રાખવામાં આવે છે કે દરેક સભ્ય પોતાની વિશે માહિતી આપશે. સામાન્ય રીતે માતા-પિતા, બાળકો વિશે માહિતી આપે છે. કાર્યકર્તા દરેક વ્યક્તિ સાથે અલગ-અલગ મુલાકાત કરી તેઓને પોતાની બાબતો જણાવવા પ્રેરણા પૂરી પાડે છે. કુટુંબના સભ્યોને ભાવનાઓ વ્યક્ત કરવાની નહિં, પરંતુ વ્યવહાર દ્વારા અભિવ્યક્તિની માહિતી આપવામાં આવે છે.

## 3.6 પાંચમો તબક્કો

કુટુંબમાં ફેરફાર અથવા બદલાવ એક વખતની મુલાકાતથી આવી શકતું નથી. તેના માટે મોટા પ્રમાણમાં પ્રેરણા, હકારાત્મક વિચારસરણી, બળ પૂરું પાડવામાં આવે તેની ખૂબ જ મોટી જરૂરિયાત હોય છે. હંમેશા કુટુંબના સભ્યો બદલાવ કે ફેરફાર લાવવા માટે તૈયાર હોય છે, પરંતુ તેવા બદલાવ લાવવા માટે ભયભીત રહેતા હોય છે અને તેવી સ્થિતિના લીધે બદલાવ માટે વિરોધ વ્યક્ત કરે છે. જેના માટે તેઓના વ્યક્તિત્વમાં એ વાત સ્વીકારવા માટે સમજાવવા જોઈએ કે તમે બદલાવ લાવવા માટે સક્ષમ છો અને બદલાવ લાવવામાં આવનારી મુશ્કેલી-સમસ્યાઓને તમે ચોક્કસથી સહન અને સામનો કરી શકો છો. પહેલી મુલાકાતના સમયે સભ્યોની અપેક્ષાઓ, ઈચ્છાઓ વગેરેને અંદરો અંદર

વ્યક્ત કરવા માટેની માહિતી મેળવી તેઓ વચ્ચે સંબંધો સ્થાપના કરવામાં આવે છે અને બીજી મુલાકાતમાં કાર્યકર્તાનું ધ્યાન ઉત્સાહિત કરવા ઉપર હોય છે. જે સભ્યોની અપેક્ષાઓ પૂર્ણ કરવા માટે દોરી સંચાર કરતા હોય છે. ઉત્સાહિત કરવા એ કુટુંબ માટે અને કુટુંબ થકી કરવાનું અગત્યનું કાર્ય છે.

ઉત્સાહિત કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય કુટુંબના સભ્યોમાં આંતરિક અભિવ્યક્તિના સીરને સુધારવા માટેનો હોય છે. તેઓની વચ્ચે સારા સંબંધ અને સારો વ્યવહાર બની રહે તે માટેના પ્રયત્નો પણ કરવામાં આવે છે. જે માટેની કામગીરીનું આયોજન બનાવવા માટે કાર્યકર નીચેના સિદ્ધાંતોને ધ્યાને લઈ બનાવે છે.

**1. લક્ષ્યાંકની સિદ્ધિ**

કાર્યકર માટે એ ખૂબ જ જરૂરી છે કે મદદ માટે નક્કી કરેલ પગથિયા મુજબના પગલા લક્ષ્યાંકો અનુસાર પોતાના કાર્યોમાં જળવાઈ રહે તે ધ્યાને લેશે. એક ચોક્કસ, સ્પષ્ટ, લક્ષ્યાંક કાર્યકર માટે માર્ગદર્શનનું કાર્ય કરશે.

**2. કુટુંબની ઈચ્છા અનુસાર કાર્ય કરવું**

કાર્યકર કુટુંબને એક બીજાની વાતચીત સાંભળવા માટેની સલાહ આપતા હોય છે, કાર્યકર માટે એ ખૂબ જ જરૂરી છે કે તે જાતે સલાહ આપતા પહેલા કુટુંબના સભ્યોને સાંભળવા જોઈએ અને કુટુંબના સભ્યોની ઈચ્છાઓ, જરૂરિયાતો અને ખામીઓની માહિતી પ્રાપ્ત કરે. કાર્યકરે પોતાની કામગીરીના આયોજનમાં કુટુંબની ઈચ્છાઓને સ્થાન આપવું જોઈએ.

**3. સમગ્ર કુટુંબ સાથે કાર્ય કરવું**

કાર્યકરે એક એવી કામગીરીની રૂપરેખા ઘડવી જોઇએ જેથી આખા કુટુંબના તમામ સભ્યો સ્વીકારવા તૈયાર થાય. કારણ કે કાર્યકરના આખા કુટુંબ-વ્યવસ્થામાં ફેરફાર લાવવાનું જરૂરી હોય છે અને તેનો પાયાનો ઉદ્દેશ્ય પણ હોય છે. એ બાબત ખાસ ધ્યાન લેવી જરૂરી છે. અને તેનો અર્થ એ છે કે દરેક સભ્યોની ભૂમિકા અને કામગીરી આયોજનમાં નક્કી થયેલ હોવી જોઈએ.

**4. મર્યાદીત કાર્ય યોજના**

કાર્યકર એવી યોજના ના બનાવવી જોઇએ જે કુટુંબની પહોંચની બહારની વસ્તુ બની જાય, પરંતુ તેને નાના નાના બદલાવ દ્વારા મોટું પરિવર્તન આવી શકે, જે માટે મર્યાદિત કાર્યયોજના બનાવી અને જરૂર પડ્યે કુટુંબના સભ્યો સાથે સલાહ-માર્ગદર્શન સૂચનો મેળવી આ કાર્યને પૂર્ણ કરવું જોઈએ. કામગીરીના આયોજનમાં કુટુંબના સભ્યોની ઈચ્છા અને રસ કઈ કઈ બાબતોમાં છે તે જાણવું જોઈએ.

**5. કાર્યકરની ભૂમિકા**

કાર્યકર માટે પણ એ બાબત એટલી જ અગત્યની છે જેટલી કુટુંબ માટે કાર્યકર માટે પણ કામગીરી ઉત્સાહી, રસ જાળવી રાખનાર કૌશલ્યો અને પોતાની શક્તિ અનુસાર કુટુંબ સાથે કાર્યકરી શકે તે મુજબનું હોવું જોઈએ. કુટુંબ સાથે કાર્ય કરી પોતે પણ આનંદ, ઉત્સાહ મેળવી શકે તે મુજબની કામગીરી હોવી જોઈએ.

**6. વાસ્તવિક્તાને અનુલક્ષી**

કાર્યકરે હર હંમેશ વાસ્તવિક્તા જળવાઈ રહે, હેતુઓ, ઉદ્દેશ્યો અને કામગીરી પણ વાસ્તવિક્તા અનુસાર પ્રગતિ કરે તે મુજબ કુટુંબને દોરીસંચાર કરવાનું હોય છે. કેટલીક પરિસ્થિતિમાં હાંસલ ન કરી શકાય તેવા લક્ષ્યાંકો કુટુંબ રાખે તેની વાસ્તવિક સમજ આપી જરૂરી ફેરફાર માટે કુટુંબને સમજ આપવી જોઈએ.

**7. છઠ્ઠો તબક્કો**

ઉત્સાહિત કરવાના તબક્કામાં કાર્યકરે કુટુંબના સંશાધનોની માહિતી મેળવી જોઈએ, તે માટે

કુટુંબની શક્તિઓ ઓળખવી જરૂરી છે. કારણ કે આ શક્તિઓ દ્વારા કુટુંબના આત્મવિશ્વાસ અને આત્મબળમાં વધારો લાવી શકાય છે. અને જરૂરી બદલાવની પ્રક્રિયામાં આ શક્તિ અગત્યનું સ્થાન ધરાવનારું ઘટક હોવાથી તેની માહિતી મેળવવી જરૂરી છે. કુટુંબની ક્ષમતા એ કુટુંબના નવી નવી કઈ બાબતો લક્ષ્યાંકો રાખવા તે બાબત પણ નિર્ધારિત કરતી હોય છે.

**(અ) બાહ્ય પરિબળો**

રહેઠાણની સ્થિતિ, આર્થિક સ્થિતિ, કામગીરીનો સમય, બાળકો-સભ્યોમાં અભ્યાસની સ્થિતિ.

**(બ) જાતિ અને સાંસ્કૃતિક પરીબળો**

સાંસ્કૃતિક, સામાજિક પરિબળોમાં કુટુંબનો વિશ્વાસ, મૂલ્યો, માન્યતાઓ, વફાદારીઓ, રીતભાતો, ધારા-ધોરણો વગેરે બાબતે આ બધા જ પરિબળો મહત્વપૂર્ણ છે. મહિલાઓની પુરુષોની સ્થિતિ, ભૂમિકા વગેરેની માહિતી મેળવવી જોઈએ.

**(ક) સંસ્થાનો દૃષ્ટિકોણ**

સંસ્થા કુટુંબ માટે કેવા પ્રકારનો દૃષ્ટિકોણ ધરાવે છે એ બાબત પણ કુટુંબનો ઉત્સાહ પૂરવાની બાબત પર અસર કરતું પરિબળ છે.

**(ડ) આવનારા જોખમોનું આકલન**

આવનારા સંભવિત જોખમો વિશે પણ કાર્યકરે વિચારી તેને સમજી લેવા જોઈએ અને કામગીરીના આયોજનમાં, સભ્યોની ભૂમિકામાં ધ્યાને લઈ તે મુજબ કામગીરીનું આયોજન કરવું જોઈએ. સંભવિત જોખમો સામે લડવા માટે ઉપાયો વિશે પણ વિચાર કરી તેને પ્રાપ્ત કરી શકાય તેવી સ્થિતિ ઊભી થાય તે મુજબ કુટુંબનું કદ અને પરિસ્થિતિ ઊભી કરવી જોઈએ.

## 3.7 છઠ્ઠો તબક્કો

### ◆ કટોકટી સ્થિતિ પ્રત્યે કેન્દ્રિત થવાનો તબક્કો

કુટુંબના સભ્યો પરિવર્તન લાવવા તરફ ઉત્સાહ પૂર્યા બાદ કાર્યકર કટોકટીની પરિસ્થિતિ પ્રત્યે વધુ કેન્દ્રિત થવા માટેની યોજના બનાવે છે. કાર્યકર માટે આ કટોકટીની અવસ્થા બે પ્રકારે સામે આવતી હોય છે. પ્રથમ રીતે ત્યારે આવે છે જ્યારે કાર્યકર કુટુંબના સંપર્કમાં આવે છે. બીજી રીતે જ્યારે જ્યારે કાર્યકર કુટુંબના સભ્યોની સૂચિત કરે છે કે હજુ પણ બીજા ત્રણ ચાર મુલાકાત માટે એકબીજાને મળવું પડશે. ત્યાબદારની પરિસ્થિતિમાં કાર્યકર મુખ્ય રૂપથી સમસ્યાના મૂળમાં સમસ્યાને સ્થાને ઉકેલવા માટે પ્રયત્નશીલ રહે છે. તે પરિસ્થિતિ સમજવા પ્રયત્ન કરે છે કે કોઈ પણ એવી સ્થિતિ નથી કે તેઓના કાર્યની કે મદદ કરવાની શક્તિની બહારની હોય, એટલે જ આ સ્તરે સૌથી વધુ મજબૂતાઈથી આવનારી મુશ્કેલીઓને સહન કરવા માટેની શક્તિ અને સમસ્યાઓના સમાધાન માટે પ્રવૃત્ત હોય છે.

આ તબક્કાઓમાં કુટુંબના સભ્યો મૂળ રીતે કાર્યકર પર જવાબદારી ના નાખે અને સ્વ જવાબદાર છે અને કાર્યકર માત્ર સમસ્યા ઉકેલ માટે મદદરૂપ બની શકે છે નહિ કે પૈસા કે અન્ય નાણાકીય મદદ કરનાર વ્યક્તિ નથી. કેટલાંક સંજોગોમાં સમસ્યા ઉકેલાય તો દોષ કાર્યકર પર નાખવામાં ન આવે તે માટે જરૂરી મર્યાદા અને સભ્યોની જવાબદારી સમજાવવી એ તમામ સભ્યો વચ્ચે જરૂરી આંતરિક સહયોગ વધે તે માટે માર્ગદર્શન આપવું જોઈએ.

## 3.8 સાતમો તબક્કો

### ◆ સામૂહિક રીતે પરિવર્તનને સ્વીકારવાનો તબક્કો

પરિવર્તન ત્યાં સુધી ઉપયોગી થાય નહિ કે જ્યાં સુધી વ્યવહારિક રીતે અલમમાં ન આવ્યું હોય, વ્યવહારિકતા ત્યારે જ આવી શકે જ્યારે કુટુંબના તમામ સભ્યો તેને સ્વીકારે નહિ. આવેલ પરિવર્તન ક્યારેક નવી મુશ્કેલી ઊભી કરી શકે છે. પરંતુ પરિવર્તન સામુહિક ધોરણે સ્વીકૃત હોય તો પરિવર્તનને લીધે ઊભી થતી મુશ્કેલીઓને નિવારી શકાય. અને યોગ્યરૂપથી સમાયોજિત કરી શકાય અને સમાયોજનની ટેવ વિકસિત કરી શકાય. કાર્યકરે એવા પ્રકારે કુટુંબમાં વાતાવરણ ઊભું કરવું જોઈએ જેથી આવેલ

પરિવર્તન અને હકારાત્મક રીતે સારા અનુભવ કરાવી શકાય. કૌટુંબિક સમાજકાર્યનો આ તબક્કો આખરી તબક્કામાં ના હોય. એક ભાગ હોય જેના માધ્યમથી કુટુંબના સભ્યોમાં સંબંધો માટે જરૂરી માર્ગદર્શન આપવું. જેથી વ્યક્તિઓ પોતાની ભૂમિકામાં પરિવર્તન લાવી શકે, જે માટે કાર્યકરે નીચેના કાર્યો કરવા આવશ્યક છે.

1. પ્રવર્તમાન સેવા આપવાની કામગીરી વધારવી
2. નવા પ્રકારની સેવા આપવાની કામગીરી પૂર્ણ કરવી
3. કુટુંબને કુટુંબના સંરચના બાબતે માહિતી આપવી
4. સેવાઓ આપતા રહેવું
5. વિશ્લેષણ કરવું અને માહિતી-સૂચનાઓ આપવી.

## 3.9 આઠમો તબક્કો (નિરીક્ષણ સમાપન)

કૌટુંબિક સમાજકાર્યના આખરી અને અંતિમ તબક્કો ખૂબ જ મહત્વનું કાર્ય અને આવેલ પરિવર્તનને સતત જાળવી રાખવા માટેનો અગત્યનો બની રહેતો તબક્કો છે. આપેલ પરિવર્તન કે કાર્યમાં બદલાવ કે કુટુંબમાં આવેલ હકારાત્મક સ્થિતિ કાયમ જળવાઈ રહે અને કોઈ પણ સંજોગોમાં કુટુંબ વિચલિત થાય તે માટે સતત ઉત્સાહ અને નિરીક્ષણ કરવું, મુલાકાત કરવી અતિ આવશ્યક હોય છે. વારંવાર કરવામાં આવતું નિરીક્ષણ કે ફ્લોઅપ એ કુટુંબ સમાજકાર્યના લક્ષ્યાંકો સિદ્ધ કરવામાં અગત્યનું પુરવાર થઈ શકે છે અને તેમાં એ પણ જોવા મળી શકે છે કે કુટુંબ નવી સમસ્યાઓ કે મુશ્કેલીઓને કઈ સીમા સુધી ઉકેલી શકે છે અને પરિવર્તનનો કેટલો ઉપયોગ કરી શકે છે.

## 3.10 ઉપસંહાર

આ એકમમાં કૌટુંબિક સમાજકાર્યને મદદરૂપ થવાના જુદા-જુદા પગથિયા સમજાવવામાં આવ્યા છે. પ્રથમ તબક્કો સેવાર્થીને સંસ્થા સાથે જોડાણ કરી આપે છે. બીજા તબક્કામાં સમસ્યા એ કૌટુંબિક સમાજકાર્યની હદમાં છે કે નહીં તેને રજૂ કરતા પાસા દર્શાવે છે. બીજો અને ચોથો ચબક્કો કૌટુંબિક સમાજકાર્યકરની ભૂમિકા તથા મુલાકાત સૂચવે છે. પાંચમાં તબક્કામાં સિદ્ધાંતો, કામગીરીનું આયોજન કેવી રીતે કરવું તે સૂચવે છે. કટોકટીના સમયે સ્થિતિ પ્રત્યે કેન્દ્રિત થવું તે છઠ્ઠા તબક્કામાં દર્શાવવામાં આવેલ છે. સાતમાં તબક્કામાં સામૂહિક રીતે પરિવર્તન તથા આઠમો તબક્કો નિરીક્ષણ સમાપનનો તબક્કો દર્શાવવામાં આવેલ છે.

## 3.11 તમારી પ્રગતિ ચકાસો

1. કૌટુંબિક સમાજકાર્યના કુલ કેટલા તબક્કા છે ?

   (A) દસ (B) નવ

   (C) આઠ (D) બાર

2. કૌટુંબિક સમાજકાર્યના બીજા તબક્કામાં સમસ્યા એ કૌટુંબિક સમાજકાર્ય ક્ષેત્રની હદમાં છે કે નહી તેના કયા પાસાંનો સમાવેશ થતો નથી ?

   (A) સેવાર્થી અને કુટુંબ

   (B) પહેલા મેળવેલ કૌટુંબિક સમાજકાર્યની સેવાઓ

   (C) અન્ય ઉકેલની શક્યતાઓ

   (D) સમસ્યા સંસ્થાના દાયરા બહાર

3. સામાન્ય રીતે કુટુંબ સાથે મુલાકાત કયા તબક્કા અંતર્ગત આવે છે ?

   (A) પાંચમો તબક્કો (B) બીજો તબક્કો

   (C) ચોથો તબક્કો (D) પ્રથમ તબક્કો

4. પાંચમા તબક્કામાં કામગીરી આયોજના સિદ્ધાંતો દર્શાવવામાં આવેલ છે તેમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

   (A) લક્ષ્યાંકની સિદ્ધિ (B) સમગ્ર કુટુંબ સાથે કાર્ય કરવું

   (C) કાર્યકરની ભૂમિકા (D) ઉપરોક્ત બધા

5. કટોકટી સ્થિતિ પ્રત્યે કેન્દ્રિત થવા માટેનો તબક્કો કયો છે ?

   (A) છઠ્ઠો તબક્કો (B) ત્રીજો તબક્કો

   (C) પ્રથમ તબક્કો (D) આઠમો તબક્કો

## 3.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (C) આઠ
2. (D) સમસ્યા સંસ્થાના દાયરા બહાર
3. (C) ચોથો તબક્કો
4. (D) ઉપરોક્ત બધા
5. (A) છઠ્ઠો તબક્કો

## 3.13 ચાવીરૂપ શબ્દો

**તબક્કા** : પ્રક્રિયા અથવા વિકાસમાં એક બિંદુ, અવધિ અથવા પગલું.

## 3.14 સ્વાધ્યાય લેખન

1. કૌટુંબિક સમાજકાર્યના તબક્કાઓની ટૂંકમાં ચર્ચા કરો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

## 3.15 પ્રવૃતિ

કૌટુંબિક સમાજકાર્યના પગથિયાઓની સુંદર રીતે ચાર્ટ પેપરમાં આલેખન કરવું.

## 3.16 કેસ સ્ટડી

કૌટુંબિક સમાજકાર્યના વિવિધ પગથિયામાં એક સામાજિક કાર્યકરની ભૂમિકા શું હોય છે ? તેના પર કેસ સ્ટડી તૈયાર કરો.

## 3.17 સંદર્ભગ્રંથ


(1) समाजकार्य : तेजस्कर पांण्डेय, ओजस्कर पांण्डेय संपादक : डो. उपेन्द्र, २०१५

(2) समाजकार्य के क्षेत्र संपादक : डो गीरिशकुमार, उत्तरप्रदेश हिन्दी संस्थान, वर्ष १९९६

(3) समाजकल्याण एवं समाजकार्य, अनिता कोठारी, वर्ष २०१०

(4) વ્યાવસાયિક સમાજકાર્યનાં આધાર સ્તંભો, ડૉ. આનંદી પટેલ, વ્યાવસાયિક અભિવૃતિ પ્રકાશન, વર્ષ 2009.

(5) ડૉ. એ. આર. દેસાઇ ''સમાજખંડ'' ભાગ-1 થી 4, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ.

(6) ડૉ. ધૈર્યબાળાબહેન પી. વોરા, સમાજશાસ્ત્ર શું છે ?, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ.

| એકમ–4 | કુટુંબ જીવનની મુશ્કેલી અને આવેલ પરિવર્તન |
|---|---|

# એકમ–4 કુટુંબ જીવનની મુશ્કેલી અને આવેલ પરિવર્તન

**: રૂપરેખા :**

**4.0** એકમના હેતુઓ

**4.1** પ્રસ્તાવના

**4.2** કુટુંબ જીવનમાં આવેલ પરિવર્તન

**4.3** કુટુંબ જીવનમાં મહિલાની સ્થિતિ અને પ્રશ્નો

**4.4** સંયુક્ત કુટુંબ વ્યવસ્થાના પ્રશ્નો

**4.5** કુટુંબમાં નિર્ણય લેનારની સત્તામાં આવેલ પરિવર્તન

**4.6** લગ્ન વ્યવસ્થામાં આવેલ પરિવર્તન

**4.7** લગ્ન જીવનમાં સમાધાન

**4.8** દહેજ પ્રથાની સમસ્યા

**4.9** ઘરેલુ હિંસા

**4.10** બાળકોની સમસ્યાઓ

**4.11** વૃદ્ધોની કુટુંબમાં સ્થિતિ

**4.12** કુટુંબની જીવનની અન્ય સમસ્યા

**4.13** ઉપસંહાર

**4.14** તમારી પ્રગતિ ચકાસો

**4.15** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**4.16** ચાવીરૂપ શબ્દો

**4.17** સ્વાધ્યાય લેખન

**4.18** પ્રવૃતિ

**4.19** કેસ સ્ટડી

**4.20** સંદર્ભગ્રંથ

## 4.0 એકમના હેતુઓ

- આ એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને કુટુંબ સંસ્થામાં તેના સભ્યો તરીકે મહિલાઓ, બાળકો, વૃદ્ધોની સ્થિતિમાં કેવું પરિવર્તન આવે છે તથા તેમની સમસ્યાઓ વિશે પણ જાણવા મળશે.
- પ્રસ્તુત એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને સંયુક્ત કુટુંબવ્યવસ્થાના પ્રશ્નો, લગ્ન સંસ્થાના પ્રશ્નો અને પરિવર્તનો વિશે જાણકારી પ્રાપ્ત થશે.
- સામાજીક સમસ્યાઓ, દહેજપ્રથા અને ઘરેલું હિંસા અંગે પણ જાણકારી પ્રાપ્ત થશે.

## 4.1 પ્રસ્તાવના

કુટુંબ વ્યવસ્થા એ સમાજનું એક અભિન્ન અંગ છે. કુટુંબ એ એક એવી વ્યવસ્થા છે જેમાં કુટુંબના બધા જ સભ્યો હળીમળીને પોતાનું જીવન તેમાં વ્યતિત કરતા હોય છે. સમય અનુસાર તેમાં

ઘણા બધા પરિવર્તનો જોવા મળે છે. જેમાં કુટુંબ સંસ્થા, તેના સભ્યોમાં તેમની સત્તાઓમાં પરિવર્તન જોવા મળે છે. ઉપરાંત કુટુંબના સભ્યોને પડતી મુશ્કેલીઓ પણ પ્રસ્તુત એકમમાં જોવા મળે છે. જુદા-જુદા સભ્યોની તેમની સ્થિતિ અને તેમના જીવનમાં પરિવર્તન સાથે કેવા બદલાવ તે પણ સમાવિષ્ટ કરવામાં આવેલ છે.

## 4.2 કુટુંબ જીવનમાં આવેલ પરિવર્તન

માનવીય સમાજની રચનામાં અને ગતિશિલતામાં કુટુંબ વ્યવસ્થાનો જન્મ અને મરણ બન્ને જોવા મળી રહે છે. અને એટલા જ માટે એ બાબતો જાણવી જરૂરી છે કે કયા કયા પરિબળો, વ્યક્તિઓએ કુટુંબજીવનમાં મોટા પ્રકારે અવરોધો કે મુશ્કેલીઓ સર્જે છે. આ પરિવર્તનો બન્ને પ્રકારના જોવા મળી રહ્યા છે. જેમાં ઉપયોગી પરિવર્તનો પણ છે અને બિન ઉપયોગી પરિવર્તન છે.

પ્રાચીન સમયમાં સમાજ જીવન એટલું સકુંચિત જોવા નહોતુ મળતું જેટલું આજે સકુંચિત જોવા મળે છે. પ્રાચીન સમયમાં જરૂરિયાત અનુસાર વસ્તુઓનું ઉત્પાદન કે એકત્રિત કરવામાં આવતી. આજે આ મૂળભૂત પ્રકૃતિમાં ધણોખરો ફેરફાર આવેલ છે. આજે તમામ નાની-નાની બાબતો મોટા મોટા એકમોમાં બદલાઈ ગયેલ છે. એટલે કે પોતાની સામાન્ય જરૂરિયાત માટે મીલ, ફેક્ટરી, મોલ વગેરેમાં જવુ પડતું હોય છે. પહેલાના સમયમાં વસ્તી વધારા સંબંધી કોઈ સમસ્યા ન હતી. પરંતુ આજે વસ્તી વિસ્ફોટમાં મોટો પ્રશ્ન ઉપસ્થિત થયેલ છે, જે આર્થિક સંકટ અને અન્ય બીજી મહત્ત્વની ઘણી સમસ્યાઓ ઉભી કરે છે. તમામ સમાજોમાં જોવા મળી રહેતી સર્વસામાન્ય મુશ્કેલી છે. જેના ઉકેલ માટે આજે તમામ સમાજોમાં કુટુંબ નિયોજનને અમલમાં લાવવું એટલું જ અગત્યનું કાર્ય થઈ પડ્યુ છે. વર્તમાન ભારતીય સમાજમાં પણ તેમાંથી બાકાત રહી શકે તેમ નથી, સમગ્ર ભારતમાં "અમે બે અમારા બે" અથવા "બસ એક અથવા બ" વગેરેના સિદ્ધાંતોનો અમલ થઈ રહ્યો છે. કુટુંબ વ્યવસ્થામાં મહત્વ કાર્ય પરિવર્તન એ પણ ચોક્કસ નોધવું જોઈએ અને આજે તમામ દેશોમાં મહિલાઓ, બાળકો, પતિ-પત્ની કે માતા-પિતા સાથે કાર્ય કરતા જોવા મળી રહ્યાં છે.

આજની કુટુંબ વ્યવસ્થામાં પહેલાના મૂલ્યો, માન્યતાઓ, રૂઢિચુસ્ત વિચારસરણી, માનસિકતાઓ કે પરંપરાગત જીવનશૈલથી અલગ મૂલ્યો, આદર્શો, જીવનરીતી અને આગવી સ્ત્રી-પુરુષની ભૂમિકાઓ જોવા મળી રહેલી છે. અને આ માળખામાં જીવનજીવતા કુટુંબોમાં એટલી જ મોટી અસ્થિરતા કે સમસ્યા આજની પેઢીના કુટુંબોમાં જોવા મળી રહી છે. વર્તમાન કુટુંબમાં વ્યક્તિવાદી, સ્વતંત્રતાવાદી, ઉદારવાદી વિચારસરણી એ છોકરા-છોકરીઓમાં સ્વતંત્રતાના નામે નૈતિકતા કે અને સમાજમાં ગુણવવા પડે છે. પરંપરાગત રીતે જોવા મળતા લગ્ન જીવન સાથી પસંદગી પણ હવેથી મા-બાપનો વિષય રહ્યો નથી. દરેક છોકરા-છોકરીની આંતરીક વ્યક્તિગત બાબતોનો ભાગ બની ગયા છે. આ સમાજ વ્યવસ્થાથી કુટુંબ જીવનને ચોક્કસ લાભ થયો છે પરંતુ મોટા પ્રમાણમાં ગેરલાભ પણ થઈ રહ્યો છે.

વર્તમાન સમયમાં કુટુંબની આ સ્થિતિ એ સુધી બદલાઈ ચૂકી છે કે કુટુંબ જીવનના મૂલ્યો, આદર્શો, માન્યતાઓ, જૈવિકતા, પરંપરાઓ, રીત-રીવાજો, ધારા-ધોરણો સંપૂર્ણ રીતે નષ્ટ પામ્યા છે અને ભારત જેવા દેશમાં પણ પશ્ચિમના દેશોની માફક પહેલાના જેમ પ્રેમ, ત્યાગ, બલિદાન, નમ્રતા, સહકારની ભાવનાને કોઈ સ્થાન રહ્યું નથી. અને પહેલાના જેમ આજે સંયુક્ત કુટુંબમાં રહી જીવન જીવવાના બદલે માત્ર પતિ-પત્ની કે બાળકો સાથે જીવન જીવવાનો નવો યુગ ઉત્પન્ન થયો છે. આજે આટલી મોટી સંખ્યામાં આવેલા પરિવર્તનો એ કુટુંબ જીવનમાં નીચે મુજબની સમસ્યાઓ ઊભી કરી છે.

1. વ્યવહારની મુશ્કેલી
2. લિંગ સંબંધી અપરાધો
3. બાળકોની ગુનાખોરી-બાળમજૂરી
4. નિર્બળ લોકોની સમસ્યાઓ

5. પરિવાર સંબંધિત સમસ્યાઓ (વિવાહ-વિચ્છેદ)

6. માદક પદાર્થોનું સેવન

7. શિક્ષાવૃત્તિ

8. ભ્રષ્ટાચાર

9. શહેરી ઝૂંપડા વસ્તી

10. યુવકોના પ્રશ્નો અને મનોસામાજિક સમાયોજન

11. વૃદ્ધોની મનોસામાજિક સમસ્યાઓ

સામાજિક સમસ્યાઓને હલ કરવા માટે આદિ-અનાદિકાળથી સમાજના જન સમુદાય પ્રવૃત્ત રહ્યો છે અને વિવિધ કાર્યવાહી થઈ કરી સમાજ જીવન કે કુટુંબજીવનની મુશ્કેલીઓ નિવારવામાં આવતી હતી. કુટુંબ જીવનની કેટલીક મહત્વની સમસ્યાઓ અને તેના તરફ કરવામાં આવેલ કાર્યોને વિગતે પ્રસ્તુત કરવામાં આવેલ છે.

## 4.3 કુટુંબ જીવનમાં મહિલાની સ્થીતી અને પ્રશ્નો

### 1. પિતૃપ્રધાન સમાજ અને મહિલાઓની સ્થિતી

કુટુંબમાં પત્ની પતિના ઘરે લગ્ન બાદ આવી પતિના કુટુંબજનો સાથે રહેવું અને પતિ-પત્નીના જાતિય સંબંધોના આધારે જન્મેલ બાળકોને પિતાના વંશનું નામ આપવામાં આવે છે. આવા કુટુંબમાં પિતાની સત્તા સર્વોત્તમ હોય છે. ભારતીય સમાજમાં સ્ત્રીઓના ગૌરવને હંમેશા વધુ મહત્વ આપવામાં આવ્યું છે. વૈદિકકાળમાં મહિલાઓને દેવી સમજવામાં આવતી હતી. પરંતુ ભારતમાં મુગલ સામ્રાજ્ય પછી બ્રાહ્મણો દ્વારા હિન્દુ ધર્મની રક્ષા અને સ્ત્રીઓના સ્ત્રીત્વની સુરક્ષા માટે વધુ કડક નિયમો બનાવવામાં આવ્યા જેથી મહિલા પ્રત્યે વધુ કઠોરતા ઊભી થવા લાગી, અને આવેલ કઠોર નિયમો અપનાવવામાં સ્ત્રીઓ દ્વારા કોઈ પણ જાતનો વિરોધ કરવામાં આવતા સરળતાથી સ્ત્રીઓ પુરુષોના આધિપત્ય અને શોષણનો શિકાર બનતી ગઈ, તેની સાથે સાથે સ્ત્રીઓની આર્થિક નિર્ભરતા, પડદાપ્રથાના કારણે સ્ત્રીઓને શિક્ષણથી વંચિત કરવામાં મહત્વપૂર્ણ પરિબળ બની રહેલ જેથી મહિલાઓ સંયુક્ત કુટુંબમાં રાખી વધુ અંકુશમાં રાખવાની સ્થિતિ નીર્માણ પામી, મહિલાઓની સ્થિતિમાં સુધારો બનાવવાનો આદોલનો ભારતમાં સ્વતંત્રતા પૂર્વે શરૂ થઈ ગયેલ, જેના ફળસ્વરૂપે સ્વતંત્રતા બાદ સંવિધાનમાં સ્ત્રી-પુરુષ વચ્ચેનાં અંતર ઘટાડવા વિવિધ યોજનાઓ ઘડી એકમાન રાખવાના પ્રયત્ન થવા લાગ્યા. તેમાં પણ 1956માં લાદવામાં આવેલ સંપત્તિનો અધિકારનો કાયદો મહત્વપૂર્ણ ભૂમિકા પૂરી પાડે છે. ભારતમાં મહિલાઓના સ્થાનને ઉચ્ચ કક્ષાએ લઈ જવા નીચેના કેટલાક પરીબળો મહિલાની સ્થિતિમાં ગંભીર અસર ઊભી કરેલ છે.

### 2. કાયદામાં મજબૂતાઈની ઉણપ

ભારતમાં મહિલાઓના હિતમાં રચવામાં આવેલ કાયદાઓ ગંભીરતાથી લાગુ કરવામાં સમાજના રીત-રિવાજો અને માન્યતાઓ એ એક મોટી સમસ્યારૂપ ભૂમિકા પૂરી પાડી, જેના લીધે કાયદાઓ નક્કર કામગીરી કરવામાં નિષ્ફળ નિવડેલ છે. જ્યારે એ કાયદાઓથી લોકોમાં જાગૃતિ અને પરિવર્તનની આશા ઊભી કરવા માટે અસરકારક સાબિત થાય છે. તેમ છતા પણ ભારતમાં મહિલાઓની સ્થીતીમાં ચોક્કસ સુધાર આવી શકે તેવી સ્થિતિ છે. કાયણ કે ભારતમાં સ્વતંત્રતા બાદ માનવ અધિકારોના રક્ષણ માટે મહિલા આયોગની સ્થાપના કરવામાં આવી છે. તેમજ પંચાયતી સેવાઓમાં મહિલાઓને 30 ટકા અનામતની વ્યવસ્થા કરવામાં આવી છે. તે ઉપરાંત ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય મહિલા નીતિ લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેના લીધે એ બાબત ચોક્કસ સ્પષ્ટ થાય છે કે મહિલાઓ આજે જે મુશ્કેલીઓ અનુભવી રહેલ છે તે વધુ સમય માટે નથી.

### 3. આર્થિક નિર્ભરતા

ભારતમાં 15 વર્ષથી ઉપરની ઉંમરની 25 ટકા સ્ત્રીઓ આર્થિક રીતે કોઈ કામકાજમાં જોડાયેલ છે. અને 70 ટકાથી વધુ મહિલાઓ ગરીબી રેખા નીચે જીવન જીવી રહેલ છે. જેઓ બીજા ઉપર આધારિત જીવન જીવે છે. જેના લીધે શોષણ અને પોતાના અધિકારો પ્રાપ્ત કરવા માટે સંઘર્ષની સ્થિતિની અનુભવતા હોય છે. એક સ્ત્રીનું જીવન હંમેશા ક્રમશઃ પિતા-પતિ અને પુત્રના આધિપત્ય હેઠળ ગુજરતું હોય છે. જે ઘણીબધી સમસ્યાનો ભોગ બનવા માટે જવાબદાર હોય છે. આજે દહેજપ્રથા, પડકાપ્રથા, દિકરા-દિકરીમાં અસમાનતા, વગેરે ગંભીર સમસ્યાઓ આજે પણ હયાત છે.

## 4.4 સંયુક્ત કુટુંબ વ્યવસ્થાના પ્રશ્નો

ભારતીય સમાજ વ્યવસ્થાને આગવું સ્થઆન આપવામાં સંયુક્ત કુટુંબ વ્યવસ્થા એ પડદા પાછળનું અગત્યનું ઘટક છે. પરંતુ 19મી સદીમાં આવેલ વિવિધ પરિવર્તનો પૈકી સંયુક્ત કુટુંબ વ્યવસ્થામાં મૂળભૂત આકારમાં ફેરફાર આવેલ છે. આજે મોટી સંખ્યામાં સંયુક્ત કુટુંબમાંથી વિભક્ત કુટુંબમાં પરિવર્તન ગ્રામ્ય ક્ષેત્રોમાં જોવા મળી રહ્યા છે. બાકી શહેરોમાં સંયુક્ત કુટુંબ જોવા મળવા મુશ્કેલ છે. ગામડાઓમાંથી યુવાનો શહેરો તરફ અભ્યાસ અર્થે અથવા રોજગારી મેળવવા જતા હોય છે. જેમાં ઓછા સ્રોત સાથે જીવન જીવવામાં સામાજિક, આર્થિક રીતે પછાત જીવન જીવવાની સાથે સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યો વિહિન જીવન જીવતા હોય છે અને જે સંયુક્ત કુટુંબ જીવનની જગ્યાએ વિભક્ત કુટુંબ જીવન જીવતા હોય છે. આજે બે ભાઈઓ એક ઘરમાં એક છત નીચે જીવવાની જગ્યાએ અલગ અલગ જીવન જીવતા હોય છે. તેઓ એક શહેરમાં રહેતા હોવાં છતાં પણ અલગ અલગ વસવાટ કરતા હોય છે.

ભારતીય સમાજમાં આજે 90 ટકાથઈ વધુ લોકો વિભક્ત કુટુંબમાં રહેતા જોવા મળે છે. જ્યારે 20 ટકા લોકો સંયુક્તમાં રહે છે. શહેરી વિસ્તારમાં 5 ટકાથી વધુ કુટુંબો સંયુક્ત કુટુંબમાં રહેતા નથી. અને કુટુંબમાં વધુમાં વધુ પાંચ સભ્યોથી વધુ જોવા મળવા મુશ્કેલ બની ગયું છે.ઔદ્યોગિક પ્રગતિ અને ગામડામાંથી શહેરોમાં સ્થળાંતર, વિભક્તકરણથી આજે કુટુંબોમાં છૂટાછેડાનું પ્રમાણ વિભક્ત કુટુંબોમાં વધવા લાગ્યું છે.

## 4.5 કુટુંબમાં નિર્ણય લેનારની સત્તામાં આવેલ પરિવર્તન

નિર્ણય લેનાર સત્તામાં પરિવર્તન કુટુંબમાં નિર્ણય લેનાર વડીલ પ્રત્યે આદર રાખવો એ આદર રાખવાનું વલણ મોટા ભાગે જોવા મળતું હોય છે. આ વ્યવસ્થામાં બાળક-પિતા પ્રત્યે, પત્ની પતિ પ્રત્યે, કે ભાઈ મોટાભાઈ પ્રત્યે કોઈપણ જાતની ભૂલો કે ખામીઓ શોધવા પ્રયત્ન કરી શક્તા નથી. પિતા અથવા તો તેમની ગેરહાજરીમાં વડીલ ભાઈએ દરેક બાબતોમાં અગત્યનો ભાગ ભજવતા હોય છે. નિર્ણય લેવામાં કાયદાકીય પરિસ્થિતિમાં ઘર બનાવવા, નાણાકીય વ્યવહાર, સામાજિક કાર્યો કરવામાં સંયુક્ત કુટુંબ ક્યારેય વડીલોના અપમાન કે અનાદરને સ્થાન આપતી વ્યવસ્થા રહી નથી. જેમાં ઉંમર આધારિત વ્યવસ્થા ખૂબ જ મજબૂતાઈથી કાર્ય કરતી હોય છે. પરંતુ આજની શિક્ષણ પ્રાપ્ત કરેલ પેઢીઓ પોતાના માતા-પિતા કે વડીલ ભાઇઓની આવી દખલગીરી સહન કરી શકતી નથી. પરંતુ સંયુક્ત કુટુંબમાં રહેલ મહિલાઓની સ્થિતિમાં સરખાપણું હોતું નથી. તેઓની સ્થિતિમાં ઘણો ભેદભાવ જોવા મળે છે. કુટુંબના મુખ્ય વ્યક્તિની પત્ની ઘણી બધી સત્તાઓ મેળવતી હોય છે. જ્યારે ઘરમાં નાનામાં નાની મહિલાને એકદમ આંટીકારી મહિલા તરીકે રહેવું પડતું હોય છે અને કામકાજી તરીકેની ભૂમિકા નિભાવવી પડતી હોય છે.

## 4.6 લગ્ન વ્યવસ્થામાં આવેલ પરિવર્તન

ભારતમાં બાળલગ્ન વર્ષોથી અસ્તિત્ત્વ ધરાવતી સામાજિક સમસ્યા છે. આઝાદી પહેલાં લગ્ન કરવાની ઉંમર નોંધતા જોવા મળેલ કે લોકોના 13 વર્ષની ઉંમરે લગ્નો થતાં હતા. ભારતમાં 2006માં બાળલગ્નો અટકાવવા ખૂબ જ અસરકારક રીતે કાયદાની જોગવાઇ કરવામાં આવી અને કાયદામાં

કેટલાક આગવાં પગલાં સૂચવ્યા છે. જેમ કે, બાળલગ્ન અટકાવવા માટે મનાઇ હુકમની વ્યવસ્થા વગેરે.. કાયદાઓના લીધે નાની ઉંમરે થતાં લગ્નોનું પ્રમાણ ઘટવા લાગ્યું છે. તેમ છતા પણ આજે છોકરીઓની સરેરાશ 18 વર્ષની ઉંમરે લગ્નો થતાં જોવા મળે છે. શહેરીકરણ અને જેમ-જેમ ઔદ્યોગિકરણ થવા લાગ્યું તેમ-તેમ બાળલગ્નોનું પ્રમાણ ઘટતું જોવા મળે છે.

આમ છતાં પણ આજે વસંતપંચમી અખાત્રીજ, અક્ષય તૃતિયા, રામનવમી, કર્મજયંતિ વગેરે દિવસોએ આવા બાળલગ્નો વધુ થતા જોવા મળે છે. ભારતમાં 47 ટકા મિહલાઓના લગ્ન 20 થી 24 વર્ષની ઉંમરે થતા જોવા મળે છે. જયારે ગ્રામીણ કક્ષાએ 56 ટકા મહિલાઓના લગ્નો 20-24 વર્ષની ઉંમરે થતા જોવા મળે છે.

લગ્નની પરંપરામાં બહેનની દિકરી કે ભાઈના છોકરા સાથે લગ્ન કરાવવાની પરંપરા પણ ખૂબ જ ગંભીર રીતે જોવા મળે છે. ભારતમાં 1955ના હિન્દુ મેરેજ એક્ટના અસલથી "સંપીડ" સંબંધમાં આવતા બે સ્ત્રી-પુરુષ વચ્ચે લગ્ન ન થઈ શકે તેની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે.

## 4.7 લગ્ન જીવનમાં સમાધાન

ભારતીય લગ્નવ્યવસ્થા એ પરંપરાગત રીતે અગાઉ આધ્યાત્મિક, ધાર્મિક અને સામાજિક બંધન ગણવામાં આવે છે. લગ્ન એ માત્ર બે વ્યક્તિ વચ્ચેનો સંબંધ નહિ, પરંતુ પવિત્ર બંધનની સાથે સાથે સાત જન્મ અને બે પરીવાર વચ્ચેનો અતૂટ સંબંધ છે. લગ્ન વિચ્છેદ, કે લગ્ન ફોક અને લગ્નમાં છૂટાછેડા જેવી બાબતો આજે વિચારવામાં આવતી બાબત છે. પરંપરાગત રીતે લગ્નમાં ભંગાણ કે બીજા લગ્ન એ ખૂબ જ અશક્ય બાબત ગણવામાં આવતી. આ ખુબ જ મોટા અપરાધ ગણવામાં આવતી બાબત છે. તેમ સમજવામાં આવતી. તેમાંપણ સ્રીઓ માટે આ વધુ મુશ્કેલી રૂપ બાબત છે.

સ્ત્રી-પુરુષ વચ્ચેના જાતિય સંબંધોને લગ્ન જેવા બંધનથી જોડવામાં આવતા હોય છે. સ્ત્રી અને પુરુષના ચારિત્ર્યને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવે છે. પહેલાના સમયમાં લગ્ન માટેનું પાત્ર માટે પસંદગીને કોઇ અવકાશ જોવા મળતો નહોતો. પરંતુ, પહેલાનાં સમયમાં લગ્નનું આધ્યાત્મિક, ધાર્મિક અને સામાજિક આગવું મહત્ત્વ જોવા મળતું નથી. સમાજનાં વડીલો દ્વારા નક્કી કરવામાં આવતા સંબંધોને માન્ય રાખવામાં આવતા હતા. સાથે સાથે વડીલોના નિર્ણયોનો વિરોધ કરવાની કોઇની સત્તા ન હતી; પરંતુ એ સમયે લગ્નોની સફળતાનું પ્રમાણ વધુ જોવા મળતુ હતું. પરંતુ આજે પરિસ્થિતિ તદ્દન વિપરીત જોવા મળે છે. આજના સમયમાં લગ્નો માટે પાત્રની પસંદગી સંપૂર્ણ સત્તા આપવામાં આવતી હોવા છતાં લગ્નોમાં ભંગાણ પડવાનું પ્રમાણ વધુ જોવા મળે છે.

આજની પરીસ્થીતીમાં લગ્નોનું આધ્યાત્મીક અને ધાર્મિક મહત્વ ઘટવા લાગ્યું છે. લગ્નો વડીલો દ્વારા પસંદ કરાયેલ પાત્રોની જગ્યાએ સ્વયં દ્વારા પસંદ કરાયેલ પાત્રો સાથે લગ્નો થાય છે. પોતાના સમાજમાં જ કરવામાં આવતા લગ્નોની સંખ્યા ઘટવા લાગી છે. તેની સાથે સાથે લગ્ન જીવનમાં ઊભા થયેલા પ્રશ્નોના નિરાકરણ માટે સંયુક્ત કુટુંબમાં મળી રહેતા સહકારની ઊણપ વર્તાય છે અને પ્રશ્નોના નિરાકરણ માટે કોઈ સભ્યોની મદદ મળી રહેતી નથી. પરિણામે સમસ્યાઓ ગંભીર સ્વરૂપ ધારણ કરે છે અને લગ્ન જીવનમાં ભંગાણની સ્થિતિ ઊભી થાય છે.

આજના લગ્નો અને લગ્નો બાદ આવી પડેલી સામાજિક જવાબદારી તેમજ બાળકોની જવાબદારી સ્વીકારવા સ્રી-પુરુષ તૈયાર હોતા નથી જેના લીધે સમાજમાં લગ્ન પહેલા કે લગ્ન વગર સાથે રહેવાનું વલણ વધતું જાય છે.

## 4.8 દહેજ પ્રથાની સમસ્યા

દહેજ પ્રથા ભારતમાં વર્ષોથી અસ્તીત્વ ધરાવતી ગંભીર સમસ્યા છે. દહેજ એટલે કે કન્યાના અવેજમાં વર પક્ષને આપવામાં આવતો દાયજો કે કિંમત કે વસ્તુઓ રૂપિયા કે અન્ય ચીજવસ્તુઓ ભારતમાં દહેજના કારણે કેટલીય મહિલાઓ આત્મહત્યા તરફ ધકેલાય છે. ભારતમાં આ દૂષણને એટલી ગંભીરતાથી ધ્યાને લઈ દહેજ અટકાયત અધિનિયમ-1961ની રચના કરવામાં આવી છે. છતાં પણ શિક્ષીત અને અશિક્ષિત બન્ને વર્ગોમાં દહેજ પ્રથા પ્રચલીત છે અને દહેજની સમસ્યા દરેક સ્રીના

માતા-પિતા માટે ગંભીર બની રહેતી હોય છે. લગ્નના અવેજમાં આ દાયજો કે રકમ નક્કી થતી હોય છે. જે આપવા માટે સ્ત્રી પક્ષના માતા-પિતા બંધાયેલ હોય છે. તે ઉપરાંત પણ લગ્ન બાદ પણ સમાજમાં સ્ત્રીના સાસરી પક્ષ દ્વારા અવાર નવાર આવી માંગણી કરવામાં આવતી હોય છે. ભારતમાં 1990થી 1993ના ત્રણ વર્ષમાં 20,000થી વધુ મહિલાઓ દહેજના દૂષણથી મૃત્યુ પામી છે. રોજ ત્રણ મહિલાઓ દહેજના લીધે અવસાન પામતી હોય છે.

## 4.9 ઘરેલૂ હિંસા

ઘરેલુ હિંસા મોટાભાગે કુટુંબમાં પુરુષોના લીધે ઉત્પન થતી સમસ્યા છે. જેનો મોટાભાગે બાળકો અને મહિલા શિકાર બનતા હોય છે. મહિલાઓ સાથે થતા અત્યાચરોના ઘણા બધા પુરાવા નોધવામાં આવ્યા છે. છેલ્લા 150 વર્ષમાં કાયદાકીય રક્ષણના લીધે મહિલાઓને રક્ષણ આપવાના પ્રયત્નો થઈ રહ્યા છે. સતત શિક્ષણ અને મહિલાઓમાં વધતી આર્થિક સદ્ધરતા એ મહિલાઓની સ્થિતિમાં પરિવર્તન મેળવવામાં સફળતા હાંસલ કરી છે. ઘરેલું હિંસા એ સંયુક્ત કુટુંબ ઊભી થતી મુશ્કેલી તરીકે પણ કેટલાક કિસ્સાઓમાં જોવામાં આવ્યું છે.

પરંતુ ભારતમાં 40 ટકા મહિલાઓ મોટાભાગે પોતાના સાથી દ્વારા હિંસાનો ભોગ બનેતી જોવા મળે છે અને જે જગ્યાએ મહિલાને સાર-સંભાર અને રક્ષવા અને જરૂરિયાતો મળતી હોય છે. તે જગ્યાએ હિંસા અને શોષણ સહન કરવા મળતુ હોય છે. ઈન્ટરનેશનલ ક્લીનીકલ એપીડેમીઓલોજીસ્ટ નેટવર્ક (INCKEN) દ્વારા નોધવામાં આવ્યું છે કે, દરેક પાંચ લગ્ન કરેલ મહિલામાંથી બે મહિલાઓને માર મારવામાં, લાત મારવામાં કે હુમલો કરવામાં તેમના પતિ દ્વારા થતો હોય છે અને 50 ટકા મહિલાઓ શારીરિક હિંસાનો ભોગ તેઓની ગર્ભાવસ્થા દરમ્યાન અનુભવતી હોય છે.

પરંતુ 2005ના ઘરેલુ હિંસા અધિનિયમ અને અન્ય કાયદાકીય જોગવાઈના લીધે આવા કિસ્સાઓ બહાર આવતા જોવા મળ્યા છે અને તેના લીધા સજા અને જરૂરી પગલા ભરવાના લીધે સમાજમાં મહિલા પ્રત્યે થતા અત્યાચારો રોકવા સાનૂકૂળ વાતાવરણ ઊભુ થયું છે, પરંતુ બીજી બાજુ મહિલાઓ પોતાના કાયદા અને જરૂરી જોગવાઈના લીધએ મહિલાઓ દ્વારા પુરુષો પ્રત્યેના અત્યાચારો પણ પ્રકાશમાં આવવા લાગ્યા છે. એક અભ્યાસમાં જોવા મળ્યું છે 52000થી વધુ પરણીત પુરુષો મોતને ભેટી ચૂક્યા છે.

## 4.10 બાળકોની સમસ્યાઓ

બાળકો બીજા ઉપર આધારીત રહેવાના લીધે વધુ સમસ્યાઓ અનુભવતા હોય છે. ભારતમાં સામાન્ય બાળકોની સમસ્યાઓના શિક્ષણ, આરોગ્ય, પૌષ્ટીક, આહાર, જરૂરી દેખભાળ, મનોરંજનની સમસ્યાઓ વિશેષ પ્રમાણમાં જોવા મળતી હોય છે. ગરીબીના લીધે બાળકોને જરૂરી પોષણ ન મળવાના લીધે જરૂરી તબીબી સુવિધા ન મળવાના લીધે અને રસીકરણ ન મળવાથી બાળકોની ગંભીર સમસ્યાઓ કુટુંબમાં જોવા મળતી હોય છે. ભારતમાં 30 ટકા કુલ વસ્તીમાંથી બાળકો છે અને અભ્યાસ સ્પષ્ટ કર્યું છે કે હિંસાનો ભોગ બનવામાં બાળકો સૌથી વધુ જોખમ ધરાવે છે. બાળમજૂરી, બાળકોની હેરાફેરી, બાળકોની જાતીય પ્રવૃત્તિઓમાં સામેલગીરી જેવા બીજા કેટલાય પ્રશ્નો બાળકોની સમસ્યામાં વધારો કરે છે.

ભારતમાં 14 વર્ષની વય જૂથ ધરાવતના 44 લાખ જેટલા બાળકો બાળમજૂરીમાં સંકળાયેલા જેમાંના મોટાભાગના 80 ટકા ખેતવાડીના કામકાજમાં અથવા અસંગઠીત ક્ષેત્રોમાં કાર્ય કરતા હોય છે. જેઓ મોટાભાગે અશિક્ષીત અથવા અધવચ્ચે શિક્ષણ મૂકી દેનાર બાળકો હોય છે. (1984 - સૈની ILO)

## 4.11 વૃધ્ધોની કુટુંબમાં સ્થીતી

ભારતમાં આજે પણ વૃદ્ધોની સમસ્યા એટલી વિકટ નથી. જેટલી પશ્ચિમના દેશોમાં જોવા મળી રહી છે. ભારતમાં સંયુક્ત કુટુંબની વ્યવસ્થા અને ગ્રામ્ય પંચાયતના મજબૂત સંગઠનોના લીધે આજે

પણ મુશ્કેલીમાં મુકાયેલ, અસહાય અને વૃદ્ધોની સહાય કરવામાં આવતી હોય છે, પરંતુ કેટલીક સમસ્યાઓ વૃદ્ધોની છે જેના પ્રત્યે ધ્યાન આપવાની જરૂરિયાત ભારતમાં 1901માં વૃદ્ધોની સંખ્યા 1.2 કરોડ હતી જે 1951માં વધીને 2 કરોડ થઈ છે. અને હાલ 7.7 કરોડ છે. સંયુક્ત રાજ્યના અનુમાન મુજબ 2025 સુધીમાં 10.5 કરોડ થઈ શકે છે જેમાં 11 ટકા 80 વર્ષથી વધુ ઉંમરના વૃદ્ધોનો સમાવેશ થશે.

વૃદ્ધોની સંભાળ રાખવામાં કુટુંબ મહત્વપૂર્ણ ભૂમિકા હોય છે. કુટુંબ આગવી સંખ્યા છે જ્યાં વિવિધ વયજૂથે અને અને પેઢીના લોકો વચ્ચે જીવંત સંબંધ હોય છે. વૃદ્ધો પ્રત્યે સન્માન, બાળકોના બાળપણથી મળતી હોય છે. સંયુક્ત કુટુંબની જગ્યાએ પતિ-પત્ની અને બાળકો વાળા નાના કુટુંબોના લીધે કૌટુંબીક સંશાધનો મેળવવાની માંગ વધી છે જેથી અભ્યાસ આ સમાજ વ્યવસ્થાથી કુટુંબ જીવનને ચોક્કસ લાભ થયો છે, પરંતુ મોટા પ્રમાણમાં ગેરલાભ પણ થઈ રહ્યો છે.

વર્તમાન સમયમાં કુટુંબની આ સ્થિતિ એટલે સુધી બદલાઈ ચૂકી છે કે કુટુંબ જીવનના મૂલ્યો, આદર્શો, માન્યતાઓ, નૈતિકતા, પરંપરાઓ, રીત-રિવાજો, ધારા-ધોરણો સંપૂર્ણ રીતે નષ્ટ પામ્યા છે અને ભારત જેવા દેશમાં પણ પશ્ચિમના દેશોની માફક પહેલાના જેમ પ્રેમ, ત્યાગ, બલીદાન, નમ્રતા, સહકારની ભાવનાને કોઈ સ્થાન રહ્યું નથી અને પહેલાના જેમ આજે સંયુક્ત કુટુંબમાં રહી જીવન જીવવાના બદલે માત્ર પતિ-પત્ની કે બાળકો સાથે જ જીવન જીવવાનો નવો યુગ ઊભો થયો છે.

પશ્ચિમના અનુકરણના લીધે આજે "દિકરા સમયસર જમવાનું જમીલે જે" જેવા શબ્દો પણ બાળકો માટે મનોસામાજિક સમસ્યાઓ બની ગયા છે. બાળકોનું કુટુંબ સાથે સમાયોજન આજે ગંભીર સમસ્યાનું સ્વરૂપ ધારણ કરતો જાતે વિષય છે. તેની સાથે સાથે બાળકોની માતા-પિતા ઉપરનું આધારીતપણું પણ સમસ્યા બની ગઈ છે. કામકાજ કરતા માતા-પિતામાટે બાળકનો ઉછેર કરવો, સમાજ જીવનના કાર્યો કરવા તમામ કુટુંબ જીવનના નવા ઊભા થયેલ પ્રશ્નો છે. નવી પેઢી અને જૂની પઢી વચ્ચેના સમાયોજનના પ્રશ્નો પણ કુટુંબ જીવનમાં સ્થિતિ બગાડવા માટે જવાબદાર પરીબળ છે.

## 4.12 કુટુંબની જીવનની અન્ય સમસ્યા

ભારતીય સમાજ કે ભારતીય કુટુંબ જીવન માટેના કેટલાક પાયાના પ્રશ્નો જેને વ્યવસાયીક સમાજકાર્યકર તરીકે વૈજ્ઞાનિક પરિપ્રેક્ષમાં સમજવું જરૂરી છે.

**1. વસ્તી વિસ્ફોટ**

ભારત એ સમગ્ર વિશ્વમાં વસ્તીની દૃષ્ટિએ બીજા નંબરનું સ્થાન ધરાવે છે. ભારતમાં કુટુંબ નિયોજનના કાર્યક્રમને ખૂબ જ અસરકારક રીતે અમલવાદી માટે લાગુ કરવામાં આવેલ છતા તે સફળ રહેવામાં નિષ્ફળ ગયેલ છે. ભારત "અમે બે અને અમારા બે" સિદ્ધાંત સાથે કુટુંબનિયોજન કાર્યક્રમને અમલમાં મૂકવાના પ્રયત્નો થઈ રહ્યા છે. છતા પણ ભારતમાં વસ્તી વિસ્ફોટ એક ગંભીર સમસ્યા છે.

**2. ગરીબી**

ભારત સરકાર દ્વારા સ્વીકારવામાં આવ્યું છે કે ભારતમાં 21.9 ટકા લોકો ગરીબી રેખા નીચે જીવન જીવી રહ્યા છે. 2011માં વિશ્વબેંક દ્વારા જણાવ્યા અનુસાર ભારતમાં 23.6 ટકા ભારતીય લોકો રોજના 2 ડોલર ખર્ચી કરી શકે તેવી શક્તિ નથી. ભારતમાં મોટાભાગે મજૂરો એ અસંગઠીત ક્ષેત્રોમાં કાર્યકરતા હોય છે. જેઓને કાયમી કાર્ય કે કાર્યના સુરક્ષા માટે કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી જે ગરીબી તરફ લઈ જવામાં અગત્યનો ફાળો આપે છે. ભારતમાં પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધી અને સ્લોગન આપી ગરીબી ઉપર પ્રહાર કરેલ કે ગરીબી હટાવો દેશ બચાવો, અને ગરીબી કેટલી ગંભીર સમસ્યા છે અને ગરીબી ને દૂર કરવા માટે પંચવર્ષીય યોજનામાં પ્રાધાન્યતા આપવામાં આવેલ.

**3. સ્વચ્છતા**

ભારતમાં સ્વાતંત્ર્યતા બાદ 1948માં ભોર સમિતિ સમિતિએ આરોગ્યના સંદર્ભે અહેવાલ

આપેલ જેમાં જણાવ્યા અનુસાર ભારતમાં મોટાભાગની બીમારીઓને અટકાવી શકાય તેવી છે. ભારતમાં સ્વચ્છતાના અભાવના લીધે દલ 10 વ્યક્તિમાંથી એક વ્યક્તિનું મોત સ્વચ્છતાના અભાવ અથવા જરૂરી કાળજીના અભાવથી થાય છે. દર 20 વ્યક્તિના મોતમાંથી એક વ્યક્તિનું મોત ઝાડાની બિમારીના લીધે થાય છે. અભ્યાસો દ્વારા સાબિત થઈ ચૂક્યું છે, સ્વચ્છતાના અભાવના લીધે બાળકોના મગજનો વિકાસ અધૂરો થઈ રહ્યો છે.

લોકો સ્વચ્છતાની સારી આદતોના અભાવે આજે નદી, નાળા અને સ્વચ્છ પાણી પણ ગંદુ બની ગયેલ છે. જેનાથી વાયરસ, બેક્ટેરીયાનું પ્રમાણ વધી ગયેલ છે જેના સંપર્કમાં આવતા બાળકો વધુ બિમાર બનતા હોય છે અને જરૂરી સ્વચ્છતા અભાવથી કેટલાક આર્થિક નુકસાન થઈ રહ્યું છે. ભારતમાં સ્વચ્છતા અનુલક્ષી કેન્દ્રીય ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમ 1986થી શરૂ કરવામાં આવેલ છે. અને ત્યારબાદ 1999માં સંપૂર્ણ સ્વચ્છતા ઝૂંબેશની શરૂઆત કરવામાં આવી છે. જેના માધ્યમથી ઘરે ઘરે શૌચાલયો, શાળાઓને સ્વચ્છ બનાવવી, સ્વચ્છતાનું માર્ગદર્શન, સમુદાયને સ્વચ્છતા સંકુલ, આગણવાડી શૌચાલયો વગેરે દ્વારા સ્વચ્છતાને પ્રાથમીક્તા આપવામાં આવી રહી છે.

4. ભ્રષ્ટાચાર સમગ્ર ભારતમાં ભ્રષ્ટાચાર એ ગંભીર સ્વરૂપ ધારણા કરતો પ્રશ્ન બની ગયો છે. 179 દેશોને અપાયેલ ભ્રષ્ટાચારી દેશની યાદીમાં ભારતનો 76મો નંબર આવેલ છે. આજે નાનામાં નાની સરકારી કચેરીમાં ભ્રષ્ટાચારો આચરવામાં આવતો હોય છે. ભારતમાં શિક્ષણ, આરોગ્ય માળખામાં, કાયદાકીય, પોલીસ વિભાગ અને વહીવટી વિભાગમાં મોટાભાગે ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે.

**5. શિક્ષણનું સ્તર**

ભારતની આઝાદીબાદ ભારતમાં મફત શિક્ષણ અને પ્રાથમીક કક્ષા સુધી ફરજીયાત શિક્ષણને અમલમાં લાવવામાં આવેલ છે. અને 6 થી 14 વર્ષના બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ માટેની જોગવાઈ કરવામાં આવી છે અને બાળ મજૂરી પર મનાઈ કરવામાં આવી છે.

ભારતમાં શિક્ષણનું સ્તર સુધારવા માટે સર્વશિક્ષા અભિયાનની શરૂઆત કરવામાં આવી છે છતા ભારતમાં 2009માં મફત અને ફરજીયાતશિક્ષણનો કાયદો અમલમાં લાવવામાં આવે છે. છતા પણ ઘણીબધી શાળાઓ ખૂબ જ કથળેલી હાલતમાં માળખુ ધરાવે છે. અને ઉંડાણના ગામડાઓમાં રહેલી શાળાઓ મૂળભૂત સુવિધા વિહીન અને જરૂરી સ્ટાફની અછતથી યોગ્યરૂપથી સેવાઓ આપી શક્તી નથી. ભારતની 51 ટકા સ્કૂલને દિવાલે છે. 16 શાળાઓમાં કમ્પ્યુટર છે. જ્યારે 39 ટકા જ શાળાઓમાં વિજળીનું કનેક્શન છે. શાળાઓમાં શિક્ષણ સરળતાથી આપી શકાય તેવી સુવિધાવિહીન સ્થાનો ધરાવે છે. શાળામાં શિક્ષક અને વિદ્યાર્થીઓની ગેરહાજરીનું પ્રમાણ ખૂબ જ ઊંચી કક્ષાએ છે. બાળકોને શાળાએ જતા પ્રોત્સાહીત કરવાની યોજનાઓ ઓછી અને નહિવત પ્રમાણમાં છે.

## 4.13 ઉપસંહાર

પ્રસ્તુત એકમમાં કુટુંબ જીવનાં આવેલ પરિવર્તનો, કુટુંબમાં મહિલાઓની સ્થિતિ કેવી છે અને તેમની સમસ્યાઓ, સંયુક્ત કુટુંબના પ્રશ્નો અંગે સમજાવવામાં આવેલ છે. ઉપરાંત કુટુંબમાં નિર્ણય લેનારની સત્તામાં જે પરિવર્તન આવેલ છે તે લગ્ન સંસ્થામાં આવેલ પરિવર્તન તથા જીવનમાં સમાધાનની પણ સમજૂતી આ એકમમાં કરવામાં આવેલ છે. સામાજિક સમસ્યાઓ જેવી કે દહેજપ્રથા અને ઘરેલું હિંસાની પણ સમજૂતી આ પ્રકરણ દર્શાવે છે. કુટુંબ સંસ્થાના સભ્યો એવા બાળકો તથા વૃદ્ધોની સ્થિતિ અંગેનું તાદશ વર્ણન પણ પ્રસ્તુત એકમમાં જોવા મળે છે. કુટુંબ જીવનની વસ્તીવૃદ્ધિ, ગરીબી, સ્વચ્છતા, ભ્રષ્ટાચાર અને શિક્ષણની સમસ્યા જેવી અન્ય સમસ્યાઓનું વર્ણન કરવામાં આવેલ છે.

## 4.14 તમારી પ્રગતિ ચકાસો

1. બાળલગ્નો અટકાવવા માટે બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ ક્યારે અમલમાં આવ્યો ?

(A) ઈ.સ. 2000 (B) ઈ.સ. 2002

(C) ઈ.સ. 2001 (D) ઈ.સ. 2006

2. હિન્દુ મેરેજ એક્ટ ક્યારે અમલમાં આવ્યો ?

(A) ઈ.સ. 1951 (B) ઈ.સ. 1953

(C) ઈ.સ. 1955 (D) ઈ.સ. 1954

3. દહેજ પ્રતિબંધક અધિનિયમ ક્યારે પસાર કરવામાં આવ્યો ?

(A) ઈ.સ. 1964 (B) ઈ.સ. 1961

(C) ઈ.સ. 1971 (D) ઈ.સ. 1965

4. ઘરેલું હિંસા અધિનિયમ ક્યારે અમલમાં આવ્યો ?

(A) ઈ.સ. 2004 (B) ઈ.સ. 1986

(C) ઈ.સ. 1985 (D) ઈ.સ. 2005

5. કેન્દ્રિય ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમ ભારતમાં ક્યારથી અમલમાં આવ્યો ?

(A) ઈ.સ. 1986 (B) ઈ.સ. 1985

(C) ઈ.સ. 1958 (D) ઈ.સ. 1968

## 4.15 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (D) ઈ.સ. 2006
2. (C) ઈ.સ. 1955
3. (B) ઈ.સ. 1961
4. (D) ઈ.સ. 2005
5. (A) ઈ.સ. 1986

## 4.16 ચાવીરૂપ શબ્દો

**સ્થિતિ** : ચોક્કસ સમયે કોઈ વસ્તુની ચોક્કસ સ્થિતિ (Condition/situation)

**પ્રશ્નો** : સમસ્યાઓ, મુશ્કેલીઓ

## 4.17 સ્વાધ્યાય લેખન

1. કુટુંબ જીવનમાં મહિલાની સ્થીતી અને પ્રશ્નોની ચર્ચા કરો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

2. કુટુંબ જીવનમાં આવેલ પરિવર્તન : ટૂંકનોંધ લખો.

.......................................................................

.......................................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

3. લગ્ન વ્યવસ્થામાં આવેલ પરિવર્તન વિશે ચર્ચા કરો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

4. કુટુંબની જીવનની અન્ય સમસ્યાઓ વિશે ચર્ચા કરો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 4.18 પ્રવૃતિ

1. મહિલાઓની સમસ્યાઓ અને કુટુંબ સંસ્થામાં તેમની સ્થિતિ અંગે નોંધ તૈયાર કરવી.
2. ભારતીય પરંપરાગત સંયુક્ત કુટુંબ વ્યવસ્થામાં પરિવર્તનના કારણોની નોંધ તૈયાર કરવી.
3. બાળકો અને વૃદ્ધોની સમસ્યાઓ જાણી તેને હલ કરવાના ઉપાયો સૂચવો.

## 4.19 કેસ સ્ટડી

1. તમારી આસપાસના કોઈપણ વિસ્તારના શ્રમિક બાળકની સ્થિતિ અંગેની નોંધ બનાવવી.
2. દહેજ પીડિત મહિલાની કેસસ્ટડી બનાવવી.
3. ઘરેલું હિંસાનો ભોગ બનેલી મહિલાની કેસસ્ટડી તૈયાર કરવી.

## 4.20 સંદર્ભગ્રંથો


(1) समाजकार्य : तेजस्कर पांण्डेय, ओजस्कर पांण्डेय संपादक : डो. उपेन्द्र, २०१५

(2) समाजकार्य के क्षेत्र संपादक : डो गीरिशकुमार, उत्तरप्रदेश हिन्दी संस्थान, वर्ष १९९६

(3) समाजकल्याण एवं समाजकार्य, अनिता कोठारी, वर्ष २०१०

(4) વ્યાવસાયિક સમાજકાર્યનાં આધાર સ્તંભો, ડૉ. આનંદી પટેલ, વ્યાવસાયિક અભિવૃતિ પ્રકાશન, વર્ષ 2009.

(5) ડૉ. એ. આર. દેસાઈ ''સમાજખંડ'' ભાગ-1 થી 4, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ.

(6) ડૉ. ધૈર્યબાળાબહેન પી. વોરા, સમાજશાસ્ત્ર શું છે ?, ગુજરાત યુનિવર્સિટી પ્રકાશન, અમદાવાદ.

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-303
# કુટુંબ, બાળ અને યુવા કલ્યાણ

વિભાગ

# 2

## બાળ કલ્યાણ


એકમ-1 બાળકોના કલ્યાણના હેતુઓ - ઉદ્દેશો

એકમ-2 બાળકોના કલ્યાણનું ક્ષેત્ર

એકમ-3 બાળકોના કલ્યાણ માટે કાયદાકીય જોગવાઈ

એકમ-4 બાળકો માટેના કલ્યાણકારી કાર્યક્રમો અને તેના સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા

ISBN : 978-81-937666-8-2


| લેખક | |
|---|---|
| **નીલાબેન એન. પટેલ** | અધ્યાપક(ફેકલ્ટી), સામાજિક વિજ્ઞાન રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા, સ્પીપા, અમદાવાદ. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. રવિન્દ્રભાઈ આર. પંચોલી** | આસિસ્ટન્ટ પ્રોફેસર, મ.દે. ગ્રામ સેવા મહાવિદ્યાલય, રાંધેજા, ગાંધીનગર. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. ઘનશ્યામભાઈ ગઢવી** | રિટાયર્ડ પ્રિન્સિપાલ શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, મહેસાણા |


**Edition : 2021**

**Copyright©2021 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

દેશનાં બાળકો જ તેની સૌથી મોટી પૂંજી હોય છે. આજનાં બાળકો આવતી કાલનાં નાગરિક છે આવતીકાલનાં દેશનાં વિકાસની ધરોહર આજના બાળકોનાં વિકાસ કલ્યાણ માટે ઝીણવટતાથી ધ્યાન આપે છે. અન્ય પુખ્ત માણસોની જેમ બાળકોને પણ જુએ છે, સમજે છે, વિચારે છે. તે દેશ વિકાસશીલ-વિકસિત છે. દેશનો વિકાસ બૃહદ અંશે ઝડપી થાય છે. બાળકોનાં શારીરિક-માનસિક વિકાસમાં જો પહેલેથી એટલે કે બાળપણથી ધ્યાન આપવામાં આવે તો પુખ્ત ઉંમરે પહોંચતા તે દેશને ફળદાયી સાબિત થાય છે. માનવ વિકાસ સૂચકઆંક માનવ વિકાસ અહેવાલ એ તમામ પ્રકારનાં તમામ સ્તરના માણસોના વિકાસની વાત કરે છે. સ્વીકારે છે. તેને કેન્દ્રમાં રાખીને માપનની પ્રક્રિયા કરે છે. દેશનાં વિકાસ માટે બાળકોનું કલ્યાણ ખૂબ જ મહત્ત્વનું છે.

આ ઘટકમાં બાળકોનું કલ્યાણ શા માટે જરૂરી છે, ઉપયોગી છે તે માટેનાં હેતુઓ ઉદ્દેશ્યો વિશે ચર્ચા કરવામાં આવેલી છે. આ એકમનાં અભ્યાસથી તમે...

1. બાળકલ્યાણ શા માટે જરૂરી છે ?
2. બાળકલ્યાણનાં હેતુઓ ઉદ્દેશ્યો જાણી શકશો.

## ઘટકના હેતુઓ :

1) આ ઘટકના અભ્યાસથી બાળકલ્યાણનો અર્થ અને હેતુઓ સમજી શકશો.

2) બાળકલ્યાણની જરૂરિયાતો અને તેના ક્ષેત્ર વિશે જરૂરી માહિતી મેળવી શકશો.

3) બાળકોની સમસ્યાઓનો ખ્યાલ મેળવી શકશો.

4) બાળકોના કલ્યાણ માટેની કાયદાકીય જોગાવાઈઓ સમજી શકશો.

5) ભારતમાં બાળકલ્યાણની યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી મેળવી શકશો.

6) બાળકલ્યાણ ક્ષેત્રમાં સ્વૈચ્છીક સંસ્થાઓનો ફાળો પણ સમજી શકશો.

# એકમ–1 બાળકોના કલ્યાણના હેતુઓ - ઉદ્દેશો

**: રૂપરેખા :**

**1.0 એકમના હેતુઓ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 બાળકલ્યાણ એટલે શું ? વિભાવના, અર્થ, ખ્યાલ**

**1.3 બાળકની વ્યાખ્યા**

**1.4 ભારતમાં બાળકલ્યાણ સેવાઓનો ઈતિહાસ**

**1.5 બાળકલ્યાણની જરૂરિયાત**

**1.6 બાળકલ્યાણના હેતુઓ-ઉદ્દેશ્યો**

**1.7 ઉપસંહાર**

**1.8 તમારી પ્રગતિ ચકાસો**

**1.9 તમારી પ્રગતિ ચકાસોના જ્વાબો**

**1.10 ચાવીરૂપ શબ્દો**

**1.11 સ્વાધ્યાય લેખન**

**1.12 પ્રવૃતિ**

**1.13 કેસ સ્ટડી**

**1.14 સંદર્ભગ્રંથો**

## 1.0 એકમના હેતુઓ

- પ્રસ્તુત એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને બાળકલ્યાણ એટલે શું ? તે જાણવા મળશે.
- બાળકની વ્યાખ્યા, બાળકલ્યાણની સેવાઓનો ઈતિહાસ, બાળકલ્યાણની જરૂરિયાત અંગે પણ જાણકારી પ્રાપ્ત થશે.
- આ એકમના અભ્યાસ દ્વારા બાળકલ્યાણના હેતુઓ - ઉદ્દેશો જાણવા મળશે.

## 1.1 પ્રસ્તાવના

દેશના બાળકો જ દેશની સૌથી મોટી પૂંજી-મિલકત હોય છે. કોઈપણ દેશનું ભવિષ્ય-કલ્યાણ એ દેશનાં બાળકોનાં સ્વાસ્થ તથા કલ્યાણ પર નિર્ભર કરે છે. તથા બાળકોને એમનાં પોતાના વિકાસ માટે કેવી તકો ઉપલબ્ધ છે તેના ઉપર નિર્ભર કરે છે. વિશ્વભરમાં એ વાતની જાગૃતિ-જાણકારી થઈ ચૂકી છે કે બાળકી જ પ્રગતિ અને સમૃદ્ધિનાં આધાર સ્તંભ છે. તથા ભૌતિક વિકાસ પર મિલ્કતનો ઉપયોગકર્તાની સાથે-સાથે માનવ સંશોધનોના વિકાસ માટે પણ મિલ્કત લગાડવાની જરૂરિયાત છે. માનવ સંશોધનોના વિકાસમાં સૌ પ્રથમ માતા અને શીશુનું સ્થાન આવે છે. એટલા માટે વિકાસશીલ યોજનાઓ અને તેના પર આધારિત કાર્યક્રમોનો લાભ જો બાળકો અને માતાઓને નહી પહોંચે તો માનવ સંસાધન વિકાસનાં ઉદ્દેશ્યો પૂરા નથી થઈ શકતા. એટલા માટે ભારતવર્ષમાં પ્રથમ યોજનાથી જ બાળકલ્યાણ અને બાળવિકાસ પર ભાર મૂકવામાં આવ્યો તથા વિવિધ યોજનાઓ સમયસર નિયમબદ્ધ રીતે કાર્યાન્વિત કરવામાં આવી; પરંતું, આ પ્રયત્નો કરવા છતાં પણ બાળવિકાસમાં હજુ આપણે પાછળ છીએ અને અનેક વિકટ સમસ્યાઓ હજી પણ પ્રવર્તમાન છે.

## 1.2 બાળકલ્યાણ એટલે શું ? વિભાવના, અર્થ, ખ્યાલ

બાળકલ્યાણની વ્યાખ્યામાં બે પ્રકારની વિચારધારાઓ છે. એક વિચારધારા અનુસાર બાળકલ્યાણનું તાત્પર્ય એવા બાળકોનાં કલ્યાણ માટે સેવાઓ અને આયોજનથી છે જે પોતાની વ્યક્તિગત અડચણો મુશ્કેલીઓ, પ્રશ્નો પરિસ્થિતિઓ તથા ઘટનાઓના કારણો પોતાનો સર્વાંગી વિકાસ કરી શકતા નથી. અસહાય, નિરાશ્રિત, વિકલાંગ અપરાધી વગેરે બાળકો માટે જે સેવાઓ આપવામાં આવે છે તે બાળકલ્યાણ સેવાઓ છે. બીજી વિચારધારા અનુસાર બાળકલ્યાણ માત્ર એવા બાળકોને સહાયતા અને વિકાસની તક ઉપલબ્ધ કરાવે છે કે જે અસામાન્ય તથા સમસ્યા આયોજિત હોય; પરંતુ, સાથે સાથે એવા બાળકોને પણ સંપૂર્ણ-સર્વાંગી વિકાસના સંશોધનો અને સેવાઓ ઉપલબ્ધ કરાવે છે. જે સામાન્ય હોય. બાળકલ્યાણની આ વિચારધારા જ સર્વમાન્ય છે.

**બાળકલ્યાણનો ખ્યાલ :**

ભારતની જનસંખ્યાના અંદાજે 42% જેટલા બાળકો 16 વર્ષ સુધીના છે. સંખ્યાને ખ્યાલમાં રાખતા આપણા માટે એ જરૂરી છે કે બાળકોના રક્ષણ તથા પાલન-પોષણનું મહત્ત્વ રાખવામાં આવે. સમાજ કલ્યાણના કાર્યક્રમોમાં બાળકોની મૂળભૂત આવશ્યકતાઓને પ્રાથમિકતા આપવામાં આવે. સ્વાસ્થ્ય સંબંધી સેવાઓ અને ખેલકૂદ તેમજ મનોરંજનની સુવિધાઓ વગેરે બાળકોની તેમજ મનોરંજનની સુવિધાઓ વગેરે બાળકોની જરૂરી જરૂરિયાતો છે તે પૂર્ણ થવી જોઈએ.

ભારતની જનસંખ્યાના લગભગ 40% બાળકોમાંથી 90% બાળકો કુપોષણનો શિકાર બને છે. જેનાથી લગભગ 1 લાખ બાળકોનું મૃત્યુ થાય છે. ભારતમાં બાળમૃત્યુનો દર પ્રતિ હજારે 120 છે.

મનુષ્યના જીવનમાં બાળ અવસ્થા એક એવી અવસ્થા છે જેમાં તેમને સૌથી વધુ સંભાળ, રક્ષણ, પ્રેમ, સહાનુભૂતિની જરૂર પડે છે. તે અવસ્થા દરમિયાન તેમને કાળજી, સુરક્ષાની પણ જરૂરિયાત હોય છે. જે વ્યક્તિઓનું બાળજીવન સુખી, સંતુષ્ટ અને સુરક્ષિત હોય છે. તેમનું વ્યક્તિત્વ અને ભવિષ્ય ઉજ્જવળ બનતું હોય છે.

ફ્રોઈડે તેમના વૈજ્ઞાનિક અધ્યયન અને અનુભવથી એ સિદ્ધ કર્યું છે કે, મનુષ્યના પ્રારંભિક જીવનનો અનુભવ તેમના ભવિષ્ય કે વ્યક્તિત્વની સંરચનાનો આધાર બને છે.

અનાદિકાળથી બાળકોનું પાલન અને પોષણ એક વિશેષ અને મહત્ત્વપૂર્ણ સામાજિક જવાબદારી રહ્યું છે. બાળકની એક અનોખી સ્થિતિ હોય છે તેની જરૂરિયાતોની પૂર્તિ અને જીવન જીવન જીવવા માટે બીજા પર આધારિત હોય છે પરિવારની સંરચના અને પૃષ્ઠભૂમિમાં તેમનું પાલન-પોષણ, સામાજીકરણ અને વિકાસની પ્રક્રિયાનો પાયો બને છે. પરંતુ આધુનિક યુગમાં સામાજિક પરિવર્તન, ઔદ્યોગિકરણ, શહેરીકરણ દ્વારા સામાજિક સમસ્યાઓને જન્મ આપ્યો છે. માતા-પિતા જે આજ સુધી બાળકો સાથે વધારે સમય વિતાવતા હતા તે હવે વધારેમાં વધારે ઘરની બહાર આર્થિક પ્રક્રિયાઓમાં પસાર કરતાં જોવા મળે છે. પરંતુ આવી પરિસ્થિતિમાં આપણે જાગૃત થવું જરૂરી છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે યોજનાઓ અમલમાં મૂકવામાં આવે. બાળકલ્યાણ આવી દિશામાં એક મહત્ત્વપૂર્ણ કાર્યક્રમ છે.

બાળકોનું કલ્યાણ તેમના પરિવાર અને સમુદાય સાથે ઘનિષ્ઠ રૂપમાં જોડાયેલું છે. તેથી બાળકલ્યાણનો ઉદ્દેશ્ય પરિવાર અને સમુદાયના કલ્યાણની એક મોટી સીમા સુધી નિર્દેશિત હોય છે. બાળકલ્યાણનો ઉદ્દેશ કેવળ બાળકોને પ્રત્યક્ષ રૂપમાં સેવા કે સહાયતા આપવાનું જ નથી પણ તે કાર્યો અને પરિસ્થિતિઓને સંગઠિત પણ કરવાનું છે. બાળકલ્યાણ સેવાઓનો મુખ્ય ઉદ્દેશ્ય બાલકોનો પૂર્ણ વિકાસ થાય તે માટે મદદરૂપ થવાનો છે.

બાળકોને બાળકલ્યાણની દૃષ્ટિથી તેને બે મોટી શ્રેણીમાં વહેંચવામાં આવે છે. પહેલા ક્રમમાં તે બાળકો આવે છે જેમને પોતાનો સર્વાંગી વિકાસના અવસર જોઈએ છે અને બીજા તબક્કામાં તે બાળકો આવે છે જે પોતાની વ્યક્તિગત, પારિવારીક અને સામાજિક મુશ્કેલીઓ, સીમાઓ અને પરિસ્થિતિને કારણે અસંતુલિત ગણવામાં આવે છે અને તેના જીવનમાં સામ્યતા અને સંતુલન લાવવા

માટે વિશેષ પ્રકારની લાવવા માટે વિશેષ પ્રકારની સુવિધાઓની જરૂરિયાત છે.

બાળકલ્યાણમાં એક 'અકાર્ડિયન' (એક પ્રકારનું વાદ્ય)ના સમાન ગુણ છે. અમુક લોકો માટે એના અર્થ એક સંકુલિત ક્ષેત્રવાળી ક્રિયા સાથે છે. જેમ કે, બાળસ્વાસ્થ્ય પરંતુ આ ક્ષેત્રમાં કાર્યરત કાર્યકર્તાઓ માટે આનો અર્થ બાળજીવનનો કોઈપણ પક્ષ-વિભાગ જેની વૃદ્ધિ અને યોગ્ય વિકાસથી સંબંધિત હોય, બાળકલ્યાણ સંબંધિત હોય, એનો અર્થ બાળકના શારીરિક, સ્વાસ્થ્ય અને સામાજિક બૌદ્ધિક તથા સર્વાંગી વિકાસથી છે.

ડેવિડ હેમશૈલના મત મુજબ વિસ્તૃતરૂપમાં બાળકલ્યાણ શબ્દ વિભિન્ન પ્રકારનાં રાષ્ટ્રીય, પ્રાદેશિક તથા સ્થાનિક સ્તર પર પ્રયત્નોને સંદર્ભિત કરે છે. જે બાળકોનાં સ્વાસ્થ્ય વિકાસ માટે સંરચિત કરવામાં આવે છે.

ફેડડોસી ક્વાડરીનાં મત મુજબ બાળકલ્યાણનું તાતાર્ય એવી પ્રક્રિયાઓની છે જે સાર્વજનિક અથવા વ્યક્તિગત સંસ્થાઓ કે મધ્યમથી અવલંબનાત્કમ સંકર્ષણાત્મક તથા પૂરક સહાયતાઓનો તથા સેવાઓ દ્વારા રાષ્ટ્રીય, પ્રાદેશિક તથા સ્થાનકિ સ્તરે બાળકો તથા યુવકોની ભલાઈ માટે વધારો કરે છે.

ભારતીય યોજના આયોગે બાળકલ્યાણનો અર્થ બાળકનાં સંપૂર્ણ કલ્યાણ કર્યો છે. એના અંતર્ગત એ સંપૂર્ણ આર્થિક વહીવટી, રાજકીય કાયદાકીય શૈક્ષણિક અને સામાજીક પ્રયત્નો આવે છે. જેમનો ઉદ્દેશ્ય પ્રત્યેક બાળકની વિકાસ અને વૃદ્ધિથી સમાન તક આપવી એમ છે.

## 1.3 બાળકની વ્યાખ્યા :

ભારતના બંધારણની કલમ 24 મુજબ કોઈપણ વ્યક્તિગત 14 વર્ષથી નીચેની ઉંમરની છે તેને બાળક ગણવામાં આવે છે સમગ્ર ભારતને લાગુ પડતા વર્ષ 1986 બાળમજૂરી (નિયંત્રણ અને નિયમન)ના કાયદામાં 14 વર્ષની ઉંમર પૂરી ન થઈ હોય એવી વ્યક્તિને બાળક ગણવામાં આવે છે. વસ્તીગણતરીમાં બાળકો યુવાનો, પુખ્તો અને વૃદ્ધોનું એવું શ્રેણી વિભાજન કરાવામાં આવ્યું છે, તેમાં 14 વર્ષ સુધીની વય ધરાવતી વ્યક્તિને બાળકોની શ્રેણીમાં મૂકવામાં આવે છે. આમ, બાળક એટલે 14 વર્ષ સુધીની વય ધરાવતી વ્યક્તિ, ગુજરાત ફરજિયાત શિક્ષણ અધિનિયમ મુજબ જેની ઉંમર 6 વર્ષથી ઓછી ન હોય અને 14 વર્ષથી વધારે ન હોય તે છોકરો કે છોકરી એટલે કે બાળક.

## 1.4 ભારતમાં બાળકલ્યાણ સેવાનો ઈતિહાસ

ભારતમાં થોડા સમય પહેલાં સુધી સંયુક્ત પરિવારની પ્રથા હતી. હાલ પણ આ પ્રથા થોડા અંશે પ્રવર્તમાન છે. સંયુક્ત પરિવાર બાળક માટે પ્રેમ અને સ્નેહનો ભંડાર હતું અને એમની જ બાળકને સૌથી વધારે જરૂર હોય છે. કોઈપણ આર્થિક સંકટના સમયે બાળક તથા અન્ય સભ્યોને પરિવાર તરફથી જ સુરક્ષા મળે છે અને આ પ્રકારે ભાવનાઓને કોઈ વિશેષ કેસ ઠેસ પહોંચતી નથી.

જ્યાં સુધી ભારતમાં સંયુક્ત પરિવાર હતાં તથા ગામ પોતે જ પોતાનામાં પૂર્ણ સક્ષમ હતાં, આત્મ-નિર્ભર હતાં. સંદેશાવ્યવહાર, તથા વાહનવ્યવહારના સાધનો વિકસિત નહોતા. જીવનધોરણ સાદું હતું અને જરૂરિયાતો પણ ખૂબ વધારે નહોતી કે, જેથી વધારે મુશ્કેલીઓ પડે. બાળકોનો પરિવારમાં જન્મ થતો અને પરિવારમાં જ ઉછેર થતો. એમને ક્યારેય સ્થાનિક લોકો અને પરિવારથી અલગ રહેવાની જરૂર ઊભી થતી નહોતી. ખૂબ ઓછા લોકો રોજગાર અભ્યાસ તથા અન્ય કારણોથી ગામ છોડીને જતા બાળકના વિકાસ માટે બધી સુવિધાઓ ગામમાં જ ઉપલબ્ધ હતી. ઉદાહરણ તરીકે, ભૌતિક તથા ભાવનાત્મક સુરક્ષા અભ્યાસ તથા સાંસ્કૃતિક શિક્ષા તો પરિવારમાં જ મળી જતી અથવા વધારેમાં વધારે તો સમાજની સહાયતા લેવામાં આવતી હતી.

**અંગ્રેજોના શાસનનો પ્રભાવ :**

અંગ્રેજોના શાસન દરમ્યાન ગામ લોકોની રહેણીકરણી અત્યંત અવયવસ્થિત થઈ ગઈ હતી. ઈંગ્લેન્ડમાં ઔદ્યોગિક ક્રાંતિના પરિણામ સ્વરૂપ ભારતની અર્થવ્યવસ્થામાં ખૂબ પરિવર્તન આવ્યાં હતાં. સંદેશા-વ્યવહાર તથા વાહન વ્યવહાર સાધનોના અતિશય વિકાસે ગામની આત્મ-નિર્ભરતા

પર તીવ્ર પ્રહાર કર્યો હતો. દુષ્કાળ અને રોગચાળા પર કાબૂ આવ્યો તથા શાંતિપૂર્ણ વાતાવરણના કારણે દેશની જનસંખ્યામાં ભારે વૃદ્ધિ થઈ હતી. જેના લીધે ખેતીલાયક જમીનના ભાગ પડ્યા મશીન દ્વારા ઉત્પન્ન થયેલા માલ-સામાનની હરિફાઈમાં ગામના ઉદ્યોગોને ભારે નુકશાન થયું. આ બધી બાબતોના પરિણામે નિર્ધનતા વધતી ગઈ. નવા પ્રશાસન તથા ન્યાયપ્રણાલીને કારણે પંચાયતોનું મહત્ત્વ ઘટવા લાગ્યું.

આ કારણોના લીધે ગામના સામાજિક જીવન પર ખૂબ મોટો પ્રભાવ પડ્યો. આર્થિક વિકટતાના કારણે પંચાયતો હવે અસહાય અને અનાથ બાળકોની સહાયતા અને દેખરેખ કરવા માટે અસમર્થ થવા લાગી. સંયુક્ત પરિવારપ્રથા પર પણ આવા કારણોનો ખૂબ મોટો પ્રભાવ પડ્યો જેથી ઘણા વ્યક્તિઓએ રોજગાર મેળવવા માટે પોતાના ગામ છોડીને શહેર તરફ પલાયન કરવું પડ્યું. પરિવારના મુખ્ય સભ્યોના રોજગારી માટે શહેરમાં જતા રહેવાથી પરિવારની દેખરેખ કરવાવાળું કોઈ ન રહ્યું. આ સમસ્યાઓથી બચવા માટે એ વ્યક્તિ પરિવાર સાથે શહેરમાં આવે તો ત્યાં રહેવાની સમસ્યા ઊભી થઈ. રહેવા માટે યોગ્ય મકાન ન મળતાં અને એમને ગંદી અને ખૂબ જ ઓછી જગ્યાઓમાં રહેવું પડતું હતું. આનું એક કારણ એ પણ હતું કે શહેરોમાં મકાનોના ભાડાં ખૂબ વધારે હતાં. ગામમાં રહેવાવાળા બાળકો માટે ઉપલબ્ધ શિક્ષણ હવે પૂરતું સાબિત ન થતાં આ કારણોએ શહેરમાં આવવાવાળા બાળકોને એમના માતા-પિતાની ખૂબ જ ઓછી આવકના કારણે ભણતાં રોક્યાં. ગરીબીના કારણે બાળકોને પૌષ્ટિક આહાર મળી શકતો નહીં અને ક્યારેક તો ગરીબીથી કંટાળી જઈને માતાપિતા પોતાના બાળકોને ચોડી પણ દેતાં હતાં. આ પ્રકારની પરિસ્થિતિઓએ ઘણી ગંભીર સમસ્યાઓને જન્મ આપ્યો. દિવ્યાંગ બહેરા, મૂંગા, અપંગ બાળકોની દેખભાળ પહેલા તો પરિવાર અથવા તો સમાજ કરતાં હતાં; પરંતુ, સંસાધનોની ખોટને કારણે એ પૂર્ણ નિરાધાર થઈ ગયાં.

**ઉપાય :** આજકાલ જે દેશ ખૂબ ધનવાન છે, શરૂઆતમાં ત્યાં પણ કંઈક આવી જ સમસ્યાઓ હતી. આ સમસ્યાઓને મોટા પ્રમાણમાં સરકારે નિવારણ લાવવાની કોશિશ કરી અને થોડા ઘણા અંશે જનતાએ પણ પોતનું યોગદાન આપ્યું. ભારતમાં સરકારકે આ બાબતે ઘણું ઓછું કામ કર્યું છે. આનું કારણ અહીંયાની વિદેશી સત્તા હતું. તેથી સમસ્યાઓએ ખૂબ જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું છે.

જો કે અહીંયા થોડા સમાજ સુધારક હતાં, જેમણે થોડા લોકોના સહયોગથી બાળકલ્યાણ માટે થોડા પ્રયત્નો કર્યા એ છે કે સમસ્યાઓના નિવારણ માટે કોઈ વિસ્તૃત યોજના નહોતી બનાવી. 'Mission-ary Homes' અનાથાશ્રમ, ઔદ્યોગિક વિદ્યાલય જેવી થોડી સંસ્થાઓ બની હતી. સમાજની બધી સામાજિક સંસ્થાઓની જેમ જ બાળકલ્યાણની સંસ્થાઓ પાસે પણ ધન, શિક્ષિત કાર્યકરત્, યોગ્ય સંચાલન વ્યવસ્થા તથા સહયોગનો અભાવ હતો.

જો કે સરકારકને બાળકલ્યાણ માટે કોઈ પ્રત્યક્ષ કાર્ય નહોતું કર્યું; પરંતુ, તેમની રક્ષા માટે કંઈક કાયદાઓ ઘડ્યાં હતાં. સ્વતંત્ર પહેલાંના કાયદાઓ જોઈએ તો...

1. **The Apperentice Act-1850 :**

   આ કાયદા અનુસાર માતા-પિતા પોતાના 10 થી 18 વર્ષના બાળકોને 7 વર્ષ માટે ઉદ્યોગ શીખવા માટે ક્યાંય પણ તાલીમાર્થીના રૂપમાં રાખી શકે છે.

2. **The Guardians And Ward Act-1890 :**

   નાની વયના બાળકોની દેખરેખ માટે સુરક્ષા અધિકારીની નિમણૂંક કરવાની જોગવાઈ કરી.

3. **Reformatory Schools Act-1897**

   15 વર્ષ સધીના કાયદાના સંઘર્ષમાં આવતા બાળકો (બાળ અપરાધી)ને જેલમાં ન મોકલતા આવી શાળાઓમાં મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી.

4. **Child Marriage Prevention Act-1921**

આ કાયદા અંતર્ગત બાળવિવાહ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો.

5. **Indian Merchant Shipping Act-1923**

આ કાયદા અનુસાર 14 વર્ષથી નાની ઉંમરના બાળકો સમૂહના જહાજો પર નોકરી નહીં કરી શકે.

6. **The Children (Pledging of Labour) Act-1933**

આ કાયદા અનુસાર કોઈપણ વાલી પોતાના બાળકોને મંજૂરી માટે બંધકના રૂમમાં રાખી શકશે નહીં.

7. **The Employment of Children Act-1938**

કોઈ વિશેષ કારખાના અને ઉદ્યોગમાં કામ કરવા પર બાળકો માટે પ્રતિબંધ લાદવામાં આવ્યાં.

સ્વતંત્રતા પૂર્વે મુખ્ય કાયદા આ પ્રમાણે હતાં, જે કેન્દ્ર સરકારે પાસ કર્યા હતાં. આ સંબંધમાં રાજ્ય સરકારોએ પણ 1921 બાદ થોડા કાયદાઓ પાસ કર્યા હતાં. જેમાં મુખ્ય કાયદાઓ.... બાળવિકાસ અધિનિયમ (Children's Act) તથા બોર્સ્ટલ સ્કૂલ અધિનિયમ (Borstal Schools Act). આ કોઈ-કોઈ રાજ્યો દ્વારા પાસ કરવામાં આવ્યાં હતાં. બાળ અધિનિયમ (Children's Act) હકીકતે તો સુધારક વિદ્યાલય અધિનિયમ (Reformatary, School Act)નું વિસ્તૃત સ્વરૂપ હતું. આમાં એવા બાળકોનો પણ સમાવેશ થતો હતો કે જેઓ અપરાધી નહોતા. બાળ અધિનિયમ (Childrn's Act) ના અંતર્ગત સાધન વિહોણા, આશ્રય વિહોણા બાળકોનું રક્ષણ સુધાર અને પુનર્વસનની વ્યવસ્થા સામેલ હતી. કાયદાના સંઘર્ષમાં આવેલા બાળકો (અપરાધી બાળકો) પર કેસ ચલાવીને એમને ચૂકાદો આપવામાં આવતો અને પછીથી એ ચોક્કસ નક્કી કરેલા સમય માટે જૂનિયર (Junior) અથવા સિનિયર સર્ટિફાઈડ સ્કૂલ (Senior Certified School)માં રાખવામાં આવતા (બાળ અધિનિયમ (Children's Act) મદ્રાસમાં 1920માં, બંગાળમાં 1928માં, મધ્યપ્રદેશમાં 1928માં પાસ કરવામાં આવ્યાં.) 15 વર્ષની 19 વર્ષની ઉંમર સુધીના નવયુવાઓની વિશેષ વ્યવસ્થા કરવામાં આવતી. આ સ્કૂલમાં અન્ય સારી બાબતો શીખવાની સાથે-સાથે ઔદ્યોગિક પ્રશિક્ષણ પણ આપવામાં આવતું હતું. (આ કાયદો મદ્રાસમાં 1926માં, પંજાબમાં 1926માં અને મુંબઈમાં 1929માં અમલમાં આવ્યો હતો.) એવું કહી શકીએ કે બાળકોના હિતના રક્ષણ માટે નિયમો વધારે સારો તો હતાં; પરંતુ, તેમને ઉચિત કાર્યતંત્ર દ્વારા પ્રભાવી ન બનાવી શક્યાં. આ કાયદાઓ વધારે વિસ્તૃત પણ નહોતા. અને તેમાં અલગ-અલગ રાજ્યો વચ્ચે તફાવત જોવા મળ્યો. બાળકલ્યાણને એક સુદૃઢ આધાર આપવા માટે આ બધી ઉણપની પૂર્તિ કરવાની આવશ્યકતા હતી.

**સ્વતંત્રતા પ્રાપ્તિ પહેલાની દશા :**

બાળકો તથા બાળકલ્યાણ સંસ્થાઓ પર પ્રભાવ પાડનાર કાયદાઓ મુખ્યત્વે ઈંગ્લેન્ડમાં પાસ થયેલા કાયદાઓ પર આધારિત હતાં. એમનું કારણ સ્પષ્ટ છે કે એક તો ભારત પર અંગ્રેજોનું શાસન હતું, બીજું મિશનરીઓએ પોતાનું કામ બાળકોના કલ્યાણના કાર્યક્રમોથી જ પ્રારંભ કર્યું હતું. બાળકલ્યાણ સંબંધિત કાયદા અને સંસ્થાઓ એવા વ્યક્તિઓ દ્વારા ચલાવવામાં આવતી કે જે ભારતીય જીવનધોરણ વિષયમાં જરા પણ જાણતા નહોતા. જેથી અમુક સંસ્થાઓનો વ્યવસ્થિત કાર્ય ન કરી શકી તથા અમુક સંસ્થાઓ આ સંબંધમાં અશક્રિય થઈ ગઈ. બાળકોના રક્ષણ અને કલ્યાણ માટે ઘડવામાં આવેલાં કાયદા જો કે, પોતે સારા હતાં; પરંતુ, તેમને અસરમાં લાવવા માટે યોગ્ય શાસનની ઉણપ હતી. આ સંસ્થાઓને ભારતીય વાતાવરણ પ્રમાણે બદલાવાની જરૂર હતી. અને સંસ્થાઓમાં પણ થોડી ઉણપ હતી જે દૂર કરવી જરૂરી હતી.

**સ્વતંત્રતા પછી કરવામાં આવેલા કાર્યો :**

**બંધારણીય જોગવાઈ :**

સ્વતંત્રતાએ ઘણા ક્ષેત્રોમાં એક નવા યુગનો પ્રારંભ કર્યો હતો. બાળકલ્યાણમાં પણ કંઈક એવું જ થયું. બંધારણે પણ આ વિષયમાં મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું.

1) ત્રીજા ભાગમાં કલમ (Article) 15 ના અંતર્ગત મૂળ અધિકારોમાં એવું કહેવામાં આવ્યું છે કે, મહિલાઓ અને બાળકોના કલ્યાણ પ્રત્યે દેશમાં વિશેષ ધ્યાન રાખવામાં આવશે અને આ કાર્યક્રમોમાં ધર્મ, જાતિ, લિંગ અને સ્થાન સાથે કોઈ સંબંધ નહીં હોય. સુવિધાઓ બધા માટે એક સમાન પૂરી પાડવામાં આવશે.

2) કલમ (Article) 24 માં કહેવામાં આવ્યું છે કે 14 વર્ષથી નાની વયના કોઈપણ બાળકોને કોઈપણ કારખાનામાં, ખાણમાં અથવા સંકટ ધરાવતાં કોઈપણ અન્ય સ્થાનો પર કામ પર રાખી શકશે નહીં.

3) બંધારણીય કલમ (Article) 39ના ચોથા ભાગમાં નિતિ વિષયક તત્ત્વો અંતર્ગત, કહેવામાં આવ્યું છે કે રાજ્ય પોતાના ક્ષેત્રમાં કાર્ય કરવાવાળા શ્રમિકો અને મહિલાઓના સ્વાસ્થ્ય તરફ વિશેષ ધ્યાન આપશે તથા એ પણ ખાસ ધ્યાન રાખશે કે નાની વયના બાળકીનો દુરુપયોગ તો નથી કરાવમાં આવી રહ્યો ને ! રાજ્ય એ પણ ધ્યાન રાખશે કે વ્યક્તિઓને આર્થિક સંકડામણના કારણે એવા ઉદ્યોગ અથવા કામ ન કરવા પડે જે વ્યક્તિની શક્તિ અથવા ઉપરની દષ્ટિએ યોગ્ય ન હોય. રાજ્ય એ પણ ધ્યાન રાખવા જવાબદાર છે કે, બાળકો અને યુવાનોનું શોષણ થઈ રહ્યું ને અને એ કોઈપણ પ્રકારે ભૌતિક અથવા નૈતિક મુશ્કેલીમાં તો નથી ને

4) કલમ (Article) 45 અંતર્ગત કહેવામાં આવ્યું છે કે, આ બંધારણ લાગુ થવાના 10 વર્ષ પછી 14 વર્ષ સુધીના બાળકોને આવશ્યક અને વિના મૂલ્યે શિક્ષણ આપવાનો પ્રયત્ન કરવામાં આવશે.

5) કલમ (Article) 46 અંતર્ગત કહેવામાં આવ્યું છે કે રાજ્ય લોકોના જીવન-ધોરણ ઊંચા લાવવાનો પ્યત્ન કરશે તથા લોકીના સ્વાસ્થ્યમાં વધારો કરવાનો રાજ્ય સરકારના મુખ્ય કાર્યોમાંથી એક હશે.

## 1.5 બાળકલ્યાણની જરૂરિયાત :

માનવ વિકાસના પરિપેક્ષમાં તમામ મનુષ્યોનો વિકાસ થવો જરૂરી છે. બાળકોનાં વિશિષ્ટ રૂપમાં અમુક બીમારીઓના કારણે થવા વાતો બાળમૃત્યુનાં વિશ્લેષણ કરવાથી ખબર પડ છે કે 1982થી લઈને 1986 સુધીના જુદા જુદા વર્ષોમાં સૌથી વધારે બાળમૃત્યુ અપરિપકવતાનાં કારણે થયાં છે. ઝાડા અને કુપોષણ પણ બાળમૃત્યુના (નોંધવા લાયક) ઉલ્લેખનીય કારણો રહ્યા છે.

બાળકોના શિક્ષણનાં ક્ષેત્રમાં અનેક મહત્ત્વપૂર્ણ પ્રયત્નોનાં પરિણામ સ્વરૂપ પર્યાપ્ત અને અવિરત પ્રગતિ થઈ ગઈ છે. તેમ છતાં 14 વર્ષની ઉંમર સુધીના બધા બાળકોને વિના મૂલ્યે ફરજિયાત શિક્ષણ પૂરું પાડવાની બંધારણીય વચનબદ્ધતાને હજી સુધી પૂર્ણ કરી શકાઈ નથી. ખરાબ આર્થિક સ્થિતિનાં કારણે બાળકોનો એક વિશાળ ભાગ શ્રમિકનાં રૂપમાં કાર્ય કરી રહેલ છે. ખૂબ જ દુઃખની વાત છે કે, અધિનિયમો અંદર્ગત બાળકોને શોષણ સંબંધમાં વિશેષ જોગવાઈ કર્યા પછી પણ બાળકોનું શોષણ તથા દુરુપયોગ થઈ રહ્યો છે. આમ ઘણાં બાળકો ઉદ્યોગો, વ્યવસાયો તથા ઘરકામનાં કાર્યોમાં બહુ જ ઓછા વેતને ઘણાં બાળકો ઘણાં લાંબા સમય માટે જોખમરાકરક કાર્યો સહિત અનેક પ્રકારનાં કાર્યોમાં જોડાયેલા છે. લાખો બાળકો ગરીબી, ભૂખમરા, શોષણ તથા અન્યાયનાં શિકાર બન્યાં છે. ઘરની આર્થિક પરિસ્થિતિઓ પ્રતિકૂળ હોવાથી એમને કઠિન પરિસ્થિતિઓમાંથી કામ કરવા માટે રાખવામાં આવે છે. એક અનુમાન છે કે, ભારતમાં 165થી 175 મિલિયન બાળકો જુદા-જુદા સંગઠનોમાં જોડાયેલા છે. એના સિવાય 4 મિલિયન બાળકો સંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે.

## 1.6 બાળકલ્યાણના હેતુઓ-ઉદ્દેશ્ય :

બાળકલ્યાણના ઉદ્દેશ્યો નીચે મુજબ છે.

1) બાળકોની મૌલિક જરૂરિયાતોની પૂર્તિ કરવી તથા ક્ષેત્રનાં વિકાસ માટે વધારેમાં વધારે અવસર ઉપલબ્ધ કરાવવો.

2) શારીરિક, માનસિક, સર્વાંગી શૈક્ષણિક તેમજ વ્યવહારિક વિકાસ માટેની સેવાઓનું આયોજન કરવું.

3) નબળા તેમજ વંચિત બાળકોને સુરક્ષા પૂરી પાડવી, જેથી તેમનો વિકાસ રૂંધાય નહી અને તે સ્વસ્થ વ્યક્તિત્ત્વોનો વિકાસ કરી શકે.

4) એવા બાળકો માટે કે જેઓ પોતાની વ્યક્તિગત પરિસ્થિતિઓ સાથે સમાજમાં મુશ્કેલી-અનુભવી રહ્યાં છે.

5) શારીરિક, સર્વાંગી માનસિક તથા સામાજિકરૂપથી બંધિત બાળકોની ચિકિત્સા વ્યવસ્થા તથા પૂનર્વસનની વ્યવસ્થા કરવી.

6) રોગોથી બચાવ કરવો તથા સ્વાસ્થ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવી તથા

7) આત્મનિર્ભરતા વિકાસ કરવી.

આ પ્રમાણે એવું કહી શકીએ કે બાળકલ્યાણનો ઉદ્દેશ્ય એ સેવાઓને ઉપલબ્ધ કરાવવાનો છે જેનાથી સામાન્ય બાળકો તથા સમસ્યાગ્રસ્ત બાળકો, વિશેષરૂપથી વંચિત તથા નબળા બાળકોનો સંપૂર્ણ વિકાસ થઈ શકે તથા વિકલાંગ તથા વંચિત બાળકોનું પુનર્વસન શક્ય થઈ શકે.

## 1.7 ઉપસંહાર

બાળકલ્યાણ એ માનવવિકાસ માટેનું પ્રથમ પગલું છે. બાળકલ્યાણની જરૂરિયાત છે. શા માટે છે તેના હેતુઓ-ઉદ્દેશઅયો સ્પષ્ટ હોય તો બાળકલ્યાણ તબક્કાવાર થઈ શકે છે. બાળકલ્યાણ થવાથી દેશનાં વિકાસની દિશામાં આગળ વધી શકાય છે. બાળકલ્યાણની જરૂરિયાત સમજવી તે દિશામાં કાર્યવાહી કરવી તે દેશની ફરજ છે. માનવ વિકાસની જરૂરિયાત છે જે અત્રે દર્શાવેલું છે. સમાજકાર્યનાં વિદ્યાર્થી તરીકે તેની સમજ કેળવાય તે માટે અત્રે રજૂ કરાયેલું છે.

## 1.8 તમારી પ્રગતિ ચકાસો

1. ભારતના બંધારણની કઈ કલમમાં બાળકની ઉંમરનો ઉલ્લેખ જોવા મળે છે ?

(A) કલમ-22 (B) કલમ-24

(C) કલમ-26 (D) કલમ-28

2. ભારતના બંધારણની કલમ-24 મુજબ કોઈપણ વ્યક્તિ ...... વર્ષથી નીચેની ઉંમરની છે તેને બાળક ગણવામાં આવે છે ?

(A) 12 વર્ષ (B) 16 વર્ષ

(C) 14 વર્ષ (D) 11 વર્ષ

3. બાળમજૂરી (નિયંત્રમ અને નિયમન) કાયદો કયા વર્ષાથી અમલમાં આવ્યો ?

(A) ઈ.સ. 1986 (B) ઈ.સ. 1992

(C) ઈ.સ. 1985 (D) ઈ.સ. 1995

4. બાળમજૂરી (નિયંત્રણ અને નિયમન) કાયદામાં ....... ઉંમર પૂરી ન થઈ હોય એવી વ્યક્તિને બાળક ગણવામાં આવે છે ?

(A) 13 વર્ષની (B) 18 વર્ષની

(C) 17 વર્ષની (D) 14 વર્ષની

5. The Apprentice Act ભારતના બંધારણની કઈ કલમમાં બાળકની ઉંમરનો ઉલ્લેખ જોવા મળે છે ?

(A) ઈ.સ. 1850 (B) ઈ.સ. 1858

(C) ઈ.સ. 1851 (D) ઈ.સ. 1852

6. બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ ક્યારે અમલમાં આવ્યો ?

(A) ઈ.સ. 1921 (B) ઈ.સ. 1922

(C) ઈ.સ. 1925 (D) ઈ.સ. 1924

7. મદ્રાસમાં બાળ-અધિનિયમ ક્યારે અમલમાં આવ્યો ?

(A) ઈ.સ. 1921 (B) ઈ.સ. 1925

(C) ઈ.સ. 1920 (D) ઈ.સ. 1928

8. Reformatory School Act ક્યારે અમલમાં આવ્યો ?

(A) ઈ.સ. 1985 (B) ઈ.સ. 1988

(C) ઈ.સ. 1987 (D) ઈ.સ. 1990

## 1.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (B) કલમ-24
2. (C) 14 વર્ષ
3. (A) ઈ.સ. 1986
4. (D) 14 વર્ષની
5. (A) ઈ.સ. 1850
6. (A) ઈ.સ. 1921
7. (C) ઈ.સ. 1920
8. (C) ઈ.સ. 1987

## 1.10 ચાવીરૂપ શબ્દો

**બાળક** : 14 વર્ષ સુધીની વય ધરાવતા વ્યક્તિઓ

**કલ્યાણ** : જરૂરિયાતમંદ લોકોની મૂળભૂત ભૌતિક અને ભૌતિક સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે રચાયેલ વૈધાનિક પ્રક્રિયા અથવા સામાજિક પ્રયાસ.

## 1.11 સ્વાધ્યાય લેખન

1. બાળકલ્યાણ એટલે શું ?

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

2. બાળકલ્યાણના ઉદ્દેશ્યો :

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 1.12 પ્રવૃતિ

ભારતમાં થયેલ બાળ-કલ્યાણની સેવાઓ અંગે કાર્યરત સંસ્થાઓની સેવાઓ વિશે નોંધ લખવી.

## 1.13 કેસ સ્ટડી

બાળકોના અંગેની કાયદાકીય બાબતો અંગે વર્તમાન સમયના સંદર્ભમાં પરિસ્થિતિ વિષયક નોંધ કરવી.

## 1.14 સંદર્ભગ્રંથો


1. એનસાયક્લોપિડીયા ઑફ સૉશ્યલ વર્ક : સમાજકલ્યાણમંત્રાલય ભારત સરકાર
2. સમાજકાર્ય કે ક્ષેત્ર : ડૉ. ગિરીશ કુમાર
3. સમાજકાર્ય : ઓજલવીરત તેજસકાર પાંડે.

# એકમ–2 બાળકોનાં કલ્યાણનું ક્ષેત્ર

: રૂપરેખા :

2.0 એકમના હેતુઓ
2.1 પ્રસ્તાવના
2.2 બાળકોની સમસ્યાઓ
2.3 ભારતમાં બાળકલ્યાણ સેવાઓનો વિકાસ
2.4 બાળકલ્યાણ સંબંધિત સેવાઓ
2.5 ઉપસંહાર
2.6 તમારી પ્રગતિ ચકાસો
2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
2.8 ચાવીરૂપ શબ્દો
2.9 સ્વાધ્યાય લેખન
2.10 પ્રવૃતિ
2.11 કેસ સ્ટડી
2.12 સંદર્ભગ્રંથો

## 2.0 એકમના હેતુઓ

- પ્રસ્તુત એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ બાળકોની સમસ્યાઓ અંગે માહિતી પ્રાપ્ત કરશે.
- પ્રસ્તુત એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓને એ જાણવા મળશે કે બાળકલ્યાણ સેવાઓનો વિકાસ ભારતમાં કેવી રીતે થયો.

## 2.1 પ્રસ્તાવના

બાળકલ્યાણ એ માનવ વિકાસ માટે ખૂબ અગત્યનું છે. બાળકલ્યાણ માટે તેનાં ક્ષેત્ર કયા છે તે જાણવા ખૂબ જ જરૂરી છે. બાળકલ્યાણ માટે પ્રથમ બાળક વિશેની માહિતી હોવી જરૂરી છે. બાળકોને પડતી મુશ્કેલીઓ-સમસ્યાઓ વિશે જાણકારી મેળવ્યા બાદ બાળકલ્યાણ સંબંધિત સેવાઓને વિકાસ - સેવાઓ વિશે માહિતી મેળવવી પડે. બાળકલ્યાણ માટે ભારત સરકાર શું કરી રહી છે અલગ બાળકલ્યાણમંત્રાલયકેન્દ્રી, સમાજકલ્યાણ મંડળ, રાજ્ય સમાજકલ્યાણ સલાહકાર મંડળ, આઠમી સમાજકલ્યાણ યોજના વિશે માહિતી મેળવી જરૂરી છે. જેની અત્રે માહિતી આપવામાં આવેલ છે.

આ એકમનાં અભ્યાસથી તમે

1. બાળકોની સમસ્યાઓ
2. બાળકલ્યાણ સેવાઓનો ઈતિહાસ
3. બાળકલ્યાણ સંબંધી સેવાઓ
4. સરકારી સિસ્ટિમ વિશે માહિતી ઉપલબ્ધ કરી શકશે.

## 2.2 બાળકોની સમસ્યાઓ

ભારતીય બંધારણમાં કહ્યું છે કે, દેશના રહેવાસી તમામ નાગરિકોના ઉત્થાન માટે કાર્ય કરશે. તમામ નાગરિકોમાં નાના નાગરિકોનું સ્થાન સૌથી ઊંચું છે. એનું એ કારણ છે (Encyclpedia of

Social work in India)ના અંતર્ગત કહ્યું છે કે ભારત સરકારના બાળકોના કલ્યાણના વિષય ઉપર સૌથી વધારે ધ્યાન આપવું જરૂરી છે. પ્રત્યેક દેશમાં બાળસંબંધિત સમસ્યાઓ અવશ્ય રહી છે. જેમકે, આરોગ્ય, પૌષ્ટિક આહાર, શિક્ષણ, પ્રશિક્ષણ, ઉચિત દેખભાળ વગેરે સમસ્યાઓ દૂર કરવા તથા બાળકોના સમુચિત વિકાસ મટે પ્રયત્ન કરવો જેવા કે, કાર્ય કરવાથી વિદ્વાનોએ બાળકલ્યાણ કાર્ય કહ્યું છે. આ પ્રકારના બાળકોની દશામાં બદલાવ અથવા તેમની ભલાઈ માટે કરવાના કાર્યો અથવા આપવામાં આવતી સેવાઓને કલ્યાણ કહેવામાં આવે છે. Dr. Paul Chaudhary એ તેમના પુસ્તક Voluntery welfere Agenoys in India માં કહ્યું છે કે, જો દેશ જેટલો ગરીબ હશે તેવા દેશમાં બાળકલ્યાણ કાર્યો પર વિશેષ બળ, આપવામાં આવી રહ્યું છે અને બધી જ પંચવર્ષીય યોજનાઓમાં બાળકલ્યાણ જેવા કાર્યોને માટે રાશિ નક્કી કરવામાં આવે છે અને અલગ-અલગ કાર્યક્રમ ચલાવવામાં આવે છે; પરંતુ, આ કાર્યક્રમોની વિવેચના કરતા પહેલાં ભારતમાં બાળકોની સમસ્યાઓની પ્રકૃતિ જાણી લેવી જરૂરી છે.

- **ભારતમાં બાળકોની સમસ્યાઓ :**

બાળકો બીજા પર આધારિત રહેતા હોવાથી સમાજના સૌથી દુર્બળ સમૂહ હોય છે. તેને કેટલાક પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. એમાં કેટલીક સમસ્યાઓ તો તમામ બાળકોને માટે સામાન્ય હોય છે; પરંતુ, કેટલીક વિશિષ્ટ શ્રેણીઓથી બાળકોને વિશેષ પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. વિદ્વાનોએ બાળકોની સમસ્યાઓને નિમ્ન શ્રેણીઓમાં વિભાજન કર્યું છે.

- **વિકલાંગ બાળકોની સમસ્યાઓ :**

વિશ્વસ્વાસ્થ્ય સંગઠનના અનુસાર ભારતમાં લગભગ 9 કરોડ લોકો વિકલાંગ છે અને એની સંખ્યા પ્રતિવર્ષ 50 લાખા દરથી વધી રહી છે. એમાં શારીરિકરૂપે તથા માનસિકરૂપે વિકલાંગ બાળકોની બહુ મોટી સંખ્યાનો સમાવેશ છે. એવા બાળકોની સમસ્યાઓ અત્યંત જટિલ હોય છે.તેની મુખ્ય સમસ્યાઓમાં વિશેષ શિક્ષણ અને પ્રશિક્ષણની સમસ્યા સ્વાસ્થ્ય અને દવાદારૂની સમસ્યા, સંસ્થાગત દેખભાળ, પુનર્વસનની સમસ્યા, મનોરંજન તથા આર્થિક સુરક્ષાની સમસ્યા વગેરેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

- **અનાથ અને અધર્મજ બાળકોની સમસ્યાઓ :**

ભારતમાં અનાથ અને અધર્મ જડ બાળોકોની સંખ્યામાં નિરંતર વૃદ્ધિ થઈ રહી છે. નેચરલ કોષો, મહામારી, દુર્ઘટના, સામ્પ્રદાયિક ઝઘડા વગેરે કારણોથી અહીં બાળકો પોતાના માતા-પિતાથી અગ થઈ જાય છે આથી અવિવાહિત માતાઓના બાળકો, અનાથ બાળકો વગેરે આ શ્રેણીના બાળકોની સંખ્યામાં વૃદ્ધિ કરે છે. સમાજ પણ આ પ્રકારના બાળકોનો સ્વીકાર કરતા નથી. ફળસ્વરૂપે આ વર્ગના બાળકોને વિશિષ્ટ પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આ બાળકોની ગુપ્ત સમસ્યાઓમાં સંરક્ષણ, શિક્ષણ, નિર્વાહ, સંસ્થાગત દેખભાળ, સ્વાસ્થ્ય અને હોસ્પિટલ વગેરેનો ઉલ્લેખ કરી શકાય છે.

- **બાળ અપરાધીઓની સમસ્યાઓ :**

ભારતમાં સમાન પ્રમાણમાં કૌટુંબિક વિભાજન, અધર્મજ બાળકોની સંખ્યામાં વધારો, નિર્ધનતા, નિયંત્રણનો અભાવ, અનૈતિકતામાં વૃદ્ધિ તથા અન્ય કારણો બાળકોને અપરાધની બાજુ ઉત્સાહિત હોવાથી તેના ફળસ્વરૂપે બાળ અપરાધીની સંખ્યામાં મોટા પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે. આવા વર્ગના બાળકોની સમસ્યાઓ વિશિષ્ટ પ્રકારની હોય છે. જેમાં અધ્યક્ષરૂપથી સુરક્ષા, સુધારો, પુનઃનિવાસ, શિક્ષણ, પ્રશિક્ષણ તથા સંસ્થાગત દેખભાળ વગેરે સમસ્યાઓનો ઉલ્લેખ કરવામાં આવે છે.

- **સામાન્ય બાળકોની સમસ્યાઓ :**

ભારતમાં સામાન્ય બાળકોની સમસ્યાઓમાં શિક્ષણ, આરોગ્ય, પૌષ્ટિક આહાર, ઉચિત દેખભાળ તથા મનોરંજનની સમસ્યાઓ અધિક મહત્ત્વપૂર્ણ છે. ગરીબીને કારણે દેશના મોટાભાગના

બાળકોને ઉચિત પોષણયુક્ત આહાર નથી મળી રહ્યો અને નિદાનાલયની સુવિધાની સમસ્યાને કારણે સમય પર રસીકરણની સુવિધા પણ મળી રહેતી નથી. મફત અને અનિવાર્ય પ્રાથમિક શિક્ષણ ઉપર ભાર આપવા ઉપરાંત લગભગ 50% બાળકો વિદ્યાલયોને શરૂઆતના ભાગમાં જ છોડી દેતા હોય છે. બાળકોની સંખ્યા અને ઉંમરમાં તેજીથી વૃદ્ધિને કારણે એમના મનોરંજનની સમસ્યા પણ જટિલ હોય છે. તથા તેઓની અજ્ઞાનતાના કારણે બાળકોની ઉચિત દેખભાળ પણ થતી નથી તેના ફળસ્વરૂપે બાળકોનું ઉપલબ્ધ રક્ષણ અને અનુચિત વિકાસ થઈ શકતો નથી.

- **બાળશ્રમિકો (બાળમૂજર)ની સમસ્યાઓ :**

બાળમજૂરને એક સામાજિક રીતે ખોટું માનવામાં આવે છે. છતાં પણ ભારતમાં કરોડો બાળમજૂર અલગ-અલગ વિભિન્ન ઉદ્યોગો, વ્યવસાયો દુકાનો, હોટલો અને ઘરેલું કામો અવરોધરૂપથી કામ કરવું પડે છે. જે 14 વર્ષ તથા ઓછી ઉંમરવાળા બાળક અથવા બાલિકા હોય છે. આમ, બાળ શ્રમિકોના અનેક પ્રકારોથી શોષણ હોય છે. એમની મુખ્ય સમસ્યાઓમાં ઓછી મજૂરી, કામના કલાકો વધુ, અવકાશની કમી(ખામી) તથા શારીરિક શોષણની ખામીઓ તથા શારીરિક શોષણ વગેરેનો થોડો ઉલ્લેખ કરી શકાય.

## 2.3 ભારતમાં બાળક્લયાણ સેવાઓનો વિકાસ :

પરંપરાગત બાળકોના ભરણપોષણ, દેખરેખ અને સંરક્ષણની જવાબદારી, પરિવારની હોય છે. બાળકોની જરૂરિયાતોનાં સંતોષમાં પરિવારની એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે; કારણ કે, પરિવાર એ પ્રેમ અને સદ્‌ભાવનાના સ્રોત છે. કુટુંબની રચના અને પાયામાં બાળકો પાલનપોષણ, સાંસ્કૃતિકરણ અને વિકાસની આધારશીલા રાખવામાં આવે છે; પરંતુ, આધુનિક સમયમાં સામાજિક પરિવર્તન, ઔદ્યોગિકીકરણ અને નગરીકરણ જટિલ સામાજિક સમસ્યાઓને જન્મ આપ્યો છે. પરીવારની સંરચના, ભાૂમિકા અને પરિવર્તિત કરી દીધા છે. વર્તમાન સમયમાં વ્યવસ્થિત પ્રયત્નોની અત્યંત જરૂરિયાત છે જે બાળકોના સર્વાંગી વિકાસમાં યોગદાન કરી . બાળકલ્યાણ આ દિશામાં એક મહત્ત્વપૂર્ણ પ્રયત્ન છે.

સ્વતંત્રતા પ્રાપ્તિ પછી બાળકોના અધિકારોને સુરક્ષિત રાખવા તથા કલ્યાણકારી કાર્યો માટે બંધારણમાં જોગવાઈ કરેલી છે. તથા નવા કાર્યક્રમો અમલમાં મૂક્યાં છે. પંચવર્ષીય યોજનામાં બાળકલ્યાણને પ્રાથમિકતા આપવામાં આવેલી છે.

- **સ્વાસ્થ્ય સેવાઓ :**

સ્વાસ્થ્ય સેવાઓમાં માતા તથા બાળકલ્યાણ, શાળા સ્વાસ્થ્ય સેવા, મધ્યાહન ભોજન તથા પૌષ્ટિક આહાર કાર્યક્રમ તથા બાળ નિર્દેશનકેન્દ્ર વગેરેની ગણના થાય છે.

બાળકલ્યાણના કોઈપણ વ્યાપક કાર્યક્રમમાં માતા તથા બાળ સંબંધી સેવાઓ પ્રાથમિક મહત્ત્વતા ધરાવે છે. આ સેવાઓ અંતર્ગત લાભાર્થીના ઘર ઉપર જવું, પ્રસૂતિ નિદાનકેન્દ્ર, ધાત્રીસેવા, માતૃસદન, બાળકલ્યાણ કેન્દ્ર, પ્રસૂતિ પછીની માતાની દેખરેખ વગેરે સેવાઓનો સમાવેશ થાય છે. બાળકો માટે સંતુલિત સ્વાસ્થ્ય સેવાઓ અને કાર્યક્રમનું તંદુરસ્ત રાષ્ટ્રના નિર્માણની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનું છે.

બાળસ્વાસ્થ્ય સંબંધિત સેવાઓ અંતર્ગત માતૃસ્વાસ્થ્ય સેવા, બાળસ્વાસ્થ્ય કેન્દ્રશાળા સ્વાસ્થ્ય સેવા, બાળસ્વાસ્થ્ય કેન્દ્ર, પોષણ માટેની વ્યવસ્થા બાળનિર્દેશન કેન્દ્ર વગેરે હોવા જોઈએ.

- **બાળનિર્દેશન કેન્દ્ર :**

બાળકોમાં અસમાયોજન તથા વ્યવહાર વિચલન સંબંધી સમસ્યાઓની રોકી શકાય તે માટે બાળનિર્દેશન કેન્દ્ર જરૂરી છે. મનોચિકિત્સિક તથા મનોવૈજ્ઞાનિકોની મદદથી અસમાયોજનનો અંદાજ લગાવી શકાય છે અને શરૂઆતના તબક્કામાં જ બાલનિર્દેશન કેન્દ્રો તથા મનોચિકિત્સકની મદદથી અસામાયોજન ઉપર રોક લગાવી દેવામાં આવે અથવા નિદાન કરવામાં આવે તો અનેક બાળકોના સ્વાસ્થ્ય પર વિકાસની દૃષ્ટિથી બહુ જ લાભ થઈ શકે છે, અને તે આગળ જતાં જીવનની મુશ્કેલીઓનો દૃઢતાથી સામનો કરી શકે છે. માતા-પિતાનું મૃત્યુ અથવા લાંબાગાળાની બીમારી અથવા પત્નીનું ઘર

છોડી દેવું અથવા છૂટાછેડા લેવા વગેરે પરિસ્થિતિમાં બાળકોને ઘરથી દૂર રાખવા જરૂરી બની જાય છે. આવી સ્થિતિમાં જ્યાં સુધી શક્ય બને તો તેઓને ઘર જેવા વાતાવરણમાં રાખવા જોઈએ. મુશ્કેલીના સમયે બાળકને કોઈ સંસ્થામાં મૂકવામાં આવે છે; પરંતુ, ત્યાં તેને જરૂરી હોય એના કરતાં ઓછામાં ઓછો સમય આપવો જોઈએ. સંભવ હોય ત્યાં સુધી બાળકલ્યાણની સંસ્થાઓ વિચારી શકે કે તે મુજબે બાળકો તેના ઘરેલું વાતાવરણમાં રાખવામાં આવે. ઘરેલું વાતાવરણ પૂરું પાડવા માટે બાળકને પાલ્ય કુટુંબમાં રાખવામાં આવે છે આવી સ્થિતિમાં બાળકને રહેવાની વ્યવસ્થા કોઈ કુટુંબમાં કરવામાં આવે છે. જ્યાં પાલક માતા-પિતા તેમને પોતાના બાળકની જેમ રાખી શકે. ક્યારેક ક્યારેક આ સેવાના બદલામાં પરિવારને બાળકને માતા-પિતા અથવા કલ્યાણ સંસ્થાની તરફથી ચૂકવણું કરવામાં આવે છે.

- **દત્તકગ્રહણ :**

બાળકના પુનઃ સ્થાપનની એક પદ્ધતિ છે તે, દત્તકગ્રહણ. જ્યારે કોઈ વ્યક્તિ કાયદાનુસાર બીજાનું બાળકને પોતાના બાળકના રૂપમાં ગ્રહણ કરે તો તેને દત્તકગ્રહણ કહે છે. આપણા દેશમાં દત્તકગ્રહણનું ધાર્મિકરૂપ પણ છે અને કાયદાકીય પણ, આ પદ્ધતિનો સફળ પ્રયોગ થઈ શકે છે. અનાથ તથા નિરાશ્રિત બાળકોનું પુનર્વસન માટે કલ્યાણ સંસ્થાઓ આ પદ્ધતિ અપનાવી શકે છે.

- **સંસ્થાગત દેખરેખ :**

બાળકો ઉપર સંસ્થાત્મક આવાસનો ખોટો પ્રભાવનાં ઉલ્લેખ અહીં આગળ કરી ચૂક્યાં છે; પરંતુ, જેવી પરિસ્થિતિ પરિવારના મહત્ત્વને બધા સ્વીકાર કરે છે. મમતા અને સ્નેહનું મહત્ત્વ આહાર અને આવાસથી ઓછું નથી. જ્યાં સુધી સમજાય છે ત્યાં સુધી બાળકોની દેખભાળ એના પરિવારમાં રાખીને જ થવી જોઈએ; પરંતુ, એને સંસ્થામાં રાખાવની જરૂરિયાત ઊભી થાય તો ત્યાંનું વાતાવરણ ઘરેલું હોવું જોઈએ. આ સંસ્થાઓમાં નિવાસમાં મોટા મોટા રૂમના બદલે નાના નાના કક્ષ હોવા જોઈએ એમાં બાળકોની દેખરેખ માટે એવા કર્મચારીઓની નિયુક્તિ કરવી કે જે માતા-પિતાની જેમ એને મમતા અને હૂંફ આપી શકે.

એવા બાળકો પણ હોય છે કે જેને માતા-પિતાએ તરછોડી દીધું હોય, અને એના માતા-પિતા હયાત નથી, માતા, પિતામાંથી કોઈ એકનું મૃત્યુ થાય તો પણ બાળક પરાવલમ્બી થઈ જાય છે. કેટલાક માતા-પિતા પોતાના બાળકને પાલન પોષણની જવાબદારીથી મુક્ત થઈ જાય છે. વિધવા, ત્યક્તા અથવા નિરાશ્રિત મહિલાઓને તેના બાળકોના પાલનપોષણ માટે આર્થિક મદદ મળી જાય તો ઘણા બાળકોના પારિવારિક જીવનના વાતાવરણને સુરક્ષિત કરી શકાય છે. લાંબા સમયના રોગ, બેરોજગારી, દુર્ઘટના મૃત્યુ તથા પ્રસૂતિને કારણે ક્યારેક પરિવાર પર મુશ્કેલીઓ આવી શકે છે અને ગૃહસ્થ જીવન વિખેરાય જાય છે. ત્યારે આવા પ્રસંગોએ આર્થિક મદદની વ્યવસ્થા કરવામાં આવે એ બાળકોને મુશ્કેલીના સમયે અન્ય જગ્યાએ રાખવામાં આવે તો પરિવારને વિખંડિત થવાથી બચાવી શકાય છે.

- **બાળ અપચાર :**

બાળકો અપચારી થઈને કાયદાનો ભંગ કરવાનું શરૂ કરી દે છે, એની આ વિકૃતિની પાછળ માતા-પિતાની અપર્યાપ્ત ઉપેક્ષા થઈ શકે છે. ક્યારેક ક્યારેક અનાથ બાળકોને રમવાની પૂરી સુવિધા મળતી નથી, ક્લેશગ્રસ્ત પરિવાર, પ્રદૂષિત આવાસ, ઉપેક્ષા તથા બાળશ્રમ વગેરે બાળ ઉપચારના બીજા કારણો છે, દેશમાં અડધાથી વધારે રાજ્યોમાં બાળ અધિનિયમ બની ગયો છે. આ પ્રયત્ન સૌથી પહેલા મદ્રાસ તથા મહારાષ્ટ્રમાં શરૂ થયાં. અનેક રાજયમાં બાળઅધિનિયમ હેઠળ બાળક ન્યાયાલય, ઓબ્ઝર્વેશન હોમ, જેવી સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે.

- **પાછળ રહી જતા બાળકો :**

શિક્ષણના ક્ષેત્રમાં કેટલાક બાળકો અન્ય બાળકોની સરખામણીમાં પાછળ રહી જાય છે એનું ભણવું, લખવું, તથા શીખવાની ગતી તેની ઉંમરની સાથે આગળ વધતી નથી જેટલી ગતિથી એ જ

ઉંમરના અન્ય સાથી આગળ વધી જાય છે.બીજા શબ્દોમાં કહીએ તો, બાળકો અન્ય વિદ્યાર્થીઓની સરખામણીમાં શિક્ષણ વિકાસ સાધી શકતો નથી. એને પછાત બાળક કહેવામાં આવે છે. આવી સ્થિતિ માનસિક મંદતાને કારણે થઈ શકે છે.

## 2.4 બાળકલ્યાણ સંબંધિત સેવાઓ :

◆ **વ્યવહરારિક દૃષ્ટિ :**

ભારતના ભૂતપર્વ પ્રધાનમંત્રી સ્વર્ગસ્થશ્રી જવાહરલાલ નહેરુના કહેવા મુજબ દરેક વાતનો આધાર માણસ ઉપર છે. આર્થિક વિકાસની કોઈપણ યોજના કેમ ન હોય, એમાં માણસની ક્ષમતાને ટકાવી રાખવા અને તેમાં વધારો કરવાની દષ્ટીથી વિકાસમાં બાળકોનું મહત્ત્વપૂર્ણ સ્થાન હોય. કોઈપણ સમાજના હિતધારક એ વાત પર નિર્ભર છે કે એમાં બાળકોની જરૂરિયાતો (આવશ્યકતાઓ)ને કેટલીય હદ સુધી પૂરી કરવામાં આવે છે. ભારતની વસ્તીના પ્રમાણમાં 42 ટકા બાળકો છે સંખ્યાને ધ્યાનમાં રાખતા પણ આપણા માટે એ જરૂરી છે કે, કારખાના અને બંધની દેખરેખ અને તેના વિકાસ માટે જેટલું મહત્ત્વ બાળકોના રક્ષણ અને પાલનપોષણ પાછળ આપવામાં આવે. સમાજકલ્યાણ કાર્યક્રમમાં બાળકોની પાયાની જરૂરિયાતોને પ્રાથમિકતા મળવી જોઈએ. આરોગ્ય સંબંધિત સેવા, રમતગમત, મનોરંજન એ બાળકોની પાયાની જરૂરિયાતો છે. આ જરૂરિયાતોની પ્રાપ્તિ તથા બાળકનો શારીરિક માનસિક, ભાવાત્મક અને બૌદ્ધિક વિકાસની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે પૂરતા પ્રમાણમાં નાણાંકીય સવલત જરૂરી છે. બાળકોમાં આંધળાપણું, બહેરાશપણું, માનસિક રોગ અથવા અન્ય સામાજિક સમસ્યાઓથી બચાવવા અને તેના ઉકેલ માટે મોટા ખર્ચનું નિયંત્રણ માટે નિરોગી સેવાઓ જરૂરી છે.

પરંતુ, સેવાઓની ઉપલબ્ધી કરવાવાથી ઉદ્દેશ્ય પૂર્ણ થઈ શકતો નથી. આ સેવાઓની પરસ્પર સંકલિત અથવા ક્રમાનુસાર (નિયમાનુસાર) કરવી જરૂરી છે કે બાળકોની વિવિધ જરૂરિયાતો પૂરી થઈ શકે અથવા તેઓનો શારીરિક, માનસિક, તથા બૌદ્ધિક દૃષ્ટિથી સર્વાંગી વિકાસ થઈ શકે. આવા સમયે 16 વર્ષની ઉંમર સુધીના તમામ બાળકો માટે ઉપરોક્ત બધીસેવાઓની વ્યવસ્થા કરવી શક્ય નથી, પરંતુ; તેની શરૂઆત તો કરી શકાય. સરકારે આવા આધાર ઉપર કાર્ય શરૂ કર્યું છે અને તે નાના સમુદાયોમાં બાળકોને સર્વાંગી તથા સંકલિત યોજનાઓની કેટલીક પરિયોજનાઓને ઉદાહરણરૂપે શરૂ કરવામાં આવી છે. તેમાં આવેલા પરિણામો, સમુદાય તથા લોકોની સામે મૂકવામાં આવે છે કે જેનાથી ભવિષ્યમાં કાર્યક્રમ અન્ય વિસ્તારો (સ્થાનો)માં પણ શરૂ કરવામાં આવે.

◆ **બાળકલ્યાણ સેવાઓ :**

પહેલા બાળકોની સેવા માટે અનાથાશ્રમ શરૂ કરવાનો નિયમ હતો. આ અનાથાશ્રમોમાં અનાથ, અંધ, વિકલાંગ બાળકોને આશ્રય આપવામાં આવતો હતો; પરંતુ, આ પદ્ધતિ બાળકના વિકાસની દૃષ્ટિથી જોઈએ તો કારગત(બરોબર) નથી. આ સંસ્થાોમાં બાળકોનો વ્યક્તિગત પ્રેમ મળતો નથી. બીજું કે કૌટુંબિક ભાવનાઓનું વાતાવણનો અભાવ હોય છે. જે બાળકને તંદુરસ્ત વિકાસ માટે ખૂબ જ જરૂરી છે. અન્યથા થઈ શકે ત્યાં સુધી બાળકોને સંસ્થાઓમાં ન મૂકવામાં આવે એ સારું છે, પરંતુ; કોઈ ખાસ સમસ્યાવાળા બાળકોને તથા મંદબુદ્ધિ બાળકોને સંસ્થાગત વિશેષ સેવાઓ અને ઉપયોગથી લાભ પહોંચાડી શકાય છે કે સમાજ, પરિવારમાં સંભવ નથી.

ત્રણ વર્ષથી ઓછી ઉંમરવાળા બાળકોને વ્યક્તિગત સ્નેહ(પ્રેમ) તથા સુરક્ષાની જરૂરિયાત હોય છે. ત્રણ થી છ વર્ષના બાળકોના વિશેષ જરૂરિયાત હોય છે. અનાથ બાળકોની વ્યક્તિગત દેખભાળ તથા સ્નેહ મળવો જોઈએ. આવા દરેક બાળકોની સમૂહમાં સારસંભાળ કરવી લાભદાયી હોતી નથી. જ્યાં સુધી શક્ય છે ત્યાં સુધી આવા બાળકોના કલ્યાણસેવાઓ પૂરી પાડતી વખતે પરિવાર તથા સમુદાય બંને સાધનોનો ઉપયોગ કરવો જોઈએ.

ભારતદેશમાં બાળકલ્યાણના જે કાર્યક્રમો ચાલે છે તેને બે ભાગોમાં વહેંચી દેવામાં આવ્યાં છે, જે નીચે મુજબ છે.

1. સંસ્થાગત સેવાઓ (Institutional services)

2. બિનસંસ્થાગત સેવાઓ (Non institutional services)

**(ક) રહેણાંક (નિવાસી) સેવાઓ**

(1) બાળસંરક્ષણ ગૃહ

(2) અનાથાલય

(3) આપત્તિગ્રસ્ત કુંટુંબોના બાળકો માટે ક્ષય તથા કુષ્ઠરોગના અસરગ્રસ્ત માતા-પિતાા તંદુરસ્ત બાળકો માટે અથવા મહિલાઓ તથા લાંબા સમયથી ચેપગ્રસ્ત બાળકો માટે ટૂંકાગાળાના ગૃહ (Short Stay Homes)

(4) સંભાળકેન્દ્ર (Foster Homes) સંભાળકેન્દ્ર

(5) અપરિણિત માતાઓના બાળકો માટે રહેણાંક તથા વિસ્થાપન સેવા

(6) બાળકો માટે નિવાસશાખા (Homes and Residential School) જેમાં નિર્માણશાળા પણ હોય છે. જેમાં ઔપચારિક બાળકો રાખવામાં આવે છે.

(7) નિરાધાર બાળકોની સારસંભાળ માટે બાળનિવાસ અથવા રેનબસેરા

(8) માનસિક દષ્ટિથી અસંતુલિત બાળકોના માટે નિવાસી ગૃહ

**(ખ) બિનનિવાસી સેવાઓ :**

**(ક) સામાન્ય બાળકો માટે**

(1) બાળવિહાર (creche) પૂર્વ પ્રાથમિક શાળા

(2) ડે. સેન્ટર (Day centers)

(3) મનોરંજન તથા રમત-ક્લબ્સ (Recreational and Hobby clubs)

(4) પુસ્તકાલય (Libraries)

(5) વિરામ (અવકાશ)ગૃહ (Holiday Homes)

(6) શાળા સ્વાસ્થ્ય સેવાઓ

(7) શાળા સામાજિક કાર્ય સેવાઓ

**(ખ) વિશિષ્ટ પ્રકારની સેવાઓ :**

(1) મંદબુદ્ધિના બાળકોની વિદ્યાલય

(2) વિકલાંગ બાળકો માટે નર્સરી તથા વિદ્યાલય જેવી કે અંધશાળા, મુક બધિર વિદ્યાલય વગેરે

(3) નિરાધાર ગૃહિણીઓના બાળકો માટે વેતનવ્યવસ્થા

(4) આશ્રયવિહોણા બાળકો માટે દત્તકગ્રહણ સંબંધીઓ

(5) બાળસ્વાસ્થ્ય કેન્દ્ર તથા હોસ્પિટલ વગેરે

(6) ધ્વનિવર્ગો અને શ્રાવ્ય સામગ્રી વર્ગો (Audiology Centers and Hearing Aid Centers)

**2.3.1 ભારત સરકારનું કલ્યાણમંત્રાલય :**

ભારત એક લોકકલ્યાણકારી અને લોકશાહી શાસનવ્યવસ્થા ધરાવતો દેશ છે. બંધારણી પ્રસ્તાવના, રાજ્યના નીતિ નિર્દેશક બાબતો, મૌલિક અધિકારો, તથા વિશેષ ઉપલબ્ધ માધ્યમ દ્વારા સરકાર દ્વારા એ અપેક્ષા રાખવામાં આવી છે કે તે સામાજિક આર્થિક ન્યાયની, તથા સમાનતા અને સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા માટે વિકાસ માટે સતત પ્રયત્ન કરે, સામાજિક સ્તરેથી પછાત વર્ગો, અનુસૂચિ વિસ્તારો, વિકલાંગ વ્યક્તિઓ, ભાષા બોલતા હોય તેવા લોકોની ઓછી સંખ્યા નશાની

પ્રવૃત્તિમાં જોડાયેલા તથા કુમગંજનના શિકાર (ભોગ) બનેલા અથવા અસહાય વ્યક્તિઓના કલ્યાણ અને વિકાસ માટે દેશમાં ટોચની શાસનવ્યવસ્થા, કલ્યાણ પરિષદના રૂપમાં સ્થાપના કરવામાં આવેલી છે. ભારત સરકારના આ ગ્રંથાલય સામાજિક કલ્યાણ સંબંધિત રાષ્ટ્રીય નીતિઓ તથા કાર્યક્રમોનું આયોજન અને અમલ કરાવવું તથા નિયમન તથા નિયંત્રણ માટે જવાબદાર છે.

કલ્યાણમંત્રાલય ભારત સરકારની ચાલુ શાસનવ્યવસ્થામાં છેલ્લા ત્રણ દાયકામાં થયેલા સતત પરિવર્તનનોના પરિણામે છે. સ્વતંત્રતાના સમયમાં સમાજકલ્યાણના રૂપમાં કોઈપણ પ્રકારનું વિભાગ અથવા મંત્રાલય સંબંધિત સ્તરેથી સક્રિય માળખું ન હતું. સમાજકલ્યાણ તથા નિઃસહાય વ્યક્તિઓની સહાય આધારિત કામગીરી સ્વૈચ્છિક સંગઠનો દ્વારા કામગીરી થતી હતી. ત્યારબાદ ઈ.સ. 1953માં શિક્ષણ મંત્રાલયની એક દરખાસ્ત દ્વારા ''કેન્દ્રીય સમાજકલ્યાણ મંડળ'' બોર્ડની સ્થાપના થઈ શકી હતી તેથી આ મંડળ (બોર્ડ) કેન્દ્ર સરકારના વિભાગો મંત્રાલય હેઠળ સમાજકલ્યાણ સંબંધિત સ્વૈચ્છિક સંગઠનોની સાથે વિચારવિમર્શ કરીને તેવા રૂપમાં પ્રવૃત્ત હતાં. સમાજકલ્યાણ સંબંધિત કાર્યોને કુશળતાપૂર્વક ચલાવી શકાય તે માટે સૌપ્રથમ ઈ.સ. 1964માં સંઘલેવલે વિભાગની રચના માટે પ્રયત્ન શરૂ કરવામાં આવ્યાં. ગૃહવિભાગ, શિક્ષણ વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ, ઉદ્યોગ, આરોગ્ય વિભાગ, વાણિજ્ય વિભાગ તથા નગરોનો વિકાસ મંત્રાલયની પાસે સમાજકલ્યાણ આધારિત કાર્ય લઈને 14મી જૂન 1964ના દિવસે સામાજિક 'સુરક્ષા વિભાગ'ની સ્થાપના કરવામાં આવી. તે સમયે આવા વિભાગોના ક્ષેત્રકાર્યમાં સામાજિક સુરક્ષા, સામાજિક કલ્યાણ, પછાતવર્ગો તથા ખાદી અને હસ્તકલા વિભાગ હતાં. એ આધારિત જાન્યુઆરી, 1966માં સામાજિક સુરક્ષા વિભાગમાં પહેલા પુનઃ શિક્ષણ, વાણિજ્યિક, શ્રમ તથા રોજગાર મંત્રાલયને સુપ્રત કરવામાં આવ્યાં તથા આ વિભાગના નામ 'સમાજકલ્યાણ વિભાગ' કરવામાં આવ્યું. સન 1972 સમાજકલ્યાણને શિક્ષણ તથા સમાજકલ્યાણ વિભાગ ને સુપ્રત કરવામાં આવ્યું. તે સમયે દેશમાં થઈ રહેલો ઔદ્યોગિક વિકાસ તથા રાજનૈતિક બદલાવની વચ્ચે એવું માનવામાં આવી રહ્યું હતું કે સમાજકલ્યાણ સંબંધિત કાર્યોમાં સરકારમાં ગંભીરતા દેખાઈ રહી નથી. આ દિશામાં સાચા પ્રયત્નો કરતા કરતા 24મી ઓગષ્ટ, 1979માં સમાજકલ્યાણ વિભાગને શિક્ષણ તથા સમાજકલ્યાણમંત્રાલયથી અલગ કરીને સ્વતંત્ર મંત્રાલય 'સમાજકલ્યાણમંત્રાલય'ના રૂપમાં કરવામાં આવ્યું. ઈ.સ. 1983-84માં ફરીથી આ મંત્રાલયનું નામમાં બદલીને આ મંત્રાલયનું નામ સમાજ અને મહિલાકલ્યાણમંત્રાલય તરીકે ઓખળવામાં આવ્યું.

31 ઓક્ટોબર, 1984ના રોજ શ્રીમતિ ઈન્દિરા ગાંધીની હત્યા બાદ રાજીવ ગાંધી ભારતના વડાપ્રધાન બન્યા, તેઓએ શાસન(વહીવટ)ની કાર્યપદ્ધતિ તથા સરકારી નીતિ અંતર્ગત કુશળતાપૂર્વક સક્રિય કરવા માટે ભારત સરકારે મંત્રાલયો તથા વિભાગોમાં મોટા સ્તરે પરિવર્તનો કર્યા. આ વખતે ''સમાજ અને મહિલા કલ્યાણમંત્રાલય''ને મહિલા અને બાળવિકાસ વિભાગને અલગ કરીને માનવ સંસાધન વિભાગ મંત્રાલય હેઠળ કરી દેવામાં આવ્યું તથા સમાજ અને મહિલા કલ્યાણમંત્રાલયને 25 સપ્ટેમ્બર, 1985થી કલ્યાણમંત્રાલયનું નામ આપવામાં આવ્યું. સમાજકલ્યાણ સંબંધિત અનેક કામગીરી સરકારના સભ્ય મંત્રાલયોની કાર્યપદ્ધતિ આધારિત રહે છે. સમાજકલ્યાણ સંબંધિત આ વિભાગ અને મંત્રાલયોમાં વખતોવખત સમય અનુકૂલ વહીવટી(શાસનીય) પરિવર્તનો કરવા પડ્યાં છે. કલ્યાણમંત્રાલય, ભારત સરકારની વર્તમાન પદ્ધતિ તથા કાર્યપ્રણાલી આદિવાસી વિકાસ, અનુસૂચિત વિકાસ, સામાજિક સુરક્ષા તથા બાળકલ્યાણ લઘુમતિઓની રક્ષાને સંબંધિત છે. મુસ્લિમ ધાર્મિક સ્થળો આધારિત કલ્યાણમંત્રાલય 23મી જાન્યુઆરી, 1986માં આપાવામાં આવ્યું.

કલ્યાણમંત્રાલય ભારત સરકારની રચના 23 ડિસેમ્બર, 1995ને અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, ધાર્મિક તથા ભાષાકીય રીતે ઓછી સંખ્યા ધરાવતા લોકો, સામાજિક તથા શૈક્ષણિક રીતે પછાત વર્ગો, વિકલાંગો તથા સમાજરક્ષા, (બાળ અપરાધ તથા નરોડી) અસહાય વૃદ્ધો, તથા પ્રવર્ત શાસનથી આધારિત કલ્યાણકાર્યના હેતુથી કરવામાં આવ્યું હતું.

સમાજકલ્યાણના ક્ષેત્રમં કાર્યશીલ સંસ્થાઓનો પ્રશાસનિક સહાયતા ઉપલબ્ધ કરાવવાની કલ્યાણમંત્રાલયની જવાબદારી

સમાજકલ્યાણના ક્ષેત્રમાં અનેક વિભાગોને શાસનીક સહાયતા, વિચાર વિમર્શ, જરૂરી માહિતી તથા સંસાધનોની પ્રાપ્તિ કરવાવવાના હેતુથી કલ્યાણ મંત્રલાયને જવાબદેહી બનાવવા આવેલ છે.

**(ક) બંધારણીય આયોગ/કાર્યાલય**

(અ) રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ આયોગ

(બ) રાષ્ટ્રીય લઘુમતી આયોગ

(ક) રાષ્ટ્રીય સફાઈ કર્મચારી આયોગ

(ડ) રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગ

(ઈ) રાષ્ટ્રીય ભાષા લઘુમતી આયોગ

**(ખ) સાર્વજનિક ક્ષેત્રની કંપની**

(1) ભારતીય કૃત્રિમ નિર્માણ નિગમ લિ. કાનપુર

(2) રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ આવક અને વિકાસ નિગમ-નવી દિલ્હી

(3) રાષ્ટ્રીય લઘુમતી વિકાસ નિગમ-નવી દિલ્હી

(4) રાષ્ટ્રીય પછાતવર્ગો અને વિકાસ નિગમ

**(ગ) રજીસ્ટ્રર્ડ સોસાયટી**

(1) રાષ્ટ્રીય દૃષ્ટિ સંસ્થા-દેહરાદૂન

(2) રાષ્ટ્રીય વિકલાંગ સંસ્થા- કલકત્તા

(3) રાષ્ટ્રીય વિસ્થાપન અને અનુસંધાન સંસ્થા - ઓલખપુર (કટક)

(4) અલીયાવર જંગ રાષ્ટ્રીય વિકલાંગ સંસ્થા - મુંબઈ

(5) રાષ્ટ્રીય માનસિક વિકલાંગ સંસ્થા - મુંબઈ

(6) વિકલાંગ જનસંસ્થા નવી દિલ્હી

(7) ડૉ. આંબેડકર પ્રતિષ્ઠાન - નવી દિલ્હી

**(ઘ) સહકારી પરિસંઘ**

(1) આદિવાસી વિકાસ અને સહકારી પરિસંઘ ઇન્ડિયા લિ, નવી દિલ્હી.

**(ચ) કાર્યાલય**

(1) રાષ્ટ્રીય સમાજરક્ષા સંસ્થા, નવી દિલ્હી.

ઉપરોક્ત જણાવેલ આયોગો, સંસ્થાઓ તથા સંગઠનો, સમાજકલ્યાણના સેંકડો બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓ પણ કાર્યરત છે. જે કલ્યાણમંત્રાલય પાસેથી અનુદાન, વિચારવિમર્શ, માર્ગદર્શન તથા નેતૃત્ત્વ પ્રાપ્ત કરે છે.

**2.3.2 કેન્દ્રીય સમાજકલ્યાણ મંડળ :**

સમાજકલ્યાણ કાર્યક્રમોનો ચલાવવાવાળા સંગઠનોને પ્રોત્સાહિત અને નિયંત્રિત કરવા માટે મદદ અને વિચારવિમર્શ કરવાના હેતુથી ઈ.સ. 1953માં ભારત સરકારનું શિક્ષણ મંત્રાલયને એક દરખાસ્ત દ્વારા કેન્દ્રીય સમાજકલ્યાણ મંડળની સ્થાપના કરવામાં આવી. શરૂઆતથી ભારત સરકાર દ્વારા 4 કરોડ રૂપિયાની મદદ અનુદાન મંડળને આપવામાં આવ્યું હતું. નવી દિલ્હીના સ્થાનિક ક્ષેત્રમાં મંડળનું કાર્યાલય આવેલું છે.

સ્વૈચ્છિક સંગઠનોના નિર્માણને આગળ વધારવું તેમાં ઉપલબ્ધ ટેક્નિક તથા વિત્તિય સંસાધન ઉપલબ્ધ કરાવવા કલ્યાણ કાર્યક્રમોનું અમલીકરણ અને મૂલ્યાંકન તથા સમાજકલ્યાણ કાર્યક્રમોમાં

જોડાયેલ વિભિન્ન સમિકરણોના મધ્યે સમન્વય સ્થાપવો વગેરેના શરૂઆતના તથ્યોની સાથે કેન્દ્રીય સમાજકલ્યાણની સ્થાપના કરવામાં આવી હતી. વિભિન્ન અધ્યયન દળોની અનુસંસ્થાઓ તથા કાર્યક્રમમાં અનુભવાયેલ ખામીઓ અથવા બદલાયેલા કાર્યક્રમોની અપેક્ષા અુનુસાર મંડળના ઉદ્દેશ્ય તથા કાર્ય વર્ષ 1960 તથા વર્ષ 1969માં સંસાધન કરવામાં આવ્યું હતું. વર્તમાન કેન્દ્રીય સમાજકલ્યણ મંડળના ગંભીર ઉદ્દેશ્યોને નિમ્ન વિવરણમાં સ્પષ્ટ કરવામાં આવી રહ્યું છે.

- **કેન્દ્રીય સમાજકલ્યાણ મંડળના ઉદ્દેશ્ય :**

(1) સર્વેક્ષણ, અનુસંધાન તથા મૂલ્યાંકનના માધ્યમથી સામાજિક કલ્યાણ સંગઠનોની જરૂરિયાતો થાત અપેક્ષાઓનું વાંચન કરવું.

(2) અનુદાન પ્રાપ્ત કરતાં અભિકરણોના કાર્યક્રમોનું મૂલ્યાંકન કરવું.

(3) કેન્દ્રીય તથા રાજ્ય સરકાર દ્વારા સામાજિક કલ્યાણ પ્રક્રિયાઓ ઉપર આપવામાં આવેલી સહાય (મદદ)નું સમન્વય કરતો.

(4) એવા ક્ષેત્રોમાં જ્યાં સમાજકલ્યાણ સંગઠન નવી, અને એવા ક્ષેત્રોમાં સમાજકલ્યાણ સંગઠનોની સ્થાપના કરવામાં મદદ કરવી.

(5) જનસાધારણ જેમકે મહિલાઓ, બાળકો, વિકલાંગોના કલ્યાણ માટે પ્રક્રિયાઓને વધારો કરવો તથા બેરોજગાર, અર્ધબેરોજગારો, વૃદ્ધો, રોગી, અસહાય તથા જરૂરિયાતમંદોને મદદ ઊભી કરવી.

(6) જરૂરિયાત આધારે સમાજકાર્યમાં પ્રશિક્ષણ પ્રદાન કરવાના આધારિત કાર્યક્રમોને વેગ આપવો તથા માર્ગદર્શક પરિયોજનાઓ તૈયાર કરવી અને શરૂઆત કરવી.

(7) રાષ્ટ્રીય પ્રાકૃતિક અથવા અન્ય મુશ્કેલીઓના સમય જરૂરિયાત ઊભી થયે મુશ્કેલીના સમયમાં રાહત કાયર્કરમોનું આયોજન કરવું.

(8) યોગ્ય સ્વૈચ્છિક સંગઠનો તથા પંચાયતી રાજ સંસ્થાઓની ટૅક્નિકલ તથા આર્થિક મદદ પ્રાપ્ત કરવી.

**2.3.3 રાજ્ય સમાજકલ્યાણ સલાહકાર મંડળ :**

ઈ.સ. 1953માં કેન્દ્રીય સમાજકલ્યાણ મંડળ નવી દિલ્હીની સ્થાપના થઈ. તુરંત જ અનુભવાયું કે કેન્દ્રીય સમાજકલ્યાણ મંડળના કાર્ય તથા કાર્યક્રમોને સુચારૂરૂપ આપવા રાજ્ય સ્તરે પણ સમાજકલ્યાણ સલાહકાર મંડળ હોવું જરૂરી છે. આ સમયે પ્રધાનમંત્રી શ્રી જવાહરલાલ નહેરુએ 23 એપ્રિલ, 1954 રાજ્યના મુખ્યમંત્રીઓને પણ લખ્યો જેમાં કલ્યાણ કાર્યોના પરિપ્રેક્ષ્ય તથા કેન્દ્રીય સમાજકલ્યાણ મંડળોને સહકાર મળે તેવા હેતુથી રાજ્ય સમાજકલ્યાણ સલાહકાર મંડળોની સ્થાપના કરવા કહ્યું. આ સમય કેન્દ્રીય સમાજકલ્યામ મંડળની સામાન્ય સભામાં એવો નિર્ણય લેવામાં આવ્યો કે મંડળોને આધિન રાજ્યોમાં રાજ્યના સમાજકલ્યાણ સલાહકાર મંડળોની તરત જ સ્થાપના કરવામાં આવે. કેન્દ્રીય સમાજકલ્યાણ મંડળના તત્કાલીન અધ્યક્ષા શ્રીમતી દુર્ગાબાઈ દેશમુખે રાજ્યના મુખ્યમંત્રીઓને નિર્ણયની જાણ કરતા રાજ્યસ્તર આ મંડળોની રચના માટે રજૂઆત કરી. રાજસ્થાન સરકારે આ દિશામાં તૈયારી બતાવી 19 નવેમ્બર, 1954 રાજસ્થાન રાજ્ય સમાજકલ્યાણ બોર્ડની જયપુરમાં સ્થાપના કરી, ત્યારે દાદરા તથા નગરહવેલી કેન્દ્રીય ક્ષેત્રોને બાકાત રાખી તમામ 30 રાજ્યોમાં તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાજ્ય સમાજકલ્યાણ સલાહકાર મંડળ કાર્યરત છે. દાદરા તથા નગરહવેલી ક્ષેત્રનું કાર્ય ગુજરાત મંડળ દ્વારા સંપાદિત થઈ રહ્યું છે. તથ દમણ, દીવ સંઘ ક્ષેત્રો, ગોવા રાજ્ય હેઠળ નિયંત્રિત છે. રાજ્ય સમાજકલ્યાણ સલાહકાર મંડળ એક તરફથી કેન્દ્રીય સમાજકલ્યાણ મંડળની પ્રતિનિધિ સંસ્થાના રૂપમાં કાર્યરત છે.

- **રાજ્ય સમાજકલ્યાણ સલાહકાર મંડળની જરૂરિયાત :**

કેન્દ્રીય સમાજકલ્યાણ મંડળની સ્થાપના પછી તરત જ રાજ્ય સમાજકલ્યાણ મંડલોની સ્થાપનાની જરૂરિયાત નીચેના કારણોથી ઊભી થઈ.

1) ક્ષેત્રીય (રાજ્ય) સ્તર પર કેન્દ્રીય કલ્યાણમંડળને મદદરૂપ સંગઠનાત્મક માળખાંની સ્થાપનાથી કામગીરીનું વિકેન્દ્રીકરણ થઈ શકે.
2) અનુદાન માંગવાવાળાને નિયંત્રિત તથા સમન્વય કરવો.
3) ક્ષેત્રીય સ્તર પર કાર્યરત સંગઠનોને નિયંત્રિત તથા સમન્વય કરાવી શકાય.
4) ડુંગરાળ, પછાત તથા ઝુંપડપટ્ટીમાં રહેતાં મહિલાઓ, બાળકો તથા વિકલાંગોના કલ્યાણના હેતુથી સેવાઓ આપવામાં આવે.
5) સામાજિક કાર્યકર્તાઓની સાથે વિચાર-વિમર્શ કરી શકાય.
6) રાજ્યમંડળ, રાજ્યસરકાર, કેન્દ્રીય સમાજકકલ્યાણ મંડળ તથા સ્વૈચ્છિક સંગઠનોની મધ્યે સમન્વય સ્થાપી શકાય.

**કાર્ય :**

રાજ્ય સમાજકલ્યાણ સલાહકાર મંડળ નીચે જણાવ્યા મુજબના કાર્ય કરે છે.

1) કેન્દ્રીય વિભાગો, ક્ષેત્રીય સંગઠનો તથા ક્ષેત્રીય સંગઠનોથી કેન્દ્રીય સંગઠનો વચ્ચે માહિતી પ્રસારણ માટે મધ્યસ્થી (કડીરૂપ) ભૂમિકા ભજવવી.
2) જુદા જુદા કાર્યક્રમો અંતર્ગત સ્વૈચ્છિક કલ્યાણ વિભાગોને અનુદાન આપવા માટે આવેદન પત્રોને આમંત્રિત કરવા.
3) કલ્યાણક્ષેત્રમાં સક્રિય અને કાર્યરત વિભાગો તથા પરિયોજનાઓનું અમલીકરણ તથા તેના અહેવાલ કેન્દ્રીય સમાજકલ્યાણ મંડળને મોકલવું.
4) રાજ્યમાં જરૂરિયાત કલ્યાણ કાર્યક્રમોના બાબતમાં કેન્દ્રીય સમાજકલ્યાણ મંડળને પરામર્શ તથા મદદ પૂરી પાડવી.
5) કલ્યાણ તથા વિકાસ કાર્યક્રમોમાં પ્રસ્તાવ મોકલવા માટે રાજ્ય સરકારના જુદા જુદા વિભાગમાં સમન્વય આશ્રત કરવા.
6) ઉપર વર્ણવેલ ઉદ્દેશ્યો, કાર્યોની પૂર્તતાના હેતુથી અન્ય કાર્યપદ્ધતિઓનું સંચલન કરવું.
7) સ્વૈચ્છિક સમાજકલ્યાણ વિભાગો(જે ક્ષેત્રમાં કોઈ વિભાગ કાર્યરત ન હોય)ને વેગ આપવો.
8) મદદ મેળવી રહેલા વિભાગોને ક્ષેત્રીય પરામર્શ કરવામાં કેન્દ્રીય સમાજકલ્યાણ મંડળોને મદદ પ્રાપ્ત કરવી.
9) ગ્રામીણ કલ્યાણ પરિયોજનાઓ કાર્યક્રમોનું સંચાલન કરવું.
10) રાજ્ય તથા સ્થાનિક સ્તર ઉપર સ્વૈચ્છિક કલ્યાણ વિભાગોની સાથે સમન્વય પ્રક્રિયાને શુદ્ધ કરવી.
11) કલ્યાણ સેવાઓનું વિસ્તરણના હેતુથી કેન્દ્રીય સમાજકલ્યાણ મંડળ તથા રાજ્યસરકારને સહકાર પૂરો પાડવો.

### 2.3.4 આઠમી યોજનામાં સમાજકલ્યાણ :

પ્રથમથી સાતમી પંચવર્ષીય યોજનાઓનું સંક્ષિપ્ત વિવરણ આગળના પાનામાં આપી ચૂક્યું છે. વર્તમાન સમયમાં સામાજિક વિકાસ કલ્યાણ યોજનાઓ તથા કાર્યક્રમોનં વર્ણન અહીં કરવામાં આવ્યું છે. ભારતમાં સામાજિક કલ્યાણ તથા સામાજિક વિકાસથી સંબંધિત કાર્યોમાં કલ્યાણમંત્રાલય, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, વિજ્ઞાન તથા ઔદ્યોગિકમંત્રાલય, ઉદ્યોગમંત્રાલય, કાપડમંત્રાલય,

પેટ્રોલિયમ તથા પ્રાકૃતિક ગેસ મંત્રાલય, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણમંત્રાલય, વાણિજ્ય મંત્રાલય, ગ્રામિણ વિકાસ મંત્રાલય તથા ઊર્જા સ્રોત મંત્રાલય પણ સહયોગ પૂરો પાડી રહ્યાં છે.

માનવ સંસાધન વિકાસ મંત્રાલયનું મહિલા અને બાળવિકાસ વિભાગ નિયંત્રિત કેન્દ્રીય સમાજકલ્યાણ મંડલ કાર્યરત છે. મંડલ દ્વારા શ્રમિક અને નાદુરસ્ત માતાઓ માટે પાલનઘર, નિરક્ષર મહિલાઓ માટે શિક્ષણની વ્યવસ્થા, બાળકો માટે અવકાશ શિબિર, જરૂરિયાતમંદ મહિલાઓ અને વિકલાંગોને માટે આર્થિક સહાય, કુંટુંબ પરામર્શ કેન્દ્ર, ગ્રામીણ અને ગરીબ મહિલાઓ માટે જાગૃતિ યોજના શ્રમિક મહિલાઓ માટે હોસ્ટેલ સુવિધા, બાલવાડી તથા મહિલા મંડળની યોજનાો, સરહદ ઉપરના ક્ષેત્રોમાં કલ્યાણ પરિયોજનાઓનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. મંડળ સ્કૂલ પૂર્વેના બાળકોને માટે પોષણ આહાર, કાર્યક્રમ પણ ચાલી રહ્યો છે. કેન્દ્રીય સમાજકલ્યાણ મંડળ આ તમામ કાર્યક્રમમાં પરિયોજનાઓ પૂરા દેશમાં 20 હજાર સમાજસેવી સંસ્થાઓના માધ્યમથી સંચાલન થઈ રહ્યું છે. ઈ.સ. 1994-95માં પોષણઆહાર કાર્યક્રમ માટે 451.84 લાખ રૂપિયા, મહિલા મંડળોને માટે 173.79 લાખ રૂપિયા, સામુદાયિક વિકાસ માટે 76.0 લાખ રૂપિયા, સરહદી ક્ષેત્ર પરિયોજનાને માટે 399.43 લાખ રૂપિયા, કૌટુંબિક સલાહ કેન્દ્રો માટે 275.91 લાખ રૂપિયા, શ્રમિક મહિલાઓની હોસ્ટેલ માટે 21.51 લાખ રૂપિયા, બાલવાડી માટે 93.41 લાખ, સામાજિક આર્થિક કાર્યક્રમ માટે 549.93 લાખ રૂપિયા તથા ગ્રામિણ ગરીબ મહિલાઓની જાગૃતિ માટે 199.90 લાખ રૂપિયા સ્વૈચ્છિક સંગઠનોને પૂરા પાડવામાં આવ્યાં. તે અંતર્ગત મંડળ દ્વારા સ્વૈચ્છિક સંગઠનો વાર્ષિક સહાયક અનુદાન કાર્યક્રમ અંતર્ગત 68.85 લાખ આ વર્ષમાં આપવામાં આવ્યાં છે.

મહિલા અને બાળવિકાસ વિભાગ દ્વારા સને 1975થી શરૂ કરેલી "સંકલિત બાલવિકાસ સેવા" દેશના 2871 સામુદાયિક વિકાસખંડોમાં વિસ્તારવામાં આવી રહી છે. આ યોજનાના માધ્યમથી 6 વર્ષ સુધીના બાળકોને રસીકરણ, પોષણયુક્ત આહાર, વિટામીન "એ"નું દ્રાવણ, લોહતત્ત્વોની ગોળી, તથા કૌટુંબિક કલ્યાણના ર-પે ગર્ભવતી મહિલાની પ્રસૂતિ પહેલા અને પ્રસૂતિ પછી સેવા કરવામાં આવી રહી છે. વર્ષ 1993-94માં આ યોજનાને માટે 4 અબજ 8 કરોડ 50 લાખ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માટે કેર (સર્વત્ર અમેરિકા રાહત સહભાગિતા, વિશ્વફંડ કાર્યક્રમ, યુનિસેફ તથા વિશ્વ બેંકથી સહાય મળે છે. મહિલાઓમાં જાગૃતિ ઊભી કરવા માટે "ઈન્દિરા મહિલા યોજના" ચલાવવામાં આવી રહી છે. બાળશાળાઓ, તથા દિવસ દરમ્યાન બાળકોની દેખભાળ, ક્રેશની યોજના ભારતીય બાળકલ્યાણ પરિષદ તથા કેન્દ્રીય કલ્યાણના મંડળના સહયોગથી સંચાલિત કરવામાં આવી રહ્યું છે. દેશમાં આવી ક્રેશની સંખ્યા 12389 છે. બાળકો માટે રાષ્ટ્રીય શીશુશાળા વિભાગ, શિક્ષણ, વિશેષ પોષણયુક્ત આહાર કાર્યક્રમ તથા ઘઉં આધારિત પોષણઆહાર, કાર્યક્રમ પણ આ વિભાગ દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે. શ્રમિક (કામકાજી) મહિલાઓ માટે હોસ્ટેલોની સંખ્યા 685 છે જેમાં 44960 મહિલાઓ રહી શકે છે. તેમાંથી 1/3 હોસ્ટેલો બાળકોના રક્ષણ કેન્દ્રપણ ઉપલબ્ધ છે. મહિલાઓ ઈ.સ. 1947થી મુદ્રાણ, બ્યુટીકલ્ચર, બેકરી, પર્યટન, ફેશન હોટેલ મેનેજમૅન્ટ, ઈલેક્ટ્રોનીક્સ, તથા કોમ્પ્યૂટર પ્રોગ્રામીંગનું શિક્ષણ આપવામાં આવી રહ્યાં છે. ઈ.સ. 1993 સુધી આ કાર્યક્રમમાં 34982 મહિલાઓ લાભ લઈ ચૂક્યા છે. દક્ષિણ એશિયા સહયોગ સંગઠન દ્વારા 1991-2000ને બાલિકા ઘટક જાહેર કરી દેવામાં બાદ સરકારે એક રાષ્ટ્રીય કાર્ય યોજના તૈયાર કરી છે.

## 2.5 ઉપસંહાર :

બાળકલ્યાણની જે સમસ્યાઓ છે તેને સમજવી ખૂબ જરૂરી છે અને તેનાં નિરાકરણ માટે સંસ્થાઓ અને તેના ક્ષેત્રો વિકસેલા છે જે બાળકલ્યાણ માટે કામ કરે છે. બાળકલ્યાણનાં ક્ષેત્રોની વિસ્તૃત સમજ માર્દર્શક પૂરવાર થશે. સમાજકાર્યનાં વિદ્યાર્થી તરીકે આ બાબતની સમજ કેળવાય તે માટે તેને અત્રે રજૂ કરવામાં આવે છે.

## 2.6 તમારી પ્રગતિ ચકાસો

1. બાળકોની સમસ્યાઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે ?

   (A) વિકલાંગ બાળકોની સમસ્યાઓ (B) બાળઅપરાધીઓની સમસ્યાઓ

   (C) સામાન્ય બાળકોની સમસ્યાઓ (D) ઉપરોક્ત તમામ

2. વિશ્વ બાળદિવસની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?

   (A) 14 જાન્યુઆરી (B) 24 નવેમ્બર

   (C) 14 નવેમ્બર (D) 16 નવેમ્બર

3. બાળકલ્યાણના કાર્યક્રમોને કેટલા ભાગમાં વહેંચવામાં આવેલ છે ?

   (A) પાંચ (B) ત્રણ

   (C) દસ (D) બે

4. સમાજકલ્યાણ મંત્રાલય સ્વતંત્રરૂપે ક્યારે અસ્તિત્વમાં આવ્યું ?

   (A) ઈ.સ. 1952 (B) ઈ.સ. 1989

   (C) ઈ.સ. 1979 (D) ઈ.સ. 1959

5. સામાજિક સુરક્ષા વિભાગની સ્થાપના ક્યારે કરવામાં આવી ?

   (A) ઈ.સ. 1962 (B) ઈ.સ. 1964

   (C) ઈ.સ. 1968 (D) ઈ.સ. 1974

6. કેન્દ્રિય સમાજકલ્યાણ બોર્ડની સ્થાપના ક્યારે થઈ ?

   (A) ઈ.સ. 1953 (B) ઈ.સ. 1952

   (C) ઈ.સ. 1954 (D) ઈ.સ. 1951

7. રાજસ્થાનમાં રાજ્ય સમાજકલ્યાણબોર્ડની સ્થાપના ક્યારે થઈ ?

   (A) ઈ.સ. 1974 (B) ઈ.સ. 1964

   (C) ઈ.સ. 1984 (D) ઈ.સ. 1954

8. સંકલિત બાળવિકાસ સેવાની શરૂઆત ક્યારે થઈ ?

   (A) ઈ.સ. 1975 (B) ઈ.સ. 1985

   (C) ઈ.સ. 1984 (D) ઈ.સ. 1980

## 2.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (D) ઉપરોક્ત તમામ
2. (C) 14 નવેમ્બર
3. (D) બે
4. (C) ઈ.સ. 1979
5. (B) ઈ.સ. 1964
6. (A) ઈ.સ. 1953
7. (D) ઈ.સ. 1954
8. (A) ઈ.સ. 1975

## 2.8 ચાવીરૂપ શબ્દો

**સમસ્યા :** એવી બાબત અથવા પરિસ્થિતિ કે જેને અણગમતી અથવા હાનિકારક માનવામાં આવે છે અને તેનો સામનો કરવાની અને દૂર કરવાની જરૂર છે.

## 2.9 સ્વાધ્યાય લેખન

1. બાળકલ્યાણ સંદર્ભ બાળકોની સમસ્યાઓ શું છે ?

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

2. બાળકલ્યાણનાં ક્ષેત્રો કયા - કયા છે ?

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

## 2.10 પ્રવૃતિ

1. બાળકોની સમસ્યાઓ અંગે નોંધ તૈયાર કરવી.
2. બાળકલ્યાણના કાર્યક્રમો અંતર્ગતની સેવાઓની મુલાકાત કરવી.

## 2.11 કેસ સ્ટડી

1. સમાજકલ્યાણ વિભાગની મુલાકાત લઈને બાળકો સંબંધિત સેવાઓની યાદી તૈયાર કરવી.

## 2.12 સંદર્ભગ્રંથો


1. એનસાયક્લોપિડીયા ઑફ સૉશ્યલ વર્ક : સમાજકલ્યાણ મંત્રાલય ભારત સરકાર
2. સમાજકાર્ય કે ક્ષેત્ર : ડૉ. ગિરીશ કુમાર
3. સમાજકાર્ય : ઓજલવીરત તેજસકાર પાંડે.

# એકમ–3 બાળકોના કલ્યાણ માટે કાયદાકીય જોગવાઈ

: રૂપરેખા :


3.0 એકમના હેતુઓ

3.1 પ્રસ્તાવના

3.2 બાળકો માટે મૂળભૂત અધિકાર

3.3 બાળકોને અલગ અધિકારોની જરૂરિયાત

3.4 બાળ અધિકારો વિશે સંધિ

3.5 બાળકો માટે રાષ્ટ્રીય નીતિ 2013

3.6 ભારતમાં બાળકો માટેનાં કાયદા

3.7 કાયદો પસાર કરાવા માટેનાં પરિબળો

3.8 ઉપસંહાર

3.9 તમારી પ્રગતિ ચકાસો

3.10 તમારી પ્રગતિ ચકાસોના જ્વાબો

3.11 ચાવીરૂપ શબ્દો

3.12 સ્વાધ્યાય લેખન

3.13 પ્રવૃતિ

3.14 કેસ સ્ટડી

3.15 સંદર્ભગ્રંથો


## 3.0 એકમના હેતુઓ

- પ્રસ્તુત એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને બાળકોને માટેના અલગ મૂળભૂત અધિકારો તથા તેની જરૂરિયાતો વિશે જાણવા મળશે.
- પ્રસ્તુત એકમના અભ્યાસથી બાળઅધિકારો અંગે થયેલ સંધિ રાષ્ટ્રીય નીતિ અંગે જાણકારી પ્રાપ્ત થશે.
- પ્રસ્તુત એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને ભારતમાં બાળકોના કાયદો તથા કાયદા પસાર કરવા માટેના પરિબળો જાણવા મળશે.

## 3.1 પ્રસ્તાવના

બાળક એ કુટુંબમાં જીવતંતા લાવે છે માનવવિકાસ માટે બાળવિકાસ જરુરી છે. બાળવિકાસ માટે બાળકોની સમસ્યાઓ જાણવી. સમસ્યાઓનાં આધારે બાળકલ્યાણ એમ પ્રક્રિયા આગળ વધે આ બધાને સફળ કરવા એ શક્ય બનાવવા બાળકોનાં અધિકારો મહત્ત્વનાં છે. ભારતના બંધારણમાં મૂળભૂત અધિકારો આપવામાં આવેલ છે જે બધા માટે સામાન્ય છે. મૂળભૂત અધિકારો સામાન્યતઃ અમલમાં જ હોય; પરંતુ, જે પરિસ્થિતમાં બાળકો મૂકાયા અને સમસ્યાઓનાં નિરાકરણ માટે બાળકોનાં અધિકારો કાયદાની જરૂરિયાત જણાઈ અને તે માટેની નીતિ કાયદા અસ્તિત્ત્વમાં આવ્યાં. અમલમાં આવ્યાં આ એકમમાં તેનાં વિશે વિસ્તૃત માહિતી આપવામાં આપી છે. જે સમાજના કાર્યનાં વિદ્યાર્થી તરીકે ઉપયોગી નીવડશે.

આ એકમમાં મુખ્યત્વે,

1) બાળકોનાં મૂળભૂત અધિકારો

2) બાળકોનાં અલગ અધિકારોની જરૂરિયાત

3) બાળકોનાં અધિકાર વિશે માહિતી મેળવશો.

◆ **પરિચય :**

ભારતના બંધારણમાં રાજ્યનીતિના માર્ગદર્શન સિદ્ધાંતોમાં કલમ 39(છ) અનુસાર રાજ્ય, બાળકોને સ્વસ્થ રીતે અને સ્વાતંત્ર્ય તથા ગૌરવભરી સ્થિતિમાં વિકસાવાની તકો અને સગવડો આપવામાં આવે અને બાળકો તથા કિશોરોને શોષણ સામે અને તેમની આર્થિક અને નૈતિક ઉપેક્ષા સામે રક્ષણ મળે એવી નીતિ અખત્યાર કરશે તેવી જોગવાઈ કરવામાં આવી છે. આ જોગવાઈ ગર્ભિત રીતે બંધરાણનું ઘડતર થયું તે સમયે સમાજમાં બાળકોની પરાધીનતા, ગૌરવભંગની સ્થિતિ વિકાસની તકોની ઉપેક્ષા અને શોષણની સ્થિત ઉપર પ્રકાશ પાડે છે. તે ભારતમાં બાળકોના નીચે દરજ્જોને સૂચિત કરવાની સાથે બાળકોનાં સ્થાન સુધારવાની આવશ્યકતા દર્શાવે છે.

આધુનિક યુગમાં બાળકો કિશોરો અને યુવાનોનું મહત્ત્વ વધ્યું છે; પરંતુ. ભારતના 50 ટકા કે તેથી વધુ કુટુંબોમાં બાળકો અને કિશોરના વિકાસ પ્રત્યે પર્યાપ્ત લક્ષ્ય અપાતું નથી અથવા તે પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવે છે. ભણવાની ઉંમરમાં બાળકોને કામે મોકલવા, શાળાએ જતાં બાળકોનું ભણતર અધવચ્ચેથી છોડવી દેવું, બાળકોનું નીચું આરોગ્યસ્તર, કન્યા જન્મ અને ઉછેરની અવગણના જેવી, ઘટનાઓમાં બાળકોના વિકાસ પ્રત્યે દુર્લક્ષ સેવાનું હોવાનું જણાઈ આવે છે. આ ઘટનાઓ બાળકોના શૈક્ષણિક, આર્થિક અને આરોગ્ય વિષયક નીચે દરજ્જાને સૂચિત કરે છે. એટલું જ નહીં; પરંતુ, બાળકોના સર્વાંગી વિકાસ માટે રાજ્યે કાનૂન અને બાળવિકાસ કાર્યક્રમો દ્વારા પૂરી પાડેલી તકોનો લાભ લેવા પ્રત્યે પણ આ કુટુંબો ઉપેક્ષા સેવતા હોવાનું જણાય છે. આ બાબત સાતત્યપૂર્ણ સામાજિક જાગૃતિ અભિયાનની આવશ્યકતા દર્શાવે છે.

સંયુક્ત રાષ્ટ્રોના 1989ના બાળકોના અધિકારો વિશેના સંમોલનમાં કહેવાયું હતું કે, 'બાળકો દુનિયાના ભાવિ નાગરિકો છે એમ કહેવું તે સત્યને લાખો ગણું નબળું પાડવા બરાબર છે.' સત્ય તો એ છે કે, બાળકો જ વિશ્વનું ભાવિ છે પ્રત્યેક બાળકે સમાજમાં મહત્ત્વની ભૂમિકા ભજવવાની હોય છે. બાળકે તેના બાળકલ્યાણમાં પૈસા કે રોટી કમાનાર વ્યક્તિ તરીકે ભૂમિકા ભજવવાની નથી હોતી. એ ભૂમિકા પુખ્ત ઉંમરના માણસોની છે. બાલ્યકાળનાં વરસોમાં દરેક દરેક બાળકો શિક્ષણ મેળવવાની તથા પોતાની અંદર રહેલી સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય તેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓના ભાગ લેવાની ભૂમિકા ભજવવાની હો છે. વિવિધ યુગોમાં બાળકની આ ભૂમિકા સમાજના સાતત્ય તથા સભ્યતાના વિકાસ સાથે સંબંધ ધરાવે છે. સમાજની ભાવિ સમૃદ્ધિ બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓના વિકાસ પર આધાર રાખે છે. આધુનિક સમાજમાં માનવ સંસાધન વિકાસ પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. હકીકતમાં, આ ખ્યાલ મૂળભૂત રીતે બાળવિકાસ સાથે સંકળાયેલો છે. આ કારણથી બાળકના સર્વાંગી સમતોલ શારીરિક, માનસિક બૌદ્ધિક અને શૈક્ષણિક વિકાસને આવશ્યક માનવામાં આવે છે. બાળકોને સમતેલ અને સર્વતોમુખી વિકાસ એ માનવ સંસાધન વિકાસનું પ્રથમ પગથિયું છે. પ્રત્યેક બાળક એ સમાજની અમૂલ્ય માનવસંપત્તિ છે. આથી, બાળકોમાં રહેલી સુષુપ્ત સશક્તિઓના વિકાસ માટે જરૂરી અને અનુકૂળ વાતાવરણ અને તકો પૂરા પાડવા એવી પ્રત્યેક સમાજ પાસે અપેક્ષા રાખવામાં આવે છે.

## 3.2 બાળકો માટે મૂળભૂત અધિકારો

1) પ્રારંભિક બાલ્યાવસ્થામાં સારસંભાળ અને શિક્ષણનો અધિકાર (0-6 વર્ષ)

2) મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો અધિકાર (0-14 વર્ષ)

3) માનવ તસ્કરી, વેઠિયા મજૂરી, બાળમજૂરી (14 વર્ષની વય સુધી રોજગાર સાથે રક્ષણ વય

અને ક્ષમતા માટે યોગ્ય ન હોય તેવા વ્યવસાયમાં પ્રવેશવાની આર્થિક આવશ્યકતા પેદા કરતા દબાણ હેઠળ આવવા માટે રક્ષણ સહિતના તમામ પ્રકારનાં શોષણ સામે રક્ષણનો અધિકાર

4) તંદુરસ્ત રીતે અને સ્વતંત્રતા અને ગૌરવપૂર્વક સમાન તક અને સુવિધા વિકાસવાવનો અધિકાર

5) બાળકો અને યુવાનોને શોષણ સામે તથા નૈતિક અને ભૌતિક રીતે વંચિત રાખવા સામે રક્ષણોના અધિકાર

## 3.3 બાળકોને અલગ અધિકારોની જરૂરિયાત

બાળકોને પણ પુખ્તવયની વ્યક્તિ જેવા જ અધિકારો હોય છે. ઘણા પુખ્તવયના લોકોને પોતાના અધિકારો નથી મળતા તેવી રીતે બાળકોને પણ તેમના અધિકાર મળતાં નથી. વર્ષ 1989માં કેટલાંક વર્ષોની ચર્ચા અને વિચારવિમર્શ બાદ યુનાઈટેડ નેશન્સે કન્વેન્શન ઓન ધ રાઈટ્સ ઓફ ચિલ્ડ્રન (સીઆરસ્સી) પસાર કરવાનો નિર્ણય લીધો હતો. બાળકોના અધિકારોનું રક્ષણ થઈ શકે તે માટે બાળ-અધિકારોનું રક્ષણથી શકે તે માટે બાળ-અધિકારો માટે અલગથી ધ્યાન આપવાની જરૂરિયાત વર્તાય હતી; કારણ કે, બાળકોને ખાસ મદદ અને રક્ષણની જરૂર છે એવું જાણવા મળ્યું હતું તે શા માટે આવશ્યક છે તે સમજવું મુશ્કેલ નથી.

આપણે આપણાં બાળપણનાં દિવસો યાદ કરીએ તો, આપણે કદાચ એવા બનાવ યાદ આવશે જ્યારે આપણી સાથે યોગ્ય વર્તાવ થયો ન હતો અને આપણે તેવી વર્તણૂંક ઈચ્છતા ન હતાં. આપણા પર ગુસ્સો કરીને બૂમો પાડવામાં આવી હતી અને આપણો વાંક ન હોવા છતાં સજા કરવામાં આવતી હતી. આપણે વિરોધ કરીને મોટેરાંઓને જણાવવા માંગતા હતાં કે તેમાં અમારો વાંક ન હતો; પરંતુ, આપણા માટે તે ખૂબ મુશ્કેલ હતું. આપણે નાખુશ છીએ તે બાબતથી વાકેફ હોવા છતાં મોટા લોકોને આપણી વાત સાંભળળામાં રસ ન હતો. આપણને લાગતું હતું કે આપણામાં શક્તિ કે હિંમત નથી. આપણને એ વિચારીને ડર લાગતો હતો કે આપણે વિરોધ કરીશું તો આપણને વધારે સજા કરવામાં આવશે. મોટેરાંઓ પાસે વધારે સત્તા હતી તેને આપણે સમજી શકતા હતાં અને તેમની સામે કોઈ પ્રતિકાર કરવામાં જોખમ છે એવું આપણો માનતાં હતાં.

બાળ-અધિકારો એ માનવ અધિકારોથી અલગ નથી. બાળક જે કરે અથવા કહે તે મોટેરાંઓને ગમતું ન હોય અથવા મોટેરાંઓને લાગે કે તેઓ વધારે સારી માહિતી ધરાવે છે. તેના આધારે તેઓ બાળ-અધિકારો છીનવી ન શકે. જો કે, અભ્યાસકર્તાઓની માહિતી દર્શાવે છે કે, બાળકોના અસ્તિત્ત્વ માટે જ નહીં, પણ તેમના તંદુરસ્ત વિકાસ અને દુર્વ્યવહાર તથા શોષણ સાથે તેમના રક્ષણ માટે આવશ્યક એવા તેમના અધિકારોથી ઘણાં બાળકોને વંચિત રાખવામાં આવે છે.

સીઆરસીમાં તમામ પરિસ્થિતિ અને સંદર્ભમાં બાળકોના તમામ અધિકારો તથા બાળકોને તેમની નિર્બળતાના કારણે મળવાપાત્ર વિશેષ અધિકારો સામેલ હોય છે. તેમાં મોટેરાઓ પર આ અધિકારો લાગુ કરવાની જવાબદારપી પણ નક્કી કરવામાં આવેલી હોય છે. એક રીતે તે આપણને યાદ અપાવે છે કે, આપણે ગૌરવ, સહનશીલતા, સ્વતંત્રતા અને સમાનતાના લક્ષ્ય પ્રાપ્ત કરાવ હોય તો આપણે બાળકો સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ. તેમાં બાળકો પ્રત્યે ધ્યાન આપવું તેમને શું લાગે છે અને એ શું કહેવા માંગે છે તથા તેમના જીવનને લગતા મહત્ત્વના નિર્ણયોમાં તેમને સામેલ કરવાનો સમાવેશ થાય છે.

સી.આરસીને વિશ્વસના 195 દેશો દ્વારા મંજૂરી આપવામાં આવી છે. ભારતે 1992માં આ સંધિને અપનાવી હતી. તેનો અર્થ એ થયો કે આ દેશો સંધિમાં જણાવ્યા પ્રમાણે, બાળકોને તેમના અધિકારો મળી શકે તે માટેનાં લક્ષ્યોનું પાલન કરવા માટે સહમત થયાં છે. તેઓ પોતાનાં બાળકો માટે તમામ જોગવાઈઓનું પાલન કરવા અને તેને સુનિશ્ચિત કરવા સહમત થયાં છે. તે દર્શાવે છે કે, બાળ-અધિકારો અંગેની ચિંતા કોઈ ચોક્કસ રાષ્ટ્ર કે પ્રદેશ પૂરતી મર્યાદિત નથી; પરંતુ, તે વૈશ્વિક ચિતાં બની ચૂકી છે.

જે દેશોએ આ સંધિ અપનાવી છે તેમણે પોતાના કાયદામાં સુધારા કરવા પડે છે. જેથી કોઈ

બાળક વિરૂદ્ધ ભેદભાવ રાખવામાં ન આવે તે સુનિશ્ચિત થઈ શકે, તેમની સાથે સમાન વ્યવહાર કરવામાં આવે અને તેમને લગતા કોઈપણ નિર્ણય લેતા પહેલા તેમના મત જાણવામાં આવે. તેમની પાસેથી બાળકને કેટલા પ્રમાણમાં તેમના અધિકારો મળે છે તેના પર દેખરેખ રાખવાની અને સમીક્ષા કરવાની નવા કાર્યક્રમો અને સેવાઓ શરૂ કરવાની અને જે અધિકારો લાગું ન થયા હોય તે પ્રાપ્ત કરવા માટે પગલાં લેવાની અપેક્ષા રાખવામાં આવે છે. તેમણે જે પ્રગતિ કરી હોય તે અંગે આંતરરાષ્ટ્રીય સમિતિને અહેવાલ આપવાનો હોય છે. જેથી સમિતિ સૂચવી શકે કે બાળ-અધિકારો માટે રાષ્ટ્રએ કયા વધારાના પગલાં લેવા જોઈએ.

## 3.4 બાળ-અધિકારો અંગે સંધિ

સંધિ પ્રમાણે બાળક એટલે 18 વર્ષની ઓછી વયની વ્યક્તિ જે દેશોએ સીઆરસીનો અમલ કર્યો છે, તેમણે પુખ્તવયની વય જો 18 વર્ષથી નીચે નક્કી કરી હોય તો તેને વધારીને 18 વર્ષથી ઓછી વયના તમામ બાળકો માટે રક્ષણનું સ્તર વધારવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. સીઆરસીમાં સિદ્ધાંતો નક્કી કરવામાં આવે છે. તેના આધારે તમામ બાળકો પોતાના અધિકારો મેળવી શકે તે માટે તમામ કાયદા, અદાલતો દ્વારા અપનાવાયેલી પ્રક્રિયા, નીતિઓ, કાર્યક્રમો અને સેવાઓને માર્ગદર્શિત કરવામાં આવે છે.

સીઆરસી હેઠળ બાળકોના અધિકાર હેઠળ આવતા મૂળભૂત અધિકારોની વિગત સમાવિષ્ટ હોય છે. તેમાં દરેક બાળકના નાગરિક, રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક અધિકારોનો સમાવેશ થાય છે. સીઆરસીએ અધિકારોને ચાર મુખ્ય વર્ગમાં વિભાજિત કર્યા છે.

- અસ્તિત્ત્વ
- રક્ષણ
- વિકાસ
- સહભાગિતા

- **અસ્તિતત્વનો અધિકાર :**

દરેક બાળકને જીવનનો અધિકાર છે અને અસ્તિત્ત્વ ટકાવવા માટે જે જરૂરી હોય તે મળવું જોઈએ. આ અધિકાર તે ગર્ભસ્વરૂપમાં હોય ત્યારથી જ શરૂ થઈ જાય છે. માતા યોગ્ય આહાર લઈને આવશ્યક રચી લઈને કાળજી ન રાખે તો તેના ગર્ભમાં રહેલા બાળક પર નકારાત્મક અસર પડશે ગર્ભપાતનો કોઈપણ પ્રયાસ બાળકના અસ્તિત્ત્વ ઘડાવવાના અધિકાર પર સીધો પ્રહાર ગણાય. એક વખત બાળકનો જન્મ થાય પછી તેને ખોરાક, સ્વચ્છ પીવાના પાણી, સ્વચ્છ અને સુરક્ષિત વાતાવરણ, કપડા, આરોગ્ય સુવિધા અને આવાસના લઘુત્તમ ધોરણો પ્રમાણે સુવિધા મળે તે જરૂરી છે, બાળકને એક નામ આપવું પણ જરૂરી છે જેથી તેને એક ઓળખ મળે અને તેના જન્મની નોંધણી કરવી આવશ્યક છે. બાળક સ્વમાનભેર જીવી શકે તે પણ મહત્ત્વનું છે.

- **વિકાસનો અધિકાર :**

બાળકના અસ્તિત્ત્વની પાયાની જરૂરિયાતો સંતોષાઈ જાય પછી બાળકને તંદુરસ્ત વૃદ્ધિ અને વિકાસ માટે બીજી ઘણી ચીજોની જરૂર પડે છે. તેને તંદુરસ્ત શારીરિક, માનસિક અને ભાવનાત્મક વિકાસ માટે તમામ સુવિધાઓ અને સવલતો મળવી જરૂરી છે. પ્રારંભિક વર્ષોમાં બાળકને પૂરતા પ્રમાણમાં પોષણનો ટેકો મળવો જોઈએ. બાળકને રસપ્રદ પ્રવૃત્તિ પણ કરવા દેવી જોઈએ, જેથી તે શીખી શકશે અને શીખવામાં તેનો રસ પણ જાગશે. બાળક એકવાર શાળાએ જવા માટે તૈયાર થયા પછી તેને એવી રીતે શિક્ષણ મળવું જોઈએ; જેને તે આનંદદાયક અનુભવ તરીકે માણી શકે અને શીખી પણ શકે. બાળકને તેના ઘરથી બહુ દૂર ન હોય તેવી શાળામાં શિક્ષણ મેળવવાનો અધિકાર છે. અભ્યાસક્રમ અને શિક્ષણની પદ્ધતિ એવી હોવી જોઈએ, જેથી શાળા તેના માટે બોજારૂપ ન બને બાળક શિક્ષણની પ્રવૃત્તિમાં હિસ્સેદારી કરીને આનંદ મેળવી શકે. બાળકને તેમની ભાષા અને

રીતભાતનો ઉપયોગ કરવાનો અધિકાર છે. ભલે પછી તે શાળામાં મોટાભાગના બાળકોની રીતભાતથી તે અલગ હોય. શાળાએ આવા બાળકોને અનુવાદકોની મદદથી કે સ્થાનિક સ્વયંસેવકો દ્વારા તેમની ભાષામાં શિક્ષણ સામગ્રી પૂરી પાડવા પ્રયાસ કરવો જોઈએ. વિશેષ કાળજીની જરૂરિયાત હોય તેવા બાળકોને એવી સુવિધાઓ અને શિક્ષણ સામગ્રી મેળવવી જોઈએ. જેને તે વાંચી અને સમજી શકે. દાખલા તરીકે, સંપૂર્ણપણે દૃષ્ટિહિન હોય તેવા બાળકને બ્રેઈલમાં પુસ્તકો મળવા જોઈએ, હલનચલનની વિકલાંગતા ધરાવતા બાળકને તેની જરૂરિયાત પ્રમાણે ઘોડી, વ્હિલચેર, ટ્રાઈસિકલ વગેરે સુવિધા મળવી જોઈએ. શાળાની ઈમારત એવી હોવી જોઇએ કે જેથી બાળક આસપાસ મુક્તપણે વિચરણ કરી શકે. દરેક બાળકને હળવા થવાનો અને મુક્ત સમયનો આનંદ માણવાની તક મળવી જોઈએ. તેને રમવા અને મનોરંજન માટે સમય અને સ્રોત મળવા જોઈએ. પરિવારના સ્થળાંતરના કારણે, શાળા અને ઘર વચ્ચેના અંતરના કારણે, વિકલાંગતા અથવા શાળામાં સુવિધાઓના અભાવના કારણે શાળાએ જઈ શકતા ન હોય એવાં બાળકોને સરકારે સુવિધા આપવી જોઈએ.

- **રક્ષણનો અધિકાર :**

બાળકો દુર્વ્યવહાર ઉપેક્ષા અને શોષણને ભોગ બની શકે તેવા અસમર્થ હોય છે. આવી સ્થિતિનો સામનો કરવાની કે તેની સામે પ્રતિભાવ આપાવ માટે તેમની પાસે સામર્થ્ય હોતું નથી. આંકડા દર્શાવે છે કે પરિવાર અને અજાણ્યા લોકો બાળકોને નુકશાન પહોંચાડી શકે છે. અનાથ અને નિરાધાર બાળકો, નિર્વાસિતોનાં બાળકો, કેદીઓ અને સેક્સ વર્કર્સના બાળકો, મજૂરી કરતા અને શેરીઓમાં રહેતા બાળકો જેવા કેટલાંક બાળકો બીજા કરતા વધારે નિર્બળ સ્થિતિમાં હોય છે. છોકરીઓ તથા વિકલાંગતા ધરાવતાં બાળકો વધારે નિર્બળ સ્થિતિમાં હોય છે.

રક્ષણનો અધિકાર આવા બાળકોની નિર્બળ સ્થિતિને ધ્યાનમાં લે છે. સરકારે એવા કાયદા ઘડવા જોઈએ, જેથી બાળકોને તમામ શોષણ , હિંસા, દુર્વ્યવહાર, અમાનવીય વ્યવહાર, સામે વાલીઓ દ્વારા કે તેની કાળજી રાખતી બીજી કોઇપણ વ્યક્તિ દ્વારા તેમને નુકશાન પહોંચાડવા સામે રક્ષણ આપી શકાય. જેમાં સારસંભાળ આપતી સંસ્થાો, રોજગાર દાતા અથવા જેલના કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. સંઘર્ષ, રમખાણ, આફત કે યુદ્ધની સ્થિતમાં બાળકોને વિશેષ કાળજી અને રક્ષણનો અધિકાર છે. આવી પરિસ્થિતના કારણે જે સેવાઓમાં વિક્ષેપ થયો હોય તેને ફરીથી પ્રસ્થાપિત કરવી જોઇએ, જેથી તે પહેલાની જેમ સ્થિતિ થઈ શકે.

કેટલાંક બાળકો એવી પ્રવૃત્તિમાં સામેલ થાય છે, જેમાં દેશના કાયદાનો ભંગ થતો હોય. આવી સ્થિતિમાં બાળકોને પુખ્તવયના લોકો તરફથી અલગ પ્રકારના વ્યવહારની જરૂર પડે છે. તેને તેમની કાર્યવાહીના પરિણામો અંગે સલાહ મળવી જોઈએ એ તેમને સમજાવવા જોઈએ. જેથી આવી કાર્યવાહીનું પુનરાવર્તન ન થાય.

- **સહભાગિતાનો અધિકાર :**

બાળકોને શરૂઆતથી જ તેમની ક્ષમતા વિકાસવવાની તક આપવામાં આવે તો તેઓ તેમના વિચારો વ્યક્ત કરવાની અને નિર્ણય લેવાની ક્ષમતા વિકસાવી શકે છે. ઘણી વખત પુખ્તવયના લોકો બાળકો માટે મોટાભાગના નિર્ણય લેવામાં આવતાં હોય છે. તેમાં બાળકોએ શું પહેરવું અને ગામનું દૃશ્ય કઈ રીતે દોરવું જેવી નાની બાબતોથી લઈને વાલીઓ છૂટાછેડા લે ત્યારે બાળકે કોની સાથે રહેવું, તેના મહત્ત્વના નિર્ણયોનો સમાવેશ થાય છે. તેમાં બાળકોના વિચાર જાણવામાં નથી આવતા કારણ કે, વાલીઓ માને છે કે, બાળકો એટલા સમર્થ કે પરિપકવ નથી. સહભાગિતા અધિકારનો અર્થ એ થયો કે તમામ બાળકોને પૂરતા પ્રમાણમાં મદદ અને તક મળવી જોઈએ; જેથી, તેઓ મંતવ્ય સાંભળી અને ચર્ચા કરી શકે તથા પોતાનો મત રચી શકે, બાળકોને એકબીજાને મળવાનો કે મંડળમાં અને જૂથમાં જવાનો અધિકાર હોય છે. તેમણે શું કરવું તે નક્કી કરવામાં તેમને મદદ કરી શકે એવી માહિતી પૂરી પાડવી જોઈએ. તેમને પોતે જે વિચારતા અને માનતા હોય તેને તથા પોતાના ધર્મને અનુસરવાનો અધિકાર છે. શાળા અને સમુદાયમાં તેઓ શિક્ષણ તથા શિક્ષણની સામગ્રી વિશે અને સમુદાયમાં તેઓ શિક્ષણ તથા શિક્ષણ સામગ્રી વિશે અને સમુદાયમાં જે સમસ્યાઓ તેઓ સહન કરતા હોય તેના વિશે

પોતાનાં મંતવ્યો વ્યક્ત કરી એવા ફોરમ હોવા જોઈએ. બાળસંસદ અથવા બાળ-સભા જેવા મંચ તેનું ઉદાહરણ છે. ઘણી શાળાઓમાં બાળકોમાં નેતૃત્ત્વના કૌશલ્યને પ્રોત્સાહિત કરવા માટે બાળસમિતિઓ રચવામાં આવતી હોય છે. ગામોમાં યુવા-જૂથો રચવામાં આવે છે. તેમાં તેઓ ગામના પ્રશ્નો અંગે ચર્ચા કરે છે. તેમજ માહિતી-અભિયાનનું સંચાલન, મહત્ત્વના સ્તરોમાં સ્થાનિક સ્તરે કુશળતા વિકસાવવા કૌશલ્ય તાલીમમાં સહભાગિતા વગેરે જેવી વિકાસની પ્રવૃત્તિઓમાં મદદ કરે છે. બાળકની ક્ષમતામાં વધારો થાય તે સાથે તેમને પુખ્તવયની તૈયારીના ભાગરૂપે સમાજની પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની વધુ ને વધુ તક મળવી જોઈએ.

## 3.5 બાળકો માટે રાષ્ટ્રીય નીતિ 2013

બાળકોની જરૂરિયાતો અને અધિકારોની રૂપરેખા સાથેની બાળકો માટેની પ્રથમ રાષ્ટ્રીય નીતિ વર્ષ 1974માં બનાવવામાં આવી હતી. તે ભારતના બંધારણ અને યુ.એનના બાળ-અધિકારોનો ઘોષણા-પત્રમાં આપવામાં આવેલા અધિકારો તેમને મળે, તે અંગે બાંયધરી આપતી દિશાઓ અને રૂપરેખા પૂરી પાડતી હતી. વર્ષ 2013માં ભારતે 2012માં સ્વીકારેલા યુએનસીઆરસીને ધ્યાનમાં રાખીને એ નીતિમાં ફેરફાર કરવામાં આવ્યાં. બાળકોનાં જીવન, આરોગ્ય અને પોષણ, વિકાસ, શિક્ષણ, રક્ષણ અને ભાગીદારી માટે, તેમના બાળપણના વિવિધ તબક્કે જે રીતે અધિકારોની જરૂર પડે તે મુજબ નીતિ બનાવવામાં આવી છે. એક શિશુને તેના યોગ્ય વિકાસ માટે ધાવણની સાથે પૂરક ખોરાકની પણ જરૂર છે. જ્યારે એનિમિયાથી પીડાતી 70% કિશોરીઓ આયર્ન અને ફોલિક એસિડની ગોળીઓની જરૂર છે. નીતિ રાજ્ય સરકારને, અધિકારોને સુરક્ષિત અને પ્રોત્સાહિત કરવા હકારાત્મક પગલાં લેવાનો દિશા-નિર્દેશ કરે છે.

નીતિ 18 વર્ષથી નીચેની વ્યક્તિને બાળક માને છે, જે સ્વીકારે છે કે બાળકો સમાનધર્મી જૂથ નવી અને તેઓ અલગ-અલગ સંજોગોમાં અલગ-અલગ વંચિતતા અનુભવે છે. તેને અલગ રીતે હાથ ધરવાની જરૂર છે. વિવિધ જૂથોની ચોક્કસ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બાળકોના વિકાસ અને રક્ષણ માટે લાંબાગાળાના અને ટૂંકાગાળાના ધ્યેયો રાખવા મહત્ત્વપૂર્ણ છે. તે બાળક માટેના કૌટુંબિક વાતાવરણની જરૂરિયાતને ઓળખે છે અને જેથી બાળકોનાં સંભાળ અને પાલન-પોષણ માટે કુટુંબનો આધાર પણ જરૂરી છે, એવું દૃઢ પણે માને છે; પરંતુ, એ પણ માને છે કે જો બાળકનું કુટુંબ સાથે રહેવું તેના શ્રેષ્ઠ હિતમાં નથી તો બીજા રસ્તાઓ પણ અપનાવી શકાય. એનો મતલબ એ થાય કે, બાળાને સંભાળ કેન્દ્રમાં કે જે કુટુંબને બાળક જોઈતું હો તેને દત્તક કે પછી તેને કોઈ સંસ્થામાં પણ મૂકી શકાય. જ્યારે પછી તેને કોઈ સંસ્થામાં પણ મૂકી શકાય. જ્યારે એક છોકરી વ્યભિચાર અથવા ગંભીર હિંસાના અન્ય સ્વરૂપોનો તેના કુટુંબમાં જ સામનો કરી રહી હોય ત્યારે એ જરૂરી બને છે . એ જ રીતે બાળકોને સંભાળ આપતી સંસ્થાઓ, શાળાઓ, હોસ્પિટલો, ચર્ચ, કુટુંબો અને સમુદાયોમાં થતાં તમામ પ્રકારના નુકશાન દુરુપયોગ, શોષણ, ઉપેક્ષા, હિંસા, ગેર વર્તાવ સામે રક્ષણ આપવું જોઈએ. નીતિ એ વાત પર પણ ભાર મૂકે છે કે, રાજ્યોએ બાળકોનાં શોષણ સામે રક્ષણ માટે પર્યાપ્ત પગલાં લેવાં પડશે. બાળકો જો જોખમી પરિસ્થિતિઓમાંથી કાઢવાં જ જોઈએ. દરેક બાળકને 14 વર્ષ સુધી મફત અને ફરજિયાત પ્રારંભિક શિક્ષણ મળવું જોઈએ. એવી ઘણી શક્યતાઓ છે કે જે બાળકો શાળાએ નથી જતાં, એ લોકો ક્યાંક કામ કરવામાં કે તેમનાં કુટુંબના જ કોઈ કામમાં લાગી જાય છે. તેઓ નાના ભાઈ-બહેનની કાળજી લેવાના કામમાં, ઘરકામમાં, બાળકોને ઓછા પગારે કામ પર રાખતી ફેક્ટરીઓમાં, ખેતરોમાં અને અન્ય સંસ્થાઓમાં કામે લાગી જાય છે.

બાળકોના તમામ અધિકારો પરસ્પર સંકળાયેલા અને પરસ્પર નિર્ભર છે. ઉદાહરણ તરીકે, જો એક બાળકનો જીવનનો અધિકાર અસર પામે તો તેના/તેણીના તંદુરસ્ત જીવના અધિકારને પણ અસર થશે. એક બાળકનો જાણવાનો અધિકારને ત્યાં સુધી પૂર્ણ ન થાય જ્યાં સુધી લિંગ, જાતિ અને કોઇપણ જાતના તિરસ્કારના કારણે તેને ભણવાથી રોકવામાં આવે. જો બાળકને પોતાને મળતી સેવાઓની અને તેમને જે તકલીફો સહન કરવી પડે છે એ વિશે તેમનું મંતવ્ય કહેવા માટેની યોગ્ય

જગ્યા ન મળે, જો તેમને એક સુરક્ષિત વાતાવરણમાં કોઈપણ ભેદભાવ વગર સારી સેવાઓ ના મળે તો અધિકારોનો કોઈ અર્થ નથી.

નીતિઓમાં એ સેવાઓની યાદી છે કે, જેનો સીઆરસીના ચાર અધિકારોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બાળકોના અસ્તિત્ત્વ આરોગ્ય અને પોષણ, શિક્ષણ, રક્ષણ અને સહભાગિતા.

## 3.6 ભારતમાં બાળકો માટેના કાયદાઓ

ભારતીય નાગરિકો માટે અમલમાં મૂકાયેલાં બધા કાયદા તમામ બાળકોને પણ લાગું પડે છે. જો કે, છેલ્લા 100 વર્ષમાં ખાસ પ્રકારના કાયદાઓ ઘડવામાં આવ્યાં છે. જે બાળકોના હિતમાં છે અને તેમના અધિકારોની જાળવણી કરે છે, બાળકોની પરિસ્થિતિ અને અન્યાય શોષણ અને દુરુપયોગ સામે તેઓ સુરક્ષિત રહી શકે અને તેમના અધિકારો મેળવે તે માટે આ કાયદાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ કાયદાઓ તેમને કોઈપણ રીતે તેમના શોષણ, દુરુપયોગ ઉપેક્ષા અથવા કનડગત સામે રક્ષણ આપે છે.

ભારત દ્વારા સીઆરસીને જ્યારથી બહાલી અપાઈ છે ત્યારથી તેના સિદ્ધાંતો સાથે એકરૂપતા સાંધી શકાય એ રીતે બાળકો માટેના કાયદા સુધારવા માટે પ્રયત્નો કરવામાં આવ્યાં છે. અધિકારોના રક્ષણ અને પ્રોત્સાહન માટે કાનૂની જોગવાઈઓ એક વ્યાપક માળખું પૂરું પાડે છે. જ્યાં સુધી આ રાજકીય ઈચ્છાશક્તિ નાણાંકીય ફાળવણી અને પૂરતી અમલીકરણ વ્યવસ્થા ન મળે ત્યાં સુધી આ કાયદાઓની ઈચ્છિત અસર પડશે નહીં. ઉપરાંત, નાગરિક-સમાજ આ વ્યવસ્થાના અમલીકરણ અને દેખરેખમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. સામાજિક સમસ્સયાઓનો ઉકેલ લાવવા અને નાગરિકો પર પડતી તેની પ્રતિકૂલ અસર ઘટાડવા માટે, ઘણા કાયદાઓ રચવામાં આવ્યાં છે. જો કે માત્ર કાનૂની પગલાં દ્વારા અસરમાં ઘટાડો કરી શકાય નહીં. સામાજિક સમસ્યાઓ ઉકેલવા માટે, સમાજના વિવિધ હિતધારકોએ સમાજના વર્તનમાં પરિવર્તન લાવવું પડશે.

બાળકોની સ્થિતિની ફરજિયાત રીતે દેખરેખ રાખવા અને તેમની પરિસ્થિતિ સુધારવા માટે સક્રિય પગલાં લેવી તેઓની જુદીજુદી દેખરેખ અને બાળકોના વિકાસ માટે જરૂરી સંસ્થાનો ઉપલબ્ધ કરાવવા માટે જરૂરી સંસાધનો ઉપલબ્ધ યોજનાઓ અને અનુદાન વિશે માહિતી ઉપલબ્ધ કરાવા કાયદાકીય જોગવાઈઓ છે.

બંધારણની અંદર ખાસ પ્રકારે બાળ-અધિકારોના અમલીકરણ માટે પૂરતો ભાર મૂકવામાં આવ્યો છે. જેમાં ખાસ ધ્યાનાકર્ષક મુદ્દો બાળવિવાહનો છે. વિવાહ માટે લઘુત્તમ વય છોકરીઓ અને છોકરાઓ માટે લઘુત્તમ વય છોકરીઓ અને છોકરાઓ માટે અલગ-અલગ નક્કી કરવામાં આવી છે. નાના અને સગીર બાળકોના વિકાસ માટે પાલક માતા-પિતાની નિમણૂંક કરવા માટે કોર્ટને સક્ષમ બનાવવી. હિન્દુ પાલક માતા-પિતાને દત્તક લેવા માટેનો કાયદો વર્ષ 1956માં અમલમાં આવ્યો છે. જેમાં હિન્દુ સંતાન વિહોણા વડીલોને હિન્દુ બાળકના પાલન પોષણની જવાબદારી સોંપવાનો ખાસ ઉલ્લેખ છે. સામાજિક કાર્યકર્તાઓ દ્વારા આ બાબતે ખાસ પ્રયત્નો પણ કરવામાં આવે છે. જો કે, તેમાં બહુ કામ થયું નથી.

બાળકના સંરક્ષણ અને ઉછેર માટે પણ ખાસ પ્રકારની કાયદાકીય જોગવાઈ છે. દા.ત. મહિલા અને બાળકોની સંસ્થાનો કાયદો 1960, કમનસીબે આ બાબતને લગતા કાયદો સીમિત ભૌગોલિક વિસ્તારમાં જ અમલમાં મૂકાય છે. ઉપરાંત, એવું પણ જોવા મળ્યું છે કે, મોટાભાગના રાજ્યોમાં વહીવટી માળખાંની નિષ્ક્રિયતા પણ હોય છે અને તે પણ ખાસ કરીને બાળકોના ભણતર વિશેની નિષ્ક્રિયતા.

અનાથ અને તરછોડાયેલા બાળકો માટેનાં કાયદાઓનો ઘણા સારા છે; પરંતુ, કમનસીબે તેનું અમલીકરણ જોઈએ તેટલું થતું નથી. ''સેન્ટ્રલ ચીલ્ડ્રન એક્ટ-1960'' અને ''સ્ટેટ ચીલ્ડ્રન એક્ટ'' અન્વયે તરછોડાયેલા અને અનાથ બાળકો ઉપરાંત આશ્રય વિહીન, કાયદાના સંઘર્ષમાં આવેલા, ઉપેક્ષિત અને શોષિત બાળકોને સામાજિક વ્યવસ્થાનો ભોગ બનેલા ગણવા સરકારે આ બાળકોને

વિસ્થાપિત કરવા માટે ખાસ ઈચ્છનીય વાતાવરણ ઊભું કરવાની જવાબદારી સ્વીકારવી. સાનુકૂળ પરિસ્થિતિ અને યોગ્ય વિકાસની તકો પૂરી પાડવી જરૂરી છે. આ કાયદા મુજબ બાળકને ''સ્પેશિયલ જુવેનાઈલ કોર્ટ'' અને ''બાળકલ્યાણ બોર્ડ'' દ્વારા આવા બાળકોની યોગ્ય સારવાર વિકાસની તકો પૂરી પાડવી અને સાનુકૂળ વાતાવરણમાં વિસ્થાપિત કરવા. મહિલાઓ અને બાળકોના અનૈતિક સ્થળાંતર વિરોધી કાયદો વર્ષ 1956માં અમલમાં આવ્યો. આમ છતાં, આ કાયદાઓનું અમલીકરણ ગંભીર રીતે ન થતું હોય, તેવા કિસ્સા વારંવાર પ્રકાશમાં આવે છે. ખાસ કરીને શહેરી વિસ્તારમાં અચરજની વાત તો એ છે કે, ઘણા રાજ્યોએ તો આ કાયદાઓના અમલ કરવાનું પણ હજી શરૂ કર્યું નથી. આ કાયદા અન્વયે ઘણા બાળકો ધ્યાનમાં આવ્યાં. જેમનો, વિકાસ વ્યવસ્થિત સંસ્થાકીય સહાય વગર મુશ્કેલ છે. હકીકતમાં પશ્ચિમના દેશોની સરખામણીએ આપણે ત્યાં બાળક દત્તક લેવાની આતુરતા અને ઉત્સાહ પણ કારણભૂત હોઈ શકે. આપણે ત્યાં બાળ-ઉછેર માટે પૂરતી વ્યવસ્થા અને સાનુકૂળ સંજોગો નહોતા. તરછોડાયેલાં અને પરતંત્ર બાળકો વિશેની કાયદાકીય વિશેષ છણાવટને કારણે બાળકના ઉછેર અને અસ્તિત્ત્વની ઝાંખી છબી ઉપસવા ઉપરાંત અવાસ્તવિક અને અવ્યવહારુ અભિગમ અપનાવાઈ રહ્યો છે.

ત્રીજો અગત્યનો મુદ્દો જે બાળકોને કાયદાકીય રીતે આવરી લે છે તે બાળકોના રોજગાર બાબતે છે. બાળકો અમુક વ્યવસાયમાં અમુક ઉંમર સુધી ન જઈ શકે તેવા કાયદા છે. દા.ત. ''ઈન્ડિયન મરચન્ટ શીપીંગ એક્ટ 1923'' ''બાળ રોજગાર ધારો 1930'' અમુક વ્યવસાય જેમાં રાતપાળી હોય, સ્વાસ્થ્યને હાનિકર્તા હોય, લઘુત્તમ વય નક્કી કરવામાં આવેલ છે. તે ઉપરાંત, રોજગારના કલાકો પણ નક્કી કરવામાં આવેલ છે. જો કે, આ કાયદાઓ મૂળભૂત રીતે જ બાળસંરક્ષણ અધિકારોને ઘણી જ સંતોષકારક રીતે વર્ણવે છે. જેમાં ''ફેક્ટરી એક્ટ 1948'',''પ્લાન્ટેશન લેબર એક્ટ 1951'', ''માઈન્સ એક્ટ 1952'', ''શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એક્ટ'' વગેરે ધારાઓનો અમલ થાય છે.જે હકીકતમાં બાળકના અધિકારોનું જતન કરે છે. આ ધારાઓ લગભગ દરેક વ્યવસાયને સીધી કે આડકતરી રીતે વણી લે છે. આમ છતાં ઘણી મોટી સંખ્યામાં બાળકો ''અન ઓર્ગેનાઈઝ્'' સેક્ટર સાથે જોડાયેલા હોય છે. જેમકે, ખેતીકામ, ધાતુકામ, વાસણ ઉદ્યોગ, શેતરંજી બનાવતી હસ્તશાળ, ઘરકામ, નાની દુકાનો, ચાની લારીઓ, નાની હોટેલ, રેસ્ટોરન્ટ, વગેરે જ્યાં તેઓના કામના કલાકો પણ ઘણા હોય છે અને મોડી રાત સુધી કામમાં રોકાયેલા હોય છે. બાળ સંરક્ષણના કાયદાનું અહીં પુરેપૂરું અમલીકરણ થતું નથી કારણ કે, તેમની અંગત જરૂરિયાતો, કૌટુંબિક આર્થિક ભીંસ વગેરે કારણો વાલીઓ પણ બાળકો પાસે કામ કરાવે છે. અને વાલીઓ ઘણા અંશે જાણતા હોવા છતાં બાળકોનું શોષણ થાય છે. ઈન્સ્પેક્શનનો સ્ટાફ પૂરતો ન હોવાના કારણે અથવા ખોટાં જન્મનાં પ્રમાણપત્રો, શાળામાં ન ભણાવી શકવાના કારણો વગેરેને લીધે આવી ઘટનાઓ પ્રકાશમાં આવતી નથી અને બાળમજૂરીનો ભોગ બાળકો બને છે ભણતર માટેની સુવિધાજનક તકો પૂરી પાડવાથી આ સમસ્યાનો ઉકેલ લાવી શકાય છે. કુટુંબથી દૂર રહેતાં બાળકોને વ્યવસ્થિત શિક્ષણ રમતગમત અને સાંસ્કૃતિક વાતાવરણ પૂરું પાડવાથી આ સમસ્યાનું નિરાકરણ કાઢી શકાય.

- **કાયદો :**

**પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સ એક્ટ (પોકસો):**

વિશ્વમાં સૌથી વધુ જાતીય ઉત્પીડિત બાળકોની સંખ્યા ભારતમાં છે. 'મહિલા અને બાળવિકાસ મંત્રાલય' દ્વારા 2007માં હાથમાં ધરાવમાં આવેલા એક અભ્યાસ મુજબ 50 ટકા કરતા વધુ બાળકો કોઈને કોઈ સ્વરૂપે જાતીય દુર્વયવહારથી પીડિત છે. 'નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યૂરો' એનસીઆરબીના આંકડા દર્શાવે છે કે, 2012માં થયેલા કુલ દુષ્કર્મમાંથી 3.6 ટકામાં બાળકો ભોગ બન્યાં હતાં.

**પોક્સો (POCSO) હેઠળ મૈત્રીપૂર્ણ બાળ કાર્યવાહીનો ઉપયોગ કરવાની જોગવાઈઓ :**

- પોલીસ દ્વારા ખાસ કરીને એક મહિલા પોલીસ અધિકારી દ્વારા એફઆઈઆર દાખલ કરવામાં આવે તે જરૂરી છે.

- કેસ બાળકને સમજાય એવી ભાષામાં દાખલ કરવામાં આવે. જો બાળકને ભાષા ના સમજાતી હોય તો પોલીસ દ્વારા અનુવાદકની નિમણૂંક કરવાની રહેશે.
- બાળકનું નિવેદન તેના ઘરે અથવા બાળકની પસંદગીની જગ્યાએ રેકર્ડ કરવાનું રહેશે. બાળકનું નિવેદન બાળકના માતા-પિતાની હાજરીમાં અથવા તો બાળકની પસંદગીની વ્યક્તિની હાજરીમાં લેવાનું રહેશે.
- જો બાળક વિકલાંગતા ધરાવતું હોય અને તેને પોલસી અધિકારી સાથે વાત કરવા માટે ખાસ શિક્ષકની જરૂર હોય તો, પોલીસે તેની વ્યયવસ્થા કરવી જ પડે.
- બાળક ડરી ના જાય તે માટે પોલીસે બાળકના ઘરે ગણવેશમાં ન જવું.
- જો કોઈ બાળકને માતા-પિતાનો સહારો ન હોય અને તેને કાળજી અને રક્ષણની જરૂર હોય તો પોલીસ દ્વારા બાળકને કેસ દાખલ થયાના 24 કલાકમાં બાળકલ્યાણ સમિતિ (સીડબલ્યુસી) અથવા સેશન્સ કોર્ટમાં રજૂ કરવાનું રહેશે.
- બાળક કુટુંબમાં સલામત અને સુરક્ષિત છે કે તેને બાલ-ઘર કે આશ્રયસ્થાન જેવી વૈકલ્પિક સલામત જગ્યાએ મૂકવું એ સીડબલ્યુસીએ બાળક સાથે વાત કરીને નક્કી કરવાનું રહેશે. આ અંગેનો નિર્ણય ત્રણ દિવસમાં લેવાનો રહેશે. જેથી બાળકને લાંબા સમય સુધી માનસિક આઘાતના વાતાવણમાં ન રહેવું પડે.
- સીડબલ્યુસી એ તપાસ અને ટ્રાયલ દરમ્યાન બાળકને ક્યાં તો વ્યક્તિગતરૂપે, અથવા બાળ-અધિકારોના ક્ષેત્રમાં કામ કરતી સંસ્થા દ્વારા અથવા બાળકને મૂકવામાં આવ્યું છે તે આશ્રય-સ્થાનના અધિકારી વડે અથવા જિલ્લા બાળ-સુરક્ષા એકમ (DCPU- District Child Protection Unit) દ્વારા નિમણૂંક પામેલી વ્યક્તિ દ્વારા આધાર પૂરો પાડવાનો રહેશે.
- ગુના વિશે જાણકારી પ્રાપ્ત થયાના 24 કલાકની અંદર જ તબીબી તપાસ થવી જ જોઈએ. પછી ભલે એફઆઈઆર દાખલ કરવામાં આવી હોય કે ન હોય. છોકરીના કિસ્સામાં મહિલા ડોક્ટર દ્વારા પરીક્ષણ થવું જોઈએ. બાળકનું પરીક્ષણ તેનાં માતા-પિતા અથવા અન્ય કોઈ વ્યક્તિ જેની પર બાળક વિશ્વાસ રાખતું હોય તેની હાજરીમાં થાય એ મહત્ત્વનું છે; કારણ કે, બાળકને પણ માનસિક અને લાગણીશીલ આધાર જરૂરી હોય છએ. જો કોઈ કારણોસર આ શક્ય ન બને તો બાળક સાથે સ્ત્રી-પરિચારિકા રહે, તે હોસ્પિટલે જોવાનું રહેશે.
- કોર્ટ દ્વારા ગુનાની નોંધ લીધાના 30 દિવસની અંદર કુટુંબના અન્ય અથવા બાળકને જેની પર વિશ્વાસ છે તેની હાજરમાં ખાસ કોર્ટ/એશન્સ કોર્ટ દ્વારા બાળકનું નિવેદન રેકોર્ડ કરવાનું રહેશે.
- શક્ય હોય ત્યાં સુધી ગુનાની નોંધ લીધાની તારીખથી એક વર્ષની અંદર કોર્ટ દ્વારા ટ્રાયલ પૂરી કરવાની ખાતરી આપવામાં આવશે.
- બાળક દ્વારા કે બાળક વતી અન્ય દ્વારા થયેલી અરજીને આધારે કોર્ટ અથવા જિલ્લા કાનૂની સેવા બોર્ડ (ડિસ્ટ્રીક્ટ લીગલ સર્વિસ બોર્ડ) ભોગ બનનારને શરીરિક કે માનસિક આઘાત માટે, વળતર ચૂકવવા રાજ્યને કહી શકે છે. રાજ્ય સરકાર, વળતર ફંડ (વિક્ટીમ્સ કોમ્પેન્શેશન ફંડ) અથવા એવી અન્ય યોજનાઓમાંથી ચૂકવણી કરી શકે છે, જેની સ્થાપના ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ 357-એ હેટળ, ભોગ બનેલી વ્યક્તિને વળતર આપાવ માટે કરવામાં આવી છે. હુકમ મળ્યાના 30 દિવસની અંદર આ રકમ ચૂકવવાની રહેશે.
- **બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ-2006:**

ઘણાં વર્ષોથી બાળલગ્નો થતા આવ્યાં છે. વિશ્વમાં બધે હાલમાં 20 થી 24 વર્ષના વયજૂથના હોય એવી પરણેલી મહિલાઓમાંથી કેટલા ટકા મહિલાઓનું લગ્ન 18 વર્ષની કાયદાસરની વય પહેલાં થયું હતું. તેના આંકડા પરથી બાળલગ્નોનું પ્રમાણ માપવામાં આવે છે. ભારતીય કાયદા પ્રમાણે

છોકરીઓ માટે 18 વર્ષની ઉંમરથી પહેલાં અને છોકરાઓ માટે 21 વર્ષની ઉંમર પહેલાં લગ્ન કરવું એ અજ્ઞાન (કોગ્નિઝેબલ) અને બિનજામીનપાત્ર ગુનો બને છે.ભારતમાં સન 1929ા બાળલગ્ન અટકાયત અધિનિયમથી સૌ પ્રથમવાર બાળલગ્નને ગુનાહિત ઠરાવવામાં આવ્યું હતું. આ કાયદો શારદા એક્ટ તરીકે પણ જાણીતો છે. આ કાયદા હેઠળ છોકરીઓ માટે લગ્નની ઉંમર 15 વર્ષની અને છોકરાઓની ઉંમર 18 વર્ષની રાખવામાં આવી હતી. વર્ષ 1978માં તેમાં ફેરફાર કરીને છોકરીઓની માટે 18 વર્ષ અને છોકરાઓ માટે 21 વર્ષની કરવામાં આવી. વર્ષ 2006માં કાયદાને વધુ વિસ્તૃત અને સીઆઈસીના સિદ્ધાંતોને અનુરૂપ બનાવવા માટે બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ પસાર કરાવમાં આવ્યો હતો.

- **જુવેનાઈલ જસ્ટિસ (બાળકોની સારસંભાળ અને રક્ષણ) સુધારણા કાયદો 2006:**

જુવેનાઈલ જસ્ટિસનો વિચાર દાખલ કરવાનું કારણ એ હતું કે, નાની ઉંમરના ગુનેગારોને તેમના આવેશો ઉપર પ્રમાણમાં ઓછો અંકુશ હોય છે. એમના ગુનાની ગંભીરતા એમને ખબર નથી અને તેમનાં કાર્યોનાં પરિણામ વિશેની સમજણ પણ મર્યાદિત હોય છે. તેઓ જે સામાજિક-આર્થિક વાતાવરણમાં મોટા થયાં હોય છે એની અસર પણ એમની વૃત્તિઓ અને વર્તણૂંક પર પડે છે. કાયદો તો નાની ઉંમરની વ્યક્તિ ગુનો કરે પછી જો તેને સંભાળ એ રક્ષણની જરૂર પડે ત્યારે સંભાળ લેવાની અને રક્ષણ પુરું પાડવાની જોગવાઈ કરે છે; પરંતુ, આવી પરિસ્થિતિ જ ઊભી ન થાય તે માટે સમાજે અને સરકારે પગલાં લેવાની જરૂર છે.

## 3.7 કાયદો પસાર કરવા માટેના પરિબળો

ભારતમાં જુવેનાઈલ જસ્ટિસ માટે પહેલો એક સરખો કાયદો 1986માં પસાર કરવામાં આવ્યો. તે પહેલાં રાજ્યોમાં જુદી-જુદી જોગવાઈઓ અને બાળકની જુદી-જુદી વ્યાખ્યાઓ ધરાવતા એમના પોતાના ચિલ્ડ્રન્સ એક્ટ હતાં. વર્ષ 1985માં પહેલી વખત આંતરરાષ્ટ્રીય કાયદામાં "જુવેનાઈલ જસ્ટિસ" શબ્દ વાપરવામાં આવ્યો અને તેનાથી પ્રભાવિત થઈને ભારતમાં પહેલી જ વખત જુવેનાઈલ જસ્ટિસ (જે.જે.) એક્ટ પસાર કરાવમાં આવ્યો. ગુનો આચરનાર નાની ઉંમરના લોકો સાથે, વયસ્ક ગુનેગારો કરતાં જુદો વર્તાવ કરવાની જરૂરિયાત તરફ ધ્યાન ખેંચવા માટે અને કલ્યાણના દૃષ્ટિકોણને બદલે ન્યાયના દૃષ્ટિકોણ તરફ જવા માટે "જુવેનાઈલ જસ્ટિસ" શબ્દ વાપરવામાં આવ્યો. ન્યાયના દૃષ્ટિકોણ દ્વારા આવી પરિસ્થિતિમાં મૂકાયેલાં બાળકોને કાયદાકીય સલામતી પૂરી પાડી શકાય. વર્ષ 1986ના જે.જે. એક્ટમાં ઉપેક્ષિત અને ગુનાખોર બાળકોને આવરી લેવામાં આવ્યાં હતાં. અને બંનેને તપાસ ચાલતી હોય તે દરમ્યાન ઓબ્ઝર્વેશન હોમ્સમાં આશ્રય આપવામાં આવતો હતો.

બદલાયેલી સામાજિક પરિસ્થિતિ તથા નાની ઉંમરની વ્યક્તિઓ ઉપર તેની અસરને અનુરૂપ થવા માટે અને 2000નો જુવેનાઈલ જસ્ટિસ (કેર એન્ડ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન) એક્ટ પાર કરાવમાં આવ્યો હતો. આ એક્ટથી છોકરા-છોકરીઓ બંને માટે એકસરખી ઉંમર રાખવામાં આવી હતી અને તે વધારીને 18 વર્ષની કરવામાં આવી હતી. અસંગતિઓ દૂર કરવા માટે અને પ્રેક્ટિસમાં જરૂરી જણાયેલા નવા સુધારાનો સમાવેશ કરવાના હેતુથી 2006 વર્ષમાં એક્ટમાં સુધારો કરવામાં આવ્યો હતો.

વર્ષ 2014માં નવું જે.જે. બીલ ઘડવામાં આવ્યું છે.જે 2015ની સાલમાં લોકસભાએ પસાર કર્યું હતું.

રાજ્યસભામાં હજુ તે પસાર થવાનું બાકી છે.

જુવેનાઈલ જસ્ટિસ એક્ટમાં બાળકોને બે પ્રકારમાં આવરી લેવામાં આવ્યાં છે.

**1) સંભાળ અને રક્ષણની જરૂર હોય એવા બાળકો:**

એવા બાળકો કે જેમે 18 વર્ષ પૂર્ણ કર્યા નથી કે જે કોઈ ઘર, સ્થાયી જગ્યા કે રહેઠાણ વગરનં જણાયું હોય, જેની પાસે જીવનનિર્વાહનું કોઈ સાધન ન હોય, ભીખ માંગતું જણાયું હોય, રસ્તા પર રહેતા અને કામ કરતાં બાળકો અને વયસ્કો સાથે મુશ્કેલ પરિસ્થિતમાં રહેતું હોય

અને જેમનું જીવન અને વિકાસ, જોખમમાં હોય એવા બાળકો, રક્ષણ વિનાના વિકલાંગ બાળકો, શાસ્ત્રઘર્ષણ, નાગરિક આંદોલન એન કુદરતી હોનારતનો ભોગ બનેલાં બાળકો.

**2) કાયદા સાથે સંઘર્ષમાં આવેલા બાળકો :**

જેણે ગુનો કર્યો હોવાનો આરોપ હોય અને આવો ગુનો થયાની તારીખે જેને 18 વર્ષ પૂરા ન થયા હોય એવો બાળ-ગુનેગાર,

સંભાળ અને રક્ષણની જરૂર હોય એવા બાળકો અને કાયદા સાથે સંઘર્ષમાં આવેલાં બાળકો, બંને સંભાળ અને રક્ષણની આવશ્યકતા હોવાનું, જે.જે. એક્ટ 2000 દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું. તપાસ ચાલતી હોય તે દરમ્યાન બન્ને પ્રકારને બાળકો માટે સુનાવણી, ટ્રાયલ અને આશ્રય માટે અલગ પદ્ધતિથી જોગવાઈ આ કાયદા દ્વારા કરવામાં આવી છે.

જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ (જેજેબી) કે સીડબલ્યુસી દ્વારા લેવામાં આવતા બધા નિર્ણયોમાં બાળકોનું મહત્તમ હિત ધ્યાનમાં રાખવું પડે એનો અર્થ એ થાય કે બાળકની / બાલગુનેગારની પશ્ચાદભૂમિ, કુટુંબ, સામાજિક-આર્થિક પરિસ્થિતિ બીજા સંબંધો, આ પરિસ્થિતિ ઊભી થવા માટેનાં કારણો વગેરે વિશે પૂરી હકીકતો મેળવવામાં આવશે. બાળકના પુનર્વસવાટ માટે પ્રાપ્ય વિકલ્પો તપાસીને આ બધી માહિતી ધ્યાનમાં લેતાં બાળકનાં રક્ષણ સલામતી અને પુનર્વસવાટ માટે જે વિકલ્પ સૌથી સારો હોય તે નક્કી કરવામાં આવશે. બાળકની પુખ્તતાનું સ્તર ધ્યાનમાં રાખીને એના મંતવ્યો પણ સાંભળવામાં આવશે. બાળકને કોઈપણ પ્રકારનું નુકશાન ન પહોંચે તે માટે એની વિગતો ગુપ્ત રાખવામાં આવશે. જેજેબી કે સીડબલ્યુસી કોઈપણ બાળક સાથે કોઈપણ કારણસર ભેદભાવ રાખશે નહિ.

**કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકોનો કેસ હાથ ધરવાની પ્રક્રિયા :**

- સ્પેશ્યલ જુવેનાઈલ પોલીસ યુનિટ અથવા તો પોલીસ તહોમતનામુ ફાઈલ કરશે અને જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષ બાળગુનેગારનો કેસ રજૂ કરશે અને સાક્ષીઓ રજૂ કરશે.
- કોઈપણ સરકારી કર્મચારી, ચાઈલ્ડલાઈન પ્રતિનિધિ, સામાજિક કાર્યકર અથવા તો બાળક સહિત કોઈપણ નાગરિક જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ સમક્ષ બાળગુનેગારનો કેસ રજૂ કરી શકે છે. સંભાળ અને રક્ષણની આવશ્યકતા વાળા બાળકનો કેસ હોય તો તેને / તેણીને ચાઈલ્ડ વેલ્ફેર કમિટિ સમક્ષ રજૂ કરવાનો / કરવાની રહેશે.
- જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ મેટ્રોપોલિટન કે ફર્સ્ટ ક્લાસ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અને બે સામાજિક કાર્યકરો, કે જેમાંના એક મહિલ હોવા જોઈએ, એમનું બનેલું હશે. ગુનો ખરેખર બન્યો છે કે કેસમાં તેનો નિર્ણ મેજિસ્ટ્રેટ લેશે. સામાજિક-કાર્યરકર બાળ ગુનેગારના વિસ્તૃત પુનર્વસન માટે શું કરવું જોઈએ એ નિર્ણય લેવામાં મદદ કરશે.

**સંભાળ અને રક્ષણની જરૂર હોય એવા બાળકનો કેસ હાથ ધરવાની પ્રક્રિયા :**

- બાળકલ્યાણ સમિતિ (સીડબલ્યુસી) એ પાંચ સભ્યોની બનેલી સમિતિ છે અને સંભાળ અને રક્ષણ જરૂર હોય એવા બાળકના કેસ માટેની સત્તા એમની એકલાની પાસે છે. ફર્સ્ટ ક્લાસ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની સત્તાઓ તે ધરાવે છે. અધિનિયમ પ્રમાણે દરેક જિલ્લામાં આવી બે સમિતિઓ રચવામાં આવશે.
- સીડબલ્યુસી બાળકના હિત માટે શું શ્રેષ્ઠ છે તેનો નિર્ણય લઈને બાળકને તેની સમક્ષ રજૂ કરવામાં આવ્યું હોય એ જ મહિનાની અંદર તેના મટે દત્તક લેનારના ઘરમાં, ફોસ્ટર હોમમાં કે સંસ્થામાં યોગ્ય સ્થાન શોધી કાઢશે.
- તબીબી તપાસ કરવામાં આવે છે અને બાળકને સલાહકીય તથા અન્ય ટેકારૂપ સેવાઓ પૂરી પાડવામાં આવે એનું એ ધ્યાન રાખશે.
- પોલસી જેવા સંબંધિત અધિકારી દ્વારા બાળકને કનડગત થાય તો તેમ કરનાર સામે કેસ દાખલ કરવામાં સીડબલ્યુસી મદદ કરશે.

- બાળકનું હિત સધાય તે માટે પછીનાં જરૂરી પગલાં તે લેશે.

ચાઈલ્ડ લેબર (પ્રોહિબિશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ- 1986 અને ચાઈલ્ડ લેબર(પ્રોહિબિશન એન્ડ રેગ્યુલેશન) એમેન્ડમેન્ટ બિલ 2012:

વયસ્કો એમને જે કંઈ કામ ચીંધે તે તમામ કામ બાળકો કરતાં હોય છે. આવા કામમાં જો એમની સર્જનાત્મક શક્તિનો ઉપયોગ જો એમની સર્જનાત્મક શક્તિનો ઉપયોગ થતો હોય તો તેને બાળમજૂરી ન ગણી શકાય. દા.ત. જો માતા-પિતા તહેવાર પ્રસંગે બાળકને ઘર શણગારવાનું કહે. અથવા તો થોડી વાર માટે ઘરકામમાં કશી મદદ કરવાનું કહે તો તેને મજૂરી ન ગણાય; પરંતુ, આવું કામ બાળકને શાળામાં હાજરી આપવામાં અંતરાયરૂપ ન થવું જોઈએ. એવી કોઈપણ પ્રવૃત્તિ જે બાળકને કામે લગાડે અને જેનાથી એનું શોષણ થતું હોય તેને બાળમજૂરી કહેવાય.

6 થી 14 વર્ષની વયજૂથનાં શાળાએ ન જતાં તમામ બાળકોને વાસ્તવિક કે શક્ય બાળમજૂર ગણવામાં આવે છે. વિશ્વમાં ભારતમાં સૌથી વધુ બાળમજૂરી છે. 2001ની વસ્તી ગણતરીના આંકડા પ્રમાણે 5 થી 14 વર્ષની વયજૂથમાં 1.25 કરોડ બાળકો કામે જતાં હતાં. શહેરી વિસ્તાર કરતાં ગ્રામીણ વિસ્તારોમાં કામે જતાં બાળકોની સંખ્યા વધારે છે.

મુખ્યત્વે પોતાના કુટુંબોને આર્થિક ટેકો કરવામાં માટે બાળકો જુદા-જુદા કામોમાં લાગેલાં હોય છે. બાળકોને ખેતી કામમાં, કરાખાનામાં મનોરંજન ઉદ્યોગમં, બાંધકામના સ્થળોમાં ખાણ અને ખોદકામમાં હોટેલો અને રેસ્ટોરામાં સર્કસ વગેરે કામે રાખવામાં આવે છે. ઘરમાં બાળકો અસંગઠિત એકમોમાં અને નાના પાયા પરનાં ઘરકામોમાં નોકરી કરતાં હોય છે. આ બાળકોને બાળમજૂર નથી ગણવામાં આવ્યાં.

માલિકો, ગામડામાંથી અને બીજા શક્યતાવાળા વિસ્તારોમાંથી કામ કરવા માટે બાળકોને લઈ આવવા માટે દલાલ રાખતા હોયછે. એમને એમાથી પૈસા મળતા હોવાથી નાની ઉંમરે કામ કરાવને લીધે થતી વિપરીત અસરોને તેઓ પણ ગણકારતા નથી.

આ કાયાદનો હેતુ ‘‘કેટલાક જોખમી ગણાતા વ્યવસાયોમાં બાળકોને નોકરીએ રાખવા પર પ્રતિબંધ મૂકવાનો અને કેટલીક નોકરીઓમાં બાળકોની કામની પરિસ્થિતિ પર નિયંત્રણ મૂકવાનો છે.’’

આ કાયદાકીય ફેક્ટરીઝ એક્ટ, 1948 ધી પ્લાન્ટેશન લેબર એક્ટ 1951 અને ધી માઈન્સ એક્ટ 1952માં બાળકોને લગતી જે જોગવાઈઓ છે, તે ચાલુ રાખેલ છે અને તે ઉપરાંત આ 1986ના કાયદામાં વધારાની જોગવાઈઓ કરવામાં આવી છે.

1986ના ચાઈલ્ડ લેબર અંગેના કાયદાની મહત્ત્વની જોગવાઈઓ નીચે મુજબ છેઃ

1) આ કાયદા મુજબ જે વ્યક્તિએ 14 વર્ષની ઉંમર પૂરી કરી નથી તેને ‘બાળક’ ગણવામાં આવેલ છે.

2) આ કાયદાના ક્ષેત્રમાં કૌટુંબિક એકમો અને તાલીમ કેન્દ્રોનો સમાવેશ થતો નથી.

3) આ કાયદામાં એવી સ્પષ્ટ જોગવાઈ કરવામા આવી છે કે કોઈપણ બાળક પાસે દિવસમાં 6 કલાકથી વધારે કામ લઈ શકાશે નહિ. 3 કલાક કામ કર્યા પછી 1 કલાકલનો આરામનો સમય આપવાનો રહેશે. અઠવાડિયે એક દિવસની રજા આપવાની રહેશે.

4) સાંજના 7 થી સવારના 8 વાગ્યાના વચ્ચેના ગાળામાં કોઈપણ બાળકને કામ કરવાની છૂટ રહેશે નહીં. બાળકને ઓવરટાઈમ આપવાની છૂટ નથી.

5) કાયદામાં સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે, કોઈપણ સ્થળે જ્યાં બાળકોને કામ કરવાની છૂટ આપવામાં આવી હશે ત્યાં તેમના આરોગ્ય અને સલામતી અંગેના નિયમો સરકાર બનાવી શકશે. આ નિયમોમાં સ્વચ્છતા, હવા-ઉજાસ, પ્રકાશ પીવાનું પાણી અને સેનેટરી સુવિધા વગેરે અંગેની બાબતોને આવરી લેવામાં આવશે.

6) આ કાયદા હેઠળ કોઈપણ વ્યક્તિ, પોલીસ અધિકારી અથવા ઈન્સ્પેક્ટર કાયદા ભંગના ગુના સબબ અધિકૃત કાર્યક્ષેત્ર ધરાવતી અદાલતમાં ફરિયાદ દાખલ કરી શકશે.

7) આ કાયદા સાથેના શિડ્યુલમાં એવા કેટલાક જોખમી વ્યવસાયો અને વ્યાવસાયિક પ્રક્રિયાઓના નામ આપવામાં આવ્યાં છે, જેમાં બાળકને (એટલે કે 14 વર્ષની ઉંમર પૂરી ન કરી હોય તેવી વ્યક્તિને) નોકરીએ રાખવા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

**આવા જોખમી વ્યવસાયો અને વ્યાવસાયિક પ્રક્રિયાઓ નીચે મુજબ છે.**

1) પરિવહન વ્યવાસય, એટલે કે મુસાફરો માલસામાન તથા રેલ્વે દ્વારા થતા ટપાલવ્યવહારનાં વ્યવસાય

2) રેલ્વેની હદમાં બાંધકામની કામગીરી, બળેલાં કોલસા ઉપાડવા રાખતી સાફસૂફી

3) રેલ્વે સ્ટેશન પરના ખાણીપીણીના સ્ટોલ પરની કામગીરી જેમાં એક પ્લેટફોર્મ પરથી બીજા પ્લેટફોર્મ પર જવું પડતું હોય, સંચાલિત ટ્રેનની અંદર કે બહાર આવી ખાવા-પીવાની વસ્તુઓ વેચવાની કામગીરી

4) રેલ્વે સ્ટેશનના બાંધકામની કામગરી તથા રેલ્વે લાઈનની આસપાસ કે રેલ્વે લાઈનની આસપાસ કે રેલ્વે લાઈનની અંદરના ભાગમાં બાંધકામને લગતી કામગરી

5) બંદરોની હદમાં આવતા વ્યવસાયો

6) ફટાકડાની દુકાનો

7) બીડી-સિગરેટ બનાવવાની પ્રક્રિયા

8) કોર્પોરેટ વિવિંગ

9) સિમેન્ટ મેન્યુફેક્ચરીંગ

10) કાપડ પરતું છાપકામ, રંગકામ અને વણાટકામ

11) દિવાસળી, ફટાકડા અને જલ્દી સળગી ઉઠે એવી વસ્તુઓનું મેન્યુફેક્ચરીંગ

12) સાબુ મેન્યુફેક્ચરિંગ

13) ઊનની સાફસૂફી

14) બાંધકામની કામગીરી-બિલ્ડીંગ ઉદ્યોગ

15) સ્લેટ અને પેન્સીલ મેન્યુફેક્ચરિંગ (પેકિંગ સહિત)

16) અબરખને લગતી કામગીરી-કાપકુપ વગેરે

17) શાજન્ય અને રાસાયણિક પદાર્થો વપરાતા હોય એવી મેન્યુફેક્ચરિંગ પ્રક્રિયાઓ

ઉપરોક્ત વ્યવસાયો અને પ્રક્રિયાઓમાં 19 વર્ષથી ઓછી ઉંમરના બાળકોને નોકરીમાં રાખવાનો કાયદા દ્વારા પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

8) આ કાયદાનો ભંગ કરનારને કલમ-14 હેઠળ 3 માસથી માંડીને 1 વર્ષ સુધીની કારાવાસની સજા તથા તેની સાથએ રૂપિયા 10,000 થી 20,000 સુધીનો દંડ કરાવની જોગવાઈ કરવામાં આવી છે.

- જેમને નોકરી આવમાં આવે તે બધા બાળકોની માહીતી નોકરી આપનાર વ્યક્તિએ / માલિકે રાખવી અને નિરીક્ષણ કર્તા અધિકારીને આપવી.
- 2006થી બાળકોને ઘરકામ અથવા ઢાબા પર રાખવા પ્રતિબંધ છે.
- બાળ મજૂરીની ફરિયાદ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ અથવા ફર્સ્ટક્લાસ મેજિસ્ટ્રેટની કોર્ટમાં કોઇપણ વ્યક્તિ પોલીસ અધિકારી અથાવ ઈન્સ્પેક્ટર / નિરીક્ષક નોંધવી શકે છે.

- લોકો કાયદાની જોગવાઈઓનું પાલન કરે એ સુનિશ્ચિત કરવાની જવાબદારી કાયદા હેઠળ નિમણૂંક પામેલા નિરીક્ષકની છે. આ માટે તેઓ કામની જગ્યાઓ, અગાઉથી જણાવ્યા વગર જઈ શકે અને માલિકને, તેમણે કામે રાખેલા તમામ બાળકો વિશે માહિતી માંગી શકે. કાયદાની જોગવાઈઓનું પાલન ન કરતા લોકો વિશે જાણવા માટે તેઓ બીજા પણ રસ્તા અપનાવી શકે.

**બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ-2009 :**

શિક્ષણ દુનિયાભરમાં મૂળભૂત માનવ અધિકાર તરીકે સ્વીકારવામાં આવ્યું છે અને એ સશક્તિકરણ માટેનો રસ્તો છે. અને લોકોમાં જરૂરી કુશળતા વિકસાવીને એમને સમર્થ બનાવે છે, તથા બીજા અધિકારો સમજવાની ક્ષમતા આપે છે. જેમ કે, નાગરિક અને રાજકીય અધિકારો તથા સામાજિક-સાંસ્કૃતિક અધિકાર આ એક સકારાત્મક અધિકારનું ઉદાહરણ છે. જેના માટે રાજ્ય દ્વારા પ્રોત્સાહન અને પગલાંની જરૂર છે.

શિક્ષણ મેળવવાની તક વ્યક્તિની જિંદગીની ગુણવત્તા માટે અને સમાજ માટે કંઈક સારું કરવાની તથા સામાજિક સમાનતા, સમાન ભાગીદારી અને ન્યાય લાવવાની ક્ષમતા વધારે છે. દેશના વિકાસને સામાજિક-આર્થિક વિકાસ માટેની એ ચાવી છે. આંબેડકર, ભારતીય બંધારમના ઘડવૈયાઓમાંના એક હતાં. તેઓ શિક્ષણને સામાજિક-પરિવર્તનના એક સાધનરૂપ માનતા હતાં. શિક્ષણને સામાજિક-પરિવર્તનના એક સાધનરૂપ માનતા હતાં. શિક્ષણ મેળવવાની ખાસ કરીને પછાતવર્ગ સશક્ત અને બંધનમુક્ત બનશે. તથા એમને લોકશાહીમાં સહભાગી થવા અને યોગ્ય જાણકારીથી નિર્ણય લેવા માટે પ્રેરિત કરશે. શિક્ષિત નાગરિકો, માત્ર આર્થિક વિકાસમાં જ ભાગીદાર નથી થતા, પણ માનવ-વિકાસના અપેક્ષિત આયુષ્ય, આરોગ્ય અને પોષણ જેવા બીજા સૂચકાંકી પર પણ સકારાત્મક અસર કરે છે. એટલે નાગરિકોને સમાન શિક્ષણ મળે અને વગર ભેદભાવે મળવાનું ચાલુ રહે તે સુનિશ્ચિત કરાવમાં રાજ્ય મુખ્ય ભૂમિકા ભજવે છે.

કાયદા હેઠળ બાળકની વ્યાખ્યા પ્રમાણે 6 થી 14 વર્ષ સુધીના બાળકને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો અધિકાર (આરટીઈ) કાયદો પ્રાથમિક શિક્ષણના બાળકોના અધિકારને કેવી રીતે પ્રોત્સાહિત કરશે ?

કાયદા હેઠળ 6 થી 14 વર્ષનાં બધા બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવામાં આવે છે. એટલે હવે રાજ્યો પ્રવેસોત્સવ ઉપર ભાર આવે છે. તેમાં ગામાન 6 થ 14 વર્ષના બાળકોને શોધીને તેમની નોંધણી કરવામાં આવે છે. ભણવામાં સારું નથી કરી શકતા એ શાળા છોડી દે છે. કાયદા હેઠળ સાતમાં ધોરણ સુધી કોઇપણ બાળકને એ જ ધોરણમાં ન રોકી સમય ન બગાડી શકાય અને તેને કોઇપણ બોર્ડની પરીક્ષા પાસ કરવાની જરૂર નથી.

છ વર્ષથી મોટું બાળક જો શાળાનાં દાખલ ન થયું હોય અને થયું હોય, તો એને તેની ઉંમર પ્રમાણેના ધોરણમાં દાખલ કરરવામં આવે નિયમ પ્રમામે, જેમણે શાળામાં મોડો પ્રવેશ લીધો હોય અને સીધા એમની ઉંમર પ્રમાણેના ધોરણમાં દાખલ થયાં હોય એવા બાળકોને ખાસ તાલીમ આપવામાં આવશે. અને 14 વર્ષ પછી પણ મફત પ્રાથમિક શિક્ષણ આપવામાં આવશે.

અગાઉ, જેમની પાસે ઉંમરના પુરાવા તરીકે જન્મનું પ્રમાણ પત્ર નહોતું, એવા ઘણાં બાળકોને શાળામાં પ્રવેશ નહોતો મળ્યો. હવે કોઈપણ બાળકને ઉંમરના પુરાવાના અભાવે શાળાઓમાં પ્રવેશ માટે ઇન્કાર નહીં કરી શકે.

શિક્ષણ મેળવવાનો અને સમાન તકનો અધિકાર બધાં બાળકોને છે. જો કે, ફી વધારે હોવાને કારણે મોટા ભાગનાં સામાજિક આર્થિક પછાત વર્ગના બાળક ખાનગી શાળાઓમાં જઈ શકતા નથી. બધાંને સમાન હક્ક અને પ્રોત્સાહન મળે તે માટે ખાનગી શાળઆઓમાં ધોરણ 1માં આર્થિક પછાત વર્ગના બાળકો માટે 25 ટકા જગ્યા અનામત છે.

શાળા જ્યાં સુધી ગુણવત્તાવાળું શિક્ષણ નહિ આપે ત્યાં સુધી બાળકી અને તેમના કુટુંબીજનો તેમને શાળાએ મોકલવા પ્રોત્સાહિત નહીં થાય. એમ જાણવા મળ્યું છે કે, બાળકો શાળાએ જવાં

કરતા કામ પર જવાનું પસંદ કરે છે, તે પાછળનું કારણ આ છે. યોગ્ય શિક્ષકોની ભરતી કરવી અને ગુણવત્તાવાળું શિક્ષણ સુનિશ્ચિત કરાવનો એક ઉપાય છે. અધિનિયમની જોગવાઈ પ્રમાણે પાંચ વર્ષની અંદર શાળાના શિક્ષકે જરૂરી ડિગ્રી મેળવવાની રહેશે, નહિતર એમની નોકરી જતી રહેશે.

બધી મૂળભૂત સેવાઓની જેમ શાળાની કામગરીની પણ દેખરેખ રાખવાની જરૂર છે. ગુણવત્તાવાળું શિક્ષણ જાળવી રાખવા ઉપર ધ્યાન કેન્દ્રિત રહે તે માટેનો આ બીજો ઉપાય છે. દેખરેખ અને વિકાસના આયોજનની સાથે સાથે શાળામાં ગુણવત્તાનું સ્તર સુધારવામાં મદદરૂપ થવા, શાળાઓમાં વ્યવસ્થાપન સમિતિ (સ્કૂલ મેનેજમેન્ટ કમિટી- એચએમસી) બનાવવી જોગવાઈ છે. સમિતિના 95 ટકા સભ્યો વાલીઓ થશે. અને બાકીના 25 ટકા સ્થાનિક અધિકારી શિક્ષક તથા સ્થાનિક શિક્ષણવિદોમાં ચૂંટાયેલા સભ્યો હશે.

શાળાની કામગીરીની દેખરેખ રાખવી પ્રવેશ મેળવવામાં અને નિયમિતતામાં મદદરૂપ થવું એ એસએનસી પાસેથી અપેક્ષિત છે. જો કોઈ બાળકને પ્રવેશ ન આપવામાં આવ્યો હોય, શોષણ અથવા ભેદભાવ કરવામાં આવ્યો હોય, મફત સેવાઓનો લાભ ન મળતો હોય અથવા હેરાન કરવામાં આવતું હોય તો તે ફરિયાદનું નિવારણ કરવું, બાળકોને ગુણવત્તાવાળું ભણતર મળે તે માટે શું જરૂર છે તે ધ્યાનમાં રાખીને આયોજન કરવા શાળાને ટેકો આપવો.

## 3.8 ઉપસંહાર

ભારત લોકશાહી દેશ છે. લોકમાં રક્ષણ માટે કાયદા રચવામાં આવ્યાં છે. ભારતના બંધારણમાં મૂળભૂત અધિકારોની વાત કરી છે જે મનુષ્યને લાગુ પડે છે. બાળકલ્યાણ માટે બાળકોની જરૂરિયાતો અને તે માટેનાં બાળોના અધિકારો વિશે જાણકારી મેળવવી જોઈએ. જે આ એકમમાં મળેલ છે. બીજા કલ્યાણ માટે સ્વતંત્રતા જરૂરી છે. આ એકમમાં તમામ માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. સમજાકાર્યનાં વિદ્યાર્થી તરીકે આ અંગેની માહિતી જાણવી ખબ અગત્યની છે, જે અહીં માર્ગદર્શન પૂરું પાડશે.

## 3.9 તમારી પ્રગતિ ચકાસો

1. બાળકો માટેના મૂળભૂત અધિકારો કેટલા છે ?

   (A) ચાર (B) સાત

   (C) છ (D) નવ

2. કન્વેશન ઓન ધ રાઇટ્સ ઓફ ચિલ્ડ્રન પસાર કરવાનો નિર્ણય ક્યારે લેવામાં આવ્યો ?

   (A) ઈ.સ. 1985 (B) ઈ.સ. 1889

   (C) ઈ.સ. 1979 (D) ઈ.સ. 1975

3. સીઆસીએ સૂચિત કરેલ બાળઅધિકારોમાં કોનો સમાવેશ થતો નથી ?

   (A) વિકાસનો (B) રક્ષણનો

   (C) સહભાગિતાનો (D) આર્થિક કાર્ય કરવાનો

4. બાળકો માટેની રાષ્ટ્રીયનીતિ સૌ પ્રથમ કયા વર્ષમાં બનાવવામાં આવી ?

   (A) ઈ.સ. 1975 (B) ઈ.સ. 1978

   (C) ઈ.સ. 1974 (D) ઈ.સ. 1989

5. બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ ક્યારે અમલમાં આવ્યો ?

   (A) ઈ.સ. 1986 (B) ઈ.સ. 2005

   (C) ઈ.સ. 1972 (D) ઈ.સ. 2006

## 3.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (A) ચાર
2. (B) ઈ.સ. 1889
3. (D) આર્થિક કાર્ય કરવાનો
4. (C) ઈ.સ. 1974
5. (D) ઈ.સ. 2006

## 3.11 ચાવીરૂપ શબ્દો

**અધિકારો :** કંઈક કરવા અથવા કરવા માટે નૈતિક અથવા કાનૂની અધિકાર/હકો.

**જરૂરિયાત :** કોઈ વસ્તુની જરૂર છે કારણ કે તે આવશ્યક છે અથવા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે માત્ર ઇચ્છનીય નથી.

**DCPU :** District Child Protection Unit

## 3.12 સ્વાધ્યાય લેખન

1. બાળકોનાં મૂળભૂત અધિકારો બંધારણ મુજબ

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

2. બાળકોનાં કાયદાઓ

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

...................................................................................

## 3.13 પ્રવૃતિ

1. બાળકો માટેના મૂળભૂત અધિકારોનું ચાર્ટપેપરમાં સુંદર આલેખન કરવું.

## 3.14 કેસ સ્ટડી

તમારા વિસ્તારમાં આવેલા બાળક સંરક્ષણ ગૃહની વિભાગની મુલાકાત લઈને અહેવાલ બનાવવો.

## 3.15 સંદર્ભગ્રંથો


| | | | |
|---|---|---|---|
| 1. | એનસાયક્લોપિડીયા ઑફ સૉશ્યલ વર્ક | : | સમાજકલ્યાણ મંત્રાલય ભારત સરકાર |
| 2. | સમાજકાર્ય કે ક્ષેત્ર | : | ડૉ. ગિરીશ કુમાર |
| 3. | સામાજિક કલ્યાણ અને સામાજિક કાનૂનીકરણ | : | પ્રો. એ.જી. શાહ |
| 4. | સમાજકાર્ય | : | પ્રો. જગદીશ કે દવે<br>ઓજસકાર અને તેજસકાર પાંડે |

# એકમ–4 બાળકો માટેના કલ્યાણકારી કાર્યક્રમો અને તેના સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા

: રૂપરેખા :


**4.0 એકમના હેતુઓ**

**4.1 પ્રસ્તાવના**

**4.2 બાળકો માટે કલ્યાણકારી યોજનાઓ**

**4.3 સ્વૈચ્છિક સંસ્થાઓ બાળકલ્યાણ એજન્સીઓ અને કુટુંબોને કેવી રીતે મદદરૂપ થાય છે**

**4.4 ઉપસંહાર**

**4.5 તમારી પ્રગતિ ચકાસો**

**4.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**4.7 ચાવીરૂપ શબ્દો**

**4.8 સ્વાધ્યાય લેખન**

**4.9 પ્રવૃતિ**

**4.10 કેસ સ્ટડી**

**4.11 સંદર્ભગ્રંથો**


## 4.0 એકમના હેતુઓ

- પ્રસ્તુત એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓને બાળકો માટેની કલ્યાણકારી યોજનાઓ અંગે જાણવા મળશે.
- પ્રસ્તુત એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને બાળકલ્યાણના ક્ષેત્રમાં સ્વૈચ્છિક સંસ્થાઓ કેવી રીતે કાર્ય કરે છે તેમની ભૂમિકા અંગે જાણવા મળશે.

## 4.1 પ્રસ્તાવના :

બાળકલ્યાણ માટે સક્રિય અને સત કામગીરી કરવાથી પરિણામની દિશામાં આગળ વધી શકાય છે. માનવવિકાસ સૂચકઆંકને પહોંચી વળવા બાળકલ્યાણ અગત્યતા ધરાવે છે. બાળકલ્યાણ માટે બંધારણમાં મૂળભૂત અધિકારો અને બાળકોનાં કાયદાઓ અસ્તિત્ત્વમાં છે; પરંતુ, માત્ર કાયદા ઘડવાથી પરિણામો ન મળે તેના માટે કામગીરી ખૂબ જરૂરી છે. સરકાર આ માટે સતત પ્રયત્નશીલ છે. બાળક જ્યારે મોટું થઈ રહ્યું હોય છે તેનાં તંદુરસ્ત વિકાસ અને વૃદ્ધિ માટેની શારીરિક-માનસિક અને ભાવનાત્મક જરૂરિયાત અલગ-અલગ હોય છે. જેમ શિશુને અને કિશોરને અલગ અલગ સંભાળની જરૂર પડે છે તેવી જ રીતે છોકરાઓની સરખામણીએ છોકરીઓની જરૂરિયાત પણ અલગ અલગ હોય છે. કુટુંબના સભ્યો પોતાની જાગૃતતા અને પ્રાપ્ત સંસાધનો અનુસાર બાળકની જરૂરિયાત પૂરી કરે છે. માનવવિકાસના પરિપ્રેક્ષ્યમાં બાળવિકાસ ખૂબ જ અગત્યની બાબત છે. બાળવિકાસ માટે બાળકલ્યાણ જરૂરી છે. બાળકલ્યાણ એ સમાજના શિક્ષિત લોકોની કાર્યવાહીની વધારે સારી રીતે થઈ શકે છે. બાળકલ્યાણ માટે સમાજકાર્યકર - સ્વૈચ્છિક સંસ્થાની ભૂમિકા અગત્યની બની રહે છે. સરકાર અને બાળક વચ્ચે કડીરૂપ બની બાળકોનાં દૃષ્ટિકોણને સમજીને માનવવિકાસ માટે તમામ પ્રકારની કામગીરી એનજીઓ એ ઉપાડી લીધી છે. જેની સંપૂર્ણ માહિતી પ્રસ્તુત એકમમાં જોવા મળે છે.

## 4.2 બાળકો માટે કલ્યાણકારી યોજનાઓ :

**1) ચિરંજીવી યોજના :**

તમામ અનુસૂચિત જાતિ, જનજાતિની અને બીપીએલ પરિવારોની સગર્ભા-મહિલાઓ કોઈપણ

સરકારી હોસ્પટલમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર(પીએસસી), પેટા આરોગ્યકેન્દ્ર સામુદાયિક આરોગ્યકેન્દ્ર (સીએસસી) અને સરકાર દ્વારા માન્ય પ્રભાવિત ખાનગી હોસ્પિટલોમાં આ યોજના હેઠળ મફત પ્રસૂતિ કરાવી શકે છે. તેમણે કોઈપણ દવાઓ અથવા તબીબી પરીક્ષણો માટે ચૂકવણી કરવાની જરૂર રહેતી નથી. ઉપરાંત માતાને હોસ્પિટલ સુધી પહોંચાડવાની મુસાફરી ભથ્થા પેટે રૂા. 200 રોકડા આપવામાં આવે છે.

આ માટેનું અરજી ફોર્મનર્સ (એએનએસ) સાથે રહી ભરવામાં આવે છે. તેની સાથે બીપીએલ કાર્ડ અથવા આવકના પ્રમાણની નકલ જોડેલી હોવી જરૂરી છે. ગરીબી રેખા ઉપર આવતી (એ.પી.લે) એસ.સી. એન એસ.ટી. સ્ત્રીઓ એ જાતિ પ્રમાણપત્ર આપવું જરૂરી છે. પી.પી.એલ કાર્ડ નહીં ધરાવતી ગરીબ પરિવારની સગર્ભા સ્ત્રીઓએ તલાટી કમ મંત્રી સરપંચ કે મામલતદાર પાસે આવકનું પ્રમાણપત્ર લાવવાનું રહેશે.

**2) જનની સુરક્ષા યોજના :**

તમામ અનુસૂચિત જાતિ, જનજાતિની અને બીપીએલ પરિવારોની સગર્ભા-મહિલાઓ તેમના સગર્ભાવસ્થાના છેલ્લા મહિના દરમ્યાનના આયોજનાનો લાભ લઈ શકે છે. શહેરી સ્ત્રીઓ આ યોજના હેઠળ 600 રૂપિયા જ્યારે ગ્રામીણ સ્ત્રીઓને 700 રૂપિયા મળે છે. આ રકમથી તેઓ પૌષ્ટિક ખોરાક અને ડિલિવરી દરમ્યાન દવાઓ વગેરે જેવા નાના ખર્ચ પૂરા કરી શકે છે. આ લાભ તેઓને પેટા આરોગ્ય કેન્દ્ર, જાહેર આરોગ્યકેન્દ્ર સામૂહિક આરોગ્યકેન્દ્ર અથવા સરકાર દ્વારા માન્ય ખાનગી હોસ્પિટલ મારફતે બેરર ચેક દ્વારા અથવા ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીડી) દ્વારા સીધા તેમના બૅંકખાતામાં જમા કરવામાં તેમાં બીપીએલ કાર્ડ અને જાતિ પ્રમાણપત્ર જેવા આધારરૂપ દસ્તાવેજો આપવાના હોય છે.

**3) રસીકરણ :**

બધા નવજાત શિશુઓને-તેમના જીવનના પ્રથમ વર્ષમાં જ પૂર્ણ રસીકરણ મળવું જોઈએ જેમકે,

(1) જન્મ સમયે બીસી.જી (2) ડીપીટી હીપેટાઈટિસની, હિમોરિલિસ, ઈન્ફ્લુઅન્ઝા બી. (પેન્ટાવલેન્ટ) (3) પોલિયોના ટીપા-3 ડોઝ, દરેક ગામમાં દર મહિને (નક્કી કરેલી તારીખે) (મમતા દિવસના દિવસે) તમામ આરોગ્યકેન્દ્રો અને આંગણવાડી ખાતે સંપૂર્ણ રોગ પ્રતિકારક રસીકરણ વિના મૂલ્યે કરવામાં આવે છે. સગર્ભા-સ્ત્રીઓ અને માતા સાથે શિશુના આરોગ્યની બીજી જરૂરિયાતની સેવાનો રેકોર્ડ તેના ડોઝની વિગતો અને ડોઝની તારીખ સાથે મમતાકાર્ડમાં નોંધાયેલા હોવા જોઈએ.

**4) કસ્તુરબા પોષણ સહાય યોજના :**

આયોજનાનો લાભ બીપીએલ(0-20)ના સ્કોરી પરિવારોની સગર્ભા સ્ત્રીઓને સતત ત્રણ પ્રસૂતિ માટે મળી છે. આનો લાભ શરતી અને ત્રણ હપ્તામાં આપવામાં આવે છે.

(1) જ્યારે સગર્ભા સ્ત્રી, ગર્ભાવસ્થઆના પ્રથમ ત્રણ મહિના દરમ્યાન નર્સ(એએનએમ) પાસે નોંધણી કરાવીને મેડિકલ ચેકઅપ કરાવશે. જ્યારે ત્યારે રૂા. 2000 આપવામાં આવે છે.

(2) સરકારી હોસ્પિટલમાં અથવા ચિરંજીવી યોજના હેઠળ માન્ય ખાનગી હોસ્પિટલમાં સ્થાનિક પ્રસૂતિ પછી મહિલાઓ રૂા. 2000 આપવામાં આવે છે. કે જેથી તે પૌષ્ટિક ખોરાક ખાઈ શકે.

(3) શિશુના જન્મના 7 મહિનાની અંદર સંપૂર્ણ રોગપ્રતિકારક (વિટામિન 'એ' નો ડોઝ એન ઓરી સામે રક્ષણ માટેની રસી સહિતાં કરાયા પછી રૂા. 2000 આપવામાં આવે છે.

આ લાભ આરોગ્યકેન્દ્રો અથવા આંગણવાડી કેન્દ્રો ઉપર મમતાકાર્ડ એ રેશનકાર્ડ કે બીપીએલ કાર્ડ જેવી સાબિતી આપ્યા પછી મળી શકે છે.

**5) બાલસખા યોજના :**

આવક વેરા ન ભરતી, બીપીએલ માતાઓ અને અનુસૂચિત જનજાતિની મહિલાઓ જેમણે આરોગ્ય કેન્દ્રો, સરકારી હોસ્પિટલો અથવા માન્ય ખાનગી હોસ્પિટલોમાં પ્રસૂતિ કરાવી હોય તેઓ શિશુના જન્મ પછીના બે મહિના સુધી જરૂર લાગે તો બાળનિષ્ણાંતની વિના મૂલ્યે સંભાળ મેળવી શકે છે.

**6) બાળવિકાસ અને પોષણ કેન્દ્રોનીસેવાઓ (સીડીએનસી) :**

આ યોજના દુષણનો શિકાર બનેલા 7 મહિનાથી પાંચ વર્ષ સુધીની ઉંમરના આંગણવાડીએ તારવેલા તથા બાળવિકાસ અને પોષણ કેન્દ્રોની સેવાઓ માટે ભલામણ કરો બાળકો માટે છે. માતાઓ 10 દિવસ સુધી સવારે 8 થી સાંજે 7 વાગ્યા સુધી તેમના બાળકોને લઈને તાલુકા કક્ષાએ સ્થિત વિકાસ અને પોષણ કેન્દ્રોમાં રહેવાનું હોય છે. ''ખિલખિલાટ વાન'' દ્વારા માતા અને બાળકને મુસાફરી માટે પૂરી પાડવામાં આવે છે. ત્યાં બાળનિષ્ણાંત ડૉક્ટર દ્વારા બાળકની નિયમિત તબીબ તપાસ, થાય છે અને તબીબી અધિકારી (એમઓ) અથવા સામુદાયિક આરોગ્ય કેન્દ્ર ઈનચાર્જ દ્વારા તેમની દેખરેખ રાખવામાં આવે છે. તેને તેના પોષણચાર્ટ મુજબ પૌષ્ટિક ખોરાક આપવામાં આવે છે. તેની પ્રગતિ નોંધવામાં નિયમિત તેનું વજન કરવામાં આવે છે. બાળક સાથે આવતા માતા-પિતા પણ 10 દિવસ સુધી 2 ટાઈમનું ભોજન અને 500 રૂપિયા આપવામાં આવે છે. બાળકને 15મા, 30મા, 45મા, 60મા દિવસે ફરી તપાસ માટે સેન્ટર ઉપર લાવામાં આવે છે.

**7) રાષ્ટ્રીય બાળસ્વાસ્થ્ય કાર્યક્રમ :**

આ કાર્યક્રમ શિશુની વિકલાંગતા અને માંદગી અંગે શરૂઆતથી ઓળખ અને સારવાર થાય તે માટે છે. આવકવેરા ન ચૂકવતી બીપીએલ પરિવારોની એવી અનુસુચિત જનજાતિ મહિલાઓ તથા શિશુને સરકારી હોસ્પિટલો એ માન્ય ખાનગી હોસ્પિટલોમાં વિના મૂલ્યે તબીબી સારવાર પૂરી પાડવામાં આવે છે. જો જરૂર પડે તો માતાઓએ તેમના બી.પી.એલ. કાર્ડ અથવા રેશન કાર્ડ અને જાતિ તથા આવકનું પ્રમાણપત્ર રજૂ કરવું પડે છે.

**8) સંકલિત બાળવિકાસ યોજના (આઈ.સી.એચ) :**

''સંકલિત બાળવિકાસ યોજના'' એ બાળકના સર્વગ્રાહી વિકાસ એક સંકલિત પેકેજ પૂરું પાડે છે. તેનો ઉદ્દેશ સગર્ભા, ધાત્રી માતા કિશોરીઓ તથા છ વર્ષથી નાની ઊંમરની પોષણ આરોગ્ય રસીકરણ અને શિક્ષણની જરૂરિયાતો પૂરી કરાવનો છે. આ સેવાઓ પૂરક પોષણ, પૂર્વશાળા શિક્ષણ રસીકરણ, તબીબી તપાસ તથા સંદર્ભિત સેવાઓ અને આરોગ્ય શિક્ષણનો સમાવેશ થાય છે. 6 મહિનાથી 6 વર્ષની વચ્ચેના બાળકોની માતાઓને ઘરે લઈ જવા માટે આપવામાં આવતા પૌષ્ટિક ખોરાક બાલભોગમાંથી રાબ, લાડુ, સુખડી વગેરે બનાવાવની રીતનું આંગણવાડી દ્વારા નિદર્શન થાય છે. આનિદર્શન અને ભોજન આંગણવાડીના આર્યન ફોલિક એસીડ (આઈએફએ) સાથે પૂરા પાડવામાં આવે છે.

બાળભોગના 500 ગ્રામના 7 પેકેટો, 6 મહિનાથી 3 વર્ષની ઉંમરનાં ઓછા અને મધ્યમ, કૂપોષણનો શિકાર બાળકો માટે આપવામાં આવે છે. અત્યંત કુપોષણનો શિકાર બાળકો માટે 10 પેકેટો આપવામાં આવે છે. ઉપરાંત એક ન્યુટ્રીકેન્ડી આપવામાં આવે છે. દિવસમાં બે વખત ગરમ રાંધેલો ખોરાક આપવામાં આવે છે. ઉપરાંત મમતાકાર્ડમાં દર્શાવેલા કુપોષણવાળા બાળકો માટે માતૃમંડળ દ્વારા બનાવવામાં આવેલા લાડુ ઘરે લઈ જવા માટે આપવામાં આવે છે. અઠવાડિયામાં બે વખત ફળ આપવામાં આવે છે. અમુક પસંદ કરેલા આ દિવાસી તાલુકાઓમાં અઠવાડિયામાં બે વખત બધા બાળકોને દૂધ પણ આપવામાં આવે છે. 3 થી 6 વર્ષની ઉંમરના અતિકુપોષિત બાળકોને બાળભોગના 4 પેકેટો આપવામાં આવે છે. સગર્ભા ધાત્રી માતાઓ અને શાળાએ જતી (12 થી 18) વર્ષની કિશોરી 500 ગ્રામ (ગાથ) શિરાના 3 પેકેટ 500 ગ્રામ ઉપમા (મીઠાવાળા) ના 2 પેકેટ અને 1 કિલોનું 1 સુખડીનું પેકેટ આપવામાં

આવે છે. મહિનાનું ઘર લઈ જવાનું રાશન અન્ન વિતરણ દિવસો તરીકેનું 8 દર મહિનાના બીજા ગુરુવારે આપવામાં આવે છે. પોષક ખોરકા એ સેવાઓ મેળવવા માટે વ્યક્તિની આંગણવાડીમાં નોંધણી થેયલી હોય એ જરૂરી છે.

**9) મધ્યાહન ભોજન યોજના :**

તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ 1 થી 8માં ભણતા બધા વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન આપવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ દરમ્યાન, 220 દિવસ માટે મધ્યાહન ભોજન પૂરું પાડવામાં આવે છે. મધ્યાહન ભોજનના તમામ દિવસોનું મેનુ અગાઉથી નક્કી કરીને શાળાઓની દિવાલ ઉપર દોરીને દર્શાવામાં આવે છે. સોમવારે-ખીચડી શાક, મંગળવારે-મુઠિયા ભાત અને લીલું શાક, બુધવારે ભાત, કઠોળ અને લીલું શાક, ગુરુવારે દાળ ઢોકળી અને સુખડી, શુક્રવારે પુલાવ અને લીલું શાક, શનિવારે કંસાર શાક અને ઉપમા અમુક પસંદ કરેલા આદિવાસી તાલુકાઓમાં સપ્ટેમ્બર 2014થી વિદ્યાર્થીઓને દરરોજ દૂધ આપવામાં આવે છે. ઉપરાંત 70 ટકાથી વધારે હાજરી ધરાવતી ધોરણ 1 થી 7 ભણતી વિદ્યાર્થીઓને દરરોજ દૂધ આપવામાં આવે છે. ઉપરાંત 70 ટકાથી વધારે હાજરી ધરાવતી ધોરણ 1 થી 7 ભણતી વિદ્યાર્થીઓના માતાપિતાને 60 કિલો ઘઉં આપવામાં આવે છે.

**10) ગણવેશ આપવાની યોજના :**

સરકારી શાળામાં ભણતા અનુસૂચિતજાતિ અને અનુસૂચિત જનજાતિના બધા જ વિદ્યાર્થીઓને બે જોડી ગણવેશના પૈસા મેળવા હકદાર છે. તેના નાણાં વિદ્યાર્થીઓના બૅંકખાતામાં સીધા જમા કરાવમાં વે છે. આ યોજનામાં સમાજકલ્યાણ વિભાગ દ્વારા અમલમાં ચૂકવવામાં આવેલી તે માટે વિદ્યાર્થીએ તેનું જાતિ પ્રમાણપત્ર તેમના માતાપિતાનું આવકનું પ્રમાણપત્ર અને બાળક જે શાળામાં અભ્યાસ કરતું હોય તેના વડા દ્વારા તે બાળકને તેમની શાળામાં ભણે છે. તે પ્રમાણિત કરતો પૂરાવો તથા બૅંકએકાઉન્ટની વિગતો આપવી પડે છે.

**11) પ્રિ મેટ્રિક સ્કોલરશીપ :**

દરેક ધોરણ 1 થી 8 ભણતા અનુસૂચિત જાતિ અને જનજાતિના વિદ્યાર્થીઓને દર વર્ષ 250 રૂપિયા આપવામાં આવે છે અને આ દિન જૂથ (પ્રિમિટિવ ટ્રાયલ ગ્રુપ)ના વિદ્યાર્થીઓને 750 રૂપિયા આપવામાં આવે છે. ધોરણ 9 થી 12માં ભણતા અનુસૂચિત જાતિ અને જનજાતિના વિદ્યાર્થીઓને દર વર્ષે 400 રૂપિયા આપવામાં આવે છે. આદિમ જૂથના ધોરણ 9 થી 12ના વિદ્યાર્થીઓને 1000 રૂપિયા મળે છે. આ યોજનાઓ જે-તે જિલ્લાની સમાજકલ્યાણ વિભાગની કચેરી દ્વારા અજાબી છે. અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઆએ આ માટે જન્મનું પ્રમાણપત્ર, જાતિપ્રમાણપત્ર અને જાતિનું પ્રમાણપત્ર આપવું જરૂરી છે. આદિમ જૂથમાં વિદ્યાર્થીઓને માત્ર જાતિ અને જન્મું પ્રમાણપત્ર આપવાનું હોય છે.

**12) વિદ્યાલક્ષ્મી બોન્ડ :**

જે ગામોમાં સાક્ષરતા 35 ટકા કરતા ઓછી છે તેવા ગામોમાં આ યોજના લાગુ પડે છે. આવા ગામના બીપીએલ પરિવારની છોકરી ધોરણ 1 માં પ્રવેશ મેળવે ત્યારે તેને રૂા. 2000ના "શ્રી નર્મદા નીધિ બોન્ડ" આપવામાં આવે છે. વિદ્યાર્થીની એ માટે જન્મનું પ્રમાણપત્ર, કુટુંબના બીપીએલ કાર્ડની નકલ અને શાળાના વડાનું વિદ્યાર્થીની તે શાળામાં અભ્યાસ કરે છે. તેનું પ્રમાણપત્ર આપવું પડે છે.

**13) વિદ્યાર્થીઓને સાયકલ સહાય યોજના :**

ધોરણ 9 મા અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની જે છોકરીઓના કુટુંબની વાર્ષિક આવક 47,000 રૂપિયા કરતા ઓછી હોય તેમને સાઈકલ આપવામાં આવે છે. તે માટેની અરજી શાળઆના આચાર્ય એ તાલુકા પંચાયતની તાલુકા વિકાસ અધિકારીની કેચરી દ્વારા સમાજકલ્યાણ જિલ્લા કચેરીએ કરવામાં આવે છે. અરજી સાથે જાતિ અને આવકઅંગેનું પ્રમાણપત્ર તથા છોકરી શાળામાં ધોરણ 9 માં અભ્યાસ કરે છે તે અંગેનું શાળાના વડા દ્વારા પ્રમાણિત પ્રમાણપત્ર જોવા જરૂરી આધારરૂપ દસ્તાવેજો આપાવના હોય છે.

**14) વિકલાંગતાનું પ્રમાણપત્ર અને ઓળખકાર્ડ :**

દૃષ્ટિહિન, ઓછા દૃષ્ટિવાળા વાણી અને સાંભળવામાં ક્ષતિ ધરાવતા, હાથ-પગની વિકલાંગતા, માનસિક બીમારી અથવા મંદબુદ્ધી ધરાવતા વિકલાંગોને કોઈપણ લાભ મેળવવા માટે 40 ટકા કરતા વધારે વિકલાંગતા ધરાવતા હોવાનું સામાજિક ન્યાય અને આધિકારિતા વિભાગ દ્વારા આપવામાં આવેલું પ્રમાણપત્ર જરૂરી છે. તેઓ કોઈપણ સરાકરી કાર્યક્રમમાં 3 ટકા અનામત માટે પણ હકદાર છે. ગુજરાતમાં બસ દ્વારા મુસાફરી કરતા વિકલાંગોને ભાડામાં સંપૂર્ણ છૂટ એ તેમની સાથે મુસાફરી કરતા વ્યક્તિને 50 ટકા ભાડામાં રાહત આપવામાં આવે છે.

દૃષ્ટિ વિકલાંગતા અંગેનું પ્રમણપત્ર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ઉપરતી મેળવી શકાય છે. ખાસ પ્રકારનું વિકલાંગતાનું પ્રમાણપત્ર જિલ્લા સિવિલ સર્જન અથવા જિલ્લા સિવિલ હોસ્પિટલના નિવાસી તબીબી અધિકારી (આરએમઓ) પાસેથી મેળવી શકાય છે.

વ્યક્તિ એ તેની અરજી સાથે રેશનકાર્ડની 2 કોપી, તાજેતરના પાસપોર્ટ સાઈઝના ફોટા 3, ગુજરાત રાજ્ય નિવાસીનો પુરાવો(પી.પીએલ.કાર્ડ અથવા રેશનકાર્ડ) મતદાર ઓળખપત્ર, જન્મનું પ્રમાણપત્ર આપવાનું હોય છે. તબીબી તપાસ સમયે તેની સાથે અસલ રેશનકાર્ડ રાખવું પડે છે. જો બાળકનું નામ રેશનકાર્ડમાં નોંધાવેલું ન હોય તો તેવા કિસ્સામાં આધારકાર્ડ ઉપયોગી કરી શકે છે. વિકાલંગતા પ્રમાણપત્ર પ્રાપ્ત થયા પછી ઓળખપત્ર બનાવી શકાય છે. પ્રમાણપત્ર પ્રાપ્ત થયા પછી ઓળખપત્ર બનાવી શકાયછે. પ્રમાણપત્રની સાથે અરજદારે એક તાજેતરનો સ્ટેમ્પ સાઈઝનો ફોટો રેશનકાર્ડની નકલ, ગુજરતા રાજ્યમાં રહેતા હોય તેનો પુરાવો અને તલાટી-કમ-મંત્રી પાસેથી મેળવેલા બીપીએલ સ્કોર કાર્ડનો પુરાવો (જો લાગુ પડતો હોય તો) મતદાર ઓળખપત્ર, જન્મનું પ્રમાણપત્ર લોહીનું ગ્રુપ તેમજ મામલતદાર ઓફિસ અથવા તલાટી કમ-મંત્રી દ્વારા 20 રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર માન્ય કરાવમાં આવેલું આવકનું પ્રમાણપત્ર આપવાનું રહે છે. બીપીએલ લાભાર્થીઓએ આવકનું પ્રમાણપત્ર જોડવાનું રહેતું નથી. અરજી સમાજ સુરક્ષાની જિલ્લા કચેરીએ રજૂ કરવામાં આવે છે. 18 વર્ષની ઉંમર સુધીના બાળકો તેમના તમામ દસ્તાવેજો શાળા અથવા જેમની પાસે સત્તા છે તેવા વરિષ્ઠ અધિકારી પાસે પ્રમાણિત કરાવી શકે છે.

અરજદાર હાજર રેહવું જરૂરી નથી અરજદારે માત્ર તેના ફોર્મમાં સહી અથવા અંગૂઠો લગાવવાનો હોય છે.

**15) વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપ અને અન્ય સહાયઃ**

ધોરણ 1 થી 8 માં અભ્યાસ કરતા આવા વિદ્યાર્થીઓ વાર્ષિક રૂા. 1000 અને ધોરણ 9 થી 12ના વિદ્યાર્થીઓને વાર્ષિક રૂા. 1500 મેળવવા હકદાર છે. વિદ્યાર્થી જરૂરિયાત અનુસાર ખાસ કીટ અને ખાસ શિક્ષકની મદદ પણ મેળવી શકે છે. ખાસ શાળામાં ભણાવતા શિક્ષકોને ટૅક્નિકલ મદદ પૂરી પાડવાની હોય છે. આ માટે વિદ્યાર્થીઓએ ક્કલાંગતા પ્રમાણપત્ર ઓળખપત્ર શાળાના વડાપ્રધાન દ્વારા બાળક શાળામાં ભણે છે તે અંગેનું પ્રમાણપત્ર આપવું જરૂરી છે.

**16) વિકલાંગતા ધરાવતા બાળકો માટે મુસાફરી અને મદદગાર માટેનું ભથ્થું :**

50 ટકા કરતા વધારે વિકલાંગતા ધરાવતા બાળકો દર મહિને રૂા. 2500 મેળવવા હકદાર છે. શાળા વ્યવવસ્થાપન સમિતિ તે અંગે અરજી તૈયાર કરીને સર્વ શિક્ષા અભિયાન જિલ્લા કૉ-ઓર્ડિનેટરને અન જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકાર આપવાની હોય છે. વિદ્યાર્થીઓએ 50 ટકા કરતા વધારે વિકલાંગતા ધરાવે તેવું પ્રમાણપત્ર અને શાળાના વડા દ્વારા બાળક શાળામાં ભણે છે તે અંગેનું પ્રમાણપત્ર આપવું જરૂરી છે.

**17) ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વિકલાંગતા પેન્શન યોજના (આઈજીએનડીપીએસ) અને સંત સુરદાસ યોજનાઃ**

આ યોજના 80 ટકા કરતા વધારે વિકલાંગતા ધરાવતા હોય તેવા લોકો માટે છે. અરજદાર વ્યક્તિ 79 વર્ષ કરતા ઓછી ઉંમર ધરાવતી 0 થી 16નો બી.પી. એલ. સ્કોર ધરાવતી અને 10 વર્ષ કરતા વધારે વર્ષથી ગુજરાતની વતની હોવી જોઈએ તેઓ પાસે ઓળખકાર્ડ હોવું જરૂરી છે. આ યોજના હેઠળ 17 વર્ષ કરતા ઓછી ઉંમર ઓછી ઉંમર ધરાવતા બાળકો રૂા 400

અને 18 થી 79 ની ઉંમર ધરાવતા લોકો દર મહિને રૂા. 600 મેળવે છે. આ નાણાં તેમને મનીઓર્ડર દ્વારા મળે છે કે પછી તેમના પોષ્ટ ઓફીસના ખાતામાં અથવા તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. અરજાદરો બે પાસપોર્ટ સાઈઝન ફોટો બૅંકપાસબુકની નકલ વિકલાંગતાની ટકાવારી ધરાવતું સિવિલ સર્જનનું પ્રમાણપત્ર એસડીઓ દ્વારા આપવામાં આવેલું વિકલાંગતા ઓળખ પ્રમાણપત્ર તલાટી-કમ-મંત્રી દ્વારા આપવામાં આવેલા બી.પી.એલ. કોર કાર્ડની નકલ, વય, પ્રમાણપત્ર (શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જન્મ પ્રમાપત્ર, સામુદાયિક આરોગ્યકેન્દ્ર અથવા સિવિલ હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ આપેલું વય પ્રમાણવત્ર) રેશનકાર્ડ આવકનું પ્રમાણપત્ર, છેલ્લા 10 વર્ષ કરતા વધારેથી ગુજરાતના વતની હોવાનો પુરાવો એકવાર પેન્શ ન મળવાનું શરૂ થઈ જાય પછી, દર વર્ષે તેમને પોતાની હયાતી અંગેનું પ્રમાણપત્ર આપવાનું હોય છે.

**18) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે ગુજરાત સરકાર તરફથી સાધન અને સહાય :**

5 વર્ષથી 50 વર્ષની વય ધરાવતી, 40 ટકા કરતાં વધારે વિકલાંગતા અંગેનું ઓળખ પ્રમાણપત્ર ધરાવતી વ્યક્તિઓ આ યોજનાનો લાભ લઈ શકે છે. શહેરી વિસ્તારમાં, તેમના કુટુંબની વાર્ષિક આવક રૂા. 68000થી વધારે ન હોવી જોઈએ. તેવી જ રીતે ગ્રામીણ વિસ્તાર માટે આવક મર્યાદા રૂા. 47,000 છે. જુદી જુદી વિકલાંગતા માટે જુદાં જુદાં સાધનો હોય છે. અરજદારે આ માટે વય પ્રમાણપત્ર, વિકલાંગતા ઓળખપત્ર અને સંબંધિત અધિકારી દ્વારા મળેલું આવકનું પ્રમાણપત્ર આપવાનું હોય છે.

**19) વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ માટે કેન્દ્ર સરકાર તરફથી સાધન અને સહાય યોજના (એડીઆઈપી યોજના) :**

આ યોજનાનો લાભ 40 ટકા કરતાં વધારે વિકલાંગતા ધરાવતી કોઇપણ વ્યક્તિઓ લઈ શકે છે. તેમના ઘરની આવક રૂા. 20,000 કરતા વધારે ન હોવી જોઈએ. અરજદારે છેલ્લાં 3 વર્ષમાં કોઈ સાધન સહાય લીધી ન હોવી જોઇએ. 12 વર્ષની નાના બાળકો માટે આ મર્યાદા 1 વર્ષની છે. ઓપરેશન સહાય માટે સાધન લગાડવાના ખર્ચ માટે અથવા વિકલાંગતાને દૂર કરવા મેટ નીચે મુજબની સહાય ઉપલબ્ધ છે.

(1) બોલવા અને સાંભળવાની વિકલાંગતામાટે રૂા. 100 થી 5000

(2) રૂા. 2000 થી 10,000 દૃષ્ટિહિન લોકો માટે

(3) રૂા. 5000 થી 30,000 શારીરિક વિકલાંગતા માટે

એક સાથે વધારે પ્રકારની વિકલાંગતાવાળી વ્યક્તિના કિસ્સા માટે જરૂર અનુસાર નિર્ણય લેવમાં આવે છે. આ યોજનાનું અમલીકરણ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા માન્ય સ્વૈચ્છિક સંસ્થા મારફતે કરવામાં આવે છે. અરજદારે 40 ટકા વિકલાંગતા ધરાવતું પ્રમાણપત્ર, આવકનું પ્રમાણપત્ર રહેણાંકનો પુરાવો અને વિકલાંગતા દર્શાવતો ફોટો આપવાનો રહે છે.

**20) સ્પોન્સર્શિપ યોજના :**

આ બાળસુરાની એક યોજના છે. આ યોજના એવાં બાળકો માટે છે, જેમના માતા-પિતામાંથી કોઈ એક જ હયાત હોય. એક કુટુંબના બે બાળકો, આ યોજનાનો લાભ, વધારેમાં વધારે 3 વર્ષ સુધી અથવા તેઓ 18 વર્ષ સુધી થાય(બેમાંથી જે વહેલું હોય તે) ત્યાં સુધી મેળવી શકે છે. અમુક ખાસ કિસ્સાઓમાં નીચે પ્રમાણે પ્રાથમિકતા આપવામાં આવે છે.

(1) વિધવાના બાળકો

(2) એચ.આઈ.વી. એઈડ્સ, થેલેસેમિયા પીડિત દર્દીના બાળકો,

(3) જેલમાં હોય એવાં માતા પિતાનાં બાળકો જે સરકારી સંસ્થાઓમાં છેલ્લા 9 મહિનાથી રહેતા હોય.

સહાયની રકમ દર મહિને રૂા 1000 છે. બાળકે આ લાભ મેળવાવ માટે 6 મહિના સુધી બાળકેન્દ્રમાં રહેવું ફરજિયાત છે. આ માટેના અરજી ફોર્મ જિલ્લા સુરક્ષા અધિકારીની કચેરીમાંથી

મળે છે અને તેનું અમલીકરણ ઓબ્ઝર્વેશન કોમના સુપ્રિન્ટેન્ડન્ટ અને જિલ્લા બાળસુરક્ષા કચેરી દ્વારા કરવામાં આવે છે. અરજી સાથે નીચે મુજબના પુરાવાઓ આપવાના હોય છે. ઉંમરનો પુરાવો (જન્મનું પ્રમાણપત્ર અથવા શાળા છોડ્યાનું પ્રમાણપત્ર) બાળક સાથેનો અરજાદરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો માતા અથવા પિતાનું મરણનું પ્રમાણપત્ર. રૂા. 24000થી ઓછી આવક દર્શાવતું આવકનું પ્રમાણપત્ર તેમજ બાળક આંગણવાડી કે પ્રાથમિક શાળા સાથે સંકળાયેલુ છે તે અંગેનું પ્રમાણપત્ર. યોજના મંજૂર થયા પછી અરજદારે સહાયની રકમ જમા કરવા માટે બાળક સાથે સંયુક્ત બૅંક ખાતુ ખોલાવવું પડે છે.

**21) પાલક માતા-પિતા યોજના (ફોસ્ટર કેર યોજના):**

0 થી 18 વર્ષની ઉંમર ધરાવતાં અનાથ બાળકોના માતા-પિતાને દર મહિને રૂા.1000ની સહાય મળે છે. જિલ્લા સુરક્ષા અધિકારીની કચેરીમાંથી અરજી ફોર્મ મળે છે અને તેનું અમલીકરણ ઓબ્ઝર્વેશન હોમના સુપ્રિન્ટેન્ડન્ટ જિલ્લા સુરા કચેરી અને સામાજિક સુરક્ષા ખાતા દ્વારા કરવામાં આવે છે. અરજી સાથે નીચે મુજબના પુરાવાઓ આપવાના હોય છે. ઉંમરનો પુરાવો (જન્મનું પ્રમાણપત્ર અથવા શાળા છોડ્યાનું પ્રમાણપત્ર) અરજદારના ચૂંટણી કાર્ડની નકલ, રેશન કાર્ડ, માતા અને પિતાનું મરણનં પ્રમાણપત્ર, જો તેઓ ગ્રામીણ વિસ્તારના હોય તો તાલુકા વિકાસ અધિકારી દ્વારા માન્ય રૂા. 27000થી ઓછી આવક ધરાવતા હોવા અંગેનું પ્રમાણપત્ર અને શહેરી વિસ્તારના હોય તો રૂા. 36000 થી ઓછી આવક દર્શાવતું મામલતદાર દ્વારા માન્ય આવકનું પ્રમાણત્ર, બાળક આંગણવાડી, પ્રાથમિક શાળા અથવા એ અનુસાર કોઈપણ સાથે સંકળાયેલું છે તે અંગેનું પ્રમાણપત્ર યોજના મંજૂર થયા પછી અરજદારે સહાયની રકમ જમા કરવા માટે બાળક સાથે સંયુક્ત બૅંક ખાતું ખોલાવવું પડે છે.

**(22) ક્યારેય શાળાએ ન ગયા હોય અને શાળા છોડી ગયા હોય તે બાળકો માટે ખાસ તાલમીની વ્યવસ્થા**

શિક્ષણ અધિકાર કાયદા (આર.ટી.આઈ) અનુસાર 6 વર્ષથી વધારે વયના, ક્યારેય શાળાએ ન ગયા હોય અથવા શાળા છોડી ગયા હોય તે બાળકો વર્ગના અન્ય વિદ્યાર્થીઓ સાથે સંકલન સાંધી શકે તે હેતુથી તેમની ઉંમર આધારિત ધોરણમાં પ્રવેશ આપવાનો હોય છે અને તે માટે તેમને ખાસ તાલીમ આપવામાં આવે છે. શિક્ષકને અથવા તાલીમ પામેલા બાળમિત્રને શિક્ષણ વિભાગ દ્વારા બનાવવામાં આવેલા ખાસ મટીરિયલની તાલીમ આપવાની જરૂર છે. ખાસ તાલીમના સમયગાળા અનુસાર બાલમિત્રોને દર મહિને રૂા. 4000 થી 5000 સુધીનું મહેનતાણું આપવાની જોગવાઈ છે. આ રકમનો અમુક હિસ્સો, બાળક સામાન્ય શાળામાં પ્રવેશ મેળવે અને શાળાએ જવાનું શરૂ કરે એ પછી ચૂકવવામાં આવે છે. તેમાં વર્ગ ચલાવવા માટેનાં બાળકોના શૈક્ષણિક સાધનો માટે સ્ટેશનરી માટે, પોષક ખોરાક અને અન્ય પરચૂરણ ખર્ચ માટે રકમની જોગવાઈ પણ છે.

શાળાએ તથા એસ.એમ.સી. સભ્યોએ આવાં બાળકોને સર્વે દ્વારા શોધવા જોઈએ. સર્વેના આંકડા અનુસાર જેટલા બાળકો આ માટે પાત્રતા ધરાવતા હોય તેના આંકડાનો ઉલ્લેખ કરીને ખાસ તાલીમ વર્ગો શરૂ કરવાનો ઠરાવ પસાર કરવો જોઈએ. આ ઠરાવ અરજી સાથે સી.આર.સી. (ક્લસ્ટર રિસોર્સ કો ઓર્ડિનેટર)ને જમા કરાવાવનો હોય છે. જો જરૂર જણાય તો અરજી સાથે મુસાફરી અને સહાયકના ભથ્થા વગેરે અંગેના પણ માંગણી મૂકી શકાય છે. આ અંગેની ગ્રાન્ટ એસ.એમ.સી સભ્યોના ખાતામાં જમા કરવામાં આવે છે અને તેઓ ખાસ તાલીમ વર્ગોના અમલીકરણ માટે જવાબદાર છે.

**23) સ્થળાંતરિત બાળકો માટે સિઝનલ હોસ્ટેલની સુવિધા :**

જે કુટુંબના સભ્યો કામ મેળવવા માટે સ્થળાંતર કરે છે, તેમના બાળકો માટે સિઝનલ હોસ્ટેલની સુવિધા માટે જોગવાઈ છે. તેનો હેતુ સ્થાંતરિત બાળકોને ગામમાં રોકીને તેમનું શિક્ષણ ચાલુ રાખવાનો છે. ગામમાં જો આવાં બાળકો 30 કરતાં વધારે હોય તો એસએમસી સભ્યો એક ઠરાવ પસાર કરી આ અંગે એક અરજી સીઆરસીને જમા કરાવે છે. તેની સાથે જે બાળકોના માતા-પિતા તેમના બાળકોને સિઝનલ હોસ્ટેલમાં મૂકવા તૈયાર થયા છે. તેની વિગતો પણ આપવાની રહે છે. સિઝનલ હોસ્ટેલ ચલાવવા માટે એસ.એમ.સી. સભ્યો દ્વારા ગામની જ

કોઈ સ્નાતક થયેલી વ્યક્તિ પસંદ કરવામાં આવે છે. બાળકો હોસ્ટેલમાં રહે છે અને તેમને ત્યાં જમવાનું અને અન્ય સુવિધા પૂરી પાડવામાં આવે છે, જેથી તેઓ તેમની જ શાળામાં આભ્યાસ ચાલુ રાખી શકે.

**24) મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના :**

જે કુટુંબની વાર્ષિક આવક રૂા. 1 લાખ 20 હજાર કરતાં ઓછી હોય તેવા લોકોને આ યોજના હેઠળ આરોગ્ય સહાય આપવામાં આવે છે. યોજના હેઠળ હૃદયની બીમારીઓ, કેન્સર કિડની અંગેની બીમારીઓ, ન્યુરોલોજીકલ સમસ્યા, દાઝેલાની સારવાર, નવજાત શિશુના આરોગ્યની સમસ્યાો અને ગંભીર ઈજાઓ માટે કુટુંબ દીઠ વધારેમાં વધારે વાર્ષિક રૂપિયા 2 લાખ સુધીના ખર્ચનો લાભ મળે છે. આ સહાયમાં રોકડ આપવામાં આવતી નથી પુરાવા તરીકે ઉંમરની સાબિતી જન્મનું પ્રમાણપત્ર, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર વગેરે જેવા દસ્તાવેજો આપી શાકય છે. મામલતદાર ટી.ડી.ઓ., ડી.ડી.ઓ. અથવા કલેક્ટર પાસેથી મળેલું પ્રમાણપત્ર પણ રજૂ કરાવની જરૂર પડે છે. તાલુકા કક્ષાએ સ્થિત સીટી સીવીક સેન્ટર ઉપર દસ્તાવેજો જમા કરવાથી તેઓ ગુજરાતની 19 સરકારી અને 41 ખાનગી હોસ્પિટલ પર આ યોજના મેળવવા માટે એક કાર્ડ આપશે. લોકો આકસ્મિક પરિસ્થિતિ વખતે કાર્ડ માટે અરજી કરી માત્ર અરજીના આધારે કાર્ડ વગર પણ લાભો મેળવી શકે છે. જો કે તે હોસ્પિટલમાંથી દર્દીને રજા આપવામાં આવે તે પહેલા મેળવવું પડે છે. કેન્દ્રીય રાજ્ય વિમા યોજના (ઈએસઆઈએસ) હેઠળ આવરી લેવામાં આવેલા લોકો આ સુવિધઓ મેળવી શકતા નથી. લાભાર્થીઓને સહાય કરવાના હેતુથી દરેક માન્ય હોસ્પિટલમાં એક આરોગ્ય મિત્રની નિમણૂંક કરાવમાં આવી છે. તાલુકા અને જિલ્લા કક્ષાએ એક ટોલ ફ્રી નંબર (1800-233-1022) અને પ્રશ્નો અને ફરિયાદ નિવારણ માટે વ્યવસ્થઆ ઊભી કરવામાં આવી છે.

**25) દૂધ સંજીવની યોજના :**

આ યોજનાનો હેતુ આદિવાસી વિસ્તારમાં બાળકોમાં પોષકતત્ત્વોની સ્થિતિ સુધારવાનો શાળામાં નોંધણી અને હાજરી વધારવાનો છે. પ્રાથમિક શાળામાં ભણતા બાળકોને દરરોજ મધ્યાહન ભોજન સિવાય 200 મિલિગ્રામ દૂધ આપવામાં આવે છે. દૂધ પૂરું પાડવા માટે શિક્ષણ ખાતએ કેટલીક સ્થાનિક દૂધ ડેરીઓ સાતે સંકલન કર્યું છે.

**26) મમતા તરૂણી અભિયાન :**

આ યોજના અપરિણિત 10 થી 19 વર્ષની શાળામાં ન જતી કિશોરીઓ માટે બનાવાવમાં આવેલી સામુદાયિક સ્તરના આરોગ્યની જાળવણી માટેની યોજના છે. આંગણવાડી કાર્યકર અને આશા વર્કર આવી છોકરીઓને ઓળખવી અને તેની નોંધણી કરવી. આ અંગેનું રજીસ્ટર આંગણવાડીમાં દર વર્ષે જાન્યુઆરીમાં તૈયાર કરવામાં આવે છે. મમતા તરૂણી સત્રમાં દર ત્રણ મહિને વજન કરવામાં આવે છે. દર મહિને આર્યન ફોલિકની ગોળી આપવી જે કિશોરીઓનું બીએમઆઈ (બોડી માસ ઈન્ડેક્ષ) અપેક્ષા કરતાં ઓછું હોય તો તેમને પૂરક પોષણ 10 અને 16 વર્ષની ઉંમરે ટી.ટી.ની રસી, માસિકસ્ત્રાવ અંગે, વ્યક્તિગત સ્વચ્છતા અને માસિકસ્ત્રાવ વખતની સ્વચ્છતા અંગે પ્રજનન માર્ગનો ચેપ/જાતીય સંબંધોથી થતી બીમારીઓની તપાસ અને ગર્ભનિરોધક અંગ માર્ગદર્શન આપવામાં આવે છે. લીડરશીપ ધરાવતી કિશોરીઓને વૃદ્ધિ અંગે દેખરેખ રાખવા અંગે પોષણ જાગૃતિ માટે, પૂરક પોષકતત્ત્વો બાબતે તેમજ વ્યક્તિગત સ્વચ્છતા અને આરોગ્યની સામાન્ય સમસ્યાઓ અંગે તાલીમ આપવી જોઈએ. તેઓ બીજી કિશોરીઓને સત્રમાં લાવામાં મદદ કરે છે. તબીબી સારવાર માટે આરોગ્ય સુવિધાનો ઉપયોગ કરે અને બીજી કિશોરીઓને તે અંગે શિક્ષણ આપે.

**27) કિશોરીશક્તિ યોજના :**

આ યોજના હાલમાં અમલ છે તેવી સંકલિત બાળવિકાસ યોજનાની કિશોરીઓને લગતી બાબતોમાંથી ફરી વાર બનાવવવામાં આવી છે. તેનો મુખ્ય હેતુ ગ્રામીણ ક્ષેત્રમાં રૂા. 6400થી ઓછી આવક ધરાવતા કુટુંબની 11 થી 18 વર્ષની કિશોરીઓની આરોગ્ય, પોષણ અને વિકાસની સ્થિતિમાં સુધારા લાવાવનો છે. તેમનામાં જાગૃતિ લાવીને તેમને જીવન કૌશલ્યની તાલીમોમાં

જોડાવવાની તકો પૂરી પાડીને તેમને ફરીવાર શાળામાં પ્રવેશ લેવડાવીને તથા તેમના સામાજિક વાતાવરણને સારી રીતે સમજવામાં તેમની મદદ કરીને તેમને સમાજમાં તેમની મદદ કરીને તેમને સમાજમાં પ્રદાન કરનારી વ્યક્તિ બનાવામાં મદદરૂપ થવાનો પણ આ યોજનાનો હેતુ છે.

## 4.3 સ્વૈચ્છિક સંસ્થાઓ બાળકલ્યાણ એજન્સીઓ અને કુટુંબોને કઈ રીતે મદદરૂપ થાય છે ?

ઘણી વખત એક સામાજિક કાર્યકરોનો સમૂહ સ્વૈચ્છિક સંસ્તા સાથે જોડાઈને બાળકલ્યાણ એજન્સીઓ અને કુટુંબો માટે ખૂબ મદદગાર સાબિત થઈ શકે છે. અને આવા સામાજિક કાર્યકરો દ્વારા સ્વૈચ્છિક સંસ્થઓ બાળકલ્યાણ કાર્યક્રમોમાં ખૂબ મહત્ત્વનો ફાળો આપે છે. આવી સ્વૈચ્છિક સંસ્થાઓ બાળકો તથા કુટુંબો સાથે સારો સંપર્ક ધરાવતી હોય છે. તે હંમેશા જોખમી પરિસ્થતિમાં બાળકો એ કુટુંબોને મદદ કરવાની પરિસ્થિતિમાં હોય છે. બાળકોનું શોષણ અને તેમની ઉપેક્ષાને રોકવામાં તે ખૂબ જ ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. બાળકોના સંવર્ધનની સંભાળ માટે ખૂબ જ અગત્યનું સંશોધન છે.

1) કુટુંબોને મદદરૂપ થવું અને બાળકોનો દુરુપયોગ અને ઉપેક્ષાને અટકાવવી એક સ્વૈચ્છિક સંસ્થા તરીકે બાળકોનો દુરુપયોગ અને ઉપેક્ષા થતી અટકાવવામાં અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જ્યારે બાળક જોખમી પરિસ્થિતમાં હોય કે તેની સાથે ખરાબ વ્યવહાર થતો હોય ત્યારે તે તેની પડખે હોય છે. બાળકના જીવનમં માત્ર આવી રીતે મદદરૂપ થઈ તેની શારીરિક અને માનસિક સ્થિતિસ્થાપકતા વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તે બાળકોના માતા-પિતાને કટોકટીમાં માર્ગદર્શન આપવા, શિક્ષણ આપવા, વિધાયક શિસ્તના પાઠ ભણાવવા તથા ઘર બહારની સંભાળ લેવામાં અત્યંત મદદરૂપ થાય છે.

**2) બાળકોની શક્યતાઃ ઉપેક્ષા અને દુરુપયોગને ઓળખવા :**

સ્વૈચ્છિક સંસ્થા બાળકો સાથે જે દુર્વ્યવહાર થાયછે તેમાં ઉપેક્ષા શારીરિક દુરુપયોગ, માનસિક દુરુપયોગ, સાંવેગિક દુરુપયોગ વગેરેનો સમાવેશ થાય છે. તે બધાથી જાગૃત હોવી જોઈએ.

**3) શંકાશીલ બાળક-દુરુપયોગ અને ઉપેક્ષાનું દસ્તાવેજીકરણઃ**

ઈ.સ. 2010માં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વાર 16.3% બાળકોના દુરુપયોગ અને ઉપેક્ષા થાય છે. તેનું દસ્તાવેજીકરણ કરાયું હતું.

**4) બાળકલ્યાણ એજન્સીઓ માટે સંશાધક થઈને :**

સ્વૈચ્છિક સંસ્તાઓ પાસે બાળકો અને કુટુંબેની તાકાત(શક્તિ) અને પડકારો વિશેની માહિતી હોય છે. કેટલીકવાર આ માહિતી બાળકલ્યાણના ક્ષેત્રમાં ઉપયોગી છે.

**5) બાળકલ્યાણ કાર્યકર સ્વૈચ્છિક સંસ્થાઓને કઈ રીતે મદદરૂપ થાય છે :**

**(અ) બાળકો ભણવા તૈયાર છે તેની ખાતરી કરાવીને :**

બાળકો કે જેમણે પોતાનો દુરુપયોગ(શોષણ) કે ઉપેક્ષાનો અનુભવ કર્યો છે તેમને કેટલીકવાર જ્ઞાનાત્મક મુશ્કેલી અથવા વિકાસમાં અડચણનો સામનો કરવો પડે તે પોતાના જૂથના અન્ય વિદ્યાર્થીઓ કરતાં કદાચ ઉતરતી કક્ષાનો દેખાવ કરે છે. બાળકલ્યાણ અધિકારીએ બાબતની ખાતરી કરી શકે છે કે બાળકો એ તેના કટુંબ પોતાને જોઈતી સમયસરની સેવાઓ અને સહાય મેળવે છે. જેમાં ખાસ શિક્ષણ, માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય, અગમચેતીની સેવાઓનો સમાવેશ થાય છે. જેનાથી બાળકોની શાળાએ જવાની તૈયારી તથા સમગ્ર ઉમદાપણામાં સુધારો થાય છે.

**(બ) બાળકોને પોતાની ગૃહશાળામાં રાખીને :**

જ્યારે વિદ્યાર્થીઓ એકજ શાળામાં રહેવા સક્ષમ બને છે તે શાળામાં બીજા મિત્રો સાથે જોડાયેલા હોય છે. અને શૈક્ષણિક તથા સાંવેગિક પડકારોની ઉપેક્ષા કરે છે. જે તેમના શિક્ષણકાર્યમાં અવરોધ લાવે છે.બાળકલ્યાણ કાર્યકર ડ્રોપઆઉટ ઘટાડવા વિદ્યાર્થીઓને પોતાના સગાઓ તથા જ્ઞાતિના બીજા લોકો સાથે ગોઠવવાનો પ્રયત્ન કરે છે.

**(ક) બહુવિધ શિસ્ત અયામ જૂથમાં તેમના પ્રદાન મટે તેમણે આમંત્રણ આપવું :**

બાળકલ્યાણ અધિકારી સ્વૈચ્છિક સંસ્થાને અને વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમોમાં સક્રિયપણે ભાગ લઈને શાળા સંચાલન માટે સહાયરૂપ બની શકે છે. બાળકલ્યાણ માટે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આયોજિત આયાત જૂથની બેઠકમાં પોતાની વિદ્વતાનું પ્રદાન કરી શકે છે. આવી બેઠકથી કુટુંબનું પ્રદાન કરી શકે છે. આવી બેઠકથી કુટુંબના સભ્યો અને વ્યાવસાયિકો બાળકો અને કુટુંબની જરૂરિયાતો તથા તેમનાં વિકાસ માટે નજીક આવી કાર્યકરી શકે છે.

સ્વૈચ્છિક સંસ્થાઓ અને સામાજિક કાર્યકર એક છત્રછાયામાં કામ કરીને એવી ખાતરી કરી શકે છે કે કુટુંબને પોતાના બાળકોની સફળ કાળજી માટે જરૂરી સેવાઓ અને સહાય મળે છે તથા બાળકો અને યુવકો સલામત રહે છે. તથા તેમને વિદ્યાકીય શૈક્ષણિક અને સામાજિક સેવાઓ મેળવવાની તક મળે છે.

## 4.4 ઉપસંહાર

બાળકલ્યાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. સરકાર દ્વારા કાયદા દ્વારા એની અમલવારી થાય છે. સાથે સાથે બાળકોની કલ્યાણકારી યોજના દ્વારા પણ અમલવારી થાય છે. સમુદાયના સહકાર દ્વારા યોજનાઓનો લાભ મળે અને તે માટે બાળકલ્યાણ યોજનાઓની માહિતીથી માહિતગાર થવા માટે તેનો પ્રસ્તુત એકમમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. બાળકલ્યાણ વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો ખૂબ જ અગત્યનો રહેલો છે. આ સંસ્થાઓ પોતે વ્યાવસાયિક ભૂમિકા અદા કરે છે અને એક જોડાણકર્તા તરીકેની પોતાની ભૂમિકા મુજબ કાર્ય કરે છે. જે અંગેની રજૂઆત પણ પ્રસ્તુત એકમમાં થયેલ છે.

## 4.5 તમારી પ્રગતિ ચકાસો

1. ચિરંજીવી યોજના અંતર્ગત માતાને હૉસ્પિટલ સુધી પહોંચાડવાની મુસાફરી ભથ્થા પેટે ........ રોકડા મળે છે ?

   (A) 251 રૂ. (B) 500 રૂ.

   (C) 300 રૂ. (D) 200 રૂ

2. જનની સુરક્ષા અંતર્ગત શહેરી વિસ્તારની સ્ત્રીઓને ....... રૂપિયા મળે છે ?

   (A) 600 રૂ. (B) 500 રૂ.

   (C) 700 રૂ. (D) 400 રૂ

3. જન્મ સમયે બાળકને કઈ રસી અપાય છે ?

   (A) ડી.ટી.પી. (B) ત્રિગુણી

   (C) બી.સી.જી. (D) ઉપરોક્ત એકપણ નહીં

4. કસ્તુરબા પોષણ સહાય યોજના અંતર્ગત કેટલી સહાય મળે છે ?

   (A) 6500 રૂ. (B) 600 રૂ.

   (C) 650 રૂ. (D) 6000 રૂ

5. આદિવાસી વિસ્તારો કયા વર્ષથી દૂધ અપાય છે ?

   (A) 2014 (B) 2016

   (C) 2011 (D) 2015

6. વિદ્યાલક્ષ્મી બોન્ડ અંતર્ગત કેટલી સહાય મળે છે ?

   (A) 2000 રૂ. (B) 1000 રૂ.

   (C) 4000 રૂ. (D) 3000 રૂ

7. વિકલાંગતા ધરાવતા ધોરણ-1 થી 8ના વિદ્યાર્થીઓને કેટલી સ્કૉલરશિપ મળે છે ?

   (A) 200 રૂ. (B) 500 રૂ.

   (C) 700 રૂ. (D) 1000 રૂ

8. વિકલાંગતા ધરાવતા ધોરણ-9 થી 12ના વિદ્યાર્થીઓને કેટલી સ્કૉલરશિપ મળે છે ?

(A) 200 રૂ. (B) 500 રૂ.

(C) 1500 રૂ. (D) 700 રૂ

## 4.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (D) 200 રૂ
2. (A) 600 રૂ.
3. (C) બી.સી.જી.
4. (D) 6000 રૂ
5. (A) 2014
6. (A) 2000 રૂ.
7. (D) 1000 રૂ
8. (C) 1500 રૂ.

## 4.7 ચાવીરૂપ શબ્દો

**સ્કૉલરશિપ :** વિદ્યાર્થીના શિક્ષણને ટેકો આપવા માટે અનુદાન અથવા ચુકવણી

**વિકલાંગતા :** શારીરિક અથવા માનસિક સ્થિતિ જે વ્યક્તિની હિલચાલ, ઈન્દ્રિયો અથવા પ્રવૃત્તિઓને મર્યાદિત કરે છે.

## 4.8 સ્વાધ્યાય લેખન

**(1) બાળકો માટેની કલ્યાણકારી યોજના વિસ્તૃતમાં જણાવો.**

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 4.9 પ્રવૃતિ

1. બાળકો માટેની કલ્યાણકારી યોજનાઓની સૂચિ તૈયાર કરવી.
2. બાળકો માટે કાર્યરત સંસ્થાઓની ભૂમિકા અંગે નોંધ તૈયાર કરવી.

## 4.10 કેસ સ્ટડી

1. તમારી આસપાસના વિસ્તારમાં બાળકો અંગે કાર્ય કરતી NGO ની મુલાકાત લઈને અહેવલ લખવો.
2. બાળકો અંગેની યોજનાઓ લોકો સુધી પહોંચી શકે તે અંગેના સૂચનો નોંધો.

## 4.11 સંદર્ભગ્રંથો


1. સમાજકાર્ય ભારત સરકાર : ઓજસકાર તેજસકાર પાંડે
2. સમાજકાર્ય કે ક્ષેત્ર : ડૉ. જગદીશ કુમાર
3. એનસાયક્લોપિડીયા ઑફ સૉશ્યલ વર્ક : સમાજકલ્યાણ મંત્રાલય ભારત સરકાર
4. સામાજિક કલ્યાણ અને સામાજિક કાનૂનીકરણ : પ્રો. જગદીશ કે દવે

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-303
# કુટુંબ, બાળ અને યુવા કલ્યાણ

વિભાગ

# 3

## યુવા કલ્યાણ


એકમ-1 યુવાનોની સમસ્યા

એકમ-2 યુવાનોના અપરાધ

એકમ-3 યુવાનોના પ્રશ્નોના કારણો

ISBN : 978-81-937666-8-2


| **લેખક** | |
|---|---|
| **નીલાબેન એન. પટેલ** | અધ્યાપક(ફેકલ્ટી), સામાજિક વિજ્ઞાન રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા, સ્પીપા, અમદાવાદ. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. રવિન્દ્રભાઈ આર. પંચોલી** | આસિસ્ટન્ટ પ્રોફેસર, મ.દે. ગ્રામ સેવા મહાવિદ્યાલય, રાંધેજા, ગાંધીનગર. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. ઘનશ્યામભાઈ ગઢવી** | રિટાયર્ડ પ્રિન્સિપાલ શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, મહેસાણા |


**Edition : 2021**

**Copyright©2021 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

યુવાન એટલે કે આ શબ્દ સાંભળવાની સાથે જ આપણા મનમાં એક નવો ખ્યાલ આવે છે. યુવા એટલે કે જોસ, ઉત્સાહ, જુસ્સો અને સાહસ. આ સમયમાં થનગનાટ કંઇક જુદો જ હોય છે. કંઇક કરી બતાવવાની, કંઇક નવું કાર્ય કરવાની ભાવના યુવામાં જોવા મળે છે. યુવા વ્યક્તિ હંમેશા બધાથી કંઈ અલગ નવું જ કરવાની અને કાર્યમાં પ્રગતિ ઇચ્છતો હોય છે. પરંતુ જયારે વ્યક્તિ દ્વારા કંઈક કાર્ય કરવામાં આવે છે ત્યારે તેમાં મુશ્કેલી તો આવે છે. કેટલીક સમસ્યાઓ અને પ્રશ્નો પણ હોય છે જેને સમજવું જરૂરી છે. પ્રસ્તુત એકમમાં યુવાનોની સમસ્યાઓ, યુવાનોની અપરાધો, યુવાનોના પ્રશ્નોના કારણે પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

**ઘટકના હેતુઓ :**

1) પ્રસ્તુત ઘટકમાં યુવા એટલે શું અને તેની સમસ્યાઓ જાણવા મળશે.

2) પ્રસ્તુત ઘટક દ્વારા યુવાનોમાં અપરાધ અંગે જાણવા મળશે.

3) આ ઘટક યુવાનોના પ્રશ્નોના કારણો સમજવા માટે મદદરૂપ નીવડશે.

| એકમ–1 | યુવાનોની સમસ્યાઓ |
|---|---|

: રૂપરેખા :

**1.0 એકમના હેતુઓ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 યુવાન એટલે શું ?**

**1.3 યુવાકલ્યાણનો ઉદ્‌ભવ અને પૂર્વભૂમિકા**

**1.4 યુવાનોની સમસ્યા**

**1.5 ઉપસંહાર**

**1.6 તમારી પ્રગતિ ચકાસો**

**1.7 તમારી પ્રગતિ ચકાસોના જ્વાબો**

**1.8 ચાવીરૂપ શબ્દો**

**1.9 સ્વાધ્યાય લેખન**

**1.10 પ્રવૃતિ**

**1.11 કેસ સ્ટડી**

**1.12 સંદર્ભગ્રંથો**

## 1.0 એકમના હેતુઓ

- પ્રસ્તુત એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને યુવા કોને કહેવામાં આવે છે તેનો ખ્યાલ આવશે.
- યુવાકલ્યાણ કાર્યક્રમોની શરૂઆત કેવી રીતે થઈ છે તેનો વિસ્તૃતમાં પરિચય આ એકમ દ્વારા મળશે.
- યુવાઓને કેવા પ્રકારની સમસ્યાઓ હોય છે તે અંગે વિદ્યાર્થીઓ માહિતગાર થશે.

## 1.1 પ્રસ્તાવના

ભારતીય સમાજમાં યુવાનોએ આજનો જ વિષય નથી પરંતુ તે માનવજીવનની ઉત્પતિથી માંડીને આજ સુધી માનવવૃદ્ધિ અને વિકાસના તબક્કામાં આવતો યુવાવસ્થાના સમયગાળાની ચચતનો વિષય છે. આ સમય ગાળામાં જ માનવ વંશવેલો આગળ વધારવાનો સમયગાળો શરૂ થાય છે. તેથી ભારત જ નહી પરંતુ સમગ્ર માનવ જાતના બધા જ સમુદાયો માટે યુવાવસ્થાનો સમયગાળો મહત્વંના બની રહ્યો છે. યુવાપેઢીએ કોઈપણ રાષ્ટ્ર શરીરની કયાોડરજ્જુ છે. યુવાપેઢીની અલગ-અલગ વિશિષ્ટતા ગુણો હોય છે. જેમાં યુવાનોની વાત કયીએ તો યુવાનો એટલે કોણ ? યુવાનોના શું લક્ષણ હોઈ શકે ? કેવી લાક્ષણિક્તા હોય તો તે વ્યક્તિને આપણે યુવાન તરીકે ગણાવી શકીએ. આપણે આ એકમમાં માનવ વિકાસના સિદ્ધાંતોમાં યુવાવસ્થા, યુવાવસ્થા કોને કહેવાય, યુવાવસ્થાની લાક્ષણિક્તાઓ, યુવાનોની સ્થિતિનું વિશ્લેષણ વગેરે સમસ્યાઓની જાણકારી મેળવીશું.

## 1.2 વિભાગવના : યુવાન એટલે શું ?

યુવાન એવું બોલીએ તો તરત કેવી અનુભૂતિ થાય છે ? થનગનાટ, જોમ, જુસ્સો, સાહસ, ઊર્જાસભર, રાષ્ટ્રીય કવિ ઝવેરચંદ મેઘાણી ('તરુણોનું મનોરાજ્ય') યુવાન એટલે,

**"ઘટમાં ઘોડા થનગને, આતમ વીઝે પાંખ;**
**અણ દીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ."**

જેવા શબ્દો દ્વારા યુવાવસ્થાને વર્ણવે છે. ગાંધી કહેતા કે, 'જે દેશની પ્રજાનો યુવાવર્ગ મર્યાદા, વિવેક, નમ્રતા, સહિષ્ણુતા, ગુમાવે તે પ્રજા વિનાશ પામે છે. રજનીશ ઓશોના મતે યુવાન એટલે શોધક યુવાન, યુવાન હોવું એટલે અમૃત સાથે સંબંધનો રસ્તો, યુવા હોવું એટલે આત્માની શોધ છે. યુવા હોવું' પરમાત્માના મંદિરમાં પ્રાર્થના છે. (સ્વામી આનંદ વૈરાગ્ય, પાના, 153) તેઓ"

1. યુવાવસ્થાનો માનવ મનની પાછળ ભાગતો નથી; પરંતુ, આગળ તરફ જુએ છે.
2. યુવાવસ્થાનો માનવસ્મૃતિઓમાં સમય પસાર કયાતો નથી; પરંતુ, પોતાની શક્તિને યોજના બનાવવામાં કામે લગાડે છે.
3. યુવાવસ્થાનો માનવી સવતંગી મોક્ષની પરલોકની વિશે વિચારતો નથી; પરંતુ, સ્મૃતિઓને બદલવાનો વિચાર કયો છે.
4. યુવાન હોવું એટલે ચોવીસ કલાક ખતરામાં જીવવું, ઘરડા હોવું એટલે સુરક્ષામાં જીવવું, યુવાચિત્ત ખતરામાં જીવવાનું નામ છે. વૃદ્ધ ચિત્ત જૂની પ્રથાઓ પર ચાલવાનું ચિત્ત છે.
5. યુવાન એટલે તેજસ્વીતા, તપસ્વીતા, તત્પરતા

યુવાન હોવાની સમજ, તરંગી અવસ્થાથી પુષ્તઅવસ્થા તરફની ગતિ એટલે યુવાન, અપરિપક્વતા અને બિનઅનુભવી હોવાની સ્થિતિ એટલે યુવાન યુવાવસ્થાને ઘણા લોકો નકારાત્મક અવસ્થા પણ કહે છે. જેમાં યુવાનોમાં એકાંતની ઈચ્છા વધે છે. સાથે સાથે ટોળામાં રહેવાનું તેમને ગમે છે. કામ કયાવા તરફ અરુચિ, સમન્વયનો અભાવ, કંટાળો, બેચેન પણાની અનૂભુતિ, સામાજિક વિરોધાભાવ શાસન પ્રત્યે વિરોધ વિજાતીય પ્રત્યે વિરોધ, તીવ્ર કક્ષાની આવેગશીલતા, આત્મવિશ્વાસનો અભાવ, લિંગ સંબંધી વાતોમાં લીન રહેવું, અતિશય શરમાળપણુ અને દિવાસ્વપ્નમાં રાચવું વગેરે વલણો અને વર્તનો યુવાનોમાં જોવા મળે છે.

નારાયણ દેસાઈ કહે છે કે, યુવાન એટલે શ્રેય અને પ્રેયનો રસ્તો નક્કી કયાવાની ઉંમર ઉંમરના સંદર્ભે યુવાન વિશેના મત-મતાંતર જોવા મળે છે.

બાળકને આપણે 18 વર્ષ સુધીના વ્યક્તિને ગણ્યાં છે. (ચિલ્ડ્રન એકટ 2005, પે. 25) અને બાળ સુધારણા સેવા અધિનિયમ મુજબ યુવાન અપરાધીઓ માટેની ઉંમર 14 થી 25 વર્ષની માનવામાં આવે છે.

બાળલગ્ન અટકાયત અધિનિયમ-2006 મુજબ બાળક એટલે એવી વ્યક્તિ જેમાં પુરુષ હોય તો તેણે 21 વર્ષની ઉંમર પૂરી કયાી નથી. અને જે સ્ત્રી હોય તો તેણે 18 વર્ષની ઉંમર પૂરી કયાી ન હોય તેને બાળક ગણવામાં આવે છે. તેનો અર્થ કે બાળક હોવાનો ઉંમરનો સંદર્ભે પુરુષ અને સ્ત્રી બાળક માટે વ્યાખ્યા જુદી જુદી છે. આફ્રિકન યુવા ખતપત્રકમાં યુવાન એટલે 15 થી 35 વર્ષની ઉંમરની બધી જ વ્યક્તિ, કોમનવેલ્થ યુવા કાર્યક્ર્મમાં યુવાને માટે 16 થી 30 વર્ષ, મલેશિયામાં 16 થી 40 વર્ષની ઉંમરની વ્યક્તિને યુવાન માનવામાં આવે છે.

- યુવાન સાથે જોડાયેલા શબ્દો કે પરિભાષા
- યુવાન એટલે માર્ગદર્શનની જરૂર પડે, શાણપણનો અભાવ,
- સ્વપ્ન જોનારા, સ્વપ્ન દષ્ટ્રા, ભાવિ આશાવાળા
- સ્વતંત્ર, પ્રયોગાત્મક, રમતિયાળ
- ખુલ્લા મનવાળા, સ્થિતિ સ્થાપક, નાવીન્ય કયાનારા
- બળવાખોર, વિદ્રોહી, મુક્ત, જુસ્સાદાર
- નિર્દોષતા, નિષ્કપટ, સંભવિત શક્તિવાળા
- સુવિધા વંચિત, નિર્બળ, જોખમકારક, અવાજ વિહીન
- "પુષ્ત" સાથે જોડાયેલા શબ્દો કે પરિભાષા

- કાળજી રાખનારા, ધોરણ મુજબ વર્તનારા
- આલોચનાત્મક, સ્વપ્નના હત્યારા, અમુક આદર્શોમાં જીવનારા
- બોજો અને જવાબદારી વહન કયાનાર, વ્યસ્ત
- કઠોર વિચારસરણીને વળગી રહેનારા, રૂઢિચુસ્ત
- વ્યાવસાયિક અને પરંપરાવાદી
- લોભી, ભ્રષ્ટ, અને સ્વાર્થી
- નિણતયક સત્તાધારક કે સત્તાવાહી

ઉપરોક્ત વિગતો જોતાં એવુ જાણવા મળે છે કે યુવાનો અને પુખ્ત વ્યક્તિની લાક્ષણિક્તાઓ સાથે સંકળાયેલા શબ્દોને જોતાં યુવાન એ પુખ્ત વ્યક્તિ કયાતા જુદા જ પ્રકારની લાક્ષણિક્તાઓ ધરાવે છે.

## 1.3 યુવાકલ્યાણનો ઉદ્ભવ અને પૂર્વભૂમિકા

કોઈપણ દેશની સામાજિક આર્થિક પ્રગતિ, કલ્યાણ માટે વિકાસશીલ દેશ હોય કે વિકસિત દેશ એ રાષ્ટ્રના અનુશાસિત કર્તવ્યનિષ્ઠ સમાજ, સમુદાય, પરિવાર અથવા પોતાના માટે કર્તવ્યથી પૂર્ણ એવા સમર્પિત યુવક-યુવતીઓનું એ જ મહત્ત્વ છે. જો માનવ શરીરમાં વહી રહેલા લોહીના માનવ જેટલું જ જ્યારે કોઈપણ ઐતિહાસિક, સામાજિક, આર્થિક વગેરે ઘટનાઓ રાષ્ટ્ર, સમાજ, જીવનમૂલ્યો, વ્યવસ્થાો, શાંતિ, સંગઠન અને સુરક્ષાને લક્ષ્ય આપ્યું છે. પછી તે 20મી સદી હોય અથવા પ્રાચીનકાળની હોય, દેશના યુવાનોએ કાયમ ઐતિહાસિક અને ક્રાંતિકારી ભૂમિકા નિભાવી છે. સામાજિક બુરાઈની ચર્ચા કયાતાં, પયતવરણ અને પરિસ્થિતિ વિજ્ઞાનમાં બદલાવ લાવવો અને તેને ટકાવી રાખવા રાષ્ટ્રીય જાગૃતિ ઊભી કયાવા, દેશની એક્તા, અને અખંડિતતાને સુરક્ષિત રાખવામાં યુવકોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. યુવાકાર્ય તથા યુવાશક્તિના પ્રયાસોથી ભાવનાયુક્ત એકતાથી એક નવા ભારતનું નિર્માણ કયી શકાય છે.

ઈતિહાસ મુજબ યુવાનોએ દેશને વિકાસ કયાવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કયી છે. નવા વિચારોની તરફ તેઓનું ખુલ્લાંપણું અને ગ્રહણશીલતા, દ્રઢવિશ્વાસ, આદર્શવાદ, ઉત્સાહ તથા શક્તિથી તેઓએ પરિવર્તન માટે સતત ચાલતા પ્રયત્નના રૂપમાં સ્થાન આપ્યું છે. ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં ભારતીય યુવકો દ્વારા નિભાવેલી ઐતિહાસિક ભૂમિકા સ્વતંત્ર ભારતામાં તેઓની ક્રાંતિકારી ભૂમિકા એક શરૂઆત હતી. ભારતના રાષ્ટ્રીય આંદોલન માત્ર રાષ્ટ્રીય સ્વતંત્રતાનો સંઘર્ષ હતો નહીં; પરંતુ, સામાજિક પરિવર્તન લાવવાના પ્રયત્નોનું એક સમય હતો. ભારતનો ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે ભારતમાં આંદોલનોમાં યુવાનોનું બહુ જ મોટું યોગદાન રહ્યું છે.

દરેક માનવસમાજે યુવાનોના કલ્યાણ માટે બહુ જ સમય અને સંસાધનો પૂરા પાડ્યાં. એ સ્પષ્ટ કયો છે કે, દરેક પેઢી પોતાની પછીની પેઢી પોતાના વ્યવસ્થિત જીવન માટે એ જરૂરી છે. ભારતમાં સંયુક્ત કુટુંબ અને જાતિ વ્યવસ્થાઓ એ નિશ્ચિત કર્યું છે. યુવા પેઢી સામાજીક-આર્થિક સંબંધોના માળખામાં જ રહે.

1947ની રાજનૈતિક સ્વતંત્રતા એ ભારતીય યુવાનો પ્રગતિમાં એક ચોક્કસ સમયનું ચોક્કસ કયો છે. સ્વતંત્રતામાં કેટલીક આર્થિક, સામાજિક અને રાજનૈતિક, શક્તિઓને ઉત્સાહિત કર્યા ત્યારબાદ ઊભી થતી નવી પરિસ્થિતિનો સામનો કયાવા માટે ભારતીય યુવાનોનો વ્યવહાર અથવા સમાજની કાર્યપ્રણાલી ઊંડે પ્રભાવ પાડવાવાળી હતી. આ ભારતીય નગરીય યુવકો માટે વિશ્વવિદ્યાલયોનો યુવકોને સન્માનિત દૃષ્ટિથી રાજનૈતિક પ્રક્રિયકોના રૂપમાં આવતા યુગના આગમનની પણ સમાવેશ કર્યો છે.

સ્વતંત્રતાની પહેલા જ મહાત્મા ગાંધીજી, પંડિત જવારલાલ નહેરુ, સુભાષચંદ્ર બોઝ વગેરેથી પ્રોત્સાહિત યુવકો મોટી સંખ્યામાં ભારતની રાજનૈતિક દિશાઓમાં જોડાયાં હતાં.

સ્વતંત્રતા સંગ્રામમાં યુવાનોએ મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કયાી હતી. સત્તાઓનો વિરોધ, આંદોલનોનું આયોજન વગેરે દેશની સ્વતંત્રતાની લડાઈના મુખ્ય સાધન ગણાય છે. યુવકો અને વિદ્યાર્થી યુવાનોએ નવીન ભૂમિકાની પસંદગી કયાી રાષ્ટ્રીય નેતૃત્વ, દેશભક્તિના કાર્યના રૂપમાં પ્રોત્સાહિત કયાવામાં આવ્યાં. તેનાથી એ જાણી શક્યું કે ભારતની પરંપરાગત ચાલતી પદ્ધતિઓ અપનાવી લેશે; પરંતુ, એમ ન થયું. બિનજરૂરી રૂપમાં રાજનૈતિક પાર્ટીઓ, વિદ્યાર્થી, યુવાનો, નેતૃત્વને મહત્ત્વ આપતાં રહ્યાં અને તે બધાએ વિદ્યાર્થીઓને સંગઠિત કર્યા વિશ્વવિદ્યાલ અને મહાવિદ્યાલયોના વિદ્યાર્થીઓ સંઘોએ ચૂંટણી ઉપર પ્રભાવ પાડી શકાય તે હેતુથી શક્તિ પરીક્ષણનો અવસર (સમય) આવી ગયો. એવું નથી કે તમારા નગરોના યુવકો અથવા વિદ્યાર્થી સક્રિય થયા.

ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થયા બાદ તત્કાલીન વડાપ્રધાન પં. જવાહરલાલ નહેરુએ અનુભવ કર્યો કે, લોકો ભવિષ્યના સપનાઓને પહોંચી નહીં શકે જ્યાં સુધી લોકોને પોતાના નિમતણની ચિંતા અથવા અહેસાસ ન હોય ત્યાં સુધી. આ લોકોને પોતે અનુભવ થયેલી વિકાસકાર્યમાં જોડવા માંગતા હતાં. યુવકો નાની નાની વાતો માટે પણ આંદોલનની વધતી પ્રવૃત્તિ મૂળપ્રતમાં જોવું કયાતા માંગતા હતાં. નહેરુજીએ એ પણ અનુભવ કર્યો હતો કે, સહભાગીતા અને આપમેળે કયોલી પ્રવૃત્તિ સિવાય માત્ર સરકારી પ્રક્રિયાઓની ઉત્સાહીત થઈ શક્તા નથી.

નહેરુજી દ્વારા સતત સમર્થન દ્વારા વિકાસ પ્રક્રિયાને મોટાપ્રમાણમાં લોકભાગીદારીની સંગઠનાત્મક શક્તિની, સ્વૈચ્છિક રાષ્ટ્રીય સંગઠનના રૂપે ભારત સેવક સમાજની સ્થાપના કયાવામાં આવી. ભારતનો યુવા સમાજ, યુવાશાખા અલગરૂપની યુવાશક્તિઓના જોડાણ માટે સ્થાપના કયાવામાં આવી.

ભારતમાં સરકારી અને બિનસરકારી બંન્ને માધ્યમોથી યુવાનોનું કલ્યાણ માટે કાર્ય કયાવામાં આવ્યું. યુવાકલ્યાણના અનેક કાર્યક્રમોને આગળ ચલાવવાવાળા સ્વૈચ્છિક સંસ્થાઓમાં ઈસાઈ યુવક સંઘ, યુવતિ ઈસાઈ સંઘ, ભારત સેવક સમાજ, વગેરેના નામો ઉલ્લેખનિય છે. એના સિવાય દેશમાં અનેક નાના નાના સ્વૈચ્છિક સંગઠન તથા સંસ્થાઓ સ્થાનિક સ્તરે યુવાનોના કલ્યાણ માટેના કાર્યક્રમો ચલાવતા, કેન્દ્રીય તથા રાજ્યસ્તરનની સરકારે પોતાના અનેક વિભાગો જેવા કે શિક્ષણ, સ્વાસ્થ્ય વગેરે દ્વારા યુવાનોના કલ્યાણ માટે અનેક કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યાં છે. વિદ્યાલય અને વિશ્વવિદ્યાલય પણ અનેક પ્રકારના શાળાકીય પ્રવૃત્તિઓ કાર્યક્રમો દ્વારા યુવાન વિદ્યાર્થી અને વિદ્યાર્થીઓને માટે કલ્યાણકારી વ્યવસ્થાઓ કયો છે.

1950ના દાયકામાં કાર્યશિબિર આંદોલનોએ રાષ્ટ્રનિમતણ કાર્યમાં યુવાશક્તિને જોડવામાં અને એમનામાં સહભાગીતાનો ખ્યાલ ઊભો કયાવાનો પ્રયત્ન કર્યો. ડૉ. સી.ડી. દેશમુખ અનિવાર્ય રાષ્ટ્રનો રાષ્ટ્રીય સેવા શરૂ કયાવાનો એક સૂચન આપ્યું. આ સૂચનમાં એક એ પણ બાબત હતી કે શિક્ષણને શારીરિક વિકાસના ક્રમ મુજબ શ્રમનું શિક્ષણ આપવું જેનાથી વિદ્યાર્થી શ્રમના મહત્ત્વને વ્યવસ્થિત સમજી શકે.

આ સમયમાં યુવાનોના કલ્યાણ સંબંધિત મહત્ત્વ પૂર્ણ વિકાસ રાષ્ટ્રીય કેડેટ કોર (એન.સી.સી.) ની સ્પાપના કયાી. મહાવિદ્યાલય અને વિશ્વવિદ્યાલયના રાષ્ટ્રીય કેડેટ કોર સુરક્ષા, રક્ષણ મંત્રાલય દ્વારા ચાલુ હતો. આ કાર્યક્રમને સફળતાપૂર્વક પૂર્ણ કયાનાર વિદ્યાર્થીને શસ્ત્ર સૈનિકની નિમણૂંક કયાવી માન્યતા મળી. તથા તેમાં પ્રવેશ માટે સરકારી બિનસરકારી સંસ્થાઓમાં વિશેષ હોદ્દાપર નિમણૂંક અંગે ભલામણ કયાવામાં આવી. સુરક્ષા સેવાઓ ઉચ્ચ શિક્ષિત અધિકારીઓનું જૂથ વિકાસ કયાવામાં સક્ષમ હશે એવી આશા રાખવામાં આવી, બીજી એ પણ આશા મૂકવામાં આવી કે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને મૂળપ્રતમાં જોવું સહભાગીતા દ્વારા વિદ્યાર્થીઓને કાયદા (કાનૂન)ને પોતાના હાથ ઉપર લેવાની પ્રવૃત્તિ પર લગામ દેવામાં આવે.

આ સમયે સરકાર દ્વારા શરૂ કયાવામાં આવેલો બીજો એક મુખ્ય કાર્યક્રમ ગ્રામીણ યુવાગોષ્ઠિગૃહ (યુથકલબ)ની સ્થાપના કયાવામાં આવી. 1952ની શરૂઆત કયાવામાં આવેલા સામુદાયિક કાર્યક્રમમાં ગામના પરિવર્તન કાર્યકર્તાના રૂપમાં યુવાનોનું જોડાણ ખૂબ જ ચાલ્યું. ગ્રામીણ યુથ ક્લબ, યુવકમંડળ,

યુવતી મંડળ, ખેતી અને સામાન્ય ગ્રામીણ જીવનમાં આધુનિક્તાનો સંદેશ પ્રસાર કયાવામાં મદદ કયાશે તેવી આશા રાખવામાં આવી. કલબોની ગૃહવાટીકાની સ્થાપના કયાવા માટે પ્રોત્સાહિત કયાવામાં આવ્યાં. સફળતા પ્રાપ્ત કયાવાવાળા ક્લબોને પુરસ્કાર આપવામાં આવ્યાં. એના દ્વારા ગ્રામીણ યુવાનોમાં રમતગતમને પ્રોત્સાહન આપવામાં આવ્યું. ગ્રામીણ યુવા ક્લબનોને સંગઠિક કયાવાનુ આશિત લોકોને સોંપવામાં આવ્યું. 1960ના દાયકામાં જ્યારે દેશમાં લગભગ 18,000 કલબ, પ્રભાવશાળી અને સક્રિય ક્લબોની સંખ્યા એમાં ઓછી હતી. ગ્રામીણ વિકાસ યોજનાનું અમલીકયાણ કયાતાં શહેરી સામુદાયિક વિકાસ કાર્યક્રમ પણ શહેરી ક્ષેત્રોમાં વિકાસ કાર્યક્રમોમાં સામુદાયિક સહભાગીતાના સંબંધ સ્થાપિત કયાવા માટે શરૂ કયાવામાં આવ્યો. આ કાર્યક્રમ સ્વાસ્થ્ય (આરોગ્ય) મંત્રાલય દ્વારા નિયંત્રિત હતો., તથા નગરપાલિકા દ્વારા ચલાવવામાં આવતો હતો. યુથક્લબોની સ્થાપનાનો પણ શુભઆશય હતો; પરંતુ, પરિણામ એટલું ન મળ્યું.

આ સમયે કેટલાંક બિનસરકારી તથા વિદ્યાર્થી સંગઠનોનો પણ ઉદ્ભવ થયો હતો. ભારત યુવા કૃષિસંઘ, કેટલાક જાગૃત યુવાનો દ્વારા સ્થાપના કયાવામાં આવી. સંઠનની સરકારી સમર્થન મળ્યું. (ભારતીય યુવા વિદ્યાર્થીસંઘ) યુવાનોમાં સાહસિક કાર્યો કયાવાની ભાવનાઓને શકત કયાવા તથા આંતરરાષ્ટ્રીય યુવા આંદોલનના રૂપે અસ્તિત્વમાં આવ્યાં. યુવા ઈસાઈ સંઘ, યુવતિ ઈસાઈ સંઘ, (વાય.એન.સી.એ તછા વાય.ડબલ્યુ. સી.એ)માં રૂકાવટ આવી. પહેલેથી જ એનો વિસ્તારીત કયાવામાં વિદ્યાર્થી સંગઠન રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર અસ્તિત્વમાં આવ્યાં. લગભગ બધા જ રાજકીય દળોમાં યુવા શાખાઓ ખોલવામાં આવી ધાર્મિક સંબંધો ઉપર આધારિત યુવાનો અને વિદ્યાર્થી સંઘોનો ઉદય થયો.

આંતરરાષ્ટ્રીય સ્તરે રાષ્ટ્રીય સંગઠન દ્વારા યુવાનો અને વિદ્યાર્થીઓને આંતર રાષ્ટ્રીય સંગઠનોને સ્થાપવાનો પ્રયાસ કયાવામાં આવ્યો એના માટે રાજનૈતિક સામુદાયિક જૂથો દ્વારા પ્રયત્ન કયાવામાં આવી રહ્યો હતો. આંતરરાષ્ટ્રીય સ્તર પર ધૃવીકયાણ ભારતમાં પણ પરિવર્તન થયું. તો પણ તે વધારે સમય અસ્તિત્વ ટકાવી શક્યા નથી. બહુ ઓછી શક્તિ હતી કે જેના પર વિશ્વાસ મૂકી શકાય. શરૂઆતના સમય પછી યુવા આંદોલનના ક્રિયામાં યુવાનોને જોડવામાં સફળતા મળી.

1960ના દાયકાના સમયમાં ફરી એકવાર યુવાનોનું મહત્ત્વ ઉપર જાગૃતિ ઊભી થઈ. પશ્ચિમમાં નવયુવાનોએ વિદ્રોહ કયાવાની શરૂઆત કયી હતી અને એનું પડઘો ભારતમાં પડ્યો. શહેરી યુવાનોએ વધતી જતી અશાંતિ, અસંતોષના બાબતમાં સમાજના તમામ વર્ગોમાં ચિંતા ઊભી થઈ. એ સ્વીકારતા ભારત સરકારે વર્ષ 1969માં યુવાનો માટે રાષ્ટ્રીય સલાહકાર બોર્ડની સ્થાપના કયી. શિક્ષણ મંત્રાલયનું નામ શિક્ષણ એ નવયુવાન સેવા મંત્રાલય રાખવામાં આવ્યું અનેક રાજ્ય સરકારોએ એનું અમલીકયાણ કર્યું. 1969ના અંતમાં દેશમુખ સમિતિએ સક્રિય કયાવાનું વિચાર્યું. મહાવિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયોને વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય સેવા યોજનાનું સંગઠન કયાવામાં આવ્યું. અંતિમ રૂપમાં અમલમાં આવેલી યોજના મૂળ પ્રસ્તાવિક યોજનાથી બહુ જ અલગ હતી. સ્વયંસેવકો માટે સ્વૈચ્છિક કાર્યક્રમ બનાવવામાં આવ્યાં. સ્વૈચ્છિક શિક્ષિત સંસ્થાઓમાં શિક્ષણ પ્રાપ્ત કયાતા સમાજની સેવા કયાવી એવો ઉદ્દેશ્ય રાખવામાં આવ્યો હતો કે વિદ્યાર્થીઓની સામાજિક ચેતનાનો ઉપર જાગૃતિ ઊભી કયાવામાં આવે. શૈક્ષણિક સંસ્થાઓની આજૂ બાજુ લોકોએ સાથએ રાખીને સર્જનાત્મક અને રચનાત્મક કાર્યક્રમ શકે. વિદ્યાર્થી સમાજ સેવાના માધ્યમથી પોતાના વ્યક્તિનો વિકાસ કયી શકે તથા સમાજ, સમુદાયમાં હળીમળીને કામ કયાવાનો નવો અનુભવ પ્રાપ્ત કયી શકે. રાષ્ટ્રીય સેવા યોજનાનું પ્રતીક મંદિરના એ વિશાળ ચક્ર, સંરક્ષણ અને નિર્મુક્તિની જરૂરિયાતોનું અભિવ્યક્ત કયો છે તથા સ્થળ અને કાળથી ભરેલા જીવનમાં ગતિનું મહત્ત્વ બતાવને છઠ્ઠે ચક્ર એ જીવનમાં પ્રક્રિયાઓનું ચક્ર વ્યક્ત કયો છે. આ ચક્ર નિરંતર પરિવર્તનનું પ્રતીક છે અને રાષ્ટ્રીય સેવા યોજના સમાજમાં પરિવર્તન લાવવા-વાળવા અને તેને સતત આગળ વધે તેના માટે પ્રયત્નો કયાવાનું સૂચવે છે. 1981-82માં 3800 મહાવિદ્યાલયો એ લગભગ 5 લાખ વિદ્યાર્થી જનકલ્યાણ, પયતવરણ, આરોગ્યની સેવાઓ, વ્યવસાયીક શિક્ષણ, નિમતણ કાર્યો, સમાજના અશક્ત વર્ગોનું વિકાસ, રાહત અને પુનઃસ્થાપન સંબંધિત કાર્યોથી જોડવામાં આવ્યું.

યુવાનોએ કલ્યાણના હેતુથી 1972માં નહેરુયુવા કેન્દ્રની સ્થાપના કયાવામાં આવી. 1981-82 સુધી 255 કેન્દ્ર સ્વીકૃત કયાવામાં આવ્યાં હતાં. તથા તેમાંથી 192 કેન્દ્રોમાં કાર્યો કયાવાનું શરૂ કયી દીધું હતું. તેનો મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ ક્ષેત્રોમાં વદ્યાર્થી અને યુવાનોને વિકાસ કયાવા માટે જિલ્લામાં કામ કયાવાનું હતું. યુવાનેતૃત્ત્વ પ્રશિક્ષણ, શિબિર સામુદાયિક સેવાના હેતુથી શિબિર સાંસ્કૃતિક અને મનોરંજનાત્મક સેવાઓ તથા વ્યાવસાયિક શિક્ષણ વગેરે હતું.

## 1.4 યુવાનોની સમસ્યા

ભારતની વસતિમાં 40 ટકા વસત યુવાનોની હોવાનું અંદાજવામાં આવ્યું છે. યુવા વસ્તી ભારતની કુલગ વસ્તીમાં અગત્યનું સ્થાન ધરાવે છે. યુવકો ભારતની વિશાળ સમગ્ર સમાજવ્યવસ્થાનું અંગ છે. સમગ્ર સમાજવ્યવસ્થાની અસર યુવકો ઉપર પડે છે અને યુવકોની અસર સમગ્ર સમાજવ્યવસ્થા ઉપર પડે છે. આ રીતે યુવકો અને સમાજવ્યવસ્થા વચ્ચે ભાગ અને સમગ્ર વચ્ચેના સંબંધો રહેલાં છે. સમાજના ભાગ તરીકે યુવકોનું ઘડતર અને વિકાસ સમાજ ઉપર પડે છે. આવી સમગ્ર અને ભાગ વચ્ચેના પારસ્પરિક સંબંધોના અભ્યાસને સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય કહેવાય. આ પરિપ્રેક્ષ્ય એટલે સમગ્રદર્શી અભિગમ.

યુવાનોની સમસ્યાના અભ્યાસમાં સમગ્રદશી અભિગમ અપનાવવો તેને સમાજશાસ્ત્રીય પરિપેક્ષ્ય અપનાવ્યો કહેવાય. યુવાસમાજ અને તેમની સમસ્યાઓ વાસ્તવમાં જેવા હોય તેવા જ સ્વરૂપે તેનું આધારભૂત યથાર્થ અને વિશ્વસનીય ચિત્ર આલેખવું તેને સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય કહેવાય. યુવકો વચ્ચેના સંબંધો અને યુવકો તથા સમાજ વચ્ચેના સંબંધો અને પ્રક્રિયાઓને અનુલક્ષીને સમાજના સાતત્ય, એક્તા અને પરિવર્તનને કેન્દ્રમાં રાખીને યુવકોની સમસ્યાઓનાં થતા અભ્યાસને સમાજશાસ્ત્રીય દૃષ્ટિબિંદુથી થયેલો અભ્યાસ કહેવાય.

યુવાનોની વિભિન્ન સમસ્યાઓના અભ્યાસમાં સમાજશાસ્ત્રનો પ્રાથમિક હેતુ યુવાનોની સમસ્યાઓના કારણો સમજવા. તેના પરિણામો સમજવા તેમજ સમાજ જીવનના અન્ય ક્ષેત્રો સાથે યુવાનોની સમસ્યાઓ શું અને કેવો સંબંધ ધરાવે છે, તેનું વિશ્લેષણ કયાવું તેને જ સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય કહેવાય. આવા સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય અને દૃષ્ટિબિંદુથી થતા અભ્યાસો રાષ્ટ્રીય યુવાનીતિનું ઘડતર કયાવામાં તેમજ યુવાનોની સમસ્યાઓનું નિવારણ કયાવામાં કે તેને નિયંત્રિત કયાવામાં ઉપયોગી બને છે.

ભારતના યુવાનો વિભિન્ન સમસ્યાઓનો સામનો કયી રહ્યાં છે. આ સમસ્યાઓમાં યુવા અજંપો, એચ.આઈ.વી., એઈડ્સ, નશીલા દ્રવ્યોનું સેવન અને નશાખોરી લિંગભેદ તથા બેકારીની સમસ્યા ધ્યાન ખેંચે તેવી છે. આ સમસ્યાઓની સમજૂતી અનુગામી પ્રકયાણોમાં મેળવતા પહેલા અહીયા પ્રકયાણમાં યુવાનોની વસ્તીશાસ્ત્રીય વ્યાખ્યા અને કિશોરઅવસ્થા અને યુવાવસ્થાની વિભાવના અને સૈદ્ધાંતિક સમજ મેળવીશું.

### 1.4.1 કૌટુંબિક સમસ્યાઓ

કોઈ ભાગ્યે જ એવી વ્યક્તિ આપણને આપણા સમાજમાં મળશે કે જેને આવી સમસ્યાઓ આવી ન હોય. જ્યારે પણ આવી સમસ્યાઓ આવે કે ઉદ્ભવે ત્યારે કોઈ ઉતાવળે નિર્ણય ન જ લેવો. મનને શાંત અને ચિત્તને સ્વસ્થ્ય રાખવું. આવી સમસ્યોનું લાગણી અને કુનેહથી અને કુટુંબની વડીલ વ્યક્તિઓ સાથે ચર્ચા અને વાતચીત અને વડીલ દ્વારા આપવામાં આવતી અનુભવ સિદ્ધ સલાહ અને સૂચનને બરાબર સમજી વિચારી અને લાગણીસભર રીતે સમસ્યાનું નિરાકયાણ લાવવું, અને દોરીમાં ગાંઠ જે રીતે વળી હોય તે જ રીતે ખોલાય અને જીવનમાં થોડું જતું કયાવાની ભાવના સાથે આવેલ સમસ્યામાંથી પાર પડવું અને બને તેટલી પરિસ્થિતિને બને તેટલી હળવી બનાવવાનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કયાવો આમ કયાવાથી ચોક્કસ સફળતા મળે છે.

### 1.4.2 શિક્ષણ સંબંધિત સમસ્યા

આજ આપણી સામાજિક વ્યવસ્થા છે તે ખૂબ જ સારી છે. સાથે સાથે ક્યાંક નઠારી પણ મહદઅંશે સાબિત થતી જણાય છે. લોકો પોતે અને પોતાની સ્વજનો અને સંતાનોને જાણે અજાણે એક કાલ્પનિક દોડમાં મૂકી દેતા હોય છે. પછી તે શિક્ષણની હોય કે રોજગારીની કે તેના ભરણપોષણની. પહેલાની શિક્ષણ પદ્ધતિ કયાતાં અત્યારની શિક્ષણ પદ્ધતિ ખૂબ જ અદ્યતન છે અને અનેક શાખામાં વહેંચાયેલ છે; પરંતુ પહેના શિક્ષણ પદ્ધતિમાં શિક્ષિત અને દિક્ષિત થયેલ લોકો આવી પડે કોઈ પણ સમસ્યાથી હારી જતા નહોતા પણ તેનો સફળ રીતે સામનો કયાીને જીવનમાં સફળત થતા અને તેને મળેલ ભણતરને જીવનના ગણતરને સફળ બનાવતા અને કદાચ આજના સમયમાં જે દોડ શરૂ થઈ છે તેજ માણસને વધુ થકવી દે છે અને નિરાશા તરફ જાણે અજાણે ધકેલી દે છે. નિષ્ફળતાને જ સફળતાનું પગથિયું ગણવું એવી સમજ ધીરે ધીરે ઘટતી જાય છે અને ક્યારેક સતત નિષ્ફળ જતી વ્યક્તિઓ જ જીવનની સફળતાની સીડી સર કયાીને આગળ વધતી હોય છે. થાકી હારીને બેસી જવા કયાતાં જીવનયાત્રાને જેવી છે તેવી સ્વીકારીને ચાલવું એજ જીવન છે તે વાતને સમગ્રતાથી સ્વીકારવું.

યુવાવસ્થા દરમ્યાન જ્યારે યુવાન શિક્ષણ લેતો હોય છે તે દરમ્યાન તેને ઘણા પ્રકારની સમસ્યાઓનો સામનો કયાવો પડતો હોય છે. જેમાં યુવાનોને સારી મહાવિદ્યાલયમાં પ્રવેશ મેળવવામાં, પ્રવેશ મળી ગયા પછી ફી ભરવાની, તથા જો કોલેજ નજીકમાં ન હોય તો હોસ્ટેલમાં રહેવું પડે તેથી તેની સમસ્યા તે સિવાય જો ઘણીવાર કોલેજ સાથે નોકયી કયાતા હોઈએ તો કોલેજ અને નોકયીનો સમય સાચવવાની સમસ્યા અને ઘણીવાર કોલેજ નજીક હોય તો આવવા જવા માટેના ટ્રાન્સપોર્ટેશનની સમસ્યા. અને કેટલીક કોલેજોમાં પૂરતો અધ્યાપક સ્ટાફ ન હોય તેની પણ અસર યુવાનોના શિક્ષણ પર પણ પડે છે. આવી સમસ્યાઓનો ભોગ યુવાનો એ શિક્ષણ મેળવતા ભોગવવી પડે છે.

### 1.4.3 રોજગારીની સમસ્યાઓ

યુવાન ઘણી આશા સાથે શિક્ષણ મેળવીને વ્યાવસાયિક કારકીર્દિ બનાવવા પ્રયત્ન કયો છે. રોજગાર માટે પણ કંઈક આવી જ વાત છે પણ જ્યારે શિક્ષણ મેળવી લીધા બાદ રોજગારી મેળવવાની ઉંમરે પહોંચતી હોય છે, ત્યારે તેમાં થોડી પરિપક્વતા આવી ગયેલ હશે છતાં પણ ઘણા વ્યક્તિઓને જોબ સટીફેક્શન નથી હોતું કે નથી મળતું પોતાને મળેલ ડિગ્રીઓ અને મળેલા રેન્કના આધારે પોતાને બીજાથી અલગ અને જે મળેલ છે તે કાર્ય તેની કક્ષા પ્રમાણે મળેલ નથી તેવું માને છે અને આ કારણે તે કાર્યને સફળતાપૂર્વક પૂર્ણ કયાવામાં નિષ્ફળ જાય છે. ઘણી વ્યક્તિ જે કાર્ય મળેલ છે એ તે તેની હેસિયત કયાતાં વધારે સારું છે અને તેને ખૂબ જ નિષ્ઠાપૂર્વક કયો છે અને કાર્ય કયાવાનો આનંદ મેળવે છે. અને તેને કયોલ કાર્યમાં સફળતા મળે છે. અને આવનારી મુશ્કેલીઓ દ્વારા જ માણસનું ઘણી વખત ઘડતર થતુ હોય છે. અને આવી સમજણ થોડી કેળવવાથી આપણું અને આપણાં પર આધારિત કુટુંબજનોનું જરૂરિયાત મુજબનું ભરણપોષણ સારી રીતે કયાી શકીએ છીએ અને આમાં સમસ્યાને પણ રોજગારીને બરાબર અને સફળ રીતે કયાવાથી દૂર કયાી શકાય છે. આમ, આ સમસ્યાઓ એકબીજાને સાથે એક યા બીજી રીતે સંકળાયેલ છે. અને જો રોજગારી મળે છે તો બીજા શહેરમાં મળે છે તો પછી ત્યાં સ્થળાંતરિત થવું પડે છે. જેથી શોષણનો ભોગ બનવું પડે છે. તેમજ માનવ તસ્કયીનો ભોગ પણ બનવું પડે છે. તે સિવાય નશીલાપદાર્થ અને દેહવ્યાપારનો પણ ભોગ બનવું પડે છે અને જો રોજગારી સંબંધિત સમસ્યાઓનો ઉકેલ ન આવે તો તેઓ નકારાત્મક કાર્યોમાં જોડાય જાય છે.

### 1.4.4 બીમારી અને અચાનક આવી પડતી સમસ્યા

આપણી સામાજિક વ્યવસ્થામાં બીમારી અને અચાનક આવી પડતી કુદરતી સમસ્યાઓ વ્યક્તિને અને તેની વ્યવસ્થાને હળબલાવી દે છે. જ્યારે પોતાનું સ્વજન અથવા પોતે જ બીમાર હોય અને આખી વ્યવસ્થા જ તે વ્યક્તિએ એકલાએ જ સંભાળવાની હોય તથા બધા જ નિર્ણયો બધી જ વ્યવસ્થાઓ તેનેજ કયાવાની હોય, ત્યારે મનને ચિત્તને સ્વસ્થ રાખવું ખૂબ જ કપરું બની જતુ હોય છે.

અને સ્વજનની બીમારીનો કોઈ ઉપચાર શક્ય જ ન હોય ને સારવાર કયાવી તે જ ઉપાય માત્ર

હોય ત્યારે તે વ્યક્તિએ પોતાનું સર્વસ્વ હોમીજ દેવું પડે છે. આવી પરિસ્થિતિમાં બુદ્ધિ, શક્તિ, ધન, જીવનની કોઈ જ ફિલસૂફી કામ નથી લાગતી માત્ર કામ આવે છે તો લાગણી કારણ કે બધુ જ હારી જાય. બધા જ થાકી જાય ત્યારે જે સાથ આપે છે તે લાગણી જ છે. પ્રેમ છે અને લાગણી પ્રેમ જ મૃત્યુને જીવાડે છે.

દરેક યુવાનની અપેક્ષા સારા સ્વાસ્થ્યની હોય છે. પણ જો તેની આ અપેક્ષા પૂર્ણ ન થાય તો શારીરિક સમસ્યાઓ જેવી કે થેલેસેમિયા, એઈડ્સ, ઝાડા-ઊલ્ટી વગેરે જેવી સમસ્યાઓ સર્જાય અને માનસિક સમસ્યાઓ જેવી કે તણાવ, ભય, ડર, ચિંતા, દબાવ, ઉન્માદ વગેરે જેવી સમસ્યા ઉદ્ભવે છે. તેમજ વ્યભિચાર, દેહવ્યાપાર જેવા જોખમભર્યા વર્તનની સાથે જાતીય સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓ પણ ઉદ્ભવે છે.

### 1.4.5 વ્યક્તિગત આયોજનની કમીને કારણે આવી પડતી સમસ્યા

કોઈપણ કાર્ય જ્યારે કયાવાની જવાબદારી પોતાના ઉપર આવે ત્યારે તે કાર્ય કે ફરજ કોઈપણ હોય પણ તેની અગત્યતા ખૂબ જ છે. તે રીતે જ કાર્યને પૂર્ણ કયાવા માટે સમસ્યાનું સમયબદ્ધ સરસ આયોજન કયાવું ખૂબ જ જરૂરી છે.

જેટલું આયોજન સરસ એટલી જ કાર્યની સફળતા વધુ મળતી હોય છે. કોઈપણ કાર્યના આયોજન પહેલા તેની સમય મર્યાદા અને તે પૂર્ણ કયાવા માટેની કાર્યવ્યવસ્થા બરાબર સમજપૂર્વક કયાવી. નાની નાની બાબતોને ધ્યાને લેવી કદાચ વ્યવસ્થા તૂટે તો તે તુરંત કઈ રીતે સંભાળી શકાય તે પણ વિચારવું જે કાર્ય સંભાળવાનું છે કે કયાવાનું છે તે માટેની સાધન સામગ્રી અને વ્યક્તિઓની સમજપૂર્વક પસંદગી કયાવી અને સમયમયતદામાં કાર્યપૂર્ણ થાય તે પણ ખૂબ જ જરૂરી છે. અને જે કામ જે વ્યક્તિઓને સોંપવામાં આવેલ હોય તે વ્યક્તિને અને તે વ્યક્તિઓની મુશ્કેલી સમજવી અને યોગ્ય વ્યવસ્થા કયાવી જેથી તેના દ્વારા પણ કોઈ સમસ્યા ઊભી ન થાય અને કાર્યની અંદર પોતે પણ સામેલ થવું જેથી સાથી મિત્રોને સધિયારો રહે અને સુંદર આયોજન કયાવાની સમસ્યાઓ હળવી બનશે અથવા ઉદ્ભવશે જ નહીં અને કાર્યનો આનંદ મળશે અને કાર્ય સફળ થશે. કાર્યના આયોજનમાં તેનું સંકલન અને સંચાલન જેટલું સરસ એટલી જ કાર્યની સફળતા મળતી હોય છે. અને તનાવયુક્ત થઈને કાયનો આનંદ માણી શકીએ છીએ.

### 1.4.6 હિંસક પ્રવૃત્તિનો ભોગ બનવાની સમસ્યાઓ

યુવાનો હાલમાં અજાણતા એવી પ્રવૃત્તિ સાથે સંકળાય જાય છે જે હિંસક પ્રકારની પ્રવૃત્તિઓ છે. મોટાભાગે ગુનાહિત પ્રવૃત્તિ જેવી કે ચોરી, લૂંટફાટ, બળાત્કાર, જુગાર, આંતકવાદી, નકસલવાદ, ડ્રગ્સની હેરાફેરી, માનવ તસ્કયીની પ્રવૃત્તિનો ભોગ બની જાય છે. આ પ્રવૃત્તિઓનો ભોગ તે બેરોજગારીને કારણે કે પછી માનસિક નબળા સ્વાસ્થને કારણે બનતા હોય છે. તેમજ હાલમાં સાઈબર ક્રાઈમમાં પણ મોટાભાગના યુવાનો ભોગ બનતા હોય છે.

### 1.4.7 જાતીય વર્તનો સંબંધિત સમસ્યાઓ

યુવાનોને જો પોતાના શિક્ષણ દરમ્યાન જાતીય શિક્ષણ આપવામાં ના આવ્યું હોય ત્યારે તેનો ભોગ યુવાનો યુવાવસ્થામાં બનતા હોય છે. યુવાનોને જાતીય શિક્ષણની અપૂરતી માહિતી તેમને દેહવ્યાપાર, જાતીય શોષણ, બળાત્કાર જેવા વર્તનોમાં જોડી દે છે. જેનાથી તેમને જાતીય રોગનો ભોગ બનાવી દે છે. જેના પરિણામોનો ભોગ સમગ્ર કુટુંબ બને છે.

### નિસહાય જૂથના યુવાનોની સમસ્યાઓ

નિસહાય જૂથના યુવાનો એટલે કે (LGBTQ)ના યુવાનો જેમાં લેસ્બિયન, ગે, બાય સેકસ્યુઅલ, ટ્રાન્સજેન્ડર, અને ક્વેર આ યુવાનો એવા છે કે જેમને સરકાર તરફથી પણ કોઈ રક્ષણ આપવામાં આવતું નથી. તેઓને જાતીય શિક્ષણનું જ્ઞાન ન હોવાથી તેઓ જાતીય રોગોનો પણ ભોગ બનતા હોય છે. તેમજ તેઓને પોતાના પરિવાર તરફથી પણ સ્વીકાર નથી મળતો જેથી તેમની જિંદગી ઘણી મુશ્કેલીઓથી ભરેલી હોય છે તેમજ તેઓ પોલીસ દમનનો પણ ભોગ બનતા હોય છે.

### 1.4.8 વ્યક્તિગત વાણી- વ્યવહારના કારણે ઊભી થતી સમસ્યાઓ

આજના સમયમાં કોઈ જૂજ વ્યક્તિઓ એવી મળશે જેને પોતાને સોંપવામાં આવેલ કાર્ય ખૂબ જ નિષ્ઠાથી કયાતી હોય છે અને વફાદારી પણ હોય આવી વ્યક્તિઓને કોઈ વખત જાણે અજાણે આપણા દ્વારા વાણીથી કે વ્યવહારથી તેની સાથે અયોગ્ય વર્તન થઈ ગયેલ હોય ત્યારે સમસ્યાનું સર્જન થતું હોય છે. આ અંગેની જાણ થતાં જ તુરંત જ આપણે વાતને વાળી લેવી અને હૃદયપૂર્વક દિલગીરી વ્યક્ત કયાવી જોઈએ અને તે વ્યક્તિ સાથેનો વ્યવહાર પહેલાં જેવો જ સ્થાપવો જોઈએ, જેથી વાણી અને વ્યવહારને કારણે ઊભી થતી સમસ્યાને નિવારી શકાય.

### 1.4.8 નાણાંકીય વ્યવહારની લેતીદેતીમાં ઊભી થતી સમસ્યા

માણસના જીવનની સફળતાના આધારસ્તંભ માટેનો ખૂબ જ મહત્ત્વનો આધારસ્તંભ ગણાતો હોય તો તે નાણાંકીય વ્યવહાર છે નાણાંકીય વ્યવહાર આવક કયાતાં જાવકનું પ્રમાણ વધે ત્યારે આપણે અન્ય વ્યક્તિ કે સ્વજન કે બેંક દ્વારા નાણાં મેળવતા હોય અને મળેલા નાણાં ઘણી વખત વ્યાજ સાથે પરત કયાવાના રહે છે અને ત્યારે પરિસ્થિતિનું સંચાલન કયાવું ખૂબ જ કઠિન બની જતું હોય છે.

આપણે આજના સમયમાં જોઈએ છીએ કે, ઘણી બધી વ્યક્તિઓ વ્યાજના ચક્કરમાં જીવન હોમી દતું હોય છે અને આ ઘટનાના કારણે પોતાના કુટુંબની કંફોડી પરિસ્થિતિ થતી હોય છે. આવી પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે વ્યક્તિએ પોતાની જે આવક છે તેમાંથી પ્રથમ પોતાની કુટુંબની અનિવાર્ય જરૂરિયાતને પ્રથમ મહત્ત્વ આપવું અને મોજશોખ અને બિનજરૂરી ખર્ચાને ટાળવો. બિનજરૂરી જરૂરિયાતોનું વર્ગીકયાણ કયીને તેને ઓછી કયાવી.

જેટલી બિનજરૂરી જરૂરિયાતો ઓછી એમ બચત વધુ થાય છે. અને કદાચ બચત ન થાય તો કંઈ નહીં; પરંતુ, દેવું તો નથી જ થતું. આમ નાણાંકીય વ્યવહારમાં સમસ્યાઓ ઓછી ઊભી થવા પામે છે. ઉધાર મળતું હોય તો ડબલ લેવું તેવી વૃત્તિથી દૂર રહેવું અને કોઈપણ ચીજવસ્તુ ખરીદવાની હોય તો તેની ખરીદી બચત કયીને કયાવી આમ કયાવાથી તે ચીજવસ્તુ એકંદરે સસ્તી પડશે અને બચત એ આપણો બીજો સ્વજન છે. નાણાંકીય આયોજન માણસને સમાજમાં પણ એટલી જ પ્રતિષ્ઠા અપાવે છે. આવકના પ્રમાણમાં થોડી થોડી બચત જરૂરી છે.

### 1.4.10 સ્પષ્ટ વ્યવહારના કારણે થતી સમસ્યાઓ

કોઈપણ વ્યક્તિ આપણે મદદ કયાવાની હોય કે મદદ લેવાની હોય ત્યારે અસ્પષ્ટ વ્યવહારને કારણે સમસ્યાઓ ઊભી થતી હોય છે. જોઈસું, કયીશું, થઈ જશે આવા શબ્દથી આપણે કે સામેની વ્યક્તિ આપણી વાત પર આધાર રાખે છે અને આપણે સ્પષ્ટતા ન કયી શકવાના કારણે સમસ્યાનું સર્જન થાય છે. આપણી "હા" માં અને આપણી "ના"માં ખૂબ જ મક્કમતા હોવી જ જોઈએ. કોઈપણ સાથેના વ્યવહારમાં આપણે ખોટી લાગણીમાં ખેંચાઈ ન જવું "ના" પાડવાથી સામેના વ્યક્તિને દુઃખ લાગશે તો તે શું માનશે તે આપણા માટે શું વિચારશે ? તે શું કહેશે ? આવું બધું વિચારવાથી અને આવી અસમંજસતાના કારણે પણ ઘણી વખત સમસ્યાનું સર્જન થતું હોય છે. વ્યવહારમાં સ્પષ્ટ રહેવાથી તનાવ પણ ઓછો થાય છે.

### 1.4.11 વિકલાંગ યુવાનોની સમસ્યાઓ

વિકલાંગ યુવાનો એટલે કે એવા યુવાનો જેઓ શારીરિક રીતે વિકલાંગ યુવાનો અને બીજા માનસિક રીતે વિકલાંગ યુવાનો. જેમાં શારીરિક રીતે વિકલાંગ એટલે કે જેમને હાથ, પગ, આંખ નથી. મુકબધિર છે તેવા યુવાનો અને માનસિક વિકલાંગ યુવાનો એટલે કે જેનો માનસિક રીતે આઈક્યુ લેવલ ઓછું હોય તેવા યુવાનો જે શારીરિક રીતે વિકલાંગ છે તેમને દૈનિક ક્રિયામાં ખૂબ જ સમસ્યાનો ભોગ બનવું પડે છે. તેમજ ઘણીવાર તેઓને સારી ડિગ્રી મેળવવા માંગતા હોવા છતાં તે ડિગ્રી નથી મેળવી શક્તા. તેમજ તે માનસિક રીતે વિકલાંગ છે તેમાં તેની કાળજી વધુ લેવી પડે છે. ઘણીવાર તેઓને પૂરતી કાળજી ન મળતા તેઓ પોતાને પણ નુકસાન કયી બેસતા હોય છે.

### 1.4.12 વ્યસન સંબંધી સમસ્યા

યુવાનો મોટા ભાગે બે પ્રકારના વ્યસનોનો ભોગ બનતા હોય છે. જેમાં કેટલાક વ્યસનોને તે ઈન્જેક્સન વડે લે છે તે સિવાય તે પ્રવાહી સ્વરૂપે અને સૂંઘીને વ્યસન કયાતા હોય છે જે વ્યસનોમાં મોટેભાગે નિકોટીન અને આલ્કોહોલનું પ્રમાણ વધુ હોય છે. વ્યસનને કારણે મોટાભાગના યુવાનો કેન્સર જેવી સમસ્યાઓનો ભોગ બનતા હોય છે, અને ઘણીવાર લઠ્ઠાકાંડનો ભોગ બનતા હોય છે.

મદ્યપાન અને માદક દ્રવ્યોના વ્યસનમાં ઘણા સામ્યતા જોવા મળે છે. બજો વ્યસનોનો ઉપયોગ અલ્પકાલીન આનંદ મેળવવા માટે થાય છે. જેના પરિણામાં ગંભીર હોઈ શકે છે. આવા વ્યસનોની આદત વ્યક્તિને સમાજ વિરોધી પ્રવૃત્તિઓ કયાવા પ્રેરે છે. આનાથી અનેક આર્થિક સામાજિક સમસ્યાઓ ઉત્પન્ન થાય છે. ગરીબ વર્ગની દશા વધુ ગરીબ બને છે. મદ્યપાન ગરીબીમાં વધારો કયો છે. એનાથી રાષ્ટ્રીય સંપત્તિનો વિનાશ થાય છે. મદ્યપાન કૌટુંબિક વિઘટનનું કારણ બને છે. સ્ત્રીઓ અને બાળકો ઉપર એની ખરાબ અસર થાય છે. એના પરિણામો ઘણા અઘટિત અને અનર્થકારી હોઈ શકે છે.

### 1.4.13 મદ્યપાનની સમસ્યા

મદ્યપાનની સમસ્યાઓમાં વ્યક્તિગત દુઃખ કૌટુંબિક ઝઘડા, સામાજિક વિઘટન, ગરીબી, અપરાધમાં વૃદ્ધિ, નૈતિક્તા સ્વાસ્થ્ય, માનસિક અસમુલન, અધઃપતન વગેરેનો સમાવેશ થાય છે. મદ્યપાનની કેટલીક મુખ્ય સમસ્યાઓ નીચે મુજબ છે.

**1. કૌટુંબિક વિઘટન**

મદ્યપાન કયાવાવાળી વ્યક્તિ કુટુંબના મૂલ્યો અને આદર્શોને ભૂલી જાય છે. કુટુંબના સભ્યોની પરવા કયાતી નથી. તેને કારણે તેનાબાળકો અપરાધ કયાવા તરફ વળી જાય છે. પત્ની સાથે કૌટુંબિક ઝગડા થાય છે જે છૂટાછેડામાં પરિણમે છે, આ રીતે કુટુંબ વિઘટિત થઈ જાય છે.

**2. કાર્યકુશળતામાં કમી**

જે વ્યક્તિ મદિરાપાન કયો છે તેની અસર તેની કાર્યકુશળતા ઉપર પડે છે. ઉત્પાદન ઓછું થાય છે તેને કારણે આર્થિક નુકસાન થાય છે. કાર્યસ્થળે અકસ્માત સજતય છે કારખાનાના માલિકો આ સમસ્યા પ્રત્યે બધુ ધ્યાન આપતા નથી. એને લીધે દૃઢ સંકલ્પ, મહેનત, સાવધાની જેવા ગુણોની ખામી જણાય છે.

**3. વ્યક્તિગત વિઘટન**

મદ્યપાન કયાનાર વ્યક્તિ કર્તવ્ય, અકર્તવ્ય, કે સારા માઠાનો વિવેક ગુમાવી બેસે છે. સંકલ્પ શક્તિનો અભાવ હોય છે. તેને લીધે તેનું સામાજિક, માનસિક અને આર્થિક જીવન કથળતું જાય છે. નાની નાની વાતોમાં ગભરાઈ જાય છે. નાની મોટી ચિંતાઓ સતાવે છે. એમાંથી મુક્તિ મેળવવા વારંવાર મદ્યપાન કયાવા પ્રેરાય છે. તેને લીધે કૌટુંબિક વિઘટન સજતય છે.

**4. સામાજિક વિઘટન**

જ્યારે વ્યક્તિ વધારે પડતું મદ્યપાન કયો છે ત્યારે તે સામાજિક જવાબદારીઓ નિભાવી શક્તી નથી એવી સ્થિતી અને ભૂમિકામાં સંઘર્ષ ઊભો થાય છે જેને લીધે વિઘટન વધતું જાય છે. જેની કુટુંબ અને સમાજ પર વિપરિત અસર થાય છે.

**5. સ્વાસ્થ્યનું નીચુ ધોરણ**

મદ્યપાનથી વ્યક્તિનું સ્વાસ્થ્ય કથળતુ જાય છે પૌષ્ટિક ખોરાકને અભાવે શરીર કથળી જાય છઠે. ગેસની બીમારી, કલેજાની બીમારી, હૃદયરોગ, લોહીનું ગંઠાઈ જવું હાલહવાલ બરાબર ન હોવા વગેરેમાં વૃદ્ધિ થાય છે. માનસિક સમતુલન રહેતું નથી વિચારરહિત ક્ષીણ થઈ જાય છે, એને લીધે અનેક અનૈતિક કાર્યો કયો છે.

**6. નબળી આર્થિક સ્થિતિ**

મદ્યપાનની સીધી અસર વ્યક્તિની આર્થિક સ્થિતિ ઉપર પડે છે. વ્યક્તિ કામ કયીને જે પૈસા

મેળવે છે તે બધા મદીરા પાછળ ખચી નાખે છે. સંયમનો અભાવ વતતય છે. તેને લીધે કુટુંબના કાર્યો થતા નથી. વ્યક્તિ આળસુ અને કામચોર બની જાય છે. તેને સોંપેલું કાર્યો થતુ નથી. વારંવાર ગેરહાજર રહે છે. કમાણી ઓછી કયો છે, જેની વિપરીત અસર થાય છે. વ્યક્તિ દેવાદાર બની જાય છે, સંતાનોના લગ્નમાં મુશ્કેલી ઊભી થાય છે અનેક પ્રકારની સમસ્યાઓ સર્જાય છે.

**7. અપરાધમાં વૃદ્ધિ**

1. **વૈયક્તિક કારણો :** વ્યક્તિગત કારણોમાં વય, વ્યાવસાયિક યોગ્યતા અને બીમારી તેમજ શારીરિક અયોગ્યતાઓનું વિભાજન, બાળકો, યુવકો અને વૃદ્ધોના રૂપમાં કયી શકીએ. બાળકોમાં 14 વર્ષ સુધીની વ્યક્તિનો સમાવેશ કયી શકાય. યુવાનોમાં 15 થી 19 વર્ષની વયજૂથનો અને વૃદ્ધોમાદ 60 વર્ષ કે તેથી વધુ વયનો સમાવેશ થાય છે. યુવાનો કયાતાં બાળકો એ વૃદ્ધોને બેકારીની સમસ્યા વધારે સતાવે છે. શ્રમબજારમાં બાળકો અને યુવાનો મળે તો વૃધ્ધોને રાખવા કોઈ તૈયાર થતું નથી.

- **યોગ્યતા :** ઘણી વખત વ્યક્તિ કોઈ પણ પ્રકારનું કામ કયાવા તૈયાર થઈ જાય છે. તો કેટલીક વ્યક્તિઓ એને કયું કામ કયાવું જોઈએ એની અભિરુચિ નું ક્ષત્રે ક્યું છે, કયા પ્રકારનું કાર્ય વધારે સારી રીતે કયી શકશે વગરે બાબતોની જાણકારી નથી હોતી. શેઠે કે માલિકે જે વ્યક્તિને બધા પ્રકારનું કાર્ય આવડતું હોય તેને નોકયી પર રાખવાનું વધુ પસંદ કયો છે. કોઈપણ ક્ષેત્રમાં જરૂર જણાય તો વધારે અનુભવી કે તાલીમ પામેલા શ્રમિકો હોવા છતાં બેકારીનો સામનો કયાવો પડે છે. વ્યાવસાયિક યોગ્યતા બેકારી તથા રોજગારીનું મહત્ત્વનું પરિબળ છે.
- **બીમારી અને શારીરિક અયોગ્યતા :** જે વ્યક્તિઓ કેટલાક સમય માટે બીમાર થઈ જાય છે એમને પણ બેકારીનો સામનો કયાવો પડે છે. કારખાનામાં અદ્યતન મશીનરીને કારણે દુર્ઘટનાઓ સજતય છે. મશીન પર કામ કયાતી વખતે વ્યક્તિ થાકને કારણે આંખો ઘેરાય છે ત્યારે અકસ્માત થવાનો બનાવ બની શકે ત્યારે આવી વ્યક્તિઓ બેકાર બની જાય છે. જે વ્યક્તિઓ શારીરિક રીતે અપંગ, બહેરા, લૂલા, લંગડા, શારીરિક અયોગ્યતાને કારણે બેકાર બની જાય છે. કેટલીક વ્યક્તિઓ જન્મથી અપંગ હોય છે છાતં પણ આવા લોકોને તાલીમ આપીને યોગ્ય કાર્ય કયાવા તરફ વાળી શકાય છે. એરોપ્લેન, વાહનોની અવરજવર, ખાણોમાં દુર્ઘટના સર્જાય છે દુર્ઘટના લોકો ક્ષતિપૂર્તિ મેળવવા પર એને પૈસાની પોતાની આજીવિકા મળે છે.
- **ઔદ્યોગિક કારણો :**

  વસ્તી વધારો : બેકારીનું મુખ્ય કારણ વસ્તીમાં વધારો છે. પ્રત્યેક દાયકામાં વસ્તી વધારો જોવા મળે છે. 1961માં 43 કયોડ, 1971માં 54 કયોડ, 1981માં 65.57 કયોડ, 1991માં 84.74 કયોડ વસ્તી ભારત ધરાવે છે. સને 2000ના મે માસમાં એક અબજનો આંક વટાવ્યો છે. વસ્તી વધારાની તુલનામાં ઉદ્યોગો અને વ્યવસાય તથા રોજગારમાં વધારો નથી થતો. પંચવષીય યોજનામાં આર્થિક ઉત્કર્ષની યોજનામાં અનેક બાબતો પર ભાર મૂકેલ છે છતાં બેકારી ઓછી થતી નથી.

- **મર્યાદિત ભૂમિ :** વસ્તી વધારો થાય છે પરંતુ જમીન તો મયતદિત છે સંયુક્ત પરિવારની પ્રથા તુટતી જાય છે તેને લીધે જમીનના ભાગલા પડતા ગયા છે જમીનના નાના ટુકડામાં ખેતીનું જોઈએ એવું ઉત્પાદન થતું નથી એક તરફ ભૂમિ પર ભાર વધે છે અને બીજી તરફ ઉત્પાદકતા ઘટતી જાય છે.
- **પ્રાકૃતિક કારણો :** ભારતની ખેતી વરસાદ આધારિત છે. ચોમાસાની અનિશ્ચિતતાને કારણે ઘણી વખત પાક નિષ્ફળ જાય છે. માવઠુ, કયાા, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ચક્રવાત, રોગ, તીડનું આક્રણ, કિટાણુંઓનું આક્રમણ ખેતીને નુકસાન કયો છે અને ખેડૂતો દેવાદાર બને છે.
- **દોષપર્ણ જમીન વ્યવસ્થા :** અંગ્રજોના સમયમાં જમીનદારી રૈયતવારી પ્રથાનો પ્રારંભ થયો. એક ,તરફ ફળદ્રુપ જમીન વધારે છે તેવા મોટા જમીનદાર ખેડૂતો છે તો બીજી તરફ ભૂમિહિન ખેતમજૂરો છે જેની સંખ્યા ઘણી વધારે છે. જમીનદારો ખેડૂતોનું શોષણ કયો છે. એમની દયા પર ખેતમજૂરો નભે છે આને કારણે તણાવ વધે છે અને બેકયાી વધે છે.
- **ખેતીની પડતી દશા :** દેશની 75% વસતિ ખેતી પર નિર્ભર છે. વૈજ્ઞાનિક પદ્ધતિની ખેતીનો અભાવ અને પરંપરાગત ખેતીને કારણે ઉત્પાદન ઘટે છે. હળ અને બળદનો ઉપયોગ ખેતીમાં થાય છે. આજે અદ્યતન પ્રકારના વૈજ્ઞાનિક સાધનોનો વિકાસ થયો છે. પરંતુ, ખેતીમાંા તેનો જોઈએ તેવો ઉપયોગ થતો નથી. ગરીબ અને અશિક્ષિત ખેડૂતો. અદ્યતન ટૅકર્નોર્લોજીવાળા સાધનોનો વપરાશથી અપરિચિત છે. એટલે એનો ઉપયોગ નથી કયાતા પરિણામે ખેતીનું ઉત્પાદન વધતું નથી.

  ખેતમજૂરોમાં શિક્ષણ અને તાલીમનો અભાવ હોય છે. પરિણામે તેઓ ખેડૂત બની શકતા નથી તેમને કારખાનામાં મજૂરી મળતી નથી એટલે બેકારીનો સામનો કયાવો પડે છે.
- **ઔદ્યોગિક વિકાસમાં મંદગતિ :** દેશમાં જોઈએ તેવો ઔદ્યોગિક વિકાસ થયો નથી. એક બાજુ વસ્તી વધારો તો બીજી બાજુ ઔદ્યોગિક વિકાસની મંદ ગતિને કારણે રોજગારીની મર્યાદિતતકો ઉપલબ્ધ છે. આને કારણે બેકારી સર્જાય છે મોટા પાયાના ઉદ્યોગોનો અભાવ છે. અને જે અસ્તિત્ત્વ ધરાવતા ઉદ્યોગો સંપૂર્ણ કાર્યદક્ષ નથી એટલે બધાને રોજગારી મળતી નથી.
- **ઉદ્યોગોનું વિકેન્દ્રીકયાણ :** સામાન્યતઃ ઉદ્યોગોનું કેન્દ્રોકયાણ મહાનગરોમાં જોવા મળે છે આ ઉદ્યોગોમાં કામ કયાવાની આશાથી ગ્રામીણ લોકો શહેરમાં સ્થળાંતર કયો છે. શહેરમાં શ્રમનો પુરવઠો વધી જાય છે બધી વ્યક્તિને રોજગારી મળથી નથી. દેશમાં ઉદ્યોગોનું વિકેન્દ્રીકયાણ ન હોવાને કારણે ગ્રામીણ લોકોને મજૂરી પ્રાપ્ત નથી.
- **કુટીર ઉદ્યોગોનું પતન :** બ્રિટન સરકારની નીતને કારણે ભારતમાં કુટીર ઉદ્યગોનું પતન થયું એના કારણે ઘણા હસ્તકલાના કારીગરો બેકાર બની ગયા એમના માટે રોજગારીની વૈકલ્પિક સુવિધા ઉપલબ્ધ ન થઈ.
- **ગતિશિલતાનો અભાવ :** ભારતીય લોકો ધર્મ-ભાષા પ્રાંત એ સગવડતી પરંપરાઓથી જોડાયેલા છે. એને કારણે બહાર જવા ઈચ્છતા નથી. આમ ગતિશિલતાના અભાવે બેકારી વથતી જાય છે.
- **ઔદ્યોગીકયાણ એ અભિનવીકયાણ :** જ્યારે ઉત્પાદનકાર્ય મશીનોથી સહાયતાથી થાય છે. ત્યારે તેની અસર ઔદ્યોગિકયાણના પાયા પર પડી અને વિશાળ અને મોટા ઉદ્યોગોની સ્થાપના થઈ. મોટા માોટા મશીનોથી ઉત્પાદન થવા લાગ્યું. ઉદ્યોગોમાં કામ કરતી વ્યક્તિઓ ઔદ્યોગિકયાણને કારણે બેકાર બની ગઈ. ઉદ્યોગોના નવીનીકરણે બેકારીને જન્મ આપ્યો. અભિનવ કયાણનું તાત્પર્ય વધુ ઉત્પાદન આપતી મશીનરીઓ છે. મૂડીપતિઓ પોતાના કારખાનાનું નવીનીકયાણ કયો છે ત્યારે શ્રમિકોની સંખ્યા ઘટાડે છે. કુશળ કારીગરને રોજગારી આપે છે તેથી મજૂરો બેકાર બની જાય છે.
- **દોષમુક્ત શિક્ષણ પ્રથા :** દેશની પ્રવર્તમાન શિક્ષણપ્રથા દોષપૂર્ણ છે. વિદ્યાર્થીઓ શિક્ષણ પ્રાપ્ત કયો છે એનાથી જીવન સાથે કોઈ સંબંધ નથી. શિક્ષિત વ્યક્તિઓ શ્રમ કયાવમાં નાનમ

અનુભવે છે. આજનુ શિક્ષણ વ્યક્તિને રોજીરોટી આપતું નથી. શિક્ષિત વ્યક્તિઓને તેમની લાયકાત પ્રમાણે નોકયી મળતી નથી પરિણામે શિક્ષિત બેરોજગારોની સંખ્યામાં વધારો થાય છે.

- **સાર્વજનિક શિક્ષણ :** પ્રવર્તમાન સમયમાં પ્રજાતંત્રીય આધાર પર શિક્ષણનો પ્રસાર થયો છે. બધા લોકો માટે શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કયો છે. દર વર્ષે શૈક્ષણિક સંસ્થાઓમાં વધારો થાય છે. એમાં હજારો વિદ્યાર્થીઓ ભણીને બહાર આવે છે, પરંતુ આ શિક્ષિત લોકને રોજગારી અથવા નોકયી મળતી નથી. આજનો વિદ્યાર્થી. ડોક્ટર, ઈજનેર, સી.એ., વકીલ કે કોમ્પ્યૂટર શિક્ષણને વધુ મહત્ત્વ આપે છે. કારણ કે ઓછી મહેનત દ્વારા વધુ પૈસા કમાવવાની મહેચ્છા ધરાવે છે.
- **વ્યાપારમાં ચડતી પડતી :** વેપારના પણ તેજી મંદીનું ચક્ર ચાલ્યા કયો છે ક્યારેક કોઈ વ્યવસાય ઉન્નતિના શિખરો સર કયો છે જ્યારે વેપારના મંદી આવે છે ત્યારે વ્યાપાર ઠપ થઈ જાય છે અને કારખાનાઓમાં માલનો ભરાવો થઈ જાય છે. વેચાણ થતું નથી જેના પરિણામે વ્યવસાય સાથે સંકળાયેલા કામગદારો બેકાર બની જાય છે.
- **શ્રમના માગ એ પુરવઠામાં અસમતુલા :** કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રમાં મજૂરોની માંગ ઓછી અને પુરવઠો વધુ હોય ત્યારે લોકોને બેકારીનો સામનો કયાવો પડે છે.
- **ઋતુમાં ફેરફાર :** કેટલાક વ્યવસાયો સીધાવસ્તુ સાતે સંકળાયેલા છે. અમુક વ્યવસાયો ગરમીની ઋતુમાં, ચોમામાં તો કેટલાક વ્યવસાયો શિયાળાની ઋતુમા વધારે ચાલે છે જેમકે ચામાસામાં વાવેતર કયાવું, શિયાળામાં ઉનાળામાં લગ્નની મોસમ કે પાકની લણણી હોય ત્યારે મજૂરોની માંગ વધારે રહે છે. બાકીના સમયમાં બેકારીનો સામનો કયાવો પડે છે.
- **વ્યાપાર ઉદ્યોગોમાં અયોગ્યતા :** જ્યારે બે પરસ્પર સંબંધિત વ્યાપાર ઉદ્યોગોમાં સુમેળ સાધતો નથી ત્યારે એક વ્યવસાય બીજા વ્યવસાયને ઠપ્પ કયી દે છે અને તેની સાથે સંકળાયેલી વ્યક્તિઓ બેકાર બની જાય છે. હડતાલના કારણે કાચોમાલ સમયસર મળતો નથી. ત્યારે બેકારીનો સામનો કયાવો પડે છે.
- **વસ્તુઓની માગમાં પરિવર્તન :** કોઈ વસ્તુની માંગ ઘટી જાય છે ત્યારે તેના ઉત્પાદન સાથે સંકળાયેલી વ્યક્તિ બેકાર બની જાય છે.
- **મૂડીનો અભાવ :** મૂડીના અભાવમાં ઉદ્યોગ વ્યાપાર, ખેતી કે વ્યવસાયનું સંચાલન બરાબર થઈ શકતું નથી. દેશની વસ્તી વધે છે પરંતુ દેશમાં મૂડીનું નિમતણ ઓછું થઈ જાય છે આ રીતે શ્રમ પૂર્તી વધી જાય છે ને બેકારી સજતય છે.
- **કરેમાં વધારો :** સરકાર કોઈ વ્યવસાય ઉપર સવિશેષ ભાર મૂકે છે ત્યારે વસ્તુઓની કિમંત વધી જાય છે વસ્તુઓ મોંઘી થતા એનો વપરાશ ઘટી જાય છે. બજારમાં માલનો ભરાવો થઈ જાય છે.આવી દશામાં ઉત્પાદન ઘટાડવું પડે છે અને નવા વ્યવસાયોનું નિર્માણ નથી થતું પિરમાણે બેકારી સર્જાય છે.
- **સરકારી નીતિ :** રાજકીય પક્ષોને પોતપોતાની આગવી ઉદ્યોગ નીતિ હોય છે.કોઈ વસ્તુની આયાત નિકાસ કેટલી થશે તે બાબત સરકારી નીતિ પર નિર્ભર હોય છે. જો વિદેશી વસ્તુની આયાત વધારે હોય તો આપણા દેશના ઉદ્યોગો બેઠા થતા નથી એ લોકોને રોજગારી મળતી નથી. આનાથી વિપરીત સ્થિતિમાં જ્યારે સરકાર કોઈ વ્યવસાયને પ્રોત્સાહન આપે છે તો તે ઉદ્યોગ ફુલેફાલે છે અને રોજગારીની તકો વધે છે. સરકારે બેકારીના નિવારણ માટે બેકારી ભથ્થાની વ્યવસ્થા કરી છે જ્યારે લોકોને બેરોજગારીનું ભથ્થું આપવામાં આવે છે તો તેઓ પરિશ્રમ કયાવાનું પસંદ કયાતા નથી. તથા રોજગારી માટેની શોધ બંધ કયી દે છે
- **શારીરિક શ્રમ પ્રત્યે ઉદાસીનતા :** આજના યુગમાં ઘર્મો લોકો શારીરિક શ્રમ પ્રત્યે રસ દાખવતા નથી ઘમા લોકો એને હિન દૃષ્ટિએ જુએ છે. શારીરિક શ્રમ કયાવાને બદલે તેઓ બેકાર રહેવાનું પસંદ કયો છે.

- **ઔદ્યોગિક તણાવ :** જ્યારે મજૂર પોતાના વેતન, મોંઘવારી ભથ્થું, કામના કલાકો, તબીબી ભથ્થુ, બાળકોનું શિક્ષણ, રહેઠાણ વ્યવસ્થા વગેરે માંગણીઓ સંતોષવાના હેતુથી સંબંધોના આહ્વાન પર હડતાલ, તોડફોડ તાથા તાળાબંધી કયો છે તો કારખાના બંધ થઈ જાય છે એ મજૂરોને બેકારીનો સામનો કયાવો પડે છે.
- **નોકયીની પ્રતિષ્ઠા :** આજે ઘણાં લોકો વ્યવસાયને બદેલ નોકયી કયાવાનું વધારે પસંદ કયો છે. નોકયી કયાવી એને પ્રતિષ્ઠા સૂચવે છે એવું માને છે. જ્યારે નોકયી નથી મળતી ત્યારે તેઓ બેકાર બેસી રહે છે.
- **વ્યવસાય પરિવર્તન :** એક વ્યક્તિ કોઈ પણ એવા વ્યવસાયમાં લાગેલી હોય કે જેમાં તેને રૂચિ ન હોય તો એને છોડીને બીજા વ્યવસાય કરવાનું પસંદ કયો છે અને વ્યવસાય પ્રાપ્ત કયાવા માટેના વચગાળાના સમયમાં એને બેકાર બેસી રહેવું પડે છે.
- **દોષપૂર્ણ સમાજિક પ્રથાઓ :** આપણા દેશમાં કેટલીક એવી પ્રથાઓ છે કે જે બેકારીને વધે છે જેમકે કેટલાંક લોકો કુટુંબ નિયોજનને પાપ માને છે અને એને કારણે વસ્તી વધારો થાય છે. વધુ વસ્તી બેકારનું કારણ બને છે.
- **પડતર ખર્ચ, વ્યય અને મૂલ્યોની વચ્ચે આયોજન :** ભારતમાં કેટલી વસ્તુઓનું ઉત્પાદન વષતેથી વધ્યું છે એના પ્રમાણમાં મૂલ્યોમાં વૃદ્ધિ થઈ નથી. મૂલ્યો અને પડતર ખર્ચમાં સુમેળ ન હોવાના પરિણામે બજારમાં વસ્તુઓનો અભાવ હોય છે એ કારખાનાન માલિકો ઓછું ઉત્પાદન કયો છે એટલે બેકારી વધે છે.
- **નાગરિકોની ખરિદ શક્તિમાં ઘટાડો :** છેલ્લા કેટલાક સમયથી ખાદ્ય પદાર્થોતેના મૂલ્યોમાં વધારો થયો છે એની સાથે લોકોની ખરિદ શક્તિ દિન-પ્રતિદિન ઘટતી જાય છે. જ્યાં એક તરફ બજારમં માલનો ભરાવો થાય છે તો બીજી તરફ લોકોની પાસે વસ્તુ ખરીદવા માટે પૈસા નથી. જેની સીધી અસર ઉત્પાદન અને રોજગારી પર પડે છે. તેને લીધે બેરોજગીરીની સમસ્યા વધતી જાય છે.
- **દેશના ભાગલા :** 1947માં ભારત- પાકિસ્તાન વચ્ચે વિભાજન થયું તેવા ફળસ્વરૂપે ઘણાં શરણાર્થીઓના વસવાટની અત્યંત ભીષણ સમસ્યા ઊભી થઈ. દેશની શ્રમશક્તિમાં અને બેકારીની સંખ્યામાં વધારો થયો.

ઉપરના તમામ કારણોથી સમજી શકાય છે કે બેરોજગારી એક જટિલ સમસ્યા છે એની ઉત્પત્તિ માટે અનેક પરિબળો જવાબદાર ગણાય છે.

## 3.3 ઉપસંહાર

સામાજિક સમસ્યાઓ અને તેમાંય યુવાનોની સમસ્યાઓ ચોક્કસ કારણો આધારિત ઉદ્ભવતી હોય છે. આ કારણોને આપણે સમજવાનો પ્રયત્ન કયા છે. આપણે અંદાજ કયીએ છીએ કે, કોઈ પ્રશ્ન ઊભો થાય તો એ માનવીની ભૂલને કારણે થયો એવું સર્વસામાન્ય માનતા છે. પરંતુ તેના ઊંડાણમાં સમજવાની કોશીષ કયાાવમાં આવે તો તેના મૂળ ઊંડે સુધી પહોંચેલા હોય છે. અંહી જોયું યુવાનો નશાખોરી, માદકદ્રવ્યોનું સેવન, બેરોજગારીનો તો ક્યાંક યુવતિઓનું દેહવ્યાપાર તરફ વળી જવું આ બધા પ્રશ્નોનાં કારણોના મૂળમાં જઈને કામ કયાવાની જરૂરિયાત ઊભી થાય છે જો આના તરફ દુર્લક્ષ સેવાય તો યુવાધનનું શું ? એ એક પ્રશ્ન છે.

## 3.4 તમારી પ્રગતિ ચકાસો

1. યુવાનોના પ્રશ્નોમાં કોનો સમાવેશ થાય છે ?

   (A) ગરીબી (B) મદ્યપાન

   (C) નશાખોર (D) ઉપરોક્ત બધા

2. ગરીબીના કારણોમાં કોનો સમાવેશ થતો નથી ?

   (A) યુવાનોનું મનસ્વીપણું (B) શિક્ષણનો અભાવ

   (C) ટેકનોલોજીનું જ્ઞાન (D) વસ્તીવધારો

3. યુવા અપરાધના કારણોમાં કોનો સમાવેશ થતો નથી ?

| | |
|---|---|
| (A) જૈવિક | (B) ભૌતિક |
| (C) સામાજિક | (D) શારીરિક |

4. ઈલિયટ વાવે બેકારીના કારણો કેટલા દર્શાવ્યા છે ?

| | |
|---|---|
| (A) ત્રણ | (B) સાત |
| (C) બે | (D) પાંચ |

5. વૈયક્તિક કારણોમાં કોનો સમાવેશ થતો નથી ?

| | |
|---|---|
| (A) બીમારી | (B) યોગ્યતા |
| (C) ખેતીની પડતી દશા | (D) કરમાં ઘટાડો |

## 3.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. (D) ઉપરોક્ત બધા
2. (C) ટેકનોલોજીનું જ્ઞાન
3. (A) જૈવિક
4. (C) બે
5. (D) કરમાં ઘટાડો

## 3.6 ચાવીરૂપ શબ્દો

**પ્રશ્નો :** સમસ્યાઓ

**ઔદ્યોગિકરણ :** તે સામાજિક અને આર્થિક પરિવર્તનનો સમયગાળો છે જે માનવ જૂથને કૃષિ સમાજમાંથી ઔદ્યોગિક સમાજમાં પરિવર્તિત કરે છે.

## 3.7 સ્વાધ્યાય લેખન

1. યુવાનોના પ્રશાનોના કારણો

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

........................................................................

## 3.8 પ્રવૃતિ

યુવા અપરાધમાં બેરોજગારી કેવી રીતે કાણભૂત છે તેની નોંધ તૈયાર કરવી.

## 3.9 કેસ સ્ટડી

તમારી આજુ-બાજુમાં રહેતા કોઈ યુવા વ્યક્તિની મુલાકાત દ્વારા તેમની સમસ્યાઓ જાણવી.

## 3.10 સંદર્ભગ્રંથો


1. સામાજિક સમસ્યાઓ : ડો. હર્ષિદાબેન દવે
2. સામાજકાર્ય કે ક્ષેત્ર : ડો. ગીરીશ કુમાર
3. સામાજિક સમસ્યાઓ : ડો. જે.કે. દવે

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-303
# કુટુંબ, બાળ અને યુવા કલ્યાણ

વિભાગ

# 4

## યુવાકલ્યાણની વિચારધારા કાર્યક્રમો અને નીતિ તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા


એકમ-1 યુવાકલ્યાણની નવી વિચારધારા

એકમ-2 યુવાકલ્યાણના કાર્યક્રમો અને નીતિ

એકમ-3 યુવાકલ્યાણમાં સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા

ISBN : 978-81-937666-8-2


| | |
|---|---|
| **લેખક** | |
| **નીલાબેન એન. પટેલ** | અધ્યાપક(ફેકલ્ટી), સામાજિક વિજ્ઞાન રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા, સ્પીપા, અમદાવાદ. |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. રવિન્દ્રભાઈ આર. પંચોલી** | આસિસ્ટન્ટ પ્રોફેસર, મ.દે. ગ્રામ સેવા મહાવિદ્યાલય, રાંધેજા, ગાંધીનગર. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. ઘનશ્યામભાઈ ગઢવી** | રિટાયર્ડ પ્રિન્સિપાલ શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, મહેસાણા |


**Edition : 2021**

**Copyright©2021 Knowledge Management And Research Organisation.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

યુવા એટલે બોલેલું, ધારેલું કરવાની શક્તિ જેનામાં છે તે એટલે યુવા. યુવાધન તો વિશ્વમાં ભારત પાસે સૌથી વધુ છે પણ તે અત્યારે પોતાની યુવાશક્તિનો ઉપયોગ યોગ્ય રીતે કરી રહ્યુ નથી. યુવાકલ્યાણની વિચારધારાની નવી દિશા દ્વારા કદાચ યુવાનોમાં બદલાવ લાવી શકાય છે તે માટે સરકારશ્રી દ્વારા જુદા-જુદા કાર્યક્રમો અમલમાં મુકવામાં આવે છે તેનો સીધો લાભ યુવા વર્ગને થાય છે અને યુવા ધારે તો તે કોઈપણ પરિસ્થિતિમાંથી બહાર જાતે નીકળી શકે છે. જીવનમાં યુવાવસ્થા એક એવી અવસ્થા છે જે સમયગાળા દરમ્યાન યુવા પોતાનું તથા વ્યાપક અર્થમાં રાષ્ટ્રનું પણ ભવિષ્ય નક્કી કરે છે. ભારતમાં તો ૫૦% થી પણ વધુ વસ્તી યુવા વસ્તી છે. સરકારની સાથે-સાથે ઘણીબધી સ્વૈચ્છિક સંસ્થાઓ પણ યુવાકલ્યાણના કાર્યો કરવા માટે આગળ આવી છે. જેનો પરિચય પ્રસ્તુત પ્રકરણમાં આપવામાં આવેલ છે.

## ઘટકના હેતુઓ :

1) પ્રસ્તુત ઘટકમાં યુવાકલ્યાણ અંગે સમજૂતી આપવામાં આવેલ છે.

2) પ્રસ્તુત ઘટકના અભ્યાસ દ્વારા યુવાકલ્યાણના કાર્યક્રમો અને યુવાકલ્યાણ નીતિ અંગે જાણકારી પ્રાપ્ત થશે.

3) પ્રસ્તુત ઘટક દ્વારા યુવાકલ્યાણમાં એન.જી.ઓ.ની ભૂમિકા શું છે ? તે પણ જાણવા મળશે.

| એકમ–1 | યુવાકલ્યાણની નવી વિચારધારા |
| --- | --- |

: રૂપરેખા :

**1.0 એકમના હેતુઓ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 યુવાકલ્યાણની વિચારધારા**

**1.3 ઉપસંહાર**

**1.4 તમારી પ્રગતિ ચકાસો**

**1.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**1.6 ચાવીરૂપ શબ્દો**

**1.7 સ્વાધ્યાય લેખન**

**1.8 પ્રવૃતિ**

**1.9 કેસ સ્ટડી**

**1.10 સંદર્ભગ્રંથો**

## 1.0 એકમના હેતુઓ

- પ્રસ્તુત એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને યુવાકલ્યાણ અંગે જાણકારી પ્રાપ્ત થશે.

## 1.1 પ્રસ્તાવના

માનવીના જીવન અનેક અવસ્થાઓથી ઓળખાય છે. સૌ પ્રથમ જોઈએ તો બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા, તરૂણાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા, વૃદ્ધાવસ્થા બધી અવસ્થાઓ પૂર્ણો થાય ત્યારે માનવીની જીંદગી પૂર્ણ થાય અને દરેક અવસ્થામાં વ્યક્તિની પ્રવૃત્તિઓ, તેનું વિચારવું, તેની રહેણીકયાણી વગેરે બદલાતું રહે છે. હવે આપણે એ સમજીએ કે બધી અવસ્થાઓમાં આપણે ઉંમરના અંદાજ લગાવી દઈએ છીએ કે બાલ્યાવસ્થા, કિશોરો, વૃદ્ધો, પ્રૌઢ; પરંતુ, યુવાવસ્થાની ઉંમર અંગે કેટલાનું તર્ક-વિતર્ક રહ્યા છે. આમ જોઈએ તો વીસમી સદીના મધ્ય ભાગમાં ઔદ્યોગિક સમાજ માં ઔદ્યોગિકરણ પામતાં સમાજોમાં 12 થી 21 વર્ષની વયના યુવાનને યુવાન તરીકે ઓળખવામાં આવતા. આ સંદર્ભમાં આઈઝેન્સ્ટેડ તેમના તુલનાત્મક અભ્યાસના આધારે કહે છે કે સમાજમાં કુટુંબ તેના સભ્યોને પૂર્ણ સામાજિક દરજ્જાની પ્રાપ્તિ માટે ખાતરી આપી શકતું ન હોય તેવા સમાજોમાં યુવા જૂથો ઉદ્ભવે છે તો કોઈકે કહ્યું છે કે, યુવાવસ્થા એ એક વયકક્ષા છે, યુવાવસ્થા એ એક સાર્વત્રિક સામાજિક ઘટના છે. હોલીશંશીડના મતે સમાજશાસ્ત્રની દૃષ્ટિએ યુવાવસ્થા એ વ્યક્તિના જીવનમાં એક કાળખંડ છે. જેમાં સમાજ તેને બાળક ગણવાનું બંધ કયો છે અને તેને પુખ્ત તરીકનો દરજ્જો ભૂમિકા એ કાર્યો સોંપવામાં આવે છે. આમ યુવાવસ્થા વિશે અલગ-અલગ સમાજશાસ્ત્રીઓના મત આજે રજૂ કર્યો છે. આ સાથે અવસ્થા મુજબ તેના કલ્યાણન વિચારધારાઓ વિદ્વાનો અને સમાજશાસ્ત્રીઓના મતાનુસાર અહીં રજૂ કયોલ છે. જે આપણે આગળ જોઈશું.

આ એકમમાં માનવ જરૂરી જુદી જુદી અવસ્થાઓ, યુગપરિવર્તન મુજબનો ઇતિહાસ, તેની સત્તા દરજ્જો, ભૂમિકા આધારિત સામાજિક દરજ્જો વગેરે વિસ્તૃત અભ્યાસ અહીં રજૂ કર્યા છે.

વીસમી સદીના મધ્યભાગમાં ઔદ્યોગિક સમાજોમાં તેમજ ઔદ્યોગિકરણ પામતાં સમાજોમાં 12 થી 21 વર્ષની વ્યક્તિઓને રોજબરોજના વ્યવહારમાં યુવાન તરીકે ઓળખવામાં આવતાં હતા. યુવાવસ્થાની સાંસ્કૃતિક પરિભાષા પણ અસંખ્ય સામાજિક, આર્થિક, અને યંત્રવૈજ્ઞાનિક પરિબળોની

પેદાશ છે. અને આવા પરિવર્તનો નિરંતર ચાલુ છે. આ સંદર્ભમાં આઈઝેનસ્ટેડટ તેમના એક તુલનાત્મક અભ્યાસના આધારે કહે છે કે સમાજમાં કુટુંબ તેના સભ્યોને પૂર્ણ સામાજિક દરજ્જાની પ્રાપ્તિ માટેની ખાતરી આપી શકતું ન હોય તેવા સમાજોમાં યુવાજૂથો ઉદ્ભવે છે. આધુનિક સમાજોમાં હવે વ્યક્તિઓની પૂર્ણ ઓળખ કે પૂર્ણ સામાજિક પરિપકવતા વિકસાવવા માટે કુટુંબના સહભાગીપણું અપર્યાપ્ત બન્યું છે. ગોરેના નિરિક્ષણ મુજબ સાદા સમાજોમાં આર્થિક સ્વાવલંબન પ્રાપ્ત કયાવા માટે યુવાનોએ જે કૌશલ્યોમાં નિષ્ણાંત બનવાનું હતું તે કૌશલ્યો સાદાં હતાં અને તેમાં નિષ્ણાંત બનવામાં બહુ લાંબો સમય લાગતો ન હોતો.

પરિણામે સાદા સમાજમાં યુવકોને તેમના કુટુંબમાં અને સમાજમાં પૂર્ણ સામાજિક દરજ્જો મેળવવામાં બહુ ઓછો સમયગાળો લાગતો હતો; પરંતુ, યંત્રવૈજ્ઞાનિક વિકાસના ઉચ્ચ તબક્કાવાળા આધુનિક સમાજમાં યુવકો માટે પરાવલંબનનો સમયગાળો આધુનિક સમાજોમાં યુવકો માટે પરાવલંબનનો સમયગાળો વધુ લંબાયો છે. એટલું જ નહીં પરંતુ હવે આવશ્યક કૌશલ્યોની પ્રાપ્તિ માટે એડવાન્સ ટ્રેનિંગ જરૂરી બની છે અને તે માટે વધુ ને વધુ સમય લાગે છે.

## 1.2 યુવાકલ્યાણની વિચારધારા

126 કરોડથી પણ વધુ વસ્તી સાથે દુનિયાનો બીજો સૌથી વધુ વસ્તી ધરાવતો આપણો દેશ સૌથી યુવા દેશ છે. આજે આખુ વિશ્વ ભારતને એક યુવા દેશ તરીકે જાણે છે. ભારત પાસે આજે વિશ્વમાં સૌથી વધુ યુવા શક્તિ છે. યુવાનો જોશથી ભરેલા હોય છે. યુવા વસ્તીનો અર્થ કાર્યશીલ વસ્તી એવો પણ થાય છે. એટલે કે આજે ભારતમાં નાના બાળકો અને અકાર્યશીલ એવા વૃદ્ધો કરતા યુવાનોની સંખ્યા પ્રમાણમાં વધારે છે. આંખોમાં આશાઓ અને નવા-નવા સપના સાથે સાથે ઉડાન ભરતા આજના યુવાનોના મનમાં કાંઈક કરી છુટવાની ભાવના હોય છે.

યુવાઓમાં એમના સપના પૂરા કરવાની તાકાત અને આખી દુનિયાને પોતાની મુઠ્ઠીમાં ભરવાનું સાહસ હોય છે. આ જ સાહસ અને પ્રબળ ઇચ્છાશક્તિને કારણે જ એમને યુવાન કહેવાય છે.

યુવાન શબ્દ જ મનમાં એક નવી ઉંચાઈ તરફ જવાનો અને ઉમંગ પેદા કરવાવાળો શબ્દ છે. આપણા જીવનમાં યુવાનીનો સમયગાળો ખૂબ જ મહત્ત્વનો છે. આ જ સમયગાળા દરમ્યાન યુવાધન ખૂબ જ ઉત્કૃષ્ઠ પદ્ધતિ કરતા જોવા મળે છે આજના નવયુવાનો એ દેશનું ભવિષ્ય છે. દુનિયાના મોટાભાગના દેશો આજે યુવાનોની સંખ્યા ઓછી હોવાની સમસ્યાથી પીડાય છે જ્યારે આપણે સદ્નસીબવાળા છીએ કે આપણા દેશમાં 50% થી પણ વધુ વસ્તી યુવાન છે.

યુવાશક્તિ વરદાન છે કે પડકાર એ મહત્ત્વપૂર્ણ છે. કારણ કે યુવાશક્તિનો જો સાચા માર્ગે ઉપયોગ ન કરવામાં આવે તો એ સમાજના અને રાષ્ટ્રના ભાવિ માટે અંધકાર બની શકે છે. સાથે-સાથે જો આજના યુવાવર્ગને કોઈ સાચી રાહ ચીંધવામાં આવે તો તે આપણા સમાજ અને રાષ્ટ્રના વિકાસની એક કડી સાબિત થઈ શકે છે. યુવાઓ ક્યારેક મનમાની પણ કરે છે અને આજના ટેકનોલોજીના યુગમાં તેમને યોગ્ય માર્ગદર્શન ન મળે તો તે ઝડપથી દિશાહિન બની જાય છે. ક્યારેક કેટલા અસામાજિક તત્ત્વો કે સ્થાપિત હિતો ધરાવવાળા સંગઠનો યુવાનોને દિશામાંથી વંચિત કરે છે અને એક એવી દિશામાં લઈ જાય છે કે જે તેમના વિકાસ માટે હાનિકારક હોય છે.

આજના મોબાઈલ અને ઇન્ટરનેટના યુગમાં યુવાવર્ગ એ પોતાની રાહથી અલગ દિશામાં જઈ રહ્યો છે. મોબાઇલનો પોતાના વિકાસ માટે જોઈએ તેટલા પ્રમાણમાં યુવાઓ તેનો ઉપયોગ કરતા નથી. ઈન્ટરનેટના ઉપયોગ માધ્યમ દ્વારા સારી બાબતો ગ્રહણ કરવા માટે ન કરતા તે ખોટી બાબતોમાં ઉપયોગ કરે છે જેની પાછળ યુવાવર્ગ પોતાનો મોટાભાગનો સમય ખર્ચી નાખે છે. બદલાતી પરિસ્થિતિ સાથે યુવાનોને જોડવાની તથા નવી ટેકનોલોજી અને દેશની જરૂરિયાતો સાથે તેમને જોડવાની તાતી જરૂર છે.

યંત્રવૈજ્ઞાનિક વિકાસ અને સામાજિક આર્થિક પરિવર્તનોએ શિક્ષણનો વ્યાપ વિસ્તાર વધાર્યો છે. અને તેમાં ખાસ કયીને ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વિસ્તાર વધવા પામ્યો છે.આ ઘટનાએ યુવાવસ્થાના

જીવનનો સમયગાળો લંબાવ્યો છે. અને પરાવલંબનનો સમયગાળો પણ વધુ લંબાવાયો છે. એટલું જ નહીં પરંતુ, યુવા સભાનતાને તીવ્ર બનાવી છે. અને યુવકો જૂથ ઓળખોને આકાર આપ્યો છે જોકે બધા સમાજમાં શિક્ષણનો વ્યાપ વિસ્તાર અને વિકાસ એક સમાન નથી. નિમ્ન વર્ગના યુવકો એ ગ્રામીણ વિસ્તારના યુવકો મહદ્અંશે સીધા જ કામે લાગી જતા હોય છે અને પુખ્તા અવસ્થા વહેલી પ્રાપ્ત કતા હોય છે.

ઉત્પાદનની બદલાતી જતી રીત દ્વારા પેદા થયેલી અસંખ્ય અસરોએ વધુ ને વધુ યુવકોને નિરંતર વિસ્તરણ પામતી શિક્ષણ સંસ્થાઓમાં વધુ ને વધુ સમય માટે કુટુંબ, સમુદાય અને સમાજથી અલગ પાડયાં છે અને શિક્ષણ સંસ્થાઓ તથા સમવયસ્ક જૂથો દ્વારા તેઓનું થતું સામાજિકયાણ ઘણું વધ્યું છે. એ વધતું જાય છે. શિક્ષણ પછીનો સમયગાળો તેમજ પૂર્વ પુખ્તાવસ્થાનો સમયગાળો લંબાવવાને લીધે યુવકો માટે કેટલીક સમસ્યાઓ પેદા થઈ છે. તેમજ કિશોરવયની વસ્તીમાં ઝડપી વધારો થયો છે અને કિશોરોને સમાજમાં પયતપ્ત રીતે ગોઠવી શક્યા નથી. આ ઘટના એ યુવકોનું ચંચળ, અસ્થિર, મોજિલા એ લહેરી સામાજિક બળમાં રૂપાંતર કર્યું છે.

મોટાભાગના દેશોમાં યુવાનો તેમના વડીલોની ટીકાનો ભોગ બનતા રહે છે. યુવાનો પર આવા આક્ષેપ થતો હોય છો કે, કે યુવાનો અણઘડ નૈતિક મૂલ્યો ધરાવે છે. જરૂરિયાતોનો તત્કાળ સંતોષ મેળવવાની પ્રવૃત્તિઓમાં રસ રહે છે. સહેલી અને આડંબરી જીવનશૈલી ધરાવે છે તેમજ સામાજિક જવાબદારીઓની ઉપેક્ષા કયો છે. આથી યુવાનોને એક સમસ્યા તરીકે જોવામાં આવે છે. યુવા અજંપો કેટલીક વાર માતા-પિતા, શિક્ષણકારો અને સરકાર માટે ચિંતાનો વિષય બની રહે છે. આ સંદર્ભમાં જયારામ નોંધે છે તેમ, સમાજ શાસ્ત્રીય દૃષ્ટિએ જોતા યુવકોની ટીકા નિરાધાર નથી. આમ છતાં, જે સમસ્યાઓના કારણો રાજકીય અર્થવ્યવસ્થા એ સામાજિક રચનાતંત્રમાં રહેલા છે. તે બધા કારણોને એક સમસ્યાજૂથ તરીકે યુવકોમાં કેન્દ્રિત કયી દેવામાં આવ્યા છે.

યુવાવસ્થા એક સાર્વત્રિક સામાજિક ઘટના છે જોકે તે મૂળભૂત રીતે જૈવિક ઘટના હોવા છતાં મહદ્અંશે તેને સાંસ્કૃતિક અર્થમાં પરિભાષિત કયાવામાં આવેલ છે. યુવકો શબ્દ સમાજના એક વિભાગને ઓળખવા માટે પ્રયોજાતો શબ્દ છે અને તે સાંસ્કૃતિક અર્થમાં પરિભાષિત થયેલ છે; પરંતુ, બધા સામાજોમાં તેનો સાંસ્કૃતિક અર્થ પ્રમાણભૂત થયેલ નથી.

યુવાવસ્થા એક વય-કક્ષા છે એ એ વય-કક્ષામાં સમાવિષ્ટ થતી વ્યક્તિઓને યુવાન વ્યક્તિઓ કહેવામાં આવે છે. આ વય-કક્ષાને યુવાવસ્થાનો તબક્કો કહેવામાં આવે છે. રોઝેરન્મેરને ટાંકીને જયારામ નોંધે છે તેમ યુવાવસ્થા એ પાસાનો નિર્દોષ કયો છે. એક બાજુ તે વ્યક્તિઓના વિકાસમાં એક તબક્કાને સૂચિત કયો છે એ બીજી બાજુ તે સમાજમાં એક જૂથનો નિર્દેષ કયો છે. આ બંને પાસા પરસ્પર સંબંધિત છે. વ્યક્તિના વિકાસના એક તબક્કા તરીકે યુવાવસ્થા એક જટિલ અને વિરોધાભાષી ઘટના તરીકે જોવા મળે છે. તે છોકયાઓ એ છોકરીઓ અને વચ્ચેના મોટો તફાવતોનો સમયગાળો છે. તે એક એવો તબક્કો છે જેમાં વ્યક્તિ ઝડપી. જૈવિક અને સામાજિક પરિવર્તન અનુભવે છે. તે એક કટોકટીનો તબક્કો છે જેમાં જીવનના બધા ક્ષેત્રોમાં છોકયા-છોકરીઓ મુખ્ય નિર્ણયો લેવા જોઈએ. એક જૂથ તરીકે યુવકો સમાજનો એક અગત્યનો ભાગ છે. જે દેશના સર્વાંગી વિકાસમાં મહત્ત્વનું પ્રદાન આપવાની ક્ષમતાઓ ધરાવે છે. આથી જ યુવા વસ્તીને યુવાધન તરીકે ઓળખવામાં આવે છે.

હોલીંગશીડના મતે સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ યુવાવસ્થાએ વ્યક્તિના જીવનમાં એક કાલખંડ છે. જેમાં સમાજ તેને બાળક ગણવાનું બંધ કયો છે એ તેને પુખ્ત તરીકેનો દરજ્જો ભૂમિકા અને કાર્યો સોંપવામાં આવતા નથી. વ્યક્તિએ ભજવવાની ભૂમિકા અંગે અપેક્ષા રખાય છે. અમુક ભમિકા ભજવવાની છૂટ અપાય છે. અમુક ભૂમિકા ભજવવા ફરજ પાડવામાં આવે છે અને સમાજના તેના દરજ્જાને લઈને અમુક ભૂમિકા ભજવવા ઉપર નિષેધ મૂકવામાં આવે છે. યુવાવસ્થા કોઈ એક સામાજિક જૂથને યુવકોનું લેબલ લગાડવાના સંજોગોને સૂચિત કયો છે. આવા સંજોગોમાં પર્યાપ્ત સંખ્યા ખાસ સ્થળોએ સમાન અનુભવો સંપર્કો એ આંતરક્રિયા માટે એકત્રીકયાણ તેમજ તેમના પ્રત્યે સમાજનો એકંદરે સમાન પ્રતિભાવનો સમાવેશ થાય છે.

રોઝેન્મેર યુવાવસ્થાના સમાજશાસ્ત્રીય પરિણામો દ્વારા યુવાવસ્થાનો વિભાવના સ્પષ્ટ કયો છે તેના પરિણામો નીચે મુજબ છે.

- યુવાવસ્થાએ વ્યક્તિના જીવનચક્રનો એક તબક્કો છે જેને વયના સંદર્ભમાં પરિભાષિણ કયાવામાં આવે છે.
- યુવાવસ્થા એક સામાજિક ઉપવિભાગ છે જે વયવિસ્તાર નક્કી કયો છે.
- યુવાવસ્થા એક અપૂર્ણ દરજ્જો છે. દરજ્જાની આ અપૂર્ણતા વ્યક્તિ પર મૂકાતી, વ્યક્તિગત, સામાજિક અને આર્થિક મયતદાઓ પરથી સ્પષ્ટ થાય છે. આવી મયતદાઓ પુખ્ત વયની વ્યક્તિઓ પર હોતી નથી.
- યુવાવસ્થા એ સામાજિક રીતે રચાયેલું એકમ છે. જે સમાન સંજોગો અને અનુભવો ધરાવે છે. તેમજ સમાન પ્રવૃત્તિઓનું સર્જન કયો છે.
- યુવાવસ્થા એક આદર્શ મૂલ્ય નિભાવવાના છે. જે માનસિક ચપળતા અને ફોરવર્ડ લુકીંગ-આઉટલુકમાં વ્યક્ત થાય છે. અથતત જેને આપણે youthfitness યુવાની કહીએ છીએ. તેમાં આ આદર્શ મૂલ્ય વિભાવના વ્યક્ત થાય છે.

જયારામ નોંધે છે કે, તેમ પ્રૌઢો (ADULTS) ની દુનિયાથી યુવકોનું ખેડવિભાજન કે તેમનો પૃથગ્વાસ અલગ પડવાથી (Segretation) તથા સમાજમાં તેમને અનિશ્ચિત સ્થાને મૂકવાની ઘટના યુવાવસ્થાના સમાજશાત્રીય વિશ્લેષણમાં એક ચાવીરૂપ પ્રસ્થાન છે. આર્થિક વિકાસ વસ્તીવિષયક સ્થિત્યાંતર શૈક્ષણિક વિસ્તરણ કાનૂનીકયાણ પરિવર્તન પામતા સામાજિક રિવાજો વગેરે યુવકોને પુખ્તોથી અલગ પાડવાની પ્રક્રિયા વિકાસાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. યુવાવસ્થાના આ સ્વરૂપને મનોવૈજ્ઞાનિક સિદ્ધાંતો દ્વારા પુષ્ટિ મળી છે. યુવકોના અલગ પડવાની આ પ્રક્રિયા પ્રૌઢોની દુનિયાની સત્તા અને ધોરણોનો યુવકો દ્વારા થતો અનાદર તેમજ પ્રૌઢો પ્રત્યે યુવકોની વ્યક્ત થતી વિરોધની લાગણી સાથે સંકળાયેલા છે. જોકે એવી પણ દલીલ થાય છે કે પ્રૌઢો દ્વારા યુવકોનો અનાદર થાયછે. નહીં કે યવુકો દ્વારા પ્રૌઢોનો અનાદર. ગમે તે હોય, પરંતુ હકીકત એ છે કે યુવકો એક શ્રેણી તરીકે પ્રૌઢો દ્વારા પરિભાષિત થવા પામે છે. અને તેમાં આદર્શરૂપ પ્રૌઢનો એક ધોરણ તરીકે ઉપયોગ થાય છે.

જીવનનો આ તબક્કો યુવાન વ્યક્તિ માટે ધમાલ અને તંગદિલનો એક તબક્કો બની રહે છે. આનો અર્થ એવો કયાવામાં આવે છે કે, આ તબક્કામાં યુવકો પ્રૌઢોની અલગ પડી ગયાની લાગણી અનુભવે છે. અને માનવ સંપર્કોથી એકલા પડી ગયાની લાગણી અનુભવે છે. તેમજ પોતાના અસ્તિત્ત્વ અને નિર્ણયોનો અનાદર થતો હોવાની લાગણી અનુભવે છે. આ રીતે યુવાન વ્યક્તિ પોતાની ઓળખાતી કટોકટી અનુભવે છે.

કિશોરવસ્થાના અંતિમ તબક્કે યુવાવસ્થાનો આરંભ થાય છે. એ ત્યાર પછીનો 21 વર્ષની વય સુધીનો સમયગાળો યુવાવસ્થા તરકે ગણાય છે.જોકે ભારતની રાષ્ટ્રીય નીતિ અનુસાર 35 વર્ષની વય સુધીના સમયગાળાને યુવાવસ્થામાં આવરી લેવામાં આવી છે. પંરતુ સમાજ- મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ અને સમાજશાસ્ત્રીરીય પરિપ્રેક્ષ્યમાં જોતા વ્યક્તિની 16 થી 25 વર્ષની વય અવસ્થાને યુવાવય માનવામાં આવેલી છે. 18 વર્ષની વયે વ્યક્તિને પુખ્તવય મતાધિકાર મળે છે; પરંતુ યુવતીને 18 વર્ષની વયે તથા યુવકને 21 વર્ષની વયે લગ્ન કરાવનો અધિકાર મળે છે. આથી જમાશે કે સામાજિક વ્યવહારમાં અને કાનૂનિ દૃષ્ટિએ યુવતી અને યુવક માટે અનુક્રમે 18 અને 21 વર્ષન વય યુવાવસ્થાની પરિપકવ અવસ્થા છે અને યુવાવસ્થા છે 35 વર્ષની વય સુધી લંબાયેલી છે ત્યાર પછી વ્યક્તિ પ્રૌઢ ગણાય છે.

યૌવનકાળનો વિચાર કયીએ તો કિશોરાવસ્થાના અંતિમ તબક્કો યૌવન આરંભ થાય છે. ત્યાર પછીનો 21 વર્ષની વય સુધીનો સમયગાળો યૌવનકાળ તરીકે ઓળખાય છે. મોટાભાગની વ્યક્તિઓ 15 થી 18 વર્ષની વયના પરિવર્તનકાળમાં જાતિય પરિપકવતા પામવા ઉપરાંત શારીરિક, માનસિક, અને બૌદ્ધિક વિકાસની જજપૂર્ણતાઓ પહોંચે છે. યૌવન આરંભથી માંડીને પુખ્તવયની જવાબદારીઓ ઉપાડવાની ઉંમરનો આ ગાલો 18 વર્ષની ઉંમરે જ પૂરો થાય તેવું નથી કેટલીક વખત

તેથી યે વધુ ઉંમર સુધી તે લંબાય છે. જાતીય પરિવપકવતા ધારણ કયાવાની ઉંમર વ્યક્તિએ વ્યક્તિએ ભિન્ન હોય છે. પૂર્ણવિકાસ અને વૃદ્ધિ પામેલા પ્રજનન અવયવો ક્રિયાશીલ થવા લાગે ત્યારે વ્યક્તિ જે પરિપકવતા ધારણ કયો છે તે પરિપકવતા જાતિય પરિપકવતા છે. સામાન્ય રીતે આવી પરિપકવતા યુવક વીસ વર્ષની ઉંમરે પ્રાપ્ત કયો છે. અને યુવતિ 18 વર્ષની વયે પ્રાપ્ત કયો છે. વ્યક્તિના અસ્થિ અને સ્નાયુ વિભિન્ન ઉમરે પરિપકવ બને છે. આવી પરિપકવતાને શારીરિક પરિપકવતા કહેવાય. વ્યક્તિ જયારે સ્વતંત્ર રીતે તાર્કિક વિચારણા કયાીને વિવેકપૂર્વક નિર્ણય લેવાની ક્ષમતા પ્રાપ્ત કયો ત્યારે તે માનસિક પરિપકવતા ધારણ કરી છે. વ્યક્તિ જયારે સામાજિક વ્યવહારમં સહકાર સંવાદિતા અને અનૂકુલન સાધીને જીવન જીવવા સમર્થ બને છે, સમાજના ધોરણો અને મૂલ્યો પ્રત્યે યોગ્ય પ્રતિભાવ દાખવવાનું વલણ કેળવે છે તથા જવાબદારી પૂર્વક વર્તન કયાવા લાગે ત્યારે તેણે સામાજિક પરિપકવતા ધારણ કરી કહેવાય. આમ પરિપકવતાનો ખ્યાલ વ્યાપક છે. તેમાં શારીરિક, જાતિય, માનસિક અને સામાજિક એમ વિભન્ન સ્વરૂપની પરિપકવતાનો સમાવેશ થાય છે.

યુવાવસ્થામાં પરિપકવતાનો વિકાસ અગત્યની ઘટના છે. એકવીસ વર્ષની વય પછી પણ માનસિક શક્તિઓ એટલે કે જ્ઞાન, સામાજિક, બુદ્ધિ શ્તિ એ વિવેક શક્તિના વિકાસની પ્રક્રિયા ચાલુ રહે છે. માનસિક વિકાસની સાથોસાથ ભય, ક્રોધ,પ્રેમ,આનંદ, ધિક્કાર, શોક પ્રશ્ચાતાપ, ઉદ્યમીપણું, આળસુપણું, ધૈર્ય, અધિરાઈ વગેરે લાગણીઓનો પણ વિકાસ થાયછે અને તે ચાલુ રહેવા પામે છે.

યુવાવસ્થામાં વ્યક્તિનીની રસ પ્રવૃત્તિઓ વલણો, વર્તન ઢબ, ફરજો, માન્યતાઓ, મૂલ્યો વગેરે સ્પષ્ટ થતા જાય છે. પોતાના શિક્ષણ અને વ્યવસાયલક્ષી પસંદગી કયાવાની હોય છે. યુવાવસ્થા એ આદર્શવાદની એક વ્યવસ્થા છે. વ્યક્તિ આ અવસ્થાને આદર્શવાદ હોય છે. પરંતુ ધીમે ધીમે તે વાસ્તવદર્શી બનવા લાગે છે. જીવનના ધ્યેય અને ચારિત્રયના ધોરણોમાં તેને વધુ રસ પડે છે. અને જીવનમાં પોતે ભજવવાની ભૂમિકા વિશે પરિપકવ વિચારદૃષ્ટિ કેળવાતી જાય છે.

યુવાવસ્થા વ્યક્તિ માટે લગ્ન માટે વ્યવસાય જેવા ક્ષેત્રોમાં પસંદગી કયાવાનો પ્રશ્ન ઊભો થાય છે. સમાજમાં લગ્ન અને વ્યવસાયની પસંદગી માતા-પિતા કે વડીલો દ્વારા થતી હોય ત્યાં પસંદગીનો બોજો વ્યક્તિ ઉપર પડતો નથી; પરંતુ જયારે આ ક્ષેત્રોમાં વ્યક્તિઓ પસંદગી સ્વાતંત્રય ભોગવવાનું હોય ત્યારે તે તંગદીલીનો અનુભવ કયો છે. એન જ્યાં માતા-પિતા અને યુવક યુવતીની પસંદગી વચ્ચે સંઘર્ષ પેદા થતા હોયત્યાં વ્યક્તિ વિશેષ તંગદિલી, હતાશા અને નિરાશાનાં અનુભવ કયો છે. યુવાવસ્થામાં વ્યક્તિએ અનેક ક્ષેત્રોમાં જાતે નિર્ણયો લેવા પડતા હોય છે. એ સામાજિક અપેક્ષાઓ સાથે પોતાની જાતને બંધબેસતી કયાવાની હોય છે. સમાજમાં કુટુંબમાં અને પોતાના સંપર્કક્ષેત્રોમાં વ્યક્તિઓ સમાયોજન સાધવાનું હોય છે. યુવાવસ્થામાં વડીલોની સહાયની અપેક્ષા સાથે વ્યક્તિ અમાપ-શક્તિ એ ઉત્સાહપૂવક આદર્શ અને મહત્ત્વાકાંક્ષીની પોતાની ધ્યેયલક્ષી કૂચમાં આગળ વધે છે.

યુવાવસ્તામાં વ્યક્તિઓ માતા-પિતા ઉપર આધાર રાખવો પડતો હોવા છતાં સ્વતંત્ર થવાની તેને ઉત્કંટ ઈચ્છા હોય છે. તે સ્વપ્ન સેવી હોય છે. ધ્યેય અને સિદ્ધિ વચ્ચે મોટું અંતર હોય છે. આદર્શ અને વાસ્તવિકતા વચ્ચે મોટું અંતર અનુભવે છે. આથી ઉત્તેજના, હતાશા, નિરાશાના પણ અનુભવ કયો છે. તેનામાં સાહસિકતા પ્રબળ હોય છે. નિર્ણયો લેવામાં ભૂલ પણ કયો છે એ પ્રયત્ન અને ભૂલ દ્વારા અનુભવે શીખે છે, તો ઘણી વાર મૂંઝવણ પણ અનુભવે છે.

યુવાવસ્થામાં વ્યક્તિ પોાતના અધિકારો અને જવાબદારીઓ માટે મથામણ અનુભવે છે. અમુક સંજોગોમાં પતોતાના માર્ગમાં અવરોધાતા અશાંતિ અને અજંપો અનુભવે છે. આવા સમયે તેને આશ્વાસન અને માર્ગદર્શનની આવશ્યકતા રહે છે. વડીલો તરફથી કે સલાહકેન્દ્રો તરફથી પયતપ્ત માર્ગદર્શન, આશ્વાસન એ પ્રોત્સાહન મળે તો તેના પુખ્ત જીવનનું ઘડતર થાય છે અને જીવનમાં સમાયોજન સાધી શકે છે.

સમાયોજન સાધવામાં વ્યક્તિને કુટુંબ, સમવયસ્ક જૂથો અને મિત્રો, શિક્ષણ ધર્મ વગેરે સહાયરૂપ બને છે. વ્યક્તિના વૃદ્ધિ વિકાસની પ્રક્રિયામાં પયતપ્ત અહંવિકાસ પામ્યો હોય તો તે સરળતાથી સમાયોજન

સાથી શકે છે. વિભિન્ન પરિસ્થિતિમાં બંધબેસતા થવું અને અનૂકુલન સાધીને રહેવું તેને સમાયોજન કહેવાય અને તેજ સાચી પરિવપકવતા છે. પયતપ્ર અહં ધરાવતી વ્યક્તિ હતાશાની કે નિષ્ફળતાની પરિસ્થિતિમાં અવેજીરૂપ ધ્યેય નક્કી કયાી શકે છે. અસલામતી ચિંતા, ભયની પરિસ્થિતમાં રક્ષણાત્મક માર્ગ ઊભો કયાી શકે છે. તે ગમે તેવા સંજોગોમાં અનૂકુલન સાધી શકે છે.અંગત મૂલ્યોનું જતન કયાી ભૂલોને સુધારી શકે છે. યુવાવસ્થા જેટલે અંશે પર્યાપ્ત અહં વિકસ્યો હોય તેટલે અંશે વ્યક્તિ સમાજજીવનના વિભિન્ન ક્ષેત્રોમાં સફળ થઈ શકે છે.

યુવાવસ્થામાં વ્યક્તિમાં અમાપ શારીરિક શક્તિ હોય છે. તે વધુ લાગણીશીલ હોય છે અને વધુ કયાી શકવા શક્તિમાન હોવાની માન્યતા ધરાવે છે. તેનામાં સ્વાતંત્ર્ય સમાનતા અને ન્યાયની પ્રબળ ભાવના હોય છે. તે સત્તાવિરોધી અને બંડખોર માનસ ધરાવે છે. સામાન્ય રીતે તેના માથે કોઈ કૌટુંબિક જવાબદારી હોતી નથી. તે નવા દૃષ્ટિબિંદુ અને નવી શોધ કયાવાનું સામર્થ્ય ધરાવે છે. તે શુદ્ધ નીતિશાસ્ત્રનું વલણ ધરાવે છે અને પ્રબળ આદર્શવાદી હોય છે. તે પ્રવર્તમાન સમાજવ્યવસ્થામાં પરિવર્તતની તીવ્ર જરૂરિયાત જુએ છે. અને અલ્પ સમયગાળામાં સમગ્ર સમાજમાં ક્રાંતિકારી પરિવર્તનોમાં લાવવાના સ્વપ્ન સેવે છે.

પરંતુ તત્કાલીન સમાજવ્યવસ્થામાં તેઓએ થતા અનુભવોની પ્રક્રિયામાં તેઓ નૈતિક તટસ્થ અને વસ્તુલક્ષીતાની ભાવના ગુમાવી બેસે છે. અને સ્વતંત્ર એટલે મનફાવતું કયાવાની છૂટ એવો અર્થ કયાી લાગણીના પ્રવાહમાં દોરવાઈ જાય છે. તેના અંગત જીવનમાં નરી અસ્તવ્યસ્તતા આવી જાય છે. અને તે તેમની યુવા સાંસ્કૃતિનો ભાગ બની જાય છે. તમાકુ અને સિગારેટથી માંડીને માદક દ્રવ્યોનું સેવન, મનોરંજનની અતિશયતા, રેગીંગ, છેડતી, લગ્નપૂર્વે જાતીય સંબંધો, ખાણીપીણી, રખડપટ્ટી ગપ્પાબાજી, મોડા સુવું, મોડા ઊઠવું, શિક્ષણથી વિમુખતા, ફેશન પરસ્તી, સાયબર કાફે અને મોબાઈલનો ઉપયોગ-દુરઉપયોગ એ બધું યુવા-સાંસ્કૃતિનો ભાગ બની રહે છે. અને તે યુવાવર્ગની ઢબ બની જાય છે. આમ યુવાવર્તનમાં ઉચિત અને અનુસૂચિત એમ બંને પાસા વ્યક્ત થતાં હોવાનું જણાય છે. યુવા અસંતોષ, કુટુંબ, શિક્ષણ અને જાહેરક્ષેત્રમાં વિભિન્ન સ્વરૂપે પ્રગટ થાય છે.

એકબાજુ ધ્યેય પ્રાપ્તિમાં હતાશા, નિષ્ફળતાની પરિસ્થિતિમાં અવેજીરૂપ ધ્યેય નક્કી કયાવા અને રચનાત્મક માર્ગ અપનાવાા યુવક યુવતિઓ છે. અસલામતી, ચિંતા કે ભયની પરિસ્થિતિમાં રક્ષણાત્મક માર્ગ અપનાવતા ર્યુકો, અને યુવતીઓ છે. ગમે તેવા સંજોગોમાં અનુકૂલન સાદતા યુવક યુવતીઓ છે, પોતાની જાત અને ઈચ્છા પર કાબુ રાખતા યુવક યુવતીઓ છે. અને સંગતદોષથી મુક્ત રહેતા યુવક યુવતીઓ પણ છે.

બીજી બાજુ ધ્યેયપ્રાપ્તિમાં હતાશા, નિષ્ફળતાની પરિસ્થિતિમાં ક્રોધાવશ અને આક્મક બનતા તથા ખંડનાત્મક માર્ગ અપનાવતા યુવક યુવતીઓ છે. અસલામતી, ચિંતા, ભયના સંજોગોમાં નાસી જતાં, ભાંગી પડતા કે હુમલો કયાતા યુવકો યુવતીઓ પણ છે. પ્રતિકૂળ સંજોગોમાં ભાગી પડતા યુવક યુવતીઓ પણ જોવા મળે છે. અને સ્વચ્છંદી બની ગયેલા યુવક-યુવતીઓ પણ છે.

કેટલાક યુવક-યુવતીઓમાં આ બંને પ્રકારની વર્તનઢબની વચ્ચેનું મધ્યમમાર્ગી વર્તન પણ જોવા મળે છે. કેટલાક યુવક યુવતીઓ પ્રવર્તમાન ધ્યેયો અને ધ્યેય પ્રાપ્તિના સાધનોનો સ્વીકાર કયો છે એ યથાવત સ્થિતિને વળગી રહેવાનું વલણ ધરાવે છે. કેટલાક પ્રવર્તમાન ધ્યેયો સ્વીકારે છે ખરા પરંતુ ધ્યેયપ્રાપ્તિ માટે સમાજે નક્કી કયોલા સાધનોના અસ્વીકાર કયાી વિચલિત વર્તન કયો છે. કેટલકા યુવક યવતીઓ પ્રવર્તમાન ધ્યેયોનો અસ્વીકાર કયો છે. પરતુ ધ્યેય પ્રાપ્તિના સમાજમાન્ય સાધનોનો સ્વીકાર કયાી તેને અનુસરે છે. આવા વિધિપરાયમવાદી વલણ ધરાવતા હોય છે. આવું વલણ એક પ્રકારનું નિરાશાવાદી કે શૂન્યવાદી વલણ છે. કેટલાક યુવક યુવતીઓ પ્રવર્તમાન ધ્યેયોના તેમજ ધ્યેયપ્રાપ્તિના સમાજે નિયત કયોલા સાધનોનો અસ્વીકાર કયો છે. આ એક પ્રકારની પીછેહઠ છે. આવા યુવક યુવતીઓમાં ભૂતકાલીન જીવન માટેની ઝંખના હોય છે. વર્તમાન જીવન પ્રત્યે બેદરકારી અને ઉદાસીનતા હોય છે અને તેઓને ભવિષ્યની કંઈ પડી હોતી નથી. રખડપટ્ટી, નશીલા દ્રવ્યોનું સેવન જેવી નકારાત્મક પ્રવૃત્તિઓ કે જીવન બરબાદ કયાતી પ્રવૃત્તિઓ તેઓના વર્તનની ખાસિયત બની રહે છે. તો કેટલાક

યુવક યુતીઓ પ્રવરત્માન ધ્યેયોનો તેમજ ધ્યેયપ્રાપ્તિના સમાજમાન્ય સાધનોનો અસ્વીકાર કયાી તેનો વિરોધ કયો છે. તેમજ આંદોલન પણ કયો છે. તેમાં એ ધ્યેયો અને સાધનોનું ઉન્મૂલન કયાીને તેના સ્થાને નવા ધ્યેયો, નવા સાધનોનું પ્રસ્થાપન કયાવાનો પ્રયાસ હોયછે. આ એક રચનાત્મક માર્ગ છે. આવા યુવક યુવતીઓમાં બુદ્ધિવાદ વસ્તુલક્ષીતા, નીતિ સદાચાર, અને માનવતાના ગુણો હોય છે; પંરતુ, તેમાંના મોટાભાગના યુવક યુવતીઓ સામાજિક ભંગાણના પ્રવાહમાં ખેંચાઈ જાય છે એ સમાધાનકારી વલણ અપનાવીને સમાજમાં ગોઠવાઈ જાય છે.

## 1.3 ઉપસંહાર

યુવાવસ્થા-યુવાકલ્યાણની નવી વિચારધારા અંગે બહુ વિસ્તૃત ખ્યાલો અહીં અલગ-અલગ સમાજશાસ્ત્રીઓના મતે રજૂ કયાવામાં આવ્યા છે. આપણે પણ જોઈ રહ્યા છી કે યુવાન શબ્દ સાંભળીએ કે તરત જ મનમાં ઉલટો મોટો ઝટકો આવે કે યુવાન એટલે તેને સામાજિક દૃષ્ટિએ સામાજિક દરજ્જો આપતા હોય તેની ભૂમિકા, જવાબદારી વગેરે નક્કી કયાી દેતા હોય છે. તેની અમુક પ્રવૃત્તિઓ ઉપર પ્રતિનિધી કયાી દેતા હોય છે. તેના લગ્ન અંગે વિચારતા હોય છે; પરતુ દરેક ક્ષેત્રે એ જરૂરી છે. યુવાનો હકારાત્મક પ્રવૃત્તિ તરફ વળે એ ઈચ્છનીય છે.

## 1.4 તમારી પ્રગતિ ચકાસો

1. કિશોરાવસ્થાના ........ તબક્કામાં યુવાવસ્થાનો આરંભ થાય છે ?

   (A) પ્રથમ (B) અંતિમ

   (C) મધ્ય (D) ઉપરોક્ત એકપણ નહી

2. .......... વર્ષની વય સુધીનો સમયગાળો યુવાવસ્થી તરીકે ગણાય છે ?

   (A) 18 વર્ષ (B) 15 વર્ષ

   (C) 14 વર્ષ (D) 4-21 વર્ષ

3. ભારતની રાષ્ટ્રીય નીતિ અનુસાર ........ વર્ષની વય સુધીના સમયગાળાને યુવાવસ્થામાં આવરી લેવામાં આવી છે ?

   (A) 45 વર્ષ (B) 31 વર્ષ

   (C) 40 વર્ષ (D) 35 વર્ષ

4. ......... વર્ષની વયે વ્યક્તિને પુખ્તવય મતાધિકાર મળે છે ?

   (A) 16 વર્ષ (B) 18 વર્ષ

   (C) 15 વર્ષ (D) 21 વર્ષ

5. સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યમાં વ્યક્તિની .......... વર્ષની વય અવસ્થા યુવાવસ્થા છે.

   (A) 14 થી 22 (B) 15 થી 35

   (C) 16 થી 25 (D) 14 થી 32

## 1.5 તમારી પ્રગતિ ચકાસોના જ્વાબો

1. (B) અંતિમ
2. (D) 4-21 વર્ષ
3. (D) 35 વર્ષ
4. (B) 18 વર્ષ
5. (C) 16 થી 25

## 1.6 ચાવીરૂપ શબ્દો

**વિચારધારા :** તે વિચારોની અવસ્થા છે. ખાસ કરીને એક જે આર્થિક અથવા રાજકીય સિદ્ધાંત અને નીતિનો આધાર બનાવે છે.

## 1.7 સ્વાધ્યાય લેખન

1. યુવાકલ્યાણની વિચારધારા સમજાવો.

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

.................................................................

## 1.8 પ્રવૃતિ

1. યુવા કલ્યાણની વિચારધારા અંગે તમારા મંતવ્યો રજૂ કરો.

## 1.9 કેસ સ્ટડી

1. યુવાકલ્યાણ અંગેની વિચારધારાની નોંધ લખો.

## 1.10 સંદર્ભગ્રંથ


1. સામાજિક સમસ્યાઓ : ડો. હર્ષિદાબેન દવે
2. સામાજકાર્ય કે ક્ષેત્ર : ડો. ગીરીશ કુમાર
3. સામાજિક સમસ્યાઓ : ડો. જે.કે. દવે

# એકમ–2 યુવાકલ્યાણના કાર્યક્રમો અને નીતિ

: રૂપરેખા :


2.0 એકમના હેતુઓ

2.1 પ્રસ્તાવના

2.2 યુવા કલ્યાણઃ વિભાવના

2.3 યુવા કલ્યાણના કાર્યક્રમો

2.4 યુવાવિકાસ માટેની યોજનાઓ

2.5 યુવાકલ્યાણની નીતિઓ

2.6 ઉપસંહાર

2.7 તમારી પ્રગતિ ચકાસો

2.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

2.9 ચાવીરૂપ શબ્દો

2.10 સ્વાધ્યાય લેખન

2.11 પ્રવૃતિ

2.12 કેસ સ્ટડી

2.13 સંદર્ભગ્રંથો


## 2.0 એકમના હેતુઓ

- આ એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને યુવાકલ્યાણની વિભાવના તથા યુવાકલ્યાણના કાર્યક્રમો અંગે જાણકારી પ્રાપ્ત થશે.
- આ એકમના અભ્યાસ દ્વારા યુવાવિકાસ માટેની યોજનાઓ તથા યુવાકલ્યાણની નીતિઓ અંગે જાણવા મળશે.

## 2.1 પ્રસ્તાવના

સંપૂર્ણ ભારતમાં શાશકિય અને બિન શાશાકિય વિભાગો દ્વારા કરવામાં આવતા તમામ યુવા કાર્યક્રમોનું વિસ્તૃત (ઊંડાણ) વિવરણ કયાવું મુશ્કેલ છે. કેમકે (1) આંકડા ઉપલબ્ધ નથી. (2) મંત્રાલય બધા જ કાર્યક્રમોનું પ્રભારી નથી. માનવસંસાધન વિકાસ, કૃષિ, શ્રમ અને રોજગાર, સ્વાસ્થ્ય અને સલામતી, મંત્રાલય જેવા ઘણા મંત્રાલયો છે જેની પાસે યુવાકલ્યાણ કાર્યક્રમો છે. એનાથીય કેન્દ્રીય આયોજિત કાર્યક્રમ, રાજ્ય સરકારો દ્વારા કાર્યક્રમ કયાવામાં આવે છે. રાષ્ટ્રીય કેડેટ કોર યોજના, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, રુકાવટ અને માર્ગદર્શન, યુવામંડળ, નવયુવાન કૃષક ક્લબ, ફાર્મસી યુથ, ગ્રામીણ યુવક ક્લબોના આગેવાનોનું પ્રાશિક્ષણ કાર્યક્રમ, શાળાઓ, બાળકો, ગ્રામીણ યુવાનો માટે શિક્ષણ અને રમતગમત કાર્યક્રમ, યોગ, પર્વતારોહણ, ઉત્તમ ખેલાડી, કલાકારોને પારિતોષિક કયાવાનો કાર્યક્રમ, ગ્રામીણ મહિલાઓ માટે સાક્ષરતા કાર્યક્રમ, પુસ્તકલાય, નાટક, સંગીત, કુસ્તી, કળા, શરીર પ્રદર્શન, સામૂહિક આવાસ, અભિરૂચી કેન્દ્ર, ગ્રામીણ વ્યાયામ શાળા, શ્રમીક શિક્ષા કેન્દ્ર, વિશ્વવિશ્વ દાસ ચલચિત્ર પરિષદ, મનોવૈજ્ઞાનિક પરામર્શકેન્દ્ર, દક્ષતા, પ્રશિક્ષણ, કાર્યક્રમ, પદાચાર અને દૂરવર્તી શિક્ષમ, મહાવિદ્યાલય, વિશ્વવિદ્યાલય મંચ, યુવક કલ્યાણ સંબંધિત, યુવાનોનું કલ્યાણના કાર્યક્રમોનું સંચાલન કયાનાર કાર્યકયોનું પ્રશિક્ષણ કયાવું વગેરે.

યુવાકલ્યાણ માટે સરકાર અને સમાજ બંને તરફથી હકાર્ત્મક પ્રયત્નો થઈ રહ્યાં છે. સરાકયાના વિભાગો જેવા માનવ સંશાધન વિકાસ, કૃષિ, શ્રમ અને રોજગાર, સ્વાસ્થ્ય અને સલામતિ મંત્રાલય જેવા ઘણા મંત્રાલયો છે. જેની પાસે કેન્દ્રિત યુવાકલ્યાણ કાર્યક્રમ રાજ્યસરકારક દ્વારા કાર્યક્રમ કયાવામાં આવે છે. સરકારશ્રી દ્વારા થતી પંચવર્ષીય યોજનાઓમાં અલગ અલગ યોજનાઓ અલગ-અલગ અનુભવો દ્વારા યુવાકલ્યાણ માટે નવી પદ્ધતિ માર્ગ વિચારવામાં આવ્યો છે. યુવાકલ્યાણ કાર્યક્રમ અને યુવાનીતી જેમાં આવી યુવાનોનો સાર્વત્રિક અને સર્વાંગી વિકાસ થાય તેનું ધ્યાન સમજાવામાં આવ્યું છે. જેમાં સભાનતા પણ સમાજમાં શીખવાના આવે જ છે. રાષ્ટ્રના યુવાનો રાષ્ટ્રકક્ષાએ સ્પર્ધાત્મક હરિફાઈમાં જોડાઈ અને તેની હરિફાઈ અન્ય રાષ્ટ્રના યુવાન ટકી ન શકે તેવી પણ તૈયારી કરાવવાની વગેરે કલ્યાણનાં કાર્યક્રમો રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

## 2.2 યુવાકલ્યાણઃ વિભાવના

પ્રથમ અને બીજી પંચવર્ષીય યોજનાઓમાં આવી જોગવાઈઓ કયાવામાં આવી હતી. કે જેનાથી યુવા કલ્યાણના ક્ષેત્રમાં વિભન્ન કાર્યક્રમોને વિકાસ કયાવામાં આવે. પ્રથમ પંચવર્ષીય યોજનાઓમાં આ કાર્યક્રમો ઉપર 1.05 કયોડ રૂા. બીજી પંચવર્ષીય યોજનાઓમાં રૂા. 4.09 કયોડ, ત્રીજી પંચવર્ષીય યોજનામાં રૂા. 5.84 કયોડનો ખર્ચ કયાવામાં આવ્યો ત્યાર પછી પણ યોજનાઓના નાણાં વધતા ગયાં. પ્રથમ પંચવર્ષીય યોજનાના સમયગાળામાં લગભગ 1470 શ્રમ અને સમાજસેવા શિબિર કયાવામાં આવી જેમાં અઢી લાખ યુવક યુવતિઓએ ભાગ લીધો. તેવા 137 અભિયાન ચલાવવામાં આવ્યાં. યુવક આવાસ ગૃહનિમતણ તથા યુવક મેળા, યાત્રા શિબિરોનું સંગઠન કયાવામાં આવ્યું.

અનુસાસનની વ્યાપકતા એ વિસ્તરવાની દૃષ્ટિથી એન.સી.સી., એ.સી.સી., ભારત સ્કાઉટ્સ ઍન્ડ ગાઈડસ આંદોલનને વિકસિત અને વધારે સંગઠિત કયાવામાં આવ્યું. પ્રથમ પંચવર્ષીય યોજનના સમયગાળા શરૂઆતથી અંત સુધી એન.સી.સી.માંથી જવાનોની કુલ સંખ્યા 11 હજાર, તથા એ.સી.સી.ના છોકયા, છોકરીઓ સંખ્યા 7,00,000 થઈ ગઈ. આ સંખ્યાના પછી પણ પંચવર્ષીય યોજનામાં નિરંતર વિકાસ થયો. ભારત રૂકાવટ ઍન્ડ ગાઈડ્સના સભ્યોની સંખ્યા 5,70,000 હતી. જેમા 90 હજાર યુવતિઓ અને 480 હજાર છોકયાઓ હતા. વર્તમાન સમયમાં એમાં છોકયા છોકરીઓની સભ્ય સંખ્યા બહુ જ વધી ગઈ છે. તથા યુવાનોની સુજાન એમ નિરંતર વધતું રહ્યું છે.

આ બધી યોજનાઓનું સંચાલન પ્રથમ પંચવર્ષીય યોજના શરૂ કયત હતા ત્યારબાદ પણ યોજનાઓ ચાલુ રાખવાની વ્યવસ્થા કયાવામાં આવી હતી. દ્વિતીય (બીજી) પંચવષીય યોજનાની શરૂઆતથી અંત સુધી વિભિન્ન વિદ્યાલયો અંતર્ગત 576 એવા કાર્ય અભિયાન ચલાવાવમાં આવ્યાં, જેમાં કુશળ-બિનકુશળ વિદ્યાર્થીઓ એ અધ્યાપકોએ હળીમળીને કામ કયાવું, નિદર્શનકક્ષ, વાંચનકક્ષ, વ્યાયામશાળા વગેરેનું નિર્માણ કર્યું. રમતગમતના વિકાસ માટે રાષ્ટ્રીય રમતગમત સંસ્થાના સ્થાપના કયાવામાં આવી. શિક્ષણ મંત્રાલય દ્વારા શારીરિક અને સાંસ્કૃતિક સંગઠનોને મદદ આપવામાં આવી. ઈ.સ. 1960 સુધી રાષ્ટ્રીય અનુસશાસન યોજનાના પ્રસાર 662 શૈક્ષણિક સંસ્થાઓથી થયો હતો. તેથી લાખો વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને લાભ થયો. ત્રીજી પંચવર્ષીય યોજનામાં શિક્ષણ મંત્રાલય દ્વારા કૈન્દ્રીય શૈક્ષણિક અને વ્યાવસાયિક નિરંતર નિદર્શાતલયોની સ્થાપના કયાાવમાં આવી. આ નિદર્શનાલયોથી અધ્યાપકો અને પરામર્શતાઓમાં શિક્ષણ તથા વિદ્યાલયોમાં પરામર્શ સંબંધી સેવાઓ વગેરે કાર્યક્રમો ચલાવવામાં આવ્યાં. ત્રીજી પંચવષીય યોજના દરમ્યાન રાષ્ટ્રીય ખેલકૂદ સંસ્થાઓનું વધારે વિકાસ કયાવો તથા એમાં રમતગમત શિક્ષણ તથા રાષ્ટ્રીય શારીરિક ક્ષમતા વિકાસની પ્રવૃત્તિઓની તરફ વધારે સબળ બનાવવા પ્રયત્ન કયાવામાં આવ્યો. ભારત ગામડાઓનો દેશ છે એ અહીંયાના 8.5 ટકા નવયુવાન ગ્રામીણ ક્ષેત્રે વસે છે એ 1.5 ટકા લગભગ શહેરોમાં વસે છે. છતાંપણ ભારતમાં નવયુવાનોના વધુમાં વધુ કાર્યક્રમોની વ્યવ્સતા શહેરી વિસ્તારમાં કયાવામાં આવી રહી છે. ગામોના યુવાનોને માટે થોડાઘમા કાર્યો કયાી રહ્યાં છે; પરંતુ, નવયુવાનોની વધુ સંખ્યાના ઉત્પાદન અને વિકાસમાં અનેક કારણોથી અપેક્ષિત સફળતા વિદ્યાર્થી નવયુવાનો માટે રહ્યાં છે. જેમાં 2/3 નવયુવાન એવા છે જે

વિદ્યાર્થી ન હોય તેવા છે. જેના માટે કલ્યાણકારી કાર્યક્રમોની મહત્તમ જરૂરિયાત છે એજ દિશામાં જ પગલાં લેવામાં આવી રહ્યાં છે.

ગ્રામીણ ક્ષેત્રમાં મોટાપ્રમાણમાં યુવાનોના કલ્યાણના અનેક કાર્યક્રમોની વ્યવસ્થા સામુદાયિક વિકાસ અને સહકાર મંત્રાલય દ્વારા કરવામાં આવી. જેમાં યુથક્લબ ચલાવવામાં આવ્યા. યુવાશિબિર કયાવામાં આવી. એ.સી.સી., એન.સી.સીના માધ્યમથી રમતગમતની પણ વ્યવસ્થા કયાવામાં આવી. મોટાભાગના એવા રાજ્યમાં ખેલકૂદ સમારંભનું આયોજન થયું. આ કાર્યોમાં મંત્રાલય એ શિક્ષણ મંત્રાલયનો પણ સહયોગ મેળવ્યો હતો.

શ્રમ અને રોજગાર મંત્રાલય પણ રોજગાર કચેરીઓના માધ્યમથી વ્યાવસાયિક નિર્દેશન અને યુવાસંગઠન વગેરે સેવાઓ આપી.

કેન્દ્રીય પ્રયત્નોથી રાજ્ય સરકારોના શિક્ષણ, શ્રમ, સમાજકલ્યાણ તથા સામુદાયિક વિકાસ વગેરે મંત્રાલયોએ પણ યુવાકલ્યાણના અનેક મહત્ત્વપૂર્ણ કાર્યક્રમોની શરૂઆત અને સંચાલન કર્યું છે. તથા આ ક્ષેત્રમાં એવું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. કૌટુંબિક શિક્ષણ, ખેલકૂદ, રમતગમત નિમતણ નિર્માણ, એ.સી.સી., એન.સી.સી., વિદ્યાર્થી આવાસ, હોસ્ટેલ વિદ્યાર્થી તથા વિદ્યાર્થી સહાયતા નિધિમાં નાણાં રોકવામાં આવ્યાં. વિદ્યાર્થીઓને દવાઓની સહાયતાની દષ્ટિથી આરોગ્ય કેન્દ્રો ખોવા તથા તેની પરિસ્થિતિમાં સુધારો કયાવા માટે વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ વિશ્વવિધ્યાલયોને આર્થિક મદદરૂપે છે. વિદ્યાર્થીઓને કલા, સંગીત અને સાંસ્કૃતિક વગેરે અનેક પાઠ્યેતર પ્રક્રિયાઓમાં ક્ષમતાઓ અને ઉચિત વિકાસ પ્રાપ્ત થાય તે દૃષ્ટિથી વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ સહાય આપે છે. તેની મદદથી વિશ્વવિદ્યાલય, કાષ્ઠશિલ્પ, ધાતુશિલ્પ, વિદ્યતીય સામગ્રી, ચિત્ર દોરવું અને રમકડા બનાવવા વગેરે શિક્ષણની વ્યવસ્થા કયો છે.

નિર્ધન, પછાત જાતિઓ, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓના વિદ્યાર્થીઓના શૈક્ષણિક ફી, પુસ્તકો તથા અન્ય જરૂરી વસ્તુઓની વ્યવસ્થા માટે સહાય પૂરી પાડવાની દષ્ટિ વિદ્યાર્થી સહાય નીધિની વ્યવસ્થા કયાવામાં આવી છે. તથા શૈક્ષણિકક કાર્ય પૂર્ણ કયાવા માટે અન્ય સુવિધાઓ આપવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓ શિક્ષણ સિવાયના સમયમાં મનોરંજન પૂરું પાડી શકાય તે હેતુથી વિદ્યાર્થીગૃહ, તથા હોસ્ટેલની વ્યવસ્થાઓ કયાવામાં આવી છે; એમાં સામૂહિક શિક્ષણકક્ષ, પસ્તકાલય, વાંચનાલય, તથા જળાશયો વગેરે વ્યવસ્થાઓ હોય છે.

અનેક વ્યવસ્થાઓ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થી માટે કયાવામાં આવી છે; પરંતુ, એ અપેક્ષાઓ ફાળદાયી નીવડી નથી. એની પૂર્ણ સફળતામાં બધારૂપ (અડચણો) હતી કે વિશ્વવિદ્યાલયો પાસે ઉચિત નિધિ ન હતી. સમયનો અભાવ, શિક્ષિત વ્યક્તિઓનો અભાવ, વિદ્યાર્થીઓમાં જાગૃકતા અને એના પ્રત્યેની રુચિના અભાવ તથા ક્યાંક ક્યાંક વિશ્વવિદ્યાલયની અરુચિ તથા ઉદાસીનતા રહી છે.

છઠ્ઠી પંચવર્ષીય યોજના-1980-85માં બતાવાવમાં આવ્યું છે કે યુવાનોના ચાર મુખ્ય પક્ષ હતા જેના ઉપર સમન્વય સાધી શકાય તેના ઉપર વિચારવું આવશ્યક હતુ. ઉદાહરણરૂપે વિકાસ, એકતા, સંગઠન તથા રાષ્ટ્રીય નિર્માણના પ્રવૃત્તિઓમાં એમની જોડાણ એ સહભાગીતા નર સંબંધી હેતુ અને ઉપયોગિતા ઉપર વિચારવું જરૂરી હતું. આ પક્ષના વિસ્તૃત જ્યારે તૈયાર કયાવાના હેતુ, રાષટ્રીય યુવાનીતિના રૂપમાં રણનીતિ બનાવવી જરૂરી હતી.

આ સંબંધીત નીચેના માર્ગદર્શક સિદ્ધાંરાત હોવા જરૂરી છે.

- તમામ યુવાનોને વધુમાં વધુ સમાનતા પૂરી પાડવી જોઈએ.
- તેની પ્રતિભા (છબી) જે સમાજમાં દર્ભિત થઈ જાય છે તેવા સમાજમાં પ્રતિભાને ઉન્મુક્ત કયાવી.
- કાર્ય અને સેવા દ્વારા સુસંગત અને દક્ષતાઓ (ક્ષમતા) શિક્ષણમાં ઉચ્ચતર સ્તરને સુનિશ્ચિત કયાવું.

- યુવકોને બાળપણ, કિશોરાવસ્થાથી લઈને પ્રૌઢાવસ્થા સુધી તથા વિદ્યાલયોની કાર્ય અને સેવાજગતમાં નિર્વિદનો કાર્ય માટે સુનિશ્ચિત કયાવું.
- એમની શ્તઓ, આદર્શવાદ અને મહત્ત્વ કાંક્ષાઓને વિકાસાત્મક કાર્યો પરિયોજનાઓ અને કાર્યક્રમોમાં જોડવી જોઈએ.

## 2.3 ભારતમાં યુવાનીતિ અને યુવાવિકાસ માટેના કાર્યક્રમો :

ભારતમાં રાષ્ટ્રીય યુવાનીતિ 2003માં તૈયાર કયાવામાં આવી હતી. તેનો મુખ્ય આધાર યુવા શક્તિકયાણ અને લીંગ ન્યાય પર આપવામાં આવ્યો હતો. આ યુવાનીતિમાં યુવાનો સાથે નિસ્બત ધરાવતા ચાવીરૂપ ક્ષેત્રોમાં શિક્ષણ તાલીમ અને રોજગારી, આરોગ્ય અને કુટુંબકલ્યાણ, પર્યાવરણ એ વન્યજીવોનું પરીક્ષણ, મનોરંજન અને રમતગમત કયાતા અને સંસ્કૃતિ વિજ્ઞાન એ ટૅકર્નોર્લોજી તથા સભ્ય અને સારું નાગરિકત્વ વગેરે જોવા મુખ્ય ક્ષેત્રોને ધ્યાનમાં રાખીને નીતિ બનાવવામાં આવી હતી.

2010ની યુવાનીતિનું મુખ્ય લક્ષ્ય " યુવાનોનું સશક્તિકયાણ દ્વારા રાષ્ટ્રનો સમગ્રલક્ષી વિકાસ કયાવો" તેમાં લક્ષ્યજૂથ મુજબ નીતિના અમલ કયાવા ઉપર ભાર દેવામાં આવ્યો હતો. જેમાં 9 લક્ષ્ય જૂથ નક્કી કયાવામાં આવ્યા હતાં.

1. સમગ્ર દેશનાયુવાનો
2. ઝૂંપડપટ્ટીમાં રહેતા અને સ્થળાંતરીય યુવાનો
3. ગ્રામીણ યુવાનો
4. આદિવાસી યુવાનો
5. જોખમી યુવા જૂથો જેવા કે પદાર્થોના દુરઉપયોગમાં સપડાયેલા, માનવ હેરાફેરીમાં સપડાયેલા, જોખમી વ્યવસાયોમાં રોકાયેલા, બંધુવો મજૂર તરીકે બંધાયેલા યુવાનો.
6. હિંસાત્મક સંઘર્ષમાં સપડાયેલા યુવાનો
7. અધવચ્ચેથી અભયાસ છોડી દીધેલ યુવાનો
8. સામાજિક નૈતિક કલંકનો ભોગ બનેલા યુવાનો
9. નિરીક્ષણ ગૃહમાં રહેતા, અનાથાલયોમાં રહેતા અને કેદી તરીકે જીવતા યુવાનો

આવા યુવાનોમાં લક્ષ્યજૂથ ધ્યાનમાં રાખીને તે મુજબ 2010ની યુવાનીતિ મુજબ કાર્યક્રમો અને યોજનાઓ બનાવવામાં આવી હતી જેમાં યુવાનીતિ 2010ના એક ક્ષેત્રો નીચે મુજબના હતાં.

1. રાષ્ટ્રીય મૂલ્યો, સામાજિક સેવાદિતા એ રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન
2. રોજગાર અને સાહસિકતાની તકોના માધ્યમથી યુવાનોનું સશક્તિકયાણ
3. શિક્ષણ, ઔપચારિક, બિનઓપચારિક અને નિરંતર શિક્ષણ
4. આરોગ્ય અને તંદુરસ્ત જીર્વોશૈલી
5. રમતો એ મનોરંજન સુવિધાઓ
6. લિંગ, ન્યાય અને સમાનતાને પ્રોત્સાહન
7. સમુદાય સેવામાં સહભાગીદારી
8. જીવનમાં પડકારોનો સામનો કયાવા માટેની કિશોરોને તૈયાર કયાવા.
9. બિનઆરોગ્યપ્રદ એ સામાજિક પ્રથા વિરૂદ્ધ સામાજિક ન્યાય અને પગલા.
10. પર્યાવરણ સંબંધિત મૂદ્દાઓ, પર્યાવરણ સંરક્ષણ એ જાળવણી
11. યુવાનો અને સ્થાનિક શાસન, રાજ્ય પ્રાયોજિત કાર્યક્રમો અને યોજનાઓ

ઉપરોક્ત ક્ષેત્રેની રોની દેરખરેખ અને મૂલ્યાંકન માટેનું વ્યવ્યવસ્થાતંત્ર રચવામાં આવ્યું હતું.

## 2.4 યુવા વિકાસ માટેની યોજનાઓ :

યુવા કિશોર વિકાસ માટે રાષ્ટ્રીય કાર્યક્રમ (NPYAD) National Programme For Youth Adolescent Development આ કાર્યર્કમ અંતર્ગત અનેક યોજનાઓ ચલાવાવમાં આવે છે. જે નીચેના વિભાગો મુજબ જોવા મળે છે.

**1. યુવા નેતાગીરી એ વ્યક્તિત્ત્વ વિકાસ**

- યુવા નેતાગીરી અને વ્યક્તિત્ત્વ વિકાસ તાલીમ

**2. રાષ્ટ્રીય એકતા પ્રોત્સાહન**

- રાષ્ટ્રીય એકતા શિબિર
- આંતરરાજ્ય યુવા વિનિમય કાર્યક્રમ
- બહુસાંસ્કૃતિક કાર્યો
- રાષ્ટ્રીય યુવા મહોત્સવ
- રાજ્ય યુવા મહોત્સવ
- રાષ્ટ્રીય યુવા એવોર્ડ

**3. સાહસ પ્રોત્સાહન**

- ભારતમાં મૂળભૂત અને મધ્યમવર્તી કક્ષાના સાહસોને પ્રોત્સાહનો
- ભારતમાં ઉચ્ચ અને મધ્યમવતી કક્ષાના સાહસોને પ્રોત્સાહનો
- માન્ય સંસ્થાઓને અનુદાન
- તેંસીંગ નોરગે રાષ્ટરીય સાહસ

**4. કિશોરોનો વિકાસ અને સશક્તિકયાણ**

- જીવનકૌશલ્ય શિક્ષણ
- પરામર્શન
- કારકિર્દી માર્ગદર્શન
- રહેવાસી શિબિર

**5. તાંત્રિક અને સંશાધન વિકાસ**

- પર્યાતવરણ સંવર્ધન
- યુવા મુદ્દા ઉપરના સંશોધન અને અભ્યાસ
- દસ્તાવેજીકયાણ અને પ્રકાશન
- યુવાનો, કિશોરોના મુદ્દાઓ રાષ્ટ્રીય સુગ્રથન અને સાહસો ઉપર સેમિનાર, પરિષદ, નિદર્શન અને કાર્યશાળા

આમ યુવાનો અને કિશોરોના વિકાસ માટે યુવા એ સાંસ્કૃતિક મંત્રાલાય મારફતે વિભિન્ન યોજનાઓ અને કાર્યક્રમો ચલાવાવમાં આવે છે.

**6. સ્કીલ ઇન્ડિયા :**

અત્યારે સ્પર્ધાતત્મક જમાનો છે. અને આ જમાનામાં ટકી રહેવું હોય તો આપણામાં એવી કુશળતા હોવી જોઈએ જેના જોરે આપણે વિદેશીને હરાવી દઈએ.સ્કીલ ઇન્ડિયા મિશન એ ભારતીયોને ગમે તેવી કદર હરિફાઈમાં પણ ટકી રહેવા માટે કુશળતા આપવા માટે હાથ

ધરાયું છે. જેનો ઉદ્દેશ ભારતમાં જંગી પ્રમાણમાં રોજગારી ઊભી કયાીને ભારતને વૈશ્વિક આર્થિક મહાસત્તા બનાવવાનું છે. ભારતીયોને જુદા જુદા ક્ષેત્રોમાં નિષ્ણાંત બનાવની આર્થિક રીતે સ્વાવલંબી બનાવવાના ઉદ્દેશથી આ મિશન હાથ ધરાયું છે.

